Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૈલાસ માનસરોવરને પંથે.....



સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક દિવસ બારખા મેદાનમાં જ્યારે મુકામ હતો ત્યારે રાત્રીએ અચાનક તંબુમાંથી બહાર જઈ ચાંદનીમાં કૈલાસની શોભા જોતાં ત્યાં સાક્ષાત શંકર ભગવાન બેઠા હોય અને બે ભક્તો પ્રદક્ષિણા કરતા હોય તે રીતે પ્રત્યક્ષ અદ્‌ભુત દૃશ્ય શ્રી જગદ્‌ગુરુશ્રીને દેખાયું હતું. તેઓ સાથેના એઓશ્રીના અન્તેવાસીઓએ પણ આ જોયું તે બાબતમાં–

"अभूतपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा ।
तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्-
भुतं हरेः ॥ विस्मो ॥"

વિગેરે ગીતા વચનોની પુનરુક્તિ સિવાય બીજું શું લખી શકાય ?

(કાગળ) જગદ્‌ગુરુશ્રીની
કૈલાસ–માનસરોવર યાત્રાની
પુસ્તિકામાંથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

[illegible]

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૈલાસ–માનસરોવરને પંથે....

પહેલી આવૃત્તિ

પૂ. ગાંધીજી કહેતા હતા.

મારા ખેતરને પાણી પાતો કોશિયો પણ સમજી શકે એવું સાહિત્ય રચાવું જોઇએ.

જીવનના આચાર વિચારની સાદાઇનો હંમેશા આગ્રહ રાખનાર પૂ. બાપુજીએ સાહિત્યમાં પણ સાદી, સરળ અને સંયમી ભાષાનો અનુરોધ કર્યો છે અને લોક હૃદયને ભોગ્ય બને એ સાહિત્યને જ 'જીવતું જાગતું' સાહિત્ય કહેલ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રકાશક :
કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ.
ચંપાકુંજ, ૪૨, પ્રહ્લાદ પ્લોટ,
રાજકોટ. (સૌરાષ્ટ્ર)

પાના	ફોટા
૪૦૫	૬૫

રૂપિયા ૪-૨૫

મે-૧૯૬૦.

મુદ્રણ સ્થાન.
સરોજ પ્રિન્ટરી
ધર્મેન્દ્ર રોડ, રાજકોટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાદર અર્પણ.



ब्रह्मा विष्णु सदाशिव गुरुमूर्ति धारी,
वेद पुराण वखातन गुरु महिमा भारी.

जयदेव, जय गुरुदेव....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૈલાસ માનસરોવરને પંથે.....

લેખક.

સૌભાગ્યચંદ્ર ગંગાદાસ રાવળિયા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી જલારામ

કૈલાસ–માનસરોવરની યાત્રાએ જવાના જુદા જુદા લગભગ ૧૪–૧૫ માર્ગો છે તેમાં નેપાલ થઈને જવાય છે.... કાશ્મીર થઈને જવાય છે... સીમલા થઈને જવાય છે...જોશીમઠ થઈને જવાય છે...અને બદરીનાથ થઈને જવાય છે....પરંતુ આ બધામાં આલમોડા થઈને જવામાં વધુ સરળતા–સુગમતા અને સલામતીભર્યું હોવાથી હિંદભરમાંથી લગભગ તમામ યાત્રાળુઓ નૈનીતાલ આલમોડા થઈનેજ જાય છે. જેથી એ રસ્તાની નોંધ આપવામાં આવે છે.

રેલ્વેની મુસાફરી

૧	વીરપુર થી રાજકોટ	૩૬	માઈલ
	રાજકોટ થી વીરમગામ	૧૧૨	,,
	વીરમગામ થી મહેસાણા	૪૧	,,
	મહેસાણા થી દિલ્હી	૫૪૦	,,
	દિલ્હીથી બરેલી (લખનૌ લાઇન)	૧૫૬	,,
	બરેલી થી કાઠગોદામ	૬૬	,,
		૯૫૧	રેલ્વે મુસાફરી પુરી
૨	કાઠગોદામ થી આલમોડા	૮૧	માઇલ

—o—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧ આલમોડા બે ચાર દિવસ રોકાઇ વધુ જોઈતી ચીજ વસ્તુઓ ખરીદી કૈલાસ યાત્રાની વિશેષ માહિતી મેળવવી.

આંલમોડાથી ૬૯ માઇલ આસકોટ સુધી જો બસ સરવીસ ચાલતી હોય તો બસમાં જવું.

૨ આલમોડામાં કૈલાસ યાત્રા સબંધેની વિશેષ માહિતી મેળવવા આપણા....આપણા એટલે સૌરાષ્ટ્રના....રાજકોટના....શ્રી શાંતિભાઈ ત્રિવેદીને મળવું હિતકારી છે.

સરનામું:-
શાંતિભાઈ ત્રિવેદી
સર્વોદય કુટીર,
આલમોડા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મજલ પહેલી

આલમોડાથી ધારચુલા ૯૦ માઇલ (૭ દિવસ)

નંબર	નામ	માઇલેજ	ઉંચાઇ
૧.	આલમોડા	—	૫૪૦૦
૨.	બાડેછીના	૮	૪૦૦૦
૩.	ધવલછીના	૧૪	૬૦૬૦
૪.	કનારીછીના	૧૯	
૫.	શેરાઘાટ	૨૪	
૬.	ગણાઇ	૩૦	
૭.	બાંસપાટણ	૩૬	
૮.	બેરીનાગ	૪૨	૭૦૦૦
૯.	થલ	૫૨	૩૦૦૦
૧૦.	ડીડીહાટ	૬૨	૬૦૦૦
૧૧.	કાણાધાર	૬૫	
૧૨.	અસકોટ	૬૯	૫૦૦૦
૧૩.	જૌલજીબી	૭૪	૨૧૦૦
૧૪.	બલવાકોટ	૮૦	૩૦૦૦
૧૫.	ધારચુલા	૯૦	૩૦૦૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મજલ બીજી

ધારચુલાથી ગર્બ્યાંગ ૫૫ માઇલ (૫ દિવસ)

નંબર	નામ	માઈલેજ	ઉંચાઇ
૧.	ધારચુલા	૯૦	૩૦૦૦
૨.	ચાલા	૯૭	—
૩.	ખેલા	૧૦૦	૫૫૦૦
૪.	પંગુ	૧૦૬	૬૯૦૦
૫.	સોસા	૧૧૦	૮૦૦૦
૬.	શિરખા	૧૧૨	૭૮૦૦
૭.	જીપ્તી	૧૨૩	૮૦૦૦
૮.	માલવા	૧૩૨	૭૨૦૦
૯.	બુધી	૧૪૦	૮૫૦૦
૧૦.	ગર્બ્યાંગ	૧૪૫	૧૦,૩૦૦

હવે તિબેટની હદમાં યાત્રા શરૂ થાશે.

મજલ ત્રીજી

ગર્બ્યાંગથી તકલાકોટ ૩૨ માઇલ (૩ દિવસ)

નંબર	નામ	માઇલેજ	ઉંચાઇ
૧.	ગર્બ્યાંગ	૧૪૫	૧૦,૩૦૦
	ભારતને સીમાડે છેલ્લું ગામ		
૨.	કાલાપાની	૧૫૬	૧૨,૦૦૦
૩.	શંગચમ	૧૬૪	૧૫,૦૦૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૪.	લીપુઘાટ	૧૬૭	૧૬,૭૫૦
	ભારત–તિબેટની સરહદ		
૫.	પાલા	૧૭૨	૧૪,૦૦૦
૬.	તકલાકોટ	૧૭૭	૧૩,૦૦૦

મજલ ચોથી

તકલાકોટથી દરચેન (કૈલાસ ચરણે)

૬૩ માઇલ (૫ દિવસ)

નંબર	નામ	માઇલેજ	ઉંચાઈ
૧.	તકલાકોટ	૧૭૭	૧૩,૦૦૦
૨.	ગુકુંગ	૧૭૮	
૩.	ટોયો	૧૮૦	
૪.	રીંગુંગ	૧૮૮	૧૪,૪૦૦
૫.	બલ્ઠક	૧૯૨	૧૫,૦૦૦
૬.	ગૌરી ઉધાર	૧૯૭	
૭.	ગુર્લા–લા	૨૦૧	૧૬,૨૦૦
૮.	મોમોડુંગુ	૨૧૦	૧૫,૦૦૦
	માનસરોવરના કાંઠે		
૯.	ગુસુલ ગોમ્પા	૨૧૬	
૧૦.	ગંગા–છુ	૨૨૪	
૧૧.	બરખા	૨૩૨	૧૫,૦૫૦
૧૨.	દરચેન	૨૪૦	૧૫,૪૦૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મજલ પાંચમી.

કૈલાસ પરિક્રમા. ૩૨ માઇલ (૩ દિવસ)

નંબર	નામ	માઇલેજ	ઉંચાઇ
૧.	દરચેન		૧૫,૪૦૦
૨.	સેરશુંગ	૪	
૩.	ન્યનરી ગોમ્પા	૫	
૪.	દ્રિરફુક ગોમ્પા	૧૨	૧૬,૪૦૦
૫.	ઢોલમા–લા	૧૬	૧૮,૬૦૦
૬.	ગૌરીકુંડ	૧૬ાા	૧૮,૪૦૦
૭.	જીુથુલપુક ગોમ્પા	૨૬	
૮.	છંગજા ગંગ	૩૦	
૯.	દરચેન	૩૨	

૧. આલમોડાથી દરચેન (કૈલાસ ચરણે) ૨૪૦ માઇલ અને કૈલાસ પરિક્રમાના ૩૨ માઇલ એમ કુલ ૨૭૨ માઇલ થયા.

હાલો હવે માઇલેજનો સરવાળો કરીએ !

૧.	રેલ્વેની મુસાફરી	૯૫૧ માઇલની
૨.	બસની મુસાફરી	૮૧ માઇલની
૩.	પેદલ મુસાફરી	૨૭૨ માઇલની
		૧૩૦૪

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧. ૧૩૦૪ માઇલ જવાના.
૨. ૧૩૦૪ માઈલ આવવાના.

૨૬૦૮ કુલ માઈલ જઇ આવીએ ત્યારે ભોળાનાથના બેસણાં (કૈલાસ)ની યાત્રા થાય–

૧. મજલ પહેલી આલમોડાથી અસકોટ સુધી બસ ચાલતી હોય તો ચાલવાના ૬૯ માઈલ ઓછા ગણવાના છે.

જય જલારામ

કૈલાસયાત્રામાં કુલ કેટલા દિવસ થાય !

રેલ્વેની મુસાફરીના	૩ દિવસ
બસની મુસાફરીનો	૧ દિવસ
મજલ પહેલી આલમોડાથી ધારચુલા	૭ દિવસ
મજલ બીજી ધારચુલાથી ગર્બ્યાંગ	૫ દિવસ
મજલ ત્રીજી ગર્બ્યાંગથી તકલાકોટ	૩ દિવસ
મજલ ચોથી તકલાકોટથી દરચેન	૫ દિવસ
કૈલાસ પરિક્રમામાં	૩ દિવસ
	૨૭ દિવસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રસ્તામાં ધારચુલા ગર્બ્યાંગ–તકલાકોટ મજુર–ઘોડા–ખચ્ચરનો બંદોબસ્ત કરવા માટે રોકાવું પડે તે.	૫ દિવસ
	૩૨ દિવસ જતાં
	૨૭ દિવસ વળતાં
	૫૯ દિવસ

કૈલાસ–માનસરોવરની યાત્રા કરી ઘરે પૂગતા ઓછામાં ઓછા બે મહિના તો થાય....થાય...અને થાયજ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અંદાજી ખરચ.

ખરચાનો આધાર તો કાંઇક ખિસ્સાની 'ગરમી' ઉપર પણ રહે છે એનો એક દાખલો આપું કે–

મારા એક ઓળખીતા શેઠ કે જેઓ મુંબઈમાં રહે છે અને સુગર મિલના માલિક છે.... તાલેવર છે. તેમણે પોતાના કુટુંબીજનો અને હેતુ મિત્રો સાથે સને ૧૯૫૮માં કૈલાસ–માનસરોવરની યાત્રા કરેલી.

શેઠ સાહેબે કૈલાસ યાત્રામાં સાથે લઈ જવાની ચીજ વસ્તુઓની યાદી તૈયાર કરી પોગ્રામની Up-to-date માહિતી સાથે અંગ્રેજી ટાઇપ કરેલ બાર પાનાનું એક લિસ્ટ તૈયાર કરેલું–તે લિસ્ટની એક કોપી મને મારા એક મિત્રે મુંબઇથી વાંચવા મોકલેલ તે વાંચતાં વાંચતાં મને થયું કે– બધી મળીને લગભગ જો ૩૦૦ થી ૩૫૦ નોખી નોખી ચીજ વસ્તુઓ યાત્રિકને કૈલાસ યાત્રામાં લઇ જવી પડે તો તો મારા ખ્યાલથી મધ્યમ વર્ગનો યાત્રિક કાંતો પોતાની બચાવેલી મુડી 'સાફ' કરે અગર કાંતો પોતે 'કરજદાર' બને તોજ કૈલાસ યાત્રા કરી શકે પરંતુ વાચકો એવું નથી હો ! કારણ કે, શ્રીમંતોની વાત જુદી છે અને મધ્યમ વર્ગની વાત જુદી છે એટલે એવું નથી કે, આટલી ચીજો સાથે લઇ જઇએ તોજ યાત્રા માર્ગમાં સુગમતા રહે એની 'ચકાસણી' પણ આપોઆપ અચાનક એ રીતે થઈ ગઇ કે, તે શેઠ સાહેબની યાત્રા મંડળીમાં મારા એક સ્નેહી પણ ગયા હતા તે રાજકોટમાં મને મળવા આવ્યા (તા. ૨૪–૧–૬૦) અને કૈલાસ યાત્રાની વાતો કરવા લાગ્યા ત્યારે વાતની વાતમાં મેં સામાન સંબંધેની વાત કઢાવી અને તેમણે સરળતાથી કહ્યું કે:

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"....શેઠ સાહેબે ઢગલા બંધ સામાન ભેગો લીધેલો એ સાચું પરંતુ ઘણોખરો સામાન તો પાછો 'પેકેપેક' બંગલા ભેગો કરવો પડયો એ પણ એટલુંજ સાચું. બાકી યાત્રાની કઠિનતાનો વિશેષ ખ્યાલ આપતાં આપતાં તે કહેવા લાગ્યા કે–

"ભાઇ! યાત્રા દરમ્યાન એક–બે વાર તો મારી આંખમાં આંસુ આવી ગએલા, ભાઇ! ટાઢ.... કાંઈ ટાઢ.... એટલી ઠંડી... એટલી ઠંડી કે ન પૂછો વાત. કાન અને નાક તો જાણે ટાઢે 'કરડી' ખાધા ન હોય? એવા કાળા-મશ્ય થઈ ગએલા.

બહુ કઠિન યાત્રા ભાઇ!

પરંતુ કઠિનાઇ સાથે એ તપોભૂમિની એ સ્વર્ગીય દ્રશ્યોની પણ સાથોસાથ દિલ દઇને વાતો કરવા લાગ્યા અને ફરીને કહ્યું કે–

"શેઠ સાહેબે લીધેલા ઢગલાબંધ સામાનમાંથી અમુક દવાઓનીજ જરૂર પડેલી બાકી બીજી દવાઓ પેટી પેક કારણ.... ત્યાનું હવામાન રોગીને નિરોગી બનાવે તેવું છે.

એટલે આ યાત્રામાં જરૂરીઆત મુજબની થોડી ઘણી ચીજો ઉપરાંત ફક્ત ઠંડીથી બચવા વધુમાં વધુ ગરમ કપડાં... ધાબળા.... લઈ જવા અનિવાર્ય છે. બાકી તો શ્રી વિદ્યાનંદજી મહારાજના સંઘમાં જનારો યાત્રિક ફક્ત ૫૦૦ થી ૬૦૦ રૂપિયામાં આ યાત્રા કરી શકે છે જે સબંધેની અંગ્રેજીમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છાપેલી માહિતી શ્રી વિદ્યાનંદજી મહારાજે બહાર પાડેલ છે તે માહિતીમાંથી એક ફકરો નીચે પ્રમાણેનો છે.

Expenses. Rs. 500/- to 2000/- per head, which depends upon one's spending habits. We cannot therefore put any hard and fast rule for this. However Rs. 500 will be the minimum expenses for the tour on foot with pony riding in passes between Milem and Thajang on the Johar route and between Garbiang and Takalakote on the darma route. This Rs. 500/- will include your cooli charges to carry bedding etc. weighing 70 pounds, two meals and twice simple tea or coffee prepared by milk powder. (Meals–Rice, Dal, Phulka at one time and Chapati potatoe curry at the next) pony riding in passes. maintainance of servants, Guides, transport charges of tents and servant's luggage, pilgrims Nainital stay expenses, Bus and Toll Fares Naini Tal onwards Kailas Yatra and on return journey Bus fares up to Naini Tal or Tanakpur as the case may be. Rs. 450/- per head on Darma route via Lipu lake pass for a foot pilgrim with facilities mentioned above, Rs. 500 will be charged for the journey performed by any of the above routes and return by the other,

---

પરંતુ જુદા જુદા લેખકોના મેં જે જે પુસ્તકો વાંચ્યા છે તેમાંથી 'તારવણી' કાઢી એ નિર્ણય ઉપર મારો મત બંધાણો છે કે નીચેની ચીજ વસ્તુઓ તો જોઈએ જ, છતાં ઓછી....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વધુ... હોય તો પણ ચાલે કારણ અંતે તો અડગ શ્રદ્ધા હોય...અજબ હિંમત હોય...તો ભગવાન ભેરૈજ છે કારણ કે—

"સાધુ, સંન્યાસીઓ, ત્યાગી, મહાત્માઓ, ભોળાનાથના નામના બળ ઉપર જ યાત્રા કરે છે ને?" એ કયાં સામાનના ઢગલા લઈને જાય છે.

બાકી મધ્યમ વર્ગના યાત્રિકોએ નીચે જણાવેલ ચીજ વસ્તુઓ સાથે રાખવી હિતકારી છે.

યા દી.

૧. જરૂરીઆત મુજબના સુતરાઉ કપડાં
૨. ગરમ પાયજામો અગર પાટલુન
૩. ગરમ ખમીસ અગર જામો.
૪. ગરમ સ્વેટર.
૫. ગરમ જાકીટ.
૬. બે જોડી ગરમ મોજા.
૭. બે જોડી હાથના મોજા.
૮. ઓવરકોટ.
૯. મફલર.
૧૦. કાનટોપી.
૧૧. બે ધાબળા પાથરવા માટે.
૧૨. બે ધાબળા ઓઢવા માટે.

જો નવા ધાબળા ખરીદવા પડે એમ હોય તો આલમોડામાં જાડી ઉનના સરસ ધાબળા સસ્તી કિંમતમાં મળે છે..

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૩. વરસાદી કોટ.
૧૪. છત્રી.
૧૫. સામાન ભરવા માટે કેનવાસના થેલા–કોથળાં.
૧૬. સામાન ઉપર બાંધવા માટે મીણતાના મોટા ટૂકડાઓ.
૧૭. હલકા વજનના (એલ્યૂમીનમના) રાંધવાના ઠામ–વાસણ....ડોલ વિગેરે.

તિબેટી ચુટકા ગર્બ્યાંગમાં ભાડે મળે છે એવા બે–ચાર ચુટકા ભાડે લીધા હોય એટલે તિબેટની કાતિલ ઠંડી સામે રક્ષણ મેળવી શકાય છે.

૧૮. બિસ્કિટના ડબા.
૧૯. ગોળપાપડી. વજનની બ્હીકે ઘરેથી ગોળપાપડી ન લઈ જવી હોય તો રસ્તામાં પણ બનાવી શકાય છે કારણ કે ગર્બ્યાંગ સુધી તો ગોળ–ઘી અને લોટ મળે છે.

બને એટલી ગોળપાપડી વધુ લઈ જવી કારણ કે છેલ્લી મજલ તકલાકોટથી આગળ–આગળ એટલે કે કૈલાસ પૂગવાના ૬૩ માઈલના રસ્તામાં કયાંય દુકાનો આવતી નથી એટલે જવા આવવાના પંદર દિવસમાં જેટલા દિવસ ગોળપાપડી ઉપર ખેંચવા હોય એટલા ખેંચી શકાય–

૨૦ ચોકલેટ અને ખટમીઠી પિપરમેન્ટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૧ સુકોમેવો.

૨૨. લીંબુનું અથાણું અને ચટણી — પહાડમાં આપણે જેમ જેમ વધુ ઉંચાઈએ જઈએ એમ એમ મોળ ચડતી જાય અને વામીટ થાશે...વામીટ થાશે.... એમ ભ્રમણા થયા કરે અને ગભરામણ પણ થાય જેથી આ સમયે ખટમીઠી ચાજો ભારે ઉપયોગી રહે છે.

પરચુરણ.

મીણબત્તીઓ... બેટરી... (વધારાના શેલ) ચા પીવાની આદત હોય તો દુધના ડબા.... કપુર.... અગરબતી.... ધુપ... સોયદોરા.... (રમકડા, ચાંદલાઓ તિબેટની હદમાં લામાઓને કે મજુરોને ભેટ આપવા માટે.)

> પ્રેશર કુકર સાથે લઇ જવો
> એ અગત્યની 'આઇટેમ' છે.

દવાઓ.

પોતાની પ્રકૃતિને અનુકુળ દવાઓ ઉપરાંત મરડાની... ઝાડાની... મેલેરીઆની દવાઓ સાથે લેવી અને વધારામાં—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

✓લવણ ભાસ્કર ચૂર્ણ.
✓અમૃતધારા.
✓અમૃતાંજન.
✓એસ્પ્રો કે. એનેસીન.
ફ્રુટસૉલ્ટ.
✓વેસેલન
થરમૉમિટર.
રબર બેગ વિગેરે.... વિગેરે...

Swami Vidyanandji Says.

"A few medicines for personal ailments may be had, since all the medicines mentioned in various books cause the pilqrims to heavy expenses. In fact most of these medicines may not at all be needed if pilgrims remain eautious about their diet and" habits.

બાકી તો યાત્રિક જો ખાવાપીવામાં 'ખબરદાર' રહે તો દવાની જરૂરજ નથી પડતી. છતાં થોડી ઘણી દવા સાથે હોય તો સારૂં એ હિસાબે ખપપુરતી દવાઓ સાથે રાખવી પરંતુ બ્હીકના માર્યા નકામો દવાનો ખરચો કરવો નહિ.

The Distance between Almora and lipulekh pass is of 165 Miles From lipulekh to kailas is 72 Miles away.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુચના.

આલમોડાથી કૈલાસ ૨૪૦ માઇલ થાય છે તેમાં મજલ ચોથી સુધી એટલે કે તકલાકોટ ૧૭૭ માઇલ સુધીમાં આવતા મોટા ગામો ધારચુલા...ગર્બ્યાંગ વિગેરે સ્થળોએ ચીજ વસ્તુઓ લોટ–દાળ–ઘી–ચ્યાકલેટ, શાકભાજી વિગેરે વેંચાતા મળે છે એટલે સોંઘામોંઘા પણ મળી રહે છે પરંતુ તકલાકોટથી આગળ ૬૩ માઇલ જવાના અને ૬૩ માઇલ પાછા આવવામાં જે પંદર દિવસ લાગે છે એ દિવસોમાં કોઇ ચીજ વેંચાતી મળતી નથી એટલે યાત્રિકોએ એ ‘ પંદર દિ પુરતી ’ કાળજી રાખવી આવશ્યક છે.

૧. યાત્રિકોએ તંબુ સાથે લઇ જવાના હોય છે–તે ધારચુલા–ગર્બ્યાંગમાં ભાડે પણ મળે છે.

૨. સામાન ઉપાડવા માટેના મજુરો–ઘોડા–ખચ્ચર વિગેરે ધારચુલા–ગર્બ્યાંગમાં મળી રહે છે.

૩. ભોમિયો સાથે રાખવો **બહુ જરૂરી** છે.

૪. ડંડી–કંડી ભાડે મળે છે પરંતુ એક ડંડીના બેથી અઢી હજાર રૂપિયા બેસે છે. ઉપરાંતમાં ડંડી ઉપાડવા વાળા મજુરો **હેરાન** કરે તે જુદા.

૫. આ યાત્રાએ એકલા જવા કરતાં પાંચ સાત જણા સાથે જાયતો ખરચાની રકમના વરાડમાં ફાયદો થાય ઉપરાંતમાં એક બીજાને મદદરૂપ નિવડે–અને જો એકલુંજ જવું પડે એવું હોય તો શ્રી વિદ્યાનંદજી મહારાજ જે સંઘ લઇને જાય છે તે સંઘમાં જવું શ્રેષ્ઠ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નોંધ.

૧ કૈલાસ પરિક્રમા કરતી વખતે પથ્થરોની વચ્ચે જે વનસ્પતિ ઉગેલી હોય છે તે વનસ્પતિ લીલી અગર સુકી જેવી મળે તેવી અવશ્ય લઇ લેવી કારણ કે, તે કૈલાસ ધુપ કહેવાય છે અને સુગંધિત હોય છે અને આ વનસ્પતિ કૈલાસ પર્વતની પરિક્રમાના રસ્તામાંજ થાય છે. બીજે કયાંય થાતી નથી.

૨ ગૌરીકુંડનું જલ સાથે લઇ આવવું.

૩ માનસરોવરનું જલ સાથે લઇ આવવું

૪ તીર્થપુરી નજીક જે ભસ્મનો ઢગલો છે તેમાંથી થોડીક ભસ્મ લઇ લેવી.

૫ તીર્થક્ષેત્રમાં જે સીંદુરા ટેકરી છે તેમાંથી પીળી માટી નીકળે છે તે 'દેવીના પ્રસાદ' તરીકે સાથે લેવી.

૬ માનસરોવરના કાંઠાએ પડેલા નાના–નાના પથ્થરો સાથે લાવવાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રખે ભુલી જતાં !

૧.	આલમોડામાં	દેવમંદિરો છે ત્યાં દર્શને જવું, રામકૃષ્ણ આશ્રમ- અને મા આનંદ મૈયાના આશ્રમોના પણ દર્શન કરવા.
૨	આલમોડાથી આરતોલા (૨૧ માઈલ)	અંગ્રેજ સાધુ (Mr. Ronald Nixon) હાલ શ્રી રામકૃષ્ણ પ્રેમી વૈરાગીનો આશ્રમ ઉત્તર વૃંદાવનમાં છે ત્યાં **અવશ્ય** દર્શને જવું.
૩.	આલમોડાથી જાગેશ્વર (૨૪ માઇલ)	પુરાતન મંદિરો જોવા લાયક છે. બ્રહ્મકુંડમાં સ્નાન કરવું અને વળતાં ડંડેશ્વર નામના પ્રાચીન તીર્થના દર્શન કરવા.
૪.	આલમોડાથી કૌસાની (૩૨ માઈલ)	અહીંનું સૃષ્ટિ સૌંદર્ય ખાસ જોવા લાયક છે. પૂ. ગાંધીજીએ અહીં રહી 'અનાસકત યોગ' લખેલ છે.
૫.	આલમોડાથી બાગેશ્વર (કૈલાસ માનસરોવરના પંથે....) ૫૬ માઈલ.	વચમાં આવતાં સોમેશ્વર ,, કૌસાની ,, ગરુડ ,, વૈજનાથ પુરાતની દર્શનીય સ્થળો છે.

બાગેશ્વરમાં મહાદેવજી-ભૈરવનાથ-ગંગાજી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુરુદત્તના મંદિરો છે. અને સરયુજી- ગોમતીનો સંગમ થાય છે. ત્યાં સ્નાન–પાન કરવા. અહીં એક માર્કંણ્ડપ શિલા છે કહેવાય છે કે માર્કન્ડ ઋષિએ આંહી તપ કરેલું અને દૂર્ગા સપ્તશતી લખેલી.

જય જલારામ.

Even modern sightseeing visitor when they drink the deep grandeur, purity and sublimity would see wonderful visions hear celestial music which completely transforms their whole being. This land of spirituality has nourished two greatest civilisations of the world, the Aryans and the Budhistic. Sublime divinity of the Holy Mansarover may better be experienced rather then imagined, which is more favourite to God and better resorts to Mahatmas.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રસ્તાવના !

કૈલાસ–માનસરોવરના પંથે...પ્રયાણ કરતાં યાત્રિકો ! આપજ કહો કે પવિત્ર વસ્તુને પ્રસ્તાવનાની જરૂર ખરી !

સુંદર અને સુગંધી વસ્તુનો પરિચય આપવાની જરૂર ખરી !

જવાબ હા....પણ હોઇ શકે અને ના...પણ હોઇ શકે.

પરંતુ

મને તો ધાર્મિક પુસ્તકો માટે 'પ્રસ્તાવનાની' જરૂર લાગતી નથી એટલે આપને વિનંતી કરૂં છું કે:

પ્રસ્તાવના વગરના આ પુસ્તકને લઇ આપ પ્રસન્નતાથી કૈલાસ–માનસરોવરના પંથે પ્રયાણ કરો અને હેમાળાના ટાઢ... તડકો....ભૂખ...કે દુઃખ વેઠયા વગર આ પુસ્તકના વાંચન દ્વારા ઘર બેઠાં યાત્રા કર્યાનો આનંદ મેળવો.

કારણ !!

આવી રીતે આ યાત્રા કર્યાનો મેં આનંદ મેળવ્યો છે.... માણ્યો છે....એટલે આપ પણ 'પ્રસ્તાવના' વગર પરંતુ 'પસ્તાના' સાથે 'મસ્તાના' બનીને આ યાત્રાએ ઉપડો પરંતુ ઉપડતાં પહેલા એકવાર 'પસ્તાનું' હેઠું મુકી હાથ જોડી બાપાને ....ગુરુજીને....ભોળાનાથને...કૈલાસપતિને મનોમન પ્રણામ કરી જોરથી 'જે' બોલો.

બોલ શ્રી જલિયાણ મહારાજની જે....

„ સદ્ગુરુ દેવકી જે....

„ કૈલાસપતિ ભગવાનકી જે....

„ ઉમાપતિ મહાદેવકી જે....

ચંપાકુંજ

૪૨, પ્રહલાદ પ્લોટ, રાજકોટ.

તા. ૨૭–૫–'૬૦

રતિલાલ ... રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

As we go higher and higher above the sea-level, air gets lighter and lighter and consequently oxygen gets lesser and lesser. This insufficiency of oxygen has a great effect upon mind and its functions; and the finer senses get blunted frequently. So while travelling at altitudes above 10,000 feet, one loses self-control and gets irritable and quarrel some quickly. So it is often noted amongst pilgrim-parties that the members get highly irritated and quarrelsome over petty matters. to which they would not pay much attention or importance while on lower altitudes. When they get down to Almora they forget their quarrels and become friends again and sometimes they wonder as to how they could exchange such hot words. So pilgrims going in batches would do well to note from Garbyang onwards, that if any one in their party were to lose temper, others should keep cool for a while. In a short time he would also get calm. In doing so, when somebody else loses his temper, this person would remain calm himself. In this way pilgrims could avoid a good deal of unpleasantness on the way and make the journey smoother.

From Kailas Manasarovar
By Swami Pranavanandaji

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

Generally pilgrims prepare a sweet called gur-papari or panjeera for using it as a ready-made tiffin in the morning on the way, in the evening as soon as one reaches the staging place, or at any other time. Wheat-flour is fried in ghee; and gur or sugar, resins, and copra are added to it. It remains in good condition even for **two or three months.** This may be prepared at Khela, where one can get good ghee and flour cheaper; and preserve it in a tin. At the time of starting for the day's march one should take out a small quantity of it in a bag for use on the way. Pilgrims are expected to distribute this and other eatables to co-pilgrims and servants especially on the Lipu Lekh pass, Gurla la Manasarovar. Gouri-kund, and other places.

From Kailas Manasarovar
By Swami Pranavanandaji

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુક્રમ

૧.	હિમાલય એ તો મહાદેવજીનું ધામ છે.	૧
૨.	ખોલ જલિયાણુ મહારાજની જે... ચાલો યાત્રિકો ! હવે આપણે રાજકોટથી આલમોડા ઉપડીએ.	૫
૩.	આલમોડા. પૈસાને વેડફી નાખવા માટે આંહી કોઇ સાધનો નથી.	૧૪
૪.	એક જાણભેદુ ભેગો થઇ ગયો અને એ તો પુછવા લાગ્યો કે...	૧૮
૫.	દિલ્હી હિંદ સરકારને પૂછાવ્યું....	૨૨
૬.	જગુભાઈ બોલ્યા 'ભાઇ ! અહીંઆ શાકભાજી બહુ સસ્તા છે !'	૨૮
૭.	શ્રી શાંતિભાઇ ત્રિવેદી અને રુદ્રદત્ત ભટ્ટ	૩૩
૮.	ટુરીસ્ટ હોમમાં સારી સગવડતા છે.	૪૨
૯.	શ્રી રામકૃષ્ણ આશ્રમ.	૪૪
૧૦.	વૈજ્ઞાનિક શ્રી બોશીસેનને મળ્યા	૫૧
૧૧.	૪૦ થી ૫૦ તોલાની એક ડુંગળી અને ત્રણથી ચાર ફુટ લાંબુ દૂંડું.	૫૫
૧૨.	જગુભાઈ દાળશાક ભેગાં રાંધે છે	૫૯

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૩ ૧ આલમોડામાં આવેલા દેવ મંદિરો
૨ "ઇચ્છા વધતી હોય તો કરોકંકુના ગિરધરભાઇ!" ૬૫
૧૪. ચાલો! કૈલાસયાત્રા સબંધે વાંચીએ. ૮૧
૧૫. ચાલો વાચકો! મજલ દર મજલ કરીએ. ૯૪
૧૬. લીપુઘાટ ઓળંગતા જાણે આભમાંથી યમદુત
લાંબા હાથ કરીને યાત્રિકોને બોલાવી રહયા
હોય એવું લાગે છે. ૯૯
૧૭. ૧. દિલને દઝાડે એવી શાંતિ જોઈ હું વિચારમાં પડયો!
૨. ભેરૂઓ બધા તૈયાર હોય અને હું કાં આમ
પીછેહઠ કરૂં.
૩. આખા જગતમાં સૌથીવધુ ધર્મપ્રધાન દેશ તિબેટ છે.
૪. તિબેટને જગતનું છાપરૂં કહે છે. ૧૧૦
૧૮. તિબેટમાં પ્રવાસ કરતી વખતે આપણને લાગે કે
આપણે રાજા વીર વીક્રમના સંવત પહેલાંની કોઈ
સદીમાં મુસાફરી કરી રહ્યા છીએ કારણ... ૧૨૧
૧૯. દહીંવાળા બાપાની વાત સાંભળી ગિરધરભાઇએ
કૈલાસ યાત્રાએ જવાનો વિચાર માંડી વાળ્યો...
"ભારે કરી! પણ દહીંવાળાએ તમને બિવડાવ્યા
તો નથીને ગિરધરભાઇ!" ૧૩૦
૨૦. માનસરોવરમાં સ્નાન કર્યાં અને રાજહંસો જોયાં. ૧૫૨
૨૧. કૈલાસપતિ ભગવાન કી જે.... ૧૭૬
૨૨. કૈલાસ પરિક્રમા ૩૨ માઇલ
બોલ કૈલાસપતિ ભગવાનકી જે.... ૧૯૦
૨૩. પરિક્રમા પૂર્ણ કરી. ૨૦૦
૨૪. ચાલો જીતવા! ચાલો મનવા! પાછા વળો
અને યાત્રા વર્ણનના પુસ્તકો વાંચો...સાંચવી રાખો. ૨૦૬

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૫ શ્રી રામકૃષ્ણ આશ્રમે ભજન. ધુનમાં ગયા ૨૧૬
૨૬ સ્વામીજી પુછે છે 'कैंलास के लीये कब जाना है ?' ૨૨૩
૨૭ દહીંવાળા બાપાની વાત સાચી પડી અને રાતના તો વરસાદ ખાબકયો ૨૨૮
૨૮ વાંચકો ! ચાલો કૈલાસ માનસરોવરને પંથે ૨૩૩
૨૯ કૌસાની ૨૫૩
૧. પૂજ્ય ગાંધીજીએ 'અનાસકત યોગ' આંહી રહીને લખ્યો છે.
૨. સ્વામી આનંદ કહે છે...
૩૦ જાગેશ્વરની દૂરકા જ્યોતિર્લિંગમાં ગણના થાય છે ૨૭૧
૩૧ ઉતર વૃંદાવનમાં એક અંગ્રેજ મહાત્માની કૃષ્ણ ભકિત જોઇ અમો આશ્ચર્યમાં પડી ગયા ! ૨૮૨
૩૨ કૌતુક જેવી વાત એ છે કે વીરપુરના કૌશિક પંડિતે ફરીને આલમોડામાં પુનર્જન્મ લીધો એવી સાબિતી મળી ૨૯૬
૩૩ હવે તો પાછા અંજળે અવાશે એવા ભાવ સાથે આલમોડાથી ઉપડયા. ૩૫૩
૩૪ ગાંધર્વનગરી નૈનીતાલ. ૩૫૭
૩૫ નૈનીતાલથી અજમેર-પુષ્કર થઈ વીરપુર પૂગ્યા અને બાપાને પ્રાર્થના કરી કે: " હે બાપા ! અમને કૈલાસ યાત્રા કરાવજો. ૩૬૪
૩૬ સ્વામીશ્રી વિદ્યાનંદજી કહે છે કે: ૩૬૮

—o—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



કૈલાસપતિ ભગવાનકી જે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જય શ્રી રામ.

જય શ્રી જલારામ.

કૈલાસ માનસરોવરને પંથે.....

कैलासपर्वते राम मनसा निर्मितं परम् ।
ब्रह्मणा नरशार्दूल तेनेदं मानसं सरः ।

[श्री वाल्मीकि रामायणम्]

परमरम्य गिरिवर कैलासू,
सदा जहां शिव–उमा निवासू ॥

[श्री तुलसी रामायण]

૧. હિમાલય એ તો મહાદેવજીનું ધામ છે.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતાજીમાં અર્જુનને કહ્યું છે કે, "હે અર્જુન સર્વ સ્થાવરોમાં હિમાલય હું પોતેજ છું." स्थावराणां हिमालयः એ તો આપણને હિમાલયનાં દર્શન થતાંજ થાય છે કે ખરેખર આ તો ભગવાનનું સાક્ષાત વિરાટ સ્વરૂપજ છે કારણકે હિમાલય કાંઇ નાનો સુનો પર્વત નથી, પરંતુ હિમાલય તો ૧૯૦૦ માઈલ લાંબો અને ૧૫૦ માઈલ પહોળો અને સ્વર્ગમાં ઈન્દ્ર રાજાના મહેલમાં પહોંચવા માટે સીડી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બની શકે એવડો ઊંચો છે અને સાથોસાથ અનેક સમૃદ્ધ વનસ્પતિઓ જડીબુટીઓ અને ખનીજ સંપત્તિથી ભરેલો છે. આવડો મોટો પર્વત આખી દુનિયામાં એકેય નથી. ખરેખર હિમાલય એતો હિંદુસ્થાનની સાચી સંપતિ છે, જગતના સર્વે દુઃખોને સમાવી લે એવડો એ વિશાળ છે. સર્વે ચિંતાઓને સમાવી દે એટલો એ ઠંડો છે અને વધારામાં એ મહાદેવજીનું સસુરાલ અને માતા પાર્વતીજીનું જન્મસ્થાન છે. પાંડવોની મહાયાત્રા એણેજ સફલ કરી છે. અનેક નદીઓનો એ પિતા છે, એ અશરશરણ છે. એ નામીઅનામી, જતી, જોગી, રોગી, ભોગી, સંસારી, તજાએલા, તરછોડાએલા કે ત્યાગી રાગી મનુષ્યો તો શું પરંતુ પશુ પંખીનું પણ આશ્રય સ્થાન છે. એવા એ હિમાલયનું નામ આપણે બચપણથી સાંભળતા આવીએ છીએ. આપણી બાલવાર્તા બાલગીત પ્રવાસ કે યાત્રા વર્ણન ઈતિહાસ કે પુરાણ ગમે ત્યાં જુઓ કે વાંચો પરંતુ હિમાલયનો ઉલ્લેખ તો મળવાનો અને મળવાનો વળી હિમાલય એ તો તપસ્યાનું સ્થાન પણ છે. આપણા અનેક ઋષિ મુનિઓએ હિમાલયમાં રહી પરમેશ્વરનું ધ્યાન ધર્યું છે અને હજુ ધરતા હશે અને આપણા વંશજોના વંશજો પણ હિમાલયના દર્શન કરી પોતાના જીવ ધન્ય કરશે એવા એ હિમાલયના પાંચ ખંડો છેઃ

૧ કાશ્મીર.
૨ જાલંદર.
૩ ઉત્તરાખંડ–ગઢવાલ.
૪ કુમાઉ – (કૂર્માંચલ.)
૫ નેપાલ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને આ પાંચેય ખંડોમાં જુદા જુદા અનેક તીર્થસ્થળો આવેલા છે તેમાં ઉત્તરાખંડ પરમ પવિત્ર ગણાય છે. ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદરીનારાયણ, પંચપ્રયાગ અને પાંચ કેદારનાથ, ગુપ્તકાશી, ઉત્તરકાશી, જયોર્તિમઠ અને તુંગનાથ ઈત્યાદિ પ્રખ્યાત તીર્થસ્થાનો આજ વિભાગમાં આવેલા છે. સંત મહંતો આજ ભાગ તપસ્યા માટે પસંદ કરે છે, પણ એમ કહેવાય છે કે– યાત્રાના માર્ગ અને મુસાફરીના સાધનો સુગમ થવાથી ત્યાં છેલ્લા વરસો થયાં ઘણાં યાત્રાળુઓ બદરીનારાયણ કેદાર–ગંગોત્રી જન્મોત્રી જાય આવે છે તેથી સાધના કરવાવાળા સારા સાધુઓએ ઉત્તરાખંડનો લગભગ ત્યાગ કર્યો છે અને તેઓમાંના ઘણાં છુપી રીતે યાત્રાળુઓની અવરજવર જ્યાં નહિવત્ હોય તેવા જંગલોમાં અને ઘણાંખરા સાધુસંતો તો કુમાઉ પ્રાંતના સ્થળોએ ચાલ્યા ગયા છે– ચાલ્યા જાય છે.

કુમાઉ પ્રાંત રમણીય અને ફળદ્રુપ છે. આજ પ્રાંતમાં આજકાલ ઘણાં સાધુ મહાત્માઓના આશ્રમો છે અને ઘણાં તપસ્વીઓ પોતાના સાધનાના બળે આજ પ્રાંતમાં આવેલા અરણ્ય સ્થળોએ રહી પોતાની અલૌકિક શકિતથી દિવ્યતાનો સંદેશો ફેલાવી રહ્યા છે.

હિમાલય એ મહાદેવજીનું ધામ છે એ સાચું પરંતુ કૈલાસ એતો સાક્ષાત શ્રી શંકર ભગવાનનું નિવાસ સ્થાન છે. અને હિમાલય ઓળંગી તિબેટની હદમાં થઈને કૈલાસ માનસરોવરની યાત્રાએ જવાય છે.

કૈલાસ–માનસરોવરની યાત્રાએ જવાના ઘણાં માર્ગો છે જેનું સ્પષ્ટીકરણ આપણે હવે પછી કરશું અને જે સુગમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માર્ગે થઇ કૈલાસની યાત્રાએ હિંદુસ્તાનમાંથી હરસાલ યાત્રિકો જાય છે એની થોડીક વિગતવાર વાતો બાગેશ્વર પહોંચીને કરશું કારણ કે આ વિશાળ દુનિયાના ગમે ત્યાં દુરના ખુણે વસતા હરકોઈ હિંદુનું મન ગંગા અને ગાય, હિમાલય અને કૈલાસ તરફ સદાકાળ આકર્ષાયેલાજ રહેલા છે. પછી તે હિંદુ સુધારક હોય આસ્તિક હોય કે નાસ્તિક હોય કે બીજી ગમે તે વિચાર શ્રેણી ધરાવતો હોય પરંતુ ગંગા અને ગાય, હિમાલય અને કૈલાસનું સ્મરણ થતાંજ એમનું મન કોઇ અલૌકિક આનંદ અનુભવશે.

શ્રી જલારામ બાપાની દયાથી બદરી–કેદારનાથની યાત્રા તો જીવનમાં બે વખત થઇ છે. પરંતુ કૈલાસ યાત્રાએ જવા માટે આજ બે વરસ થયાં હું પ્રયત્ન કરી રહ્યો છું અને સાથે લઇ જવાની ચીજ વસ્તુઓ ભેગી કરી સામાન પણ પેક કરી ભાતા ટીમણ પણ તૈયાર કરી જોવડાવેલા મુહુર્ત પ્રમાણે ઉપડવાની તારીખ નકકી કરી પણ રાખું છું. પરંતુ શ્રી જલારામ બાપાની અને ગુરુજીની ઇચ્છા કોઇ જુદી જ હશે એટલે મારા અનેક પ્રયત્નો છતાં કોઇ અદ્રશ્ય શકિતના સંકેતથી મારી કૈલાસ યાત્રાની પુરી તૈયારીઓ એકાએક સમેટાય જાય છે જેથી કૈલાસ યાત્રાનો સંકલ્પ ફળીભુત થતો નથી પરંતુ આ સાલ સને ૧૯૫૯, (જુલાઇ–ઓગષ્ટ) કૈલાસ રસ્તે આલમોડા અને ત્યાંથી જવાય ત્યાં સુધી જવાનો નિશ્ચય કર્યો.

—•—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બોલ જલિયાણ મહારાજની જે...

૨. ચાલો યાત્રિકો હવે આપણે રાજકોટથી આલમોડા ઉપડીએ.

વીરપુર જઇ પૂજ્ય જલારામ બાપાની ગાદીએ પગે લાગી તા. ૧૦–૭–૫૯ ને શુક્રવારના રોજ હેતુ મિત્રોની ભાવભરી વિદાય લઇ રાતના ૯–૫૦સે ઉપડતી ગાડીમાં અમો– અમો એટલે હું, વીરપુર પૂજ્ય શ્રી જલારામ બાપાની વંશાવળીમાં જેમનું શુભ નામ છે તે વીરપુરના શ્રી જગજીવન બાવાભાઇ ચાંદરાણી, રાજકોટ મ્યુનિસિપાલિટીના સભ્ય શ્રી જયંતિભાઇ કુંડલીઆ અને હિંદુસ્તાનના લગભગ તમામ તીર્થ સ્થળોએ જેમને જવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તે શ્રી ગિરધરભાઇ કક્કડ અને નંદાણી સ્ટોર્સના માલિક શ્રી રામજીભાઇ નંદાણી અને નોકર બચુ એમ અમો પાંચ જણા પૂ. બાપાનું સ્મરણ કરી પૂ. ગુરુદેવનું સ્મરણ કરી રવાના થયા અને રાજકોટથી દિલ્હી બરેલી થઇ કાઠગોદામ તા. ૧૩–૭–૫૯ ને સોમવારના રોજ બપોરના એક વાગ્યે પહોચ્યાં.

યાત્રિકો! કાઠગોદામ એ ઉતર પ્રદેશના રેલ્વે લાઇનનું છેલ્લું સ્ટેશન છે અને અહીંથી આલમોડા નૈનીતાલ જવા માટે બસની મુસાફરી કરવાની હોય છે. રાજકોટથી કાઠગોદામ ૯૨૪ માઇલ અને કાઠગોદામથી આલમોડા ૮૧ માઇલ થાય છે.

આલમોડા, નૈનીતાલ એતો હવાખાવાના સ્થળો છે અને હરસાલ ઉનાળામાં ઘણાં મુસાફરો દૂરદૂરના પ્રાંતોમાંથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેશ વિદેશમાંથી આ તરફ આવતા હોવાથી આખો રસ્તો સારી હાલતમાં અને ડામરનો છે. કાઠગોદામથી ૧૨ માઇલ ગયા પછી ગંધર્વનગરી નૈનીતાલ જતો માર્ગ જુદો પડે છે.

વાંચકો ! હવે આપણે કાઠગોદામથી આલમોડા પહોંચતા પહેલા રેલ્વેની મુસાફરી તથા રેલ્વે ભાડા સબંધે થોડુંક જાણી લઈએ.

માઇલેજ

૧.	વીરપુરથી રાજકોટ	૩૬	માઇલ
૨.	રાજકોટથી વીરમગામ	૧૧૨	,,
૩.	વીરમગામથી મહેસાણા	૪૧	,,
૪.	મહેસાણાથી દિલ્હી	૫૪૦	,,
૫.	દિલ્હીથી બરેલી (લખનૌ લાઈન)	૧૫૬	,,
૬.	બરેલીથી કાઠગોદામ	૬૬	,,
		૯૫૧	માઇલ.

માઇલેજ પુરા થયા અને રાજકોટથી કાઠગોદામ જવા આવવાની સીઝન ટિકિટના રૂા. ૪૨–૭૦ ભાડું બેસે છે અને આ સીઝન ટિકિટ ત્રણ મહિના સુધી ચાલે છે.

આજકાલ રેલ્વેની મુસાફરીની હાડમારી કેવીક છે તે સબંધે કાંઈ સ્પષ્ટતા કરવી કે રેલ્વે તંત્રમાં કામ કરતા ભાઈઓ આજકાલ મુસાફરો પાસેથી કાયદાના બહાના નીચે કે સગવડતા આપવાના બહાના નીચે કેવી રીતે પોતાનું કામ કાઢે છે એનો તો સ્વયં જેને અનુભવ થયો હોય.... મલ્યો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોય.... એને જ ખબર પડે કે ભારતના બંધારણ નીચે ભારતની રાજધાની દિલ્હીના સ્ટેશનેજ રેલ્વેના નોકરો મુસાફરો પાસેથી કેવા કેવા બહાના નીચે ભાઇચારો વધારી 'ચારો' ચરે છે પરંતુ આ બધાની આપણે વાતો કરીએ તે કરતાં હવે તો પાર્લામેન્ટ-માંજ કોઈ કોઈ સભ્યો આ બાબત રેલ્વે પ્રધાનને કાને આ બધી વાતો નાખે છે. એટલે એ પાર્લામેન્ટરી ભાષામાં થતા સવાલ જવાબ આપણે છાપામાં વાંચવાનું રાખી ચાલો યાત્રિકો આપણે તો કાઠગોદામથી આલમોડાની બસમાં એક ટિકિટના ભાડાના રૂા. ૫–૫૦ દઇ આલમોડા જઇએ.

વાંચકો ! ખટારોતો કાઠગોદામથી આલમોડા તરફ ડામરની સડક ઉપર જાય છે ભાગ્યે. આજુબાજુ સૃષ્ટિ સૌંદર્ય કોઇ અનેરૂ આવે છે અને લગભગ ત્રણ હજાર ફુટની ઊંચાઇએ ખટારો જઈ રહ્યો છે.

વાંચકો ! આપણે કાઠગોદામથી બપોરના લગભગ પોણાબે વાગ્યે રવાના થયા છીએ અને ત્રણ વાગ્યા અને ભોવાલી નામનું રમણીય સ્થળ આવ્યું, ખટારા આંહી પંદરેક મિનિટ ઉભા રહેવાના છે એટલે મુસાફરો ખટારામાંથી નીચે ઉતરી ચહાપાણી પીવા લાગ્યા અને ભોવાલીમાં મળતાં સફરજન આલુબુખારા–પીચીઝ વિગેરે ફ્રુટ ખરીદવા લાગ્યા. ફ્રુટની આ મોસમ છે એટલે ફ્રુટ તો આંહી એટલા બધા સસ્તા મળે છે કે પાંચ રૂપિયાનું અમે ફ્રુટસ ખરીદયું અને એક સારો મઝાનો કંડિયો ભરાણો. સફરજન તો અનેક પ્રકારના નાના મોટા જુદા જુદા રંગના ખાટા મીઠા અને એટલા સસ્તા મળે છે કે મુસાફરો ફ્રુટસતો હોંશે હોંશે ખરીદીને ખાય છે. આપણે ત્યાં સફરજન ગણત્રીના હિસાબે મળે છે. જયારે આંહી વજનથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મળે છે. અને આઠઆના બંગાળી શેરથી લઇ ઉંચી જાતના વધુમાં વધુ એક રૂપિયાના બંગાળી શેર મળે છે.

ખટારો સમયસર ભોવાલીથી ઉપડયો અને લગભગ સાડા-ચારે રાણીખેત પહોંચ્યા રાણીખેત એ કુમાઉ પ્રાંતમાં રમણીય હવાખાવાનું સ્થળ છે. મોટી બજાર છે અને શ્રીમંતોના છુટા છવાયા બંગલા છે. અને આંહીનું વાતાવરણ એટલું શીતળ અને પ્રસન્ન છે કે જાણે આપણે Air Condition વાળા દીવાનખાનામાં ફરી રહ્યા હોઈએ એવી મધુરી મીઠી ફુલગુલાબી ઠંડી લાગે છે. ખટારો પોસ્ટ ઓફિસે ટપાલ લેવા ઉભો રહ્યો અને અમે ડ્રાઈવરના કાને વાત નાખી બહાર ફરવા નીકળ્યા અને ડ્રાઈવર સાહેબે કીધું કે "इधर आधा घंटाकी देर लगेगी आप येहीं रस्ते पर आनंदसे घुमो.... ओर देखो हम बीचमें आपको बेठा दूंगा." અમે ડ્રાઈવર સાહેબનો આભાર માન્યો અને રાણીખેતમાં સડક ઉપર આગળ જઇ ફરવા લાગ્યા અને આજુબાજુના દ્રશ્યો જોઈ આનંદિત થવા લાગ્યા.

વાંચકો! આંહી ચીડના દેવદારના ઊંચા ઊંચા વિશાળ વૃક્ષો શીતળતા સાથે ટર્પેન્ટાઈનની સુગંધ ફેલાવે છે.

આ વૃક્ષોમાંથી ટર્પેન્ટાઇન (ચીડના વૃક્ષનો રસ) નામનો ગુંદર જેવો ચીકણો પદાર્થ નીકળે છે. અને દરેક વૃક્ષોને થડીએથી બેએક ફુટ ઉંચે છોલી છીદ્ર પાડી માટીના પ્યાલા બાંધી દેવામાં આવે છે અને છીદ્રમાંથી એકેક ટીપું ટપકીને જ્યારે પ્યાલા ભરાઇ જાય ત્યારે જંગલ ખાતાના માણસો તે પ્યાલામાંથી રસ ભેગો કરી લ્યે છે. પછી એના ડબા કે પીપ ભરી બરેલી જ્યાં ટર્પેન્ટાઈનની મોટી ફેકટરી છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાં મોકલે છે અને ફેક્ટરીમાં રીફાઇન થઇ પછી હિંદભરની બજારોમાં શુદ્ધ ટર્પેન્ટાઇન તરીકે વેચવા મોકલે છે. અમોએ એ ટર્પેન્ટાઇનના ડબલામાંથી થોડુંક ટર્પેન્ટાઇન લઇ એ ચીકણા પદાર્થને સુંઘ્યું અને એમની સુવાસિત સુગંધથી પ્રસન્ન થયા. કહેવાય છે કે ઉત્તર પ્રદેશની સરકારને આ વૃક્ષો મોટી આવકના સાધન છે.

વાંચકો ! આપણે તો રાણીખેતની સડકે ફરી રહ્યા છીએ આજુબાજુનું અનુપમ સૌંદર્ય જોઈ રહ્યા છીએ દુર દુર હિમાલયના શિખરો દેખાઇ રહ્યા છે. તેમાં આંહીની ફુલ સૃષ્ટિની અનુપમ શોભા જોઇ આપણને થાય કે વાહ રે વાહ ! પ્રભુ! આવા ફુલ.... આવા રંગબેરંગી રંગો.... તારી કળા વગર કોણ બનાવે... કોણ રંગ પુરે....

વાંચકો ! ફુલ સૃષ્ટિના અનેક રંગી ફુલો એવી વિધવિધ જાતના છે કે કોઇ ફુલ નાની થાળી જેવડા પહોળા.... પહોળા તો ખરા પણ એકજ ફુલમાં અનેક રંગો.... અનેક રંગો તો ખરા પણ એ રંગોનું મિશ્રણ એવું કે એ ફુલની પહેલી કીનારી ગુલાબી હોય... બીજી કિનારી વાદળી હોય પછી લાલ, લીલા, પીળા ભાતભાતના રંગો એમાં પુરાએલા હોય અને આપણને ઉભા રહેવાની ઇચ્છા થાય કે ન થાય પરંતુ એ ફુલ એના જાદુઇ રંગથી આપણને ઘડીભર એમની પાસે ઉભા રાખે છે. અને અબોલ પણે કહે છે કે હે સંસારી જીવો ! આસ્તિક હોતો રૂડી વાત છે. નહિતર નાસ્તિક હો તો આ લીલા તો જુઓ ! પ્રભુએ અમને આપેલ સૌંદર્યને તો જુઓ ! અને પછી છાતીએ હાથ રાખી વિચારો કે કુદરત વગર આ સૌંદર્ય કોણ રચી શકે છે એમ અબોલ ફુલોના રૂપરંગ અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભભક જોતાં જોતાં અમો સૌંદર્યધામ રાણીખેતમાં આગળને આગળ જઈ રહ્યા છીએ ત્યાં ખટારો નીકળ્યો અને અમે જલારામ બાપાની જે બોલી ખટારામાં બેસી ગયા અને ખટારો ત્યાંથી બજારે બસ સ્ટેન્ડે આવ્યો.

બજારે સામસામી દુકાનોની લાઇનબંધ હાર છે તેમાં મહિના દિવસ અગાઉ અગ્નિ દેવે એમની જવાળામાં ભસ્મીભુત કરી નાખેલ દુકાનોના ખંડેર જોઇ એ બની ગયેલી કરૂણતા સબંધે પુછગાછ કરતા માલુમ પડયું કે, મહિના દિવસ અગાઉ આંહી અચાનક આગ લાગેલી અને દુકાનોના મોટા મોટા સ્ટોરો ભસ્મીભુત થઈ ગયા અને લાખો રૂપિયાનું નુકશાન થયું.

અમો હજુ તાજીજ મોહક કુલ સૃષ્ટિની મોહકતા જોઇ આવેલા અને આ પણ વિધિની કરૂણતા જોઈ મનમાં થયું કે ખરેખર દુનિયામાં સુગંધ સાથે દુર્ગંધ...ભાગ્ય સાથે કમભાગ્ય વિવિધતા સાથે વિચિત્રતા...અને રૂપ સાથે કુરૂપ પણ પડયું છે.

ખટારા તો એમના સમયે ઉપડયા અને સમય સાંજના પાંચનો થવા આવ્યો છે, વાંચકો! આપણે આલમોડા સાંજના સાતેક વાગે પહોંચશું એટલે હજુ બે કલાક બસની મુસાફરી છે. પરંતુ કુમાઉ પ્રાંતની આ રમણીય ટેકરીઓ ઉપર બસની મુસાફરી કરવી એ કંટાળાજનક નથી પરંતુ આલ્હાદજનક છે એટલે એ ટેકરીઓ તો નહિ પરંતુ પહાડો નદીઓ જંગલોની શોભા જોતાં જોતાં આપણે પ્રસન્નતાથી આગળ જઈ રહ્યા છીએ અને આ શોભામાં વૃદ્ધિ કરવા મેઘરાજાએ મહેર કરી પણ મેઘરાજા એમના આયુધો સહિત આવેલા ન લાગ્યા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે જરા દેખા દઈને પાછા અંતરધ્યાન થઇ ગયા અને પોતે આવી ગયા છે એની સાક્ષી રૂપે થોડાક જલબિન્દુ નાખી Air Condition વાળા વાતાવરણમાં જરા વધુ ટાઢક કરી ગયા અને અમે હવે મફલર કાને વીંટયા પરંતુ અર્ધા કલાક પછી એ મફલરને પાછા થેલી ભેગા કરી અમો આજુબાજુ જોવા લાગ્યા તો દુર દુર આલમોડાના દીવા દેખાણા પરંતુ વાંચકો! દીવા દેખાય છે ખરા પરંતુ ત્યાં પહોંચતા તો હજુ ખટારાને પુરો કલાક લાગશે આતો સમાંતર લીટી ઉપર આપણે પુગ્યા એટલે દીવા દેખાણા પણ હજુ એ દીવા આડા તો ચાર-પાંચ પહાડો છે એટલે એ ઓળંગ્યા પછી આપણે આલમોડા પહોંચશું.

વચમાં આવતાં પહાડી ગામોના મુસાફરો બસમાં ચડે છે અને ઉતરે છે પરંતુ આલમોડા લગભગ ૧૦ ૧૨ માઇલ દુર રહ્યું અને બસમાં આલમોડાના અમારા સહિત ૧૦-૧૨ મુસાફરો રહ્યા બાકીના બધા પોતાના આવેલ સ્થળોએ ઉતરી ગએલા.

હિમાલયનો પહાડ...કુમાઉં પ્રાંતની રમણીય ટેકરીઓ...અને સંધ્યા સમયની શીતળતા અને ખટારો જ્યારે નદી કાંઠે ચાલે છે ત્યારે એ નદીઓના મીઠા કલરવ નાદ આપણને વધુ આનંદ આપે છે.

સૂર્યનારાયણ અસ્ત થવાની તૈયારીમાં છે અને દિશાઓમાં જાણે રંગો ઘુંટાવા લાગ્યા, જાણે આકાશની ખરલમાં કેસરીઓ રંગ ઘુંટાઇ રહ્યો છે અને એ રંગની શોભામાં વધુ દીપવા માટે ઇંદ્રે ધનુષ્ય કમાન કરી અને દિશાઓ વધુ દીપી ઊઠી અને અમોએ સંધ્યા સમયની આરતી બોલી જલારામ બાપાની જે બોલાવી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખટારો તો આલમોડા પૂર્ણ પૂર્ણ થઈ રહ્યો છે અને હવે દીવાઓ વધુ સ્પષ્ટ દેખાયા.... જાણે પહાડ ઉપર કોઈએ વીજળીની બત્તીથી હિંદુસ્થાનનો નકશો ચીતર્યો ન હોય એવી રચનાવાળું એ પહાડ ઉપર વસેલું આલમોડા શહેર દેખાયું.

હવે તો મ્યુનિસિપાલિટીની હદ આવી અને ખટારો ઉભો રહ્યો અને પેસેન્જર દીઠ ટોલટેક્ષનો એકેક રૂપિયો આપ્યો અને પાંચેક મિનિટ પછી પાછો ખટારો ઉપડયો અને જામતાં જતાં અંધારામાં વેગથી ઉપડી બરાબર ૭–૪૫ મિનિટે ખટારો આલમોડાના બસ સ્ટેશને આવીને ઉભો અને અમોએ જલારામ બાપાની જે બોલી.... સદ્ગુરુદેવની જે બોલી.... કૈલાસપતિ ભગવાનની જે બોલી ખટારામાંથી હેઠા ઉતર્યા અને મજુરો પાસે સામાન ઉપડાવી અમો બસ સ્ટેન્ડ પાસેની માનસરોવર હોટલમાં ગયા અને જલારામ બાપાની જે બોલી અમોએ માનસરોવર હોટલમાં ઉતારો કર્યો.

વાંચકો! બાપાની દયાથી આપણે રેલ્વેમાં.... બસમાં.... કોઈ પણ જાતની હાડમારી વગર આનંદથી પહોંચી ગયા.

રાજકોટથી આપણે તા. ૧૦–૭–૫૯ ને શુક્રવાર રાતની ગાડીમાં ઉપડેલા અને આજ તા. ૧૩–૭–૫૯ ને સોમવારના રાતના રેલ્વેની ૯૫૧ માઈલ અને બસની ૮૧ માઈલ એમ ૧૦૩૨ માઈલની મુસાફરી પુરી કરી માનસરોવર હોટલ ભેગા થઇ આનંદથી બિસ્તરા ભેગા થઇ ગયા છીએ.

માનસરોવર હોટલ એ એવી કોઈ હોટલ નથી કે જ્યાં જમવાની સગવડતા છે કે નાસ્તાપાણીની સગવડતા છે પરંતુ ફક્ત નામનું આકર્ષણ જાગે એટલા પુરતીજ મકાન માલિકે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનસરોવર હોટલ નામ રાખ્યું છે. બાકી આતો છે પહેલે માળેના ચાર-પાંચ ખાલી ઓરડાઓ થોડાક ફરનીચર સહીતના આ નાની ઓસરીવાળા ખાલી ઓરડામાં મુસાફરોને જમવું હોય તો બીજી હોટલનો કે કંદોઈની દુકાનનો આશ્રય લેવો પડે છે. અરે! ચાહ પાણી માટે પણ બજારે જવું પડે છે, એટલે અમારામાંથી જેમને જમવું હતું એમણે ભાતાના ડબા ખોલ્યા. બાકી ભોવાલીથી લીધેલો ફ્રુટનો હજુ અરધો કંડિઓ ભર્યો પડયો હતો. એટલે નજર પુગતા નંદાણીભાઈએ તો એ કંડિયાને જ પોતાનું નિશાન બનાવ્યું અને અમને પણ રાતના વખતે નંદાણીભાઈની આ રીત બહુ ગમવાથી અમોએ પણ એ કંડિઆમાંથી ફ્રુટ લીધું અને બાપાનું નામ લઈ સુઈ ગયા કારણ અંતે તો સૌ મુસાફરીથી થાકેલા હતા.

—o—

પ્રવાસ એ જીવનનો થાક કે
કાટ ઉતારવાનું એક સાધન છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩. આલમોડા.

પૈસાને વેડફી નાખવા માટે આંહી કોઇ સાધનો નથી.



આલમોડા.

વાંચકો! આપણે આલમોડા પૂગ્યા હવે આપણે આલમોડા સબંધે થોડુંક જાણીએ.

આલમોડા એ દરિયાઇ સપાટીથી ૫૪૯૪ ફુટની ઉંચાઇએ પહાડ ઉપર વસેલું લગભગ ૨૦ થી ૨૫ હજારની વસ્તીવાળું શહેર છે. આલમોડાના હવાપાણી તંદુરસ્તી માટે આખા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હિંદુસ્તાનમાં ઉતમમાં ઉત્તમ ગણાય છે. જેથી ઘણાખરા મુસાફરો તો તબિયત સુધારવા પણ આંહી આવે છે.

આલમોડા બીજા Hill Station ની માફક હજુ નાજુક નથી બની ગયું પરંતુ સાચા અર્થમાં આલમોડા એ અલમસ્ત છે. એટલે કે પોતાની સાદાઈમાં...તંદુરસ્તીમાં અલમસ્ત છે. કેળવણીમાં અલમસ્ત છે. અને રીતભાતમાં પણ અલમસ્ત છે. આંહી નાજુકતા નથી એટલે કે પહેરવેશમાં નાજુકતા નથી હરવા ફરવામાં નાજુકતા નથી અને સૌ પોતપોતાના કાર્યમાં અલમસ્ત છે. આંહી શ્રમનું પૈસાનું મહત્વ જાણવાવાળા વધુ છે. વળી પૈસાને વેડફી નાખવા માટે આંહી કોઈ સાધનો નથી, એટલે કે બીજા હીલ સ્ટેશનની માફક આંહી નથી થતાં નાચગાનના જલસા કે નથી સિનેમાના ભમરાળા ભપકાદાર મકાનો કે નથી ભપકાદાર આલેશાન હોટલો, પરંતુ આંહી તો છે આંખમાં સમાઈ શકે એવી સૌંદર્યતાવાળા મકાનો.... બંગલા... અને દૂર દૂર પર્વતોની સુંદર હારમાળાઓ.

જ્યારે આપણે આઝાદી માટે બ્રિટિશ સરકાર સામે યુદ્ધે ચડયા હતા ત્યારે આપણા લાડીલા નેતા જવાહરલાલ નહેરુને બ્રિટિશ સલ્તનતે આલમોડાની જેલમાં રાખ્યા હતા. મહાત્મા ગાંધીજી પણ આંહી રહી ગયા છે અને આપણા ગૃહ પ્રધાન શ્રી ગોવિંદ વલ્લભપંત તો આંહી પોતાના મોસાળમાં રહી ભણેલા છે આમ આલમોડાનું આ એક વિશિષ્ઠ સ્થાન ગણાય છે.

આલમોડામાં કોલેજો છે લગભગ બધા ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ આગળ વધી શકે કે એ માટે ખેતીવાડી, ઈજીનિયરીંગ, વિજ્ઞાન અને આર્ટસની કોલેજો છે :અને વીશ હજારની વસ્તીમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાંચ હજાર તો વિદ્યાર્થીઓ છે અને સૌ પોતપોતાની મનગમતી લાઇનમાં આગળ અભ્યાસ કરી રહ્યા છે. આંહી શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવનો આશ્રમ છે કે જ્યાં સંન્યાસીઓ આર્ય સંસ્કૃતિનો સંદેશો ફેલાવી માનવ કલ્યાણ માટે સેવા સાથે ભજન ધ્યાન અને યોગ સાધના પણ કરે છે અને મા આનંદમયી માતાજીનો આશ્રમ પણ છે, અને આ સિવાય બીજા ઘણાં આશ્રમો છે.

આંહી ટુરીસ્ટોને સહાય રૂપ થવા માટે સરકારી ટુરીસ્ટબુરો નામની ઓફિસ છે કે જે આ પ્રાંતના સ્થળોની તથા કૈલાસ માનસરોવરની યાત્રાએ જવાવાળા યાત્રિકોને બનતી સહાય આપી માહિતી પુરી પાડે છે.

આલમોડામાં ઘણાં દેવમંદિરો છે અને ચારે દિશામાં દેવીઓના વાસ છે. શાઇદેવી–બાનડીદેવી–સીતોલીદેવી અને પાતાળદેવી આ ચાર દેવીઓ આલમોડાની ચાર દિશાની રક્ષા કરે છે અને આ સ્થળો જોઇ આપણને થાય છે કે આપણા ઋષિમુનિઓની દૃષ્ટિ ખરેખર અદ્ભુત છે કે જીવનના દરેક અંગ સાથે તેઓ કોઇને કોઇ રીતે ધર્મનો સબંધ જોડી દે છે જેથી ભકિત અને મૂકિતદાયિની આ ચાર દેવીઓને ચાર ખુણે સ્થાપિત કરી હિંદુ જાતિને આ મંદિરોનું રક્ષણ કરવાનું....આ સ્થાનો પવિત્ર રાખવાનું.... અને આ ચારે મંદિરો પાસે અવાર નવાર મેળા યોજી એકઠા થવાનું સુચન કર્યું કે જેથી આલમોડાના લોકો ચારે દિશામાં અવારનવાર ભેગા થઈ લોક જીવન જાગતું રાખે.. જીવતું રાખે.

આલમોડાની સરખામણી આધુનિક આગળ વધેલા બીજા હીલ સ્ટેશનો સાથે કરીએ તો આલમોડા કહેવાતા સુધારામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પછાત છે પરંતુ કેળવણીમાં-સંસ્કૃતિમાં, શ્રમમાં અને મહેનત કરી પસીનો પાડી જીવવામાં આગળ છે.

આવા આલમોડા શહેરમાં અમો અમારી મુસાફરીનો થાક ઉતારી રાતના પેટ ભરીને નિંદર કરી સવારમાં સ્ફુર્તિથી ઊઠયા અને દાતણ-પાણી કરી ચાહ-પાણી પી આલમોડા ખુશીથી પહોંચી ગયાનો તાર દેશમાં કરવા હું તાર ઓફિસે ગયો.

—o—

દીપક જલતો હોય પણ આપણો અનુભવ છે કે જો સંકોરનાર ન હોય તો દીપ બુઝાઈ જવાનો.

ગુરુ સંકોરણું બની પ્રત્યેક ક્ષણે વાટને સંકોરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૪

એક જાણભેદુ ભેગો થઈ ગયો અને એતો પુછવા લાગ્યો કે....

તાર ઓફિસે જતાં જતાં આજુબાજુના પહાડના રમણીય દશ્યો જોતાં જોતાં રસ્તામાં એક જાણભેદુ ભેગો થઈ ગયો અને તેને તો મને પ્રશ્ન કર્યો કે– "ભાઈ! આંહી તમે કેવા! હવા ખાવાના સ્થળો તો ઘણાં છે. આબુ....માથેરાન... મહાબળેશ્વર.... પંચગીની....તો નજીકના સ્થળો છે એટલે હવાખાવા પુરતો જ આંહી આવવાનો તમારો આશય હોય તો આબુ કે મહાબળેશ્વર કેમ ન ગયાં.? અને ઠેઠ આંહી હિમાલયની ગોદમાં એક ખુણામાં આવેલા આલમોડાએ આવ્યા? આમ પુછી જાણભેદુ તો ભેગાભેગું એ પણ પુછી નાખે છે કે જો તીર્થાટનનો તમારો આશય હોય તો કાશી, અયોધ્યા, મથુરા, રામેશ્વર, જગન્નાથ કે હરદ્વાર કેમ ન ગયા? અને આંહી આજુબાજુ એવા કોઈ પ્રસિદ્ધ તીર્થસ્થળો ન હોવા છતાં આલમોડાનું આકર્ષણ થયું!

વાંચકો! ખુશીથી પહોંચી ગયાનો તાર કરવા જતાં જાણભેદુએ તો ભારે પુછી નાખ્યું! અને જાણભેદુની વાત પણ સાચી, હવે જાણભેદુએ જેટલી નિખાલસતાથી પુછયું એટલીજ નિખાલસતાથી હું જવાબ આપું કે– ફકત હવા ખાવા માટે રાજકોટથી કયાંય બહાર જવું પડે એવી શારીરિક અશકિત હજુ બાપાની દયાથી આવી નથી એટલે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આલમોડા હવા ખાવા આવ્યા છીએ એવું કોઇએ માનવાનું કારણ નથી અને તીર્થાટનનો જવાબ જાણુભેદુને આપું તો જાણુભેદુની વાત સાચી કે ભારતમાં ઘણાં પ્રસિદ્ધ તીર્થસ્થળો અનેક છે પરંતુ એ પ્રસિદ્ધ તીર્થસ્થળોએ જવાનું ભાગ્યાધીન ઉપર રાખી ખુલાસો કરૂં કે આલમોડા આવવાનું એક અજબ આકર્ષણ તો એ છે કે કૈલાસ માનસરોવરની યાત્રાએ જવા માટે આલમોડા મુખ્ય માર્ગ વચ્ચે રસ્તાનું એક સ્થળ છે અનેઆ જીવન યાત્રા પુરી થાય તે પહેલાં કૈલાસ માનસરોવરની યાત્રા થાય તો સારૂં એ ઝંખનામાં ને ઝંખનામાં આજ બે વરસ થયાં મન ભટકી રહ્યું છે પરંતુ મન થયું.... વિચાર આવ્યો સંકલ્પ જાગ્યો.... એટલે સંકલ્પ સિદ્ધ થાય એવું થોડુંજ છે! એટલે ભટકતા મનને ખીલે બાંધવા બાપાની અને ગુરુદેવની કૃપાથી કૈલાસની યાત્રાએ તો જવાય ત્યારે સાચું પણ હાલ તો કૈલાસ માનસરોવરને પંથે જવાય ત્યાં સુધી તો જવું એવા નિશ્ચય સાથે આલમોડા જઈએ તો સાથો સાથ કૈલાસ યાત્રાની જાત માહિતી ભેગી કરાય સાથે હાલની રાજકીય પરિસ્થિતિને અંગે તિબેટ ચીનના સંજોગો (સને ૧૯૫૯) જોતાં કૈલાસ યાત્રાની હાલની સુગમતા અને હવે પછીની કઠિનતાનો ખ્યાલ આવે અને ભવિષ્યમાં આ યાત્રાએ જવું હોય તો કયા રસ્તે.... કેવી રીતે.... કઇ જાતની તૈયારી કરી નીકળવું.... આ બધાનું સ્પષ્ટ ચિત્ર જોવા....મેળવવા... આલમોડા આવવાનું આકર્ષણ થયું અને વાંચકો! સાથોસાથ આંહી આવવા માટે અમે કાંઇ આંધળો દોડ કર્યો છે એમ પણ માનતા નહિ હો! કારણ કે આલમોડા આવ્યા પરંતુ જાણ્યા અજાણ્યા સ્થળમાં ફરતો ખરોજ ને! એટલે કોઈ સ્થળે અજાણ્યા–અજાણ્યા ફરીએ કોઇ અપરિચિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યકિતને પરિચિત બનાવીએ એ કરતા કોઈ પરિચિત વ્યકિત હોય તો હરવા ફરવામાં.... દેવદર્શનમાં.... અને માહિતી ભેગી કરવામાં વધુ સુગમતા રહેને ! એટલે પાછો જાણભેદુ મને સવાલ પુછીને આલમોડામાં આવી પરિચિત વ્યકિત કોણ છે? એ પુછે તે પહેલાંજ કહી દઉં કે આલમોડામાં કૈલાસ માનસરોવરની યાત્રા સબંધેની માહિતી અંગે મારે ઘણાં મિત્રો સાથે આજ બે વરસ થયા પત્ર વહેવાર ચાલુ છે તેમાં શ્રી રૂદ્રદત્ત ભટ અને શ્રી શાંતિલાલ ત્રિવેદી મુખ્ય છે. શ્રી રૂદ્રદત્ત ભટ તો આલમો-ડાના જ રહેવાસી છે પરંતુ શ્રી શાંતિભાઈ ત્રિવેદી તો આપણા છે આપણા છે એટલે રાજકોટના છે. રાજકોટના છે એટલે ૩૦ વરસ થયા રાજકોટને રામ રામ કરી છેલ્લે પૂજ્ય ગાંધીજીના સાબરમતી આશ્રમમાં રહેલા છે પરંતુ પૂજ્ય ગાંધીજીએ શ્રી શાંતિભાઈને .સને ૧૯૨૮ માં આલમોડા જીલ્લામાં રાષ્ટ્રીય કાર્ય અંગે મોકલેલા એટલે આજ ૩૦ વરસ થયાં આલમોડા જીલ્લાને કાર્યક્ષેત્ર બનાવી પોતે પોતાના ધર્મપત્ની શ્રીમતી ભકિત બહેન સાથે આંહી રહે છે અને આ છેલ્લા ત્રીસ વરસમાં તો અનેક રાજકીય આંદોલનો જગાવી જેલયાત્રા ભોગવી છેવટે ફાંસીની સજા પણ સાંભળી ચુકેલા છે. પરંતુ ફાંસીએ લટકાવવા જેવો ગુન્હો વરિષ્ઠ અદાલતે નહીં માનતા ફાંસીએ તો ન લટકયા પરંતુ રાષ્ટ્રીય આંદોલન વખતે અનેકવાર જેલયાત્રા સાથે બીજા અનેક કષ્ટો સહન કરતાં કરતાં આ જીલ્લામાં પુરી પ્રતિષ્ઠા જમાવી શાંતિભાઈ એક અગ્રણી વ્યકિત.... સામાજીક શ્રેષ્ઠ કાર્યકર્તા.... પુરવાર થયા. અને પૂજ્ય ગાંધીજી પણ આંહી પધારેલા અને ગાંધીજી સાથે આ જીલ્લામાં પ્રવાસ કરી બાપુના આશીર્વાદ મેળવી આલમોડાથી દુર એક આશ્રમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્થાપી શાંતિભાઈએ અમુક વર્ષો ત્યાં કાર્ય કરી હાલ છેલ્લા વર્ષો થયાં આંહી આલમોડામાં આવી કાર્ય કરી રહેલ છે.

વાંચકો! સને ૧૯૩૦ પછીના આ ત્રણ દાયકામાં તો અનેક વહેતા પાણીમાં વમળો જાગ્યા અને શમ્યા અને અંતે છેલ્લા દાયકામાં યુનીયન જેકને મધરાતે દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી ઉતારી બ્રિટિશરો એના ઘર ભેગા પણ થઈ ગયા અને એનું સ્થાન ત્રિરંગી રાષ્ટ્રધ્વજે લીધું અને ભારતના પ્રજાજનોએ નિરાંતનો શ્વાસ લીધો પણ છેલ્લા આ દશકામાં તો ન ધારેલા ન કલ્પેલા બનાવો બન્યા અને દરેક ક્ષેત્રમાં ઇતિહાસિક ફેરફારો થઇ ગયા એ તો સર્વવિદિત વાત છે એટલે એ રાજકીય પરિસ્થિતિના ફેરફાર અંગે આપણે સૌ પરિચિત હોવાથી આ વાતને લંબાવવા કરતાં ટુંકાવી આપણે તો શાંતિભાઇ સાથે કેવી રીતે પરિચય થયો એ વાત ઉપર આવીએ કારણ કે 'જાણભેદુ' પુરી વાત જાણ્યા વગર આપણને નિરાંતે આલમોડાની તાર ઓફિસે ખુશીથી પહોંચી ગયાનો તાર કરવા જવા દીએ એવું લાગતું નથી કારણ કે જાણભેદુનું ચંચળ મન... ચંચળ ચિત.... હવે તો જાણે 'ચગડોળે' ચડયું છે અને શાંતિભાઈ સાથેનો પરિચય કેવી રીતે વધ્યો એ જાણવા આતુર છે એટલે સાંભળો વાંચકો એ પણ રસભરી કહાણી!

—o—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૫

દિલ્હી હિંદ સરકારને પૂછાવ્યું....

ગઈસાલ અણધારેલી રીતે આ કૈલાસ યાત્રા મોકુફ રહેલી પરંતુ આ સાલ જુન–જુલાઈમાં ચોકસ કૈલાસ યાત્રાએ જવું છે એ વાત મારા મનમાં પાકી હતી એટલે આ સાલ યાત્રાએ ભારતમાંથી કોણ કોણ જવાના છે. ચીન તિબેટની પરિસ્થિતિ અંગે હાલના શું સંજોગો છે એ અંગે મેં દિલ્હી ખાતે હિંદી સરકારના **Ministry For External Affairs** સાથે પત્ર વહેવાર શરૂ કર્યો અને સાથો સાથ હરસાલ યાત્રાળુઓને લઈ કૈલાસ યાત્રાએ ઉપડતા નૈનીતાલ શ્રી ગીતા સત્સંગ કૈલાસ ક્ષેત્રના સ્વામી શ્રી વિદ્યાનંદજી મહારાજને પત્ર લખ્યો કે "આપ આ સાલ યાત્રાળુઓને લઈ કૈલાસ યાત્રાએ જવાના છો ?" અને આલમોડા ટુરીસ્ટ બ્યુરોને પણ કાગળ લખ્યો કે, "આ સાલ કૈલાસ યાત્રાએ જવાવાળા યાત્રિકોની સંખ્યાની જાણ આપને હોય તો માહિતી સાથે લખો" અને આલમોડા રૂદ્રદત્ત ભટને.... ગબ્યાંગ ઠાકુર મોહનસિંહને.... અને વેરીનાગ શ્રી પરસીલાલ વર્મા અને પીઠોરાગઢ કૈલાસ માનસરોવર ડેવલપમેન્ટ સોસાયટીના સેક્રેટરીને કાગળો લખી પુછાવ્યું કે–

૧. આ સાલ સને ૧૯૫૯ માં કૈલાસની યાત્રાની શકયતા છે કે કેમ ?

૨. તિબેટની હદમાં રાજકીય પરિસ્થિતિને અંગે ચાઈનીઝ સરકાર તરફથી કાંઈ મુશ્કેલી કે પ્રતિબંધ તો નથી ને ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩. પાસપોર્ટની જરૂરત તો નથીને ?

અને

૪. આ યાત્રાએ અમારે આંહીથી ક્યારે ઉપડી ક્યારે આલમોડા પહોંચવું કે અમો બીજા કૈલાસ યાત્રાએ જવાવાળા યાત્રિકો સાથે ભેગા થઈ જઈએ અને બીજા યાત્રિકોના નામ સરનામા મળ્યા હોય તો જણાવો.

વિગેરે વિગેરે પુછાવી માહિતી ભેગી કરવા માંડી અને દિલ્હી હિંદ સરકારને પુછાવ્યું કેઃ—

"અમો પાંચ છ મિત્રો આ સાલ જુન–જુલાઈમાં કૈલાસ માનસરોવરની યાત્રાએ જવા માગીએ છીએ તો તિબેટની હદમાં રાજકીય ફેરફારને અંગે યાત્રિકોને કોઈ જાતની મુશ્કેલી તો નથીને ! અને ચાઈનીઝ સરકાર તરફથી કોઈ પ્રતિબંધ મુકવામાં આવ્યો નથીને ! અને હિંદ સરકાર અમને કેટલે દરજ્જે તિબેટની હદમાં પ્રવાસ દરમ્યાન સહાય રૂપ થઈ શકશે વિગેરે વિગેરે પુછાવ્યું–

વાંચકો ! હવે તો પત્રોના જવાબ મળવા લાગ્યા કે–

૧ આ સાલ ભોટીઆ વેપારી લોકો પણ હજુ તિબેટમાં વેપાર કરવા જતાં અચકાય છે, રાજકીય પરિસ્થિતિ હજુ પ્રવાહી છે.

૨ આ સાલ ગૃહસ્થ યાત્રિકો હજુ ગયા નથી અને જે જે યાત્રિકોએ અમોને પૂછાવ્યું છે તેને તિબેટની રાજકીય પરિસ્થિતિનો ખ્યાલ આપી આ સાલ કૈલાસ યાત્રા મોકુફ રાખવાની સલાહ આપી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ વિદ્યાનંદજી મહારાજે તો લખ્યું કે– "પરિસ્થિતિ ગમે તેવી હશે તો પણ હું તો યાત્રિકોને લઇ ઉપડવાનો છું" અને આલમોડા ટુરીસ્ટ બ્યુરોએ જવાબ આપ્યો કે "અમને હજુ વિશેષ માહિતી સાંપડી નથી. વધુ પત્રવહેવાર દિલ્હી કરો અને સાથે કૈલાસ યાત્રાએ જવાવાળા ચાર–પાંચ યાત્રિકોના સરનામા લખ્યા અને દિલ્હી હિંદ સરકારની Ministry of External Affairs એ રાજદ્વારી ભાષામાં જવાબ આપ્યો કે–

> ગવર્નમેન્ટ ઓફ ઇંડીઆને Govt. of the Peoples Republic of China તરફથી હિંદના યાત્રાળુ તરફ હાલની પરિસ્થિતિ અંગે કોઇ જાતના પ્રતિબંધ મુકાણા હોય એના ખબર મળ્યા નથી એમ લખી તિબેટની હદમાં પ્રવેશ કરવા માટેના Procedure ની છાપેલી તા. ૧૭–૪–૧૯૫૫ ના Indo-Tibet Travel પ્રેસ નોટની કોપી મોકલી.

પરંતુ અમો તો વધુ સ્પષ્ટતા માગતા હોવાથી ફરી દિલ્હી પત્ર લખ્યો અને દિલ્હીથી તા. ૧૨–૬–૧૯૫૯ નો વિગતવાર સ્પષ્ટતાથી જવાબ આવ્યો કે–

૧. Indo-Tibet Borderના check posts of the .Govt of the Peoples Republic of China તરફથી યાત્રાળુઓને સહેલાઇથી પરમીટ કાઢી આપવામાં આવે છે.

૨. ચાઇનીઝ સરકાર સાથેના કરારનામા અંગે હિંદ અને ચાઇનીઝ સરકાર અરસપરસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યાત્રાળુના જાનમાલની રક્ષા માટે બંધાયેલી છે.

૩. ગરટોક ખાતેના હિંદ સરકારે નીમેલા Trade Agent જાતે Western Tibet ના મુખ્ય મુખ્ય સ્થળોએ ફરે છે અને તેમને મળવાથી તે યાત્રાળુઓને બની શકતી સહાય આપે છે.

આમ લખી સલાહ આપી કે– તિબેટની હદમાં પ્રવાસ કરતી વખતે ચાઈનીઝ સરકારને શંકા જાગે એવી કોઈ પણ ચીજ લઈ જશો નહિ જેવાં કે– હથિયારો, મુવી કેમેરા, બાઈનોકુલર્સ વાયરલેસ, ટ્રાન્સમીટર, રેડીઓ, નકશા, કે મનાઈ કરેલો કોઇ પણ માલ કે સામાન.

આમ હિંદ સરકાર તરફથી જવાબ મળ્યો પરંતુ આવી રીતે સવાલ જવાબમાંજ જુન અર્ધો તો જુનો થઇ ગયો પરંતુ જુલાઈમાં આ યાત્રા ગઈ સાલ ગોદાવરી સુગર મિલ્સના માલેક મુંબઇવાળા શ્રી કરમશીભાઇ સૌમૈયાએ પોતાની પાર્ટી સાથે સુખરૂપ કરેલી એટલે અમો પણ જુલાઈના પહેલા અઠવાડીઆમાં કૈલાસ યાત્રા માટે જવાનો ઈરાદો રાખતા હતા એટલે અમો મોડા છીએ એનો તો અમને વિચાર પણ આવ્યો ન હતો એટલે અમો જુલાઈમાં જવાની તૈયારમાંજ હતા ત્યાં પીઠોરાગઢ-કૈલાસ-માનસરોવર ડેવલપમેન્ટ સોસાયટીના સેક્રેટરીને કાગળ લખેલો તેનો જવાબ શ્રી શાંતિભાઇ ત્રિવેદી તરફથી મળ્યો કે:

“ અમો જીલ્લાની મુસાફરીએ ગયા ત્યારે તમારો કાગળ પીઠોરગઢમાં સ્વામીજીએ અમને વંચાવ્યો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને તમો રાજકોટના છો અને હું પણ રાજકોટનો છું, એટલે વતન પ્રેમના અંગે તમને જવાબ લખું છું કે– "હજુ સુધી ચીન સરકારે યાત્રિકો કે વેપારી ઉપર તિબેટ જવા અંગે કોઈ જાતનો પ્રતિબંધ મુકયો નથી. સાધુ યાત્રીઓ કૈલાસ યાત્રાએ ગયા પણ છે. પરંતુ ગૃહસ્થ યાત્રીઓ હજુ કોઇ ગયા નથી. કૈલાસ યાત્રામાં કઠિનતા તો છે જ પરંતુ એ તો તપ કહેવાય અને એનાથી આત્મબળ વધે છે માટે આંહી આવ્યા પછી બધી જાતની અનુકુળતા લાગે નિરાંત લાગે તોજ કૈલાસ યાત્રાએ જવું નહિતર આલમોડા જીલ્લામાં ઘણાં દર્શનીય સ્થળો છે, ઘણાં આશ્રમો છે, એ બધા સ્થળોના દર્શન કરવા અને કૈલાસ યાત્રાની માહિતી મેળવી જવાય તો જવું નહિતર આંહીઆ આજુ-બાજુના સ્થળોના દર્શન કરશું માટે અનુકુળતા મુજબ આવવાનું રાખશો."

આમ શ્રી શાંતિભાઇએ જવાબ આપ્યો અને તે પછી તો પત્ર વહેવાર ચાલ્યો અને શ્રી શાંતિભાઈની સજ્જનતા નિખાલસતા પત્રમાં સ્પષ્ટ દેખાવા લાગી એટલે એક જાતનું આકર્ષણ વધ્યું અને કૈલાસ યાત્રાએ આ સાલ તો નથી જવું કારણ.... કારણકે અદ્રશ્ય શકિતના કોઈ અદ્રશ્ય સંકેતથી પ્રેરાઈ મેં રાજકોટથી ઉપડતા પહેલાંજ નિશ્ચય કરી લીધો હતો કે કૈલાસ માનસરોવરની યાત્રાએ તો બાપાની અને ગુરુજીની કૃપાથી આવતી સાલ જવાય તો રૂડી વાત છે નહિંતર આ સાલ આલમોડા જઇ ત્યાંથી કૈલાસ રસ્તે મોટર બસમાં જવાય ત્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુધી જઈ કૈલાસ યાત્રાની જાતમાહિતી મેળવવી અને આલમોડા અને આજુબાજુના સ્થળોએ શ્રી શાંતિભાઈની સાથે ફરવા જવું અને જાણવું આમ નિશ્ચય કરી મારી સાથે આવવાવાળા સહયાત્રિકોને સ્પષ્ટતાથી બધી હકીકત જણાવી દીધેલી કારણ કે સહયાત્રિકો પણ આજ બે વરસ થયાં કૈલાસ દર્શનની ઝંખના સાથે માનસરોવરના નિર્મળ જળમાં સ્નાન કરવાની તાલાવેલીવાળા છે પરંતુ મારા તરફથી સ્પષ્ટતાનો ખુલાસો સાંભળ્યા પછી સહયાત્રિકોએ પણ નિખાલસતાથી કહ્યું કે, “ભલે ભાઈ ! જેવી તમારી મરજી અમો તો તમે જાશો ત્યાં જશું. “કૈલાસ જશો તો કૈલાસ આવશું અને આલમોડા જશો તો આલમોડા આવશું પરંતુ આ સાલ તમારા ભેગું આવવું તો છેજ પછી તો અંજળ હશે.... જ્યાં દાણો પાણી લખ્યા હશે ત્યાં જશું.

આમ સહયાત્રિકોના સંગાથે મજબુત મનથી અમો સૌ આલમોડા આવ્યા છીએ.

આજ તો આલમોડામાં પહેલો દિવસ છે. શાંતિભાઇ હજુ મળ્યા નથી. શાંતિભાઇને મળવા તો બપોરના જવું છે. આજ તો સવારના ઊઠી ચાહપાણી પી, તાર ઓફિસે તાર કરવા જતાં રસ્તા વચાળે જાણભેદુએ વળી આંહી કેમ આવ્યા ? એની અચાનક ‘પંચાત’ ઉભી કરી એટલે વાંચકો ! અમો આલમોડા કેમ આવ્યા ? એનો ખુલાસો કરવો પડયો અને ખુલાસો થઇ ગયો એ પણ સારૂં થયું કારણ કે વાંચકો પાસે તો જેટલી વધુ સ્પષ્ટતા એટલું વધુ સારૂં કારણકે વાંચકોને પણ આલમોડામાં અજાણ્યું અજાણ્યું ન લાગે અને વાંચકો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ અમારી સાથે પોતાના થઈને સહયાત્રિકો બનીને હરેફરે.... અને જુએ.... એ માટે આ વિગતથી વાત કરી પણ વાંચકો ! જાણભેદુ તો પેટની વાત લઇને વહ્યો ગયો કારણ એતો વાત 'કઢાવવાજ' ભેગો થયેલો એટલે એણે એનું કામ પતાવ્યું માટે હાલો આપણે આપણું કામ પતાવીએ અને તાર ઓફિસે જઈ દેશમાં આલમોડા ખુશીથી પુગી ગયાનો તાર કરીએ.

—૦—

૬.

જગુભાઇ બોલ્યા

'ભાઇ ! આંહીઆ શાકભાજી બહુ સસ્તા છે !'

આલમોડામાં પોસ્ટ ઓફિસ....છે તાર ઓફીસ છે. અને ટ્રંકકોલની પણ સગવડતા છે. પરંતુ માનસરોવર હોટલથી ઠીક ઠીક પ્રમાણમાં દુર છે એટલે તાર ઓફિસે જતાં વચમાં આવતી અનેક સરકારી કચેરીઓના બોર્ડ વાંચ્યા અને રસ્તામાં આવતાં હાઈસ્કુલોના મકાનો... કોલેજોના મકાનો.... જોયાં તેમાં મહિલા કોલેજના મકાનો જોઈ મનમાં થયું કે આ જિલ્લામાં સ્ત્રી કેળવણી પણ સારા પ્રમાણમાં લાગે છે.

આમ તાર ઓફિસે જતાં આજુબાજુ રસ્તા વચ્ચે આવતાં મકાનો કચેરીઓ જોતાં જોતાં તાર ઓફિસે પુગી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દેશમાં તાર કર્યા અને પાછા માનસરોવર હોટેલે આવી નાહી ધોઇ નિત્ય કર્મ પતાવી બપોરના જમી આરામ કરી શ્રી શાંતિભાઇને તથા રૂદ્રદત્તને મળવા જવાની જીજ્ઞાસામાં રહ્યા. દરમ્યાનમાં શ્રી ગિરધરભાઈ અને શ્રી જયંતિભાઈ તો કૈલાસ યાત્રાએ કોણ કોણ ગયા તેની 'શોધમાં' બજારે ગયા છે, જગુભાઈ સીધુસામાન લેવા ગયા છે અને નંદાણીભાઈ નંદવાઈ ન જાય એવી ચીજો આજુબાજુ ગોઠવવાની અને વધેલા ફ્રુટસનો કંડીઓ વહેલો વહેલો ખાલી થાય તો જગુભાઇ શાક લઈને આવે તો શાક ભરવા થાય એ માટે આલુ બુખારા—અને સક્કરજનને સુધારી ખાવા લાગ્યા છે અને બચુએ બે પ્રાયમસ અને સગડી ઉપર દાળ ભાતના આંધણ મુકયા છે અને આપણા રામ માનસરોવર હોટલની બારીએથી શ્રી જવાહરલાલ નહેરૂને જે જેલમાં પુરેલા એ દુર દેખાતી જેલને તથા આજુબાજુની ટેકરીઓ જોવા લાગ્યા છે અને કૈલાસ માનસરોવર યાત્રા અંગેના થયેલા પત્ર વહેવારની ફાઇલ જોઇ રહ્યા છે કારણ આ બધું હોટલના પલંગ ઉપર બેડીંગમાં પડયા પડયા થાતું હતું.

જયંતિભાઇ અને ગિરધરભાઇ ઝાઝીવાર સુધી બજારે ફરી તપાસ કરી આવ્યા અને કહેવા લાગ્યા કે કૈલાસ માનસરોવરના ૩૦ યાત્રિકોનો સંઘ લઈને વિદ્યાનંદજી મહારાજ નૈનીતાલથી રવાના થઇ અહીં આવેલા અને અહીંથી બધા ઉપડી આસ્કોટ મીલમના રસ્તે. કૈલાસ તરફ ઉપડી ગયા છે, બાકી બીજા કોઇ પણ યાત્રિક ગયા નથી. એમ કહી જયંતિભાઈએ તો કહ્યું. “ભાઇ! અહીંના માણસો ભારે વિચિત્ર પ્રકૃતિના લાગે છે, કારણ કે કૈલાસ યાત્રાની તો ઘણા ખરાને માહિતી પણ નથી કોણ જાય છે, કોણ આવે છે. એની પણ જાણે કોઈને પડી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી અને "हमको पता नहि हमको मालुम नहि" એમ કહી બે ચાર શબ્દોમાંજ પતાવે છે અને ગિરધરભાઇએ ઉમેર્યું કે એક બે સંન્યાસી આજ કાલમાં કૈલાસ યાત્રાએ જવાના છે એમ એક ભાઇએ કહ્યું, પરંતુ એ સંન્યાસીઓ કયાં ઉતર્યા છે એની કોઈએ વાત કરી નહિ.

આ બે ભાઈઓની વાતો સાંભળી મેં કહ્યું "ચાલો! આટલી માહિતી તો તમો લઇ આવ્યા! હવે બપોરના જમી આરામ કરી આપણે ટુરીસ્ટ ઓફિસે જશું ત્યાંથી માહિતી મળશે અને શાંતિભાઈ અને રૂદ્રદત્તભટને મળવાથી તો વિશેષ માહિતી મળશે એટલે આજ બપોરના ખબર પડી જશે કે અહીંઆથી કૈલાસ યાત્રાએ કોણ કોણ ગયા અને હજુ કોણ કોણ જવાના છે."

દરમ્યાનમાં નંદાણીભાઇ બજારે આંટો મારી આવેલા તે કહેવા લાગ્યા કે "ધોબીની દુકાને હું કપડાં દઇ આવ્યો છું અને બે દિવસમાં કપડા આપવાનું કહી આવ્યો છું. કારણ આપણે કદાચ કૈલાસ યાત્રાએ ઉપડવાનું થાય તો? પણ ભાઇ! મેં તો ૨–૪ જણાને પુછી જોયું પણ "मालुम नहि इन्फोरमेशन बुरो में तलास कीजीए" એમ મને તો જવાબ મલ્યો માટે બપોરના ટુરીસ્ટ ઓફિસે જઇએ તો?" અને મેં કહ્યું "જવુંજ છે ને?" ત્યાં તો જગુભાઈ મરચાનો સંભારો કરતાં કરતાં બોલ્યા "ભાઈ! અહીંઆ શાકભાજી સસ્તાતો જુઓ! પાકા ટમેટા પાકા શેરના આઠ આને...કોબી ચાર આને....અને તુરીઆ.... રીંગણા... મુળા.... મરચાં... એતો બધા ચાર પાંચ આને પાકો શેર અને કેવા ફર્સ્ટ કલાસ જાણે લુખાં શાકભાજીજ ખાઇએ" એમ કહી મુળાનું પતીકું મોંમા મુકી બોલ્યા "ભાઇ!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે આ રસોઈની કટાકુટ ન કરીએ અને આપણા ભાતાના ડબ્બા પુગે ત્યાં સુધી ભાતું....ફ્રુટસ...અને કાચા શાકભાજી ખાઇએ તો! ભારે મઝા! બધા વિટામિન મળી રહે પણ પાછા જગુભાઈજ બોલ્યા 'પણ એનાથી પેટ ન ભરાય હો! અને એનાથી 'ધરવળ' થઇ ઓડકાર ન આવે હો! માટે પેટભરીને ખાવું એ સાચું ફ્રુટસ જમ્યા પછી લેશું માટે ભલે થોડીવાર 'કડાકુટ' લાગે, આ બચુ જબરો છે હું અને બચુ ઘડીકવારમાં રસોઈ કરી નાખશું તમો બધા મદદમાં રહેજો! ચુલા પાસે અમો બે જણા બસ છીએ બાકી શાકપાન સુધારવામાં અને આડુ અવળુ મેલવા મુકવામાં મદદ કરોને તોય ઘણું છે. પણ આ નંદાણીભાઇ શરૂઆતમાંજ... ત્યાંતો નંદાણીભાઇ કોઇ જાતના થડકાટ વગર બોલ્યા કે– " જગુભાઈ તમારી બધી વાત સાચી.... જમવું એ સાચું પણ મને તો ખીચડી શાક તો શું પરંતુ સાંણસીથી તપેલું ઝાલતા પણ આવડતું નથી. માટે ચુલા આગળ મારા તરફથી મદદની આશા રાખશો નહિ બાકી બજારનું આછું પાતળું કામ ચીંધજો... બહુ બહુ તો કોથમરી મરચાં સુધારી દઈશ. બાકી.... એમ કહી એણે તો બજારેથી જગુભાઇએ લાવેલ પાકી કેરીને સુધારી ખાવા માંડી અને સૌને આ 'ટેસદાર' કેરીનો સ્વાદ લેવાનું કહ્યું અને નંદાણીભાઈની નરવાઈ જોઇ અમો સૌ હસી પડયા.

વાંચકો! મુસાફરીમાં આ આનંદ પણ અનેરો છે હો! સહયાત્રિકોની સાથમાં આવી રીતે રસોઇ પાણી થાય વાતોની જમાવટ જામતી જાય.... અને નિર્દોષ આનંદ સાથે રસોઇ થાતી જાય.... રોટલીયું કાચી પાકી ઉતરતી જાય.... બળતી જાય... અને પછી સૌ સાથે બેસી આનંદથી જમે એ પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક જાતનો આનંદ છે હો અને એ વખતના થતા આનંદને પચાવવો પણ ક્યારેક મુશ્કેલ લાગે હો વાંચકો!

ચાલો! રસોઇ થઇ પણ ગઇ અને પૂજ્ય બાપાને થાળ ધરી અમો સૌ જમવા બેઠા અને જલિયાણ મહારાજની જે બોલી જમ્યાં.... આનંદથી જમ્યા.... અને જગુભાઈનું બનાવેલું સ્પેશીઅલ તીખું તમતમતું આખા રીંગણા અને મરચાનું શાક તો મોઢું બળવા છતાં સૌએ ખાધું... વધુ ખાધું... અને પછી તો સીસકારા બોલાવતાં બોલાવતાં સૌએ ફ્રુટસના કંડીઆનો આશ્રય લીધો અને જગુભાઈ બોલ્યા કે– "આ શાક તમને તીખું લાગ્યું! હવે કાલથી મરચું ઓછું નાખીશ" અને જયંતિભાઈએ કહ્યું" તો તો તમારી મહેરબાની. બાકી આવું તીખું શાક આપણાથી તો ન ખવાય!" અને જગુભાઈએ સફરજનની ચીર ખાતાં ખાતાં કહ્યું "તંયે તમને ટેસદાર શાકની ખબરજ નથી!" અને આ વાતનું પુર્ણવિરામ લાવવા મેં કહ્યુ:

"જગુભાઇ! તમારી મરજી પડે એવું શાક બનાવજો પરંતુ મરચું નાખ્યા પહેલાં ૨–૩ જણા પુરતું નોખું કાઢી લ્યો એટલે પત્યું." અને જગુભાઇએ કહ્યું "ભલે જેવી તમારી મરજી બાકી આ તીખું ન કહેવાય પણ કાલે મરચું ઓછું નાખીશ અને મારે જોઇતું હશે તો હું ઉપરથી મરચું લઇશ બાકી.......

આમ રસોઈ સબંધેનો હાસ્ય વિનોદ જામતાં જામતાં અમો પણ સૌ 'જામી' ગયા.

બપોરના ચાહપાણી પી અમો શ્રી શાંતિભાઇને ત્યાં રૂદ્રદત્ત ભટને ત્યાં મળવા અને ટુરીસ્ટ ઓફિસે ગયા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૭

શ્રી શાંતિભાઇ ત્રિવેદી અને રૂદ્રદત્ત ભટ.

માનસરોવર હોટલથી શાંતિભાઈને ત્યાં સર્વોદય કુટિરે જતાં ટુરીસ્ટ ઓફિસ વચમાં આવતી હોવાથી અમો પહેલા ટુરીસ્ટ ઓફિસે ગયા અને ટુરીસ્ટ ઇન્ફોરમેશન ઓફિસર શ્રી જોષીને મલ્યા. જોષી સાથે વાતચીત કરતાં માલુમ પડ્યું કે ફક્ત વિદ્યાનંદજી મહારાજ ૩૦ યાત્રીઓને લઇ કૈલાસ ગયા છે એ સિવાય બીજા યાત્રાળુઓ આલમોડા થઈને હજુ ગયા નથી બીજે રસ્તે ગયા હોય તો માહિતી ખાતાને ખબર નથી. બાકી રાજકીય પરિસ્થિતિને અંગે ઘણાં યાત્રાળુઓએ આ સાલ કૈલાસ યાત્રા મુલત્વી રાખી હોય એમ લાગે છે નહિતર આ મહિના સુધીમાં તો હિંદભરમાંથી ઘણાં યાત્રાળુઓ કૈલાસ તરફ રવાના પણ થઇ જાય છે એમ કહી એમણે ઉમેર્યું કે "આપ સૌ આવવાના છો એના ખબર મને શ્રી શાંતિભાઇએ આપેલા અને આપના માટે ટુરીસ્ટ હોમમાં સગવડ કરી આપવાની વાતચીત કરી ગયા છે. પરંતુ આપ ઉતર્યા હો ત્યાં સગવડતા સારી હોય તો ભલે નહિતર ટુરીસ્ટ હોમમાં સારી સગવડ છે... આપ શાંતિભાઇને મળો અને ઇચ્છા થાય તો જરૂર ટુરીસ્ટ હોમે પધારજો હું બધી સગવડતા કરી આપીશ" એમ કહી અમારે ક્યાં સુધી આંહી રોકાવું છે... કૈલાસ યાત્રાએ જવું છે કે કેમ ? એ બધું પુછ્યું અને અમોએ શ્રી શાંતિ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાઈને મલ્યા પછી અમારો પ્રોગ્રામ નક્કી થાય એમ કહી શ્રી શાંતિભાઈને મળવા સુર્વોદય કુટિર કે જ્યાં શ્રી શાંતિભાઇ રહે છે ત્યાં જવા રવાના થયા.

વાંચકો! આલમોડા એ આજુબાજુની છુટી છવાએલી ટેકરીઓ ઉપર વસેલું છે. એટલે મુખ્ય બજારેથી કોઇ ઉપરની ટેકરીઓ ઉપર બંગલા... મકાનો.... છે તો કોઈ નીચાણમાં બંગલા.... મકાનો.... છે એટલે ઉપર જવા માટે થોડી ઘણી ચડાઈ ચડવી પડે તો નીચે ઉતરવા માટે ઉતરાઇ ઉતરવી પડે બાકી મુખ્ય બજાર સીધે સીધી છે અને મ્યુનિસિપાલિટીની સુંદર વ્યવસ્થા અંગે ડામરના સફાઇદાર રસ્તા છે.

સર્વોદય કુટિર એ નીચાણના ભાગમાં આવેલ છે એટલે પુછતા પુછતાં અમો સર્વોદય કુટિરે પહોંચ્યા પરંતુ શ્રી શાંતિભાઈ ઘરે નો'તા પણ શ્રી ભકિત બહેન ઘરે હતા બહેને આવકાર આપ્યો અને વિનય વિવેકની આપલે થઇ ગયા પછી શ્રી ભકિત બહેને કહ્યું કે– "તેઓ તો તમારી કાલની વાટ જુએ છે. પરંતુ તમારા આવવાના કાંઇ નિશ્ચિત ખબર આવ્યા નહિ એટલે આજ સવાર સુધી વાટ જોઇ અને તમો ન આવ્યા એટલે માન્યું કે તમોએ આવવાનું મુલતવી રાખ્યું હશે એટલે તેઓ તો ખાદી ભંડારે ગયા છે." અમે કહ્યું "બહેન! અમો તો કાલ રાતના આઠ વાગે આવી ગયા છીએ અને માનસરોવર હોટલે ઉતર્યા છીએ અમને આંહીઆ પુગવાના બસના ચોકસ ટાઇમની ખબર નહિ હોવાથી આપને ચોકસ ખબર આપેલા નહિ."

બહેને ચાપાણી બનાવ્યા અને દેશના ખબર અંતર પુછતાં પુછતાં અમારે કૈલાસ યાત્રાએ જવું છે કે કેમ? એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બધી વાત પુછી કહ્યું કે- "કૈલાસ યાત્રાએ જવામાં કાંઇ તકલીફ હોય એવા કશા ખબર મલ્યા તો નથી પરંતુ આ સાલ યાત્રિકો જતાં અચકાય છે ખરા પણ વિદ્યાનંદજી મહારાજ ૩૦ યાત્રિકોને લઇને ગયા છે પણ તે સિવાય બીજા કોઇ ગૃહસ્થ યાત્રિકો ગયા નથી છતાં તમો આંહી સુધી આવ્યા છો તો પાકો તપાસ કરી પછી નિર્ણય કરજો હમણાં તો રોકાજો અને બધાને મળો પુછગાછ કરો અને આજુબાજુના સ્થળોએ ફરો અને દરમ્યાનમાં માહિતી મલ્યા પછી કૈલાસ જવાનો નિર્ણય કરજો એમ બહેને મીઠાશથી વાત કરી અમારા ઉત્સાહમાં વધારો કર્યો.



એ સુખી દંપતી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમો તો ઠીક સમય સુધી બેઠા અને એ કુટિરની ચોકખાઇ, સાદાઇ અને પ્રમાણસર ચીજ વસ્તુઓ ગોઠવવાની કળા જોઇ ભક્તિ બહેન તરફ વધુ પૂજ્ય ભાવ ઉત્પન્ન થવા લાગ્યો કારણ કુટિરની ચોકખાઇ સાથે બહેનની વાત કરવાની ચોકસાઈ પણ પણ એક પ્રકારની વિશિષ્ઠતા વાળી હતી અને સાદાઇ...ભક્તિ....ભાવના અને ગુણો તો તેમના દેખાવમાંજ બોલી રહ્યા હતા–એટલે બહેનને મળી અમારો પ્રવાસી અંતરાત્મા વધુ પ્રસન્ન થયો.

વાતચીતને અંતે બહેને કહ્યું કે– "તેઓ કયારે આવે એ નક્કી નથી માટે ચાલો આપણે રૂદ્રદત્ત ભટને ત્યાં જઇએ અને રૂદ્રદત્ત ભટને તમો મળો દરમ્યાનમાં હું તેમને ખાદી ભંડારેથી બોલાવી લાવીશ કારણકે તેઓ ત્યાંજ હશે."

અમો બધા બહેન સાથે રવાના થયા, સર્વોદય કુટિરની આજુબાજુ ચાર પાંચ બીજા મકાનો છે. નાનો સરખો બગીચો છે અને કોઇ પણ જાતની શહેરી ધમાલ વગર એ સ્થળ પ્રસન્ન વાતાવરણથી ભરપુર શાંત છે.

શ્રી ભક્તિ બહેન અમોને શ્રી રૂદ્રદત્ત ભટને ત્યાં પહોંચાડી અમારી ઓળખાણ વિધિ પતાવી શ્રી શાંતિભાઇને ખબર આપવા બજારે ગયા અને અમો રૂદ્રદત્ત ભટને ત્યાં બેઠા પરંતુ રૂદ્રદત્ત ભટ પોતે હજુ આવ્યા નો'તા પરંતુ તેમના મોટા પુત્ર શ્રી કિશોર મોહન ભટ ઓફિસે હતા, અમો સૌ ઓફિસમાં બેઠા.

વાંચકો ! રૂદ્રદત્ત ભટ એ તો આંહીના જમીનદાર છે. એમના મોટા પુત્ર શ્રી કિશોરભાઇ કોઇ ખાતેદાર ખેડુ સાથે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લેવડદેવડની વાતચીતમાં હતા તે અમો આવવાથી વાતને ઝટપટ પતાવી અમારી સાથે વાતચીત કરવા લાગ્યા અને કહ્યું કે "આપની સાથે પિતાજીને પત્ર વહેવાર છે એ બધાની મને ખબર છે. પિતાજી હમણાં પા અરધા કલાકમાં આવવા જોઈએ બાકી તો એમની અવસ્થા થઈ છે એટલે ઝાઝો સમય બંગલેજ રહે છે અને સાંજના કલાકેક આંહી આવે છે."

અમે તો રૂદ્રદત્ત ભટના મોટા પુત્ર શ્રી કિશોરભાઈ સાથે વાતોએ વળગ્યા અને કૈલાસ યાત્રા સંબંધે પૂછગાછ કરવા લાગ્યા પરંતુ જવાબમાં કૈલાસ યાત્રાએ જવામાં ઉત્સાહ વધે એવી કોઈ વાતચીત સાંભળવા મળી નહિ અને પછી તો પોતાએ હાલની રાજકીય વાતચીતનો દોર હાથમાં લઈ હાલના વાતાવરણની વાતો કરતાં કરતાં કહેવા લાગ્યા કે "મેં પણ આપણી રાજકીય લડત વખતે જેલયાત્રા ભોગવી છે. હું પણ એક કાર્યકર્તા હતો હું પણ છાતી ફુલાવી ફુલાવી સુત્રો પોકારતો અને પોલીસના લાઠી ચાર્જ વખતે લાઠી પણ ખાતો ! પરંતુ આજ મારી દશા બીજી છે અનેક અનુભવોને અંતે મને લાગ્યું કે આતો ગાંધીબાપુ બચ્ચાના હાથમાં તલવાર સોંપી ગયા છે એમ કહી એમણે તો હાલની રાજ-વ્યવસ્થા અંગે હૈયાવરાળ ઠાલવી મોંઘારતની મોકાણ સબંધેની વાતો કરી અને હાલ દેશમાં વધતી જતી ગરીબાઈ તરફ છાના નિસાસા નાખવા માંડયા ત્યાં તો રૂદ્રદત્ત ભટ આવ્યા.

રૂદ્રદત્ત ભટ જુની સંસ્કૃતિના સ્મરણચિન્હ જેવા વયોવૃદ્ધ છતાં કસાયેલા ભરાવદાર શરીરવાળા ગઈ પેઢીના એક અનુભવી જમીનદાર લાગ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કિશોરભાઇએ અમારી ઓળખાણ આપી, અમો સૌ અરસ પરસ મળ્યા અને ભટજીએ મીઠી હિંદી જબાનથી સારા ખાનદાન જમીનદારને છાજે એવી સમૃદ્ધ ભાષામાં વાત કરતાં કહ્યું કે–"આપની સાથેના પત્ર વહેવારથી હું પરિચિત છું કોઈ પણ ભાઈને ઉપયોગી થવું અને જોઈતી માહિતી આપવી એ માનવ ધર્મ છે. બોલો શું આપની સેવા કરૂં ?" એમ કહી મૃદુ હાસ્ય સાથે મરક મરક હસી અમને વાતો કરવાનો ઉમળકો આપ્યો. અને અમોએ પણ પહેલાં આભાર પ્રદર્શિત કરી આજે રૂબરૂ મળવાથી થતાં આનંદનો હર્ષ જાહેર કરી કૈલાસ યાત્રા સબંધે પૂછયું અને ભટજીએ કહ્યું–

"હું તો કયાંય બહાર નીકળતો નથી પરંતુ મને જે માહિતી મળી છે તે ઉપરથી મારો તો અભિપ્રાય છે કે આ સાલ કૈલાસ યાત્રા મોકુફ રાખવી હિતાવહ છે, વિદ્યાનંદજી મહારાજ ૩૦ યાત્રીઓને લઈને ગયા છે એ સાચું પરંતુ એ મહારાજની વાતજ જુદી છે. એતો અનેક કળા જાણવાવાળા સાધુ પુરૂષ છે. એમની સાથે ગયેલા યાત્રિકોના અનુભવો જ્યારે આપણે સાંભળીએ છીએ ત્યારે આપણને ઘણી મિશ્ર લાગણીઓ ઉદ્ભવે છે એટલે વિદ્યાનંદજી મહારાજની વાત જવા દઈએ પરંતુ જેઓ પોતે પોતાના ગ્રુપ સાથે આ કઠિનમાં કઠિન યાત્રા કરવા માંગતા હોય તેમણે તો પુરી તૈયારી સાથે કઠિનાઈનો ખ્યાલ કરીને પછીજ ઉપડવું તેમાં આ સાલ તો....

ભટજી હજુ પોતાની વાત પુરી કરે ત્યાંતો જય હિંદ.... જય ભારત.... બોલતાં બોલતા શ્રી શાંતિભાઈ આવ્યા. એમના પહેરવેશ અને દેખાવ ઉપરથીજ અમે કલ્પેલા કે આ શાંતિભાઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોવા જોઈએ ત્યાં તો ભટ્ટજીએ.... પધારીએ.... પધારીએ.... શાંતિભાઇજી.... કહી શાંતિભાઈને આવકાર આપ્યો અને અમો સૌએ શાંતિભાઇને નમસ્કાર કરી જય જલારામ કહ્યું.

પછી તો સૌ બેઠા અને શાંતિભાઇએ ક્યારે આવ્યા ? કેમ ખબર ન આપ્યા ? ક્યાં ઉતર્યા છો ? એ બધું પૂછ્યું અને અમોએ જવાબ આપ્યા તે સાંભળી રૂદ્રદત્ત ભટ્ટજી સામે જોઇ પોતાની વાત આગળ ચલાવવા કહ્યું.

ભટ્ટજી એ તો જામેલા જમીનદાર કંઈક જુની નવી સંસ્કૃતિના જાણકાર એટલે શાંતિભાઇને કહ્યું.

"જુઓ શાંતિભાઈ આપ જાણો છો એમ હું તો ક્યાંય બહાર નીકળતો નથી એમ કહી મારા સામું જોઈ કહ્યું "રાજદેવજી સાથે મારે છેલ્લા બે વરસ થયાં પત્ર વહેવાર ચાલે છે ગઇ સાલ તે કૈલાસ યાત્રાએ આવવાના હતા મેં બધી માહિતી આપેલી અને તેઓ કઇ તારીખે રવાના થવાના છે તેનો તાર પણ મને મળેલો પરંતુ અચાનક એકાએક કોઇ કારણસર આવવાનું મુલતવી રહ્યું હશે અને આ સાલ આંહી આવ્યા પરંતુ આ સાલતો....અને વાતની વચમાં શાંતિભાઇએ કહ્યું આ સાલ પણ કાંઈ વાંધો નથી હું હમણાંજ પીઠોરાગઢ ધારચુલા એ તરફ ફરી આવ્યો બધે શાંતિ છે. તિબેટમાં જે કાંઈ ગડબડ છે એતો ઉત્તર તિબેટમાં છે–પશ્ચિમ તિબેટમાં કશું નથી ઉલટાના ભોટીઆ વેપારીઓ જે વેપાર અર્થે તિબેટ ગયા છે તેઓ તરફથી રિપોર્ટ મળે છે કે આ સાલ વેપાર પાણી સારા છે. બાકી કૈલાસ યાત્રાએ જવામાં આ સાલ રાજકીય પરિસ્થિતિ અંગે કશો ફારફેર નથી પરંતુ કૈલાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યાત્રામાં કઠિનાઇ તો છે જ મારો એ અનુભવ છે કારણ કે લગભગ પંદરેક વરસ પહેલાં મે કૈલાસ યાત્રા કરી છે પરંતુ મેં જ્યારે આ યાત્રા કરી તે કરતાં આજકાલતો ઘણી સુગમતા સરળતા અને સગવડતા છે. છતાં કઠિનાઈનો ખ્યાલ ઓછો ન કરવો."

આમ શ્રી શાંતિભાઇ કૈલાસ યાત્રાની સુગમતા સબંધે સુઝ પાડતા હતા પરંતુ શ્રી રૂદ્રદત્ત ભટ અને એમના મોટા પુત્ર કિશોરભાઈના ગળે જાણે આ સાલ કૈલાસ યાત્રાની સુગમતાની સરવાણી ફુટતી નો'તી એટલે વાત ટુંકાવવા એમણે મારા તરફ જોઈને કહ્યું.

"શાંતિભાઈ તો આ પ્રદેશમાં જાણીતા છે વળી હમણાંજ ધારચુલા વિગેરે સ્થળોએ ફરી આવ્યા છે એટલે અમારા કરતાં એમને વિશેષ માહિતી હોયજ માટે આપ સૌને કૈલાસ યાત્રાએ પધારવું હોય તો શાંતિભાઈ સાથે વધુ ચર્ચા–વિચારણા કરવી ફળદાયી છે." અને આ બધી વાતના સારાંશમાં મેં કહ્યું કે– "અમો આ સાલ કાંઈ કૈલાસ યાત્રાના સંકલ્પ સાથે આંહી આવ્યા નથી એટલે કૈલાસ યાત્રાએ તો પૂજ્ય બાપાની અને ગુરુજીની દયાથી જવાય ત્યારે સાચું ! પરંતુ આંહી આવવાથી અમને આનંદ તો જરૂર થાય છે. છતાં માનસિક શાંતિ સાથે કૈલાસ યાત્રાએ જવાય તો સારી વાત છે નહિતર શાંતિભાઇ સાથે નક્કી કરી અન્ય તીર્થ સ્થળો જોશું કેમ શાંતિભાઇ બરાબરને ! એમ મેં શાંતિભાઇનેજ પૂછયું અને શાંતિભાઈએ કહ્યું "સાચી વાત છે અંતરાત્મા કહે તેમ કરવામાં મઝા છે. બાકી મનમાં ગડમથલ હોય અને કોઇ કાર્ય કરીએ તો કાર્ય સિદ્ધિ ન થાય, માટે જે કાંઇ કરવું તે મજબુત મનથી કરવું."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આમ વાતો કરતાં કરતાં શ્રી રૂદ્રદત્ત ભટની વિદાય લઈ બજારે આવવા રવાના થયા અને રસ્તામાં શ્રી શાંતિભાઈએ વાત કરી કે "મેં તો ટુરીસ્ટ હોમમાં તમારા બધા માટે સગવડતા કરી રાખેલી. હવે માનસરોવર હોટલે સગવડતા હોય તો સારી વાત છે, નહિતર ટુરીસ્ટ હોમમાં સારી સગવડતા છે" અને અમે બજારે જતાં વચમાં આવતાં ટુરીસ્ટ હોમ જોવા માટે ગયા અને એ ઉંચી પરશાળવાળા વિશાળ બંગલામાં અદ્યતન સગવડતાવાળા મોટા દીવાનખાનાવાળા રૂમો સહિત બાથરૂમ-લેવેટરી-અને ચોવીસે કલાક નળથી મળતા પાણીની સગવડતા સાથે આજુબાજુ બાગ બગીચાની સુંદરતા જોઇ અમો બહુ પ્રસન્ન થયા અને ભાડાની પૂછગાછ કરતાં તો તાત્કાલિક સામાન ફેરવી હમણાંજ આંહી આવતા રહેવાનું નક્કી કરી માનસરોવર હોટલેથી સામાન ફેરવી ટુરીસ્ટ હોમે આવવા માટે જલદી....જલદી હોટલે પૂગ્યા.

વાંચકો ! એપ્રિલ-મે-જુન એતો ગરમીના મહિના જેથી જે પ્રવાસીઓ મેદાનમાં પડતી ગરમીથી બચવા આલમોડા.... નૈનીતાલ તરફ આવે છે એટલે એ ત્રણ મહિનામાં તો ટુરીસ્ટ હોમમાં જગ્યા રીઝવર્ડ કરાવવા માટે અગાઉથી વ્યવસ્થા કરવી પડે છે નહિતર આ અદ્યતન સગવડતાવાળા ટુરીસ્ટ હોમમાં જગ્યા મળે કે કેમ ? એ સવાલ છે પરંતુ અમો તો સીઝન ખલાસ થયે આંહી આવ્યા હતા એટલે ટુરીસ્ટ હોમ બંગલો આખો ખાલી હતો એટલે એ બંગલામાં જે ભાગમાં જ્યાં વધુમાં વધુ સગવડતા હતી એ ભાગ પસંદ કર્યો અને ફરનીશ્ડ દીવાનખાનામાં પૂજ્ય બાપાના ફોટાને પધરાવી જલારામ બાપાની ગુરૂજીની અને કૈલાસપતિની જે બોલી સંધ્યા આરતી કરી અને સામાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગોઠવવા લાગ્યા અને આનંદથી કહેવા લાગ્યા કે 'કયાં માનસરોવર હોટલ અને કયાં આ ટુરીસ્ટ હોમ' અને છતાં બંગલાના પ્રમાણમાં રોજનું ભાડું પણ વધુ ન કહેવાય એવા રોજના આઠ રૂપીઆના ભાડામાં અમારા છ જણાંની સગવડતા થઈ જવાથી અમો પ્રસન્નતા અનુભવવા લાગ્યા અને બાપાની દયા કે આવી સગવડતાવાળો બંગલો રહેવા માટે મળી ગયો એના આનંદમાં ભાતાના ડબા ખોલી પેટ ભરી ખાધું.

—o—

૮

ટુરીસ્ટ હોમમાં સારી સગવડતા છે.

વાંચકો ! ટુરીસ્ટ હોમમાં રહેવા માટે સારી સગવડતા છે. અમો જે ભાગમાં ઉતર્યા છીએ તેનું રોજીદું ભાડું રોજના આઠ રૂપિયા છે પછી તે ભાગમાં તમે બે જણ રહો કે ચાર જણ રહો કે આઠ દશ જણ રહો પરંતુ ભાડુ તો આઠજ રૂપિયા—આવી રીતે રોજના છ રૂપિયાના ભાડાવાળા અને ચાર રૂપિયાના ભાડાવાળા પણ રૂમો છે. આ રૂમો પણ સરસ છે.

અમોતો છ જણા, વળી રસોઇ પાણી પણ હાથે બનાવવાના હતા એટલે પુરતી પગતાણ વાળી જગ્યા પસંદ કરી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આજે આલમોડા આવ્યાનો બીજો દિવસ શ્રી રૂદ્રદત્ત ભટ્ટજીને તથા શ્રી શાંતિભાઇને મળવા હળવામાં અને માન-સરોવરથી ટુરીસ્ટ હોમે સામાન ફેરવવામાં અને ગોઠવવામાં પુર્ણ થાય છે અને હવે રાતના નવ વાગ્યે શ્રી શાંતિભાઈ "કાલે હું સવારે દશ વાગ્યે આવીશ એટલે કાલે આપણે ઉપરની બજારે અને ગામમાં જે ચાર પાંચ દેવ મંદિરો છે ત્યાં દેવદર્શને જશું અને કૈલાસ યાત્રાની માહિતી અંગે સરકારી કચેરીઓમાં તપાસ કરી પછી ડેપ્યુટી કમિશનરને પણ મળવું હશે તો મળશું એમ કહી જય હિંદ...જય જલારામ.... કહી વિદાય લ્યે છે.

વાંચકો ! આપણે પણ હવે આજના આનંદની પૂર્ણાહુતિ કરીએ અને સુઇ જઇએ.

જય જલારામ.

કૈલાસપતિ મહાદેવકી જે.

—o—

જો મનુષ્ય ઇશ્વર પ્રત્યે અડગ શ્રદ્ધા ધરાવે તો તે કોઇ દિવસ સુખ દુઃખથી વિચલીત થતો નથી. લંગર વિનાનું વહાણ જેમ અસ્થિર બને છે. તેમ શ્રદ્ધા વિનાનો માનવી વ્યાકુળ બની જન્મ મૃત્યુના ફેરામાં અટવાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૯

શ્રી રામકૃષ્ણ આશ્રમ.

તા. ૧૫-૭-૧૯૫૯

આજે સમયસર ઊઠયા અને ચ્હાપાણી પીઈ નીત્યકર્મ પતાવી તૈયાર થતાં સ્હેજે સાડા નવ વાગ્યા સુધીનો વખતતો બંગલાની બહારની પરશાળમાં ઉભા રહી આજુબાજુના પહાડની શોભા અને કુમાઉ પ્રાંતની દૂરદૂર ટેકરીઓ ઉપર કુદરતે વેરેલા સૌંદર્યને જોવામાંજ ચાલ્યો ગયો અને બંગલાના બગીચાની પુલસૃષ્ટિની શોભા ...એ ફુલોની મોહકતા અને એ ફુલોમાં કુદરતે પુરેલા અવનવા રંગો હજુ અમો જોતા હતા ત્યાંતો શ્રી શાંતિભાઈ આવ્યા અને અમને જોઈ જયહિંદ... જય જલારામ....કહ્યું અને અમોએ પધારો....પધારો....શાંતિભાઈ કહી આવકાર આપ્યો, અને અમે તો હરખના તાનમાં પહેલ વહેલાં આવી સુંદર સગવડતાવાળી રહેવાની જગ્યા ગોતી આપવા માટે શાંતિભાઈનો ફરીને આભાર માન્યો કારણ અમોએ આજ રાતના પેટભરીને ઉંઘ કરી હતી.

શાંતિભાઈ તો મિતભાષી....અનેક વર્ષો સુધી પૂજ્ય ગાંધીજી સાથે રહેલા એટલે જોખી જોખીને બોલવાની ટેવવાળા લાગ્યા છતાં બીજાના આનંદમાં ભળી જવાની કળા જાણવા વાળા પણ ખરા એટલે થતા આનંદમાં ભાગ પણ લ્યે અને વાતોથી આનંદ પણ કરાવે એટલે એમની હાજરીથી વધુ આનંદ થતો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચકો ! રસોઈ કરવા માટે જગ્યાની સારી સગવડ છે. ઠામ વાસણનો કોથળો તો ભેગા લેતા આવ્યા છીએ, બે પ્રાયમસ પણ સાથે છે. એટલે હવે તો જાત મહેનત ઝીંદાબાદજ કરવાનું રહે છે. પરંતુ કેટલાક વાતોથી પતાવે છે તો કેટલાક બજારે આંટા ફેરાથી પતાવવામાં જાત મહેનત લ્યે છે. બાકી પ્રાયમસ પાસે બેસી વધુ મહેનત તો કરવાવાળા કરે છે બાકીના ટેલ.... ટપોરા...કરી જાત મહેનત કર્યાનો સંતોષ જરૂર લ્યે છે.

વાતચીત થાતાં થાતાં શાંતિભાઈએ કહ્યું કે "ચાલો આપણે ડેપ્યુટી કમિશનરને બંગલે જઈએ અને ડેપ્યુટી કમિશનરને કૈલાસ માનસરોવરની યાત્રા સબંધે સરહદ ઉપરથી કોઈ માહિતી આવી હોય તો પુછી જોઈએ કારણકે સરહદ ઉપર કાંઈ ગરબડ હશે તો આપણી સરહદે રાખેલા થાણા ઉપરથી વાયરલેસ દ્વારા ડેપ્યુટી કમિશનરને ખબર આવ્યા હશે માટે ચાલો !

હું, જયંતિભાઈ અને શાંતિભાઈ ડેપ્યુટી કમિશનરને બંગલે જવા માટે રવાના થયા અને નૈનીતાલને રસ્તે જવા લાગ્યા, રસ્તામાં શ્રી રામકૃષ્ણ આશ્રમના મુખ્ય સ્વામીજી મળ્યા. દેહ ઉપર શોભતા ભગવા વસ્ત્રો, વયોવૃદ્ધ શરીર અને ચહેરા ઉપર નીતરતી શાંતિ સાથે વિદ્યાની ચમક સ્વામીજીના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાતી હતી. શાંતિભાઈએ અમારી ઓળખાણ આપી અને અમે નમસ્કાર કર્યા અને શાંતિભાઈએ કહ્યું "આ ભાઈઓ સૌરાષ્ટ્રમાંથી આવેલા છે અને કૈલાસ યાત્રાએ જવા માટે વિચાર રાખે છે" અને સ્વામીજીએ સહેજ આશ્ચર્યભાવે પૂછ્યું "આ સાલ કૈલાસ યાત્રાએ જવું છે શાંતિભાઈ ? તિબેટમાં તો કાંઈક પરિસ્થિતિમાં ફારફેર થયો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે ને ?" અને જવાબમાં શાંતિભાઈએ કહ્યું "એ બધી ગરબડ ઉત્તર તિબેટમાં છે. પશ્ચિમ તિબેટમાં કશું નથી " અને સ્વામીજીએ 'અચ્છા' કહી ઉમેર્યું કે " પણ પુરો તપાસ કરીને પછી જજો " અને શાંતિભાઈએ કહ્યું કે " એ માટેજ અમો ડેપ્યુટી કમિશનરને મળવા જઈએ છીએ. " પછી તો સ્વામીજીએ રાજકોટ રામકૃષ્ણ આશ્રમના સમાચાર પૂછયા. રાજકોટના સ્વામીશ્રી ભૂતેશાનંદજી મહારાજના ખબર પૂછયા અને જવાબમાં રાજકોટના રામકૃષ્ણ આશ્રમ અને ભૂતેશાનંદજી મહારાજ સાથેનો મારો પરિચય છે એ બધુ જાણી સ્વામીજી વધુ રાજી થયા અને શાંતિભાઈને ભલામણ કરી કે "આપ આ ભાઈઓને લઈ આશ્રમે જરૂર આવજો દરમ્યાનમાં મને પણ કૈલાસયાત્રા સબંધેની જો કાંઈ માહિતી મળશે તો તમને કહીશ" અને મેં કહ્યું કે " કાલે અગીઆરશ છે જરૂર આશ્રમે આવશું " અને સ્વામીજીએ કહ્યું કે " દર અગીઆરશે અમારે ત્યાં રાતના ૮ થી ૯ાા સુધી ભજન કીર્તન અને સત્સંગ ચાલે છે માટે રાતના ૮ વાગે જરૂર આવજો અને અમે કાલે જરૂર આવશું એમ કહી વિદાય થયા અને ડેપ્યુટી કમિશનરના બંગલે આવ્યા પરંતુ તપાસ કરતાં ખબર મલ્યા કે સાહેબ તો દિલ્હી પધાર્યા છે સાત આઠ દિવસ પછી આવશે.

પત્યું.

અમો ત્યાંથી પાછા ફર્યા અને શાંતિભાઈએ કહ્યું કે " રામકૃષ્ણ આશ્રમ આજ રસ્તે થોડેક દુર છે નીચાણના ભાગમાં છે સરસ આશ્રમ છે" અને જવાબમાં મેં કહ્યું કે " ચાલો ! હમણાં થતા આવીએ અત્યારે હવે બીજું ખાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કામ તો નથી! ઘરે જઇને જમવુંજ છે ને! ” અને શાંતિભાઇ કહે “ચાલો!”

વાંચકો! શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના નામથી ચાલતા આશ્રમો જોવા એ પણ જીંદગીનો એક લહાવો છે કારણ કે એ આશ્રમોનું સંચાલન ત્યાગી અને બુદ્ધિશાળી સંન્યાસીઓના હાથમાં છે ત્યાં ત્યાગ–તપ અને કર્તવ્ય ભાવના છે માનવ-સેવાની ધગશ સાથે જ્ઞાનનો પ્રકાશ ત્યાં સહેજે જોવા મળે છે કારણકે જ્ઞાનતંતુઓની ‘સાઠમારી’ ત્યાં ચાલતી નથી. દ્વૈત–અદ્વૈતના અકળામણા અગોચર તત્વોના ભેદભરમોની ગુંચ ઉકેલવા કરતાં ત્યાં તો સેવા ધર્મ–માનવ સેવા ધર્મનો પ્રકાશ પાથરવામાં આવે છે. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એ તત્વોનો તાગ તો જેણે મેળવ્યો હોય તેણે ભલે મેળવ્યો પરંતુ અહીંઆ તો બ્રહ્મ પણ સત્ય છે અને જગત પણ સત્ય છે એની સાક્ષી રૂપે જગતના માનવીઓના કલ્યાણ માટે થઇ શકતી માનવ સેવા થાય છે. એટલે સત્વવાળી એ સંસ્થા....એ આશ્રમ.... આજે બુદ્ધિશાળી પ્રભાવશાળી વિદ્વાન સંન્યાસીઓ દ્વારા માનવજાતની સેવા કરી યશકલગી ધરાવે છે અને આવા આશ્રમો જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં એ પ્રાતઃ સ્મરણીય સંતપુરૂષ ભગવાન શ્રી રામકૃષ્ણ પરમહંસદેવની છબી આગળ પ્રણામ કરતાં કરતાં એ દિવ્ય પુરૂષ મા કાલી... મા દુર્ગા પાસે વાતો કરતાં તે હૈયે ચડે છે અને મા મોઢા મોઢ જવાબ આપતી અને પરમહંસ જગજ્જનની માના ગુણગાન ગાતાં ગાતાં નાચતાં કુદતાં અને છેવટે દેહભાન ભુલી સમાધિસ્થ દશાને પામતા અને આ બધુ જોઇ બીજા બધા તો એ પાવનકારી સંતને પ્રણામ કરતાં એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો સાચું પરંતુ શ્રી પરમહંસ દેવની આ દશા જોઇ આર્ય સમાજના સ્થાપક યુગદ્રષ્ટા મહર્ષિ શ્રી દયાનંદજી મહારાજને પણ કહેવું પડેલું કે "અરેરે! અમે તો હજુ છાશનાં ફક્ત વલોણાજ કરી રહ્યા છીએ જ્યારે આ સંત તો માખણની મોજ માણી રહ્યા છે" એનું સ્મરણ સ્હેજે હૈયે ચડે છે.



શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવ

આવા પ્રથમ પંક્તિના સંતે બંગાલની ભૂમિમાં જન્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લઇ પ્રભુની લીલા દેખાડી આસ્તિકો–નાસ્તિકો સૌને વિચારમાં નાખી દીધેલા.

વાંચકો! પ્રણામ કરો એ પાવનકારી સંત શ્રી રામકૃષ્ણ પરમહંસદેવને.

આલમોડામાં શ્રી રામકૃષ્ણ આશ્રમની આજુબાજુ દશ બાર બીજા મકાનો છે તેમાં કોઇ અતિથિગૃહ છે તો કોઇમાં પુસ્તકાલય છે તો કોઇમાં ઔષધશાળા છે તો કોઇ કીર્તનાલય છે અને બાકીના ધ્યાન ઉપાસના માટેના સંન્યાસ આશ્રમો છે. અમોએ આશ્રમ ફરી ફરીને જોયો એક યુવાન સંન્યાસી અમારી સાથે આવ્યા અને આંહીના આશ્રમ વ્યવસ્થાની સમજુતી આપી અને અમો ભાવવાહી થઇ જોવા લાગ્યા અને જોતાં જોતાં આ આશ્રમમાં હાલ કેટલાક સંન્યાસીઓ મેદાનમાંથી Meditation માટે તો કેટલાક સંન્યાસીઓ આજુ-બાજુના પ્રદેશોમાં જ્ઞાનના પ્રચાર અર્થે આવ્યા છે એ બધી વાતો કરી અને જ્યારે કેટલાક સંન્યાસીઓને અમોએ ધ્યાનસ્થ સ્થિતિમાં જોયાં ત્યારે અમને થયું કે આત્મ કલ્યાણ માટે કે અબોલ સેવા કાજે જો કોઇને જીજ્ઞાસા હોય તો સ્થળો ક્યાં ઓછા છે!

હિમાલયની એ નૈસર્ગિક શોભા–કુમાઉની એ રમ્ય ટેકરીઓ અને દૂર વહેતી કૌસાની નદી....અને આજુબાજુની લીલુડી ધરતી ઉપર સેવા અને શ્રમથી શોભતો એ રામકૃષ્ણ આશ્રમ જોઇ અમો પ્રસન્નતાથી પાછા વળ્યા ત્યારે આશ્રમની ભીંત ઘડીઆળમાં અગીઆરના ટકોરા થતા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાંતિભાઈને પૂછયું "હવે શું કરશું ! ડેપ્યુટી કમિશનર સાહેબ તો દિલ્હી ગયા છે એટલે બીજા કોઈને મળવું છે !" અને શાંતિભાઈએ શાંતભાવે કહ્યું. "તમારૂં પોતાનું મન કૈલાસ યાત્રાએ આ સાલ જવાનું છે કે કેમ ? તેનો નિર્ણય તો કહો!" અને મેં કહ્યું "આપની એ વાત સાચી પરંતુ આપણે પહેલાં તપાસ તો કરીએ કે તિબેટમાં હાલ પરિસ્થિતિ શું છે ! અને બધી રીતે અનુકુળતા હશે તો પછી વિચાર કરશું પરંતુ મારૂં પોતાનું મનતો હજુ અણઉકેલ્યા ગૂંચડા ઉકેલવામાં જ છે એટલે જો ગૂંચ ઉકલીતો ભલે નહિતર આ સાલ કૈલાસ યાત્રાના સંકલ્પ સાથે હું રાજકોટથી ઉપડયો નથી બાકી સહયાત્રિકોમાંથી કોઇને કૈલાસ યાત્રાએ જવું હોય તો આપણે ભેગી કરેલી માહિતી તેમને ઉપયોગી થાયને ! અને ગિરધરભાઇ, નંદાણીભાઇ, જયંતિભાઈ કે જગુભાઈ એ ચારમાંથી જો કોઇને જવું હોય તો જઈ શકેને ! કારણ તેઓ પણ બે વરસ થયાં કૈલાસ દર્શનની ઝંખનામાં છે માનસરોવરના જળમાં ડુબકીયું મારી સ્નાન કરવાના મનોરથ સેવે છે અને સાચા મોતીનો ચારો ચરતાં હંસલાઓને હસી હસીને જોવાની એમને હૈયે પણ હામ છે એટલે એ સહયાત્રિકોમાંથી જો કોઈને જવું હોય તો ખુશીથી જઈ શકે માટે તપાસ તો કરવો" અને આ અમારી વાતચીત સાંભળવા છતાં શ્રી જયંતિભાઈ અનુત્તર રહેતા હતા પરંતુ ધ્યાનપૂર્વક શાંતિથી બધુ સાંભળતા હતા એટલે એમને કૈલાસ યાત્રાએ જવાની કાંઈક તાલાવેલી તો છે જ એના સ્પષ્ટ ભાવ જયંતિભાઇના ચહેરા ઉપર દેખાતા પણ હતા.

શાંતિભાઇએ કહ્યું "ભલે ! આજ બપોરના કચેરીએ જઈ મારા એક બે મિત્રો છે તેમને મળીશ અને પોલીસના વડા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઓફિસરને પણ મળીશ જો તેમને કાંઈ માહિતી હોય તો! પરંતુ હું કહું છું ને કે સરહદ ઉપર કોઈ પણ જાતની ગરબડી નથી ઉલટાની વધુ સુગમતા છે પરંતુ ખોટી બ્હીકના માર્યા આ સાલ યાત્રિકો જતાં અચકાય છે એ સાચું પરંતુ હા! મહિના બે મહિના પહેલાં એવી કાંઈક પરિસ્થિતિ હતી પરંતુ હવે....

શાંતિભાઈ પોતાનું વાકય પુરૂં કરે ત્યાં તો સહેજે પૂછવાનું મન થાય એવું રળિયામણું એક સ્થળ નજરે ચડયું અને મેં પૂછયું કે "શાંતિભાઈ આ શું છે? કોનો બંગલો અને બગીચો છે. ભારે રળીઆમણો છે હો!"

—o—

૧૦

વૈજ્ઞાનિક શ્રી બોશીસેનને મળ્યા.

શાંતિભાઈએ કહ્યું "એ તો છે બોશીસેનનો બંગલો અને બગીચા" અને બોશીસેન કોણ? એ પૂછવાની મારી જીજ્ઞાસા જોઇ શાંતિભાઈએ કહ્યું.

"બોશીસેન એ એક મોટા સાઇન્ટીસ્ટ છે. વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝ સાથે રહેલા અને દુનિયાના કઇક મુલકોમાં ફરેલા છે તેઓ એક અમેરિકન બાનુને પરણેલા છે તે બાનુ પણ પ્રખર વિદ્વાન છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બોશીસેને વૈજ્ઞાનિક જગતમાં કંઈક કંઈક પ્રયોગો કરી નામના મેળવી છે. અને આપણી સરકારે તેમને **પદ્મભૂષણ**નો માનવંતો ઈલકાબ આપી તેમનું બહુમાન કરેલું છે અને દિલ્હીના પ્રથમ પંકિતના રાજપુરૂષોમાંથી કોઈને કોઈ અને ખુદ જવાહરલાલ નહેરૂને જ્યારે આલામોડા આવવાનું બને છે ત્યારે તેઓ બોશીસેનને ત્યાંજ ઉતરે છે.

બોશીસેન લગભગ આખી દુનિયાના દેશો ફરેલા છે અને આખો હિંદુસ્થાન ફરી રહેવા લાયક અને પોતાના કાર્યક્ષેત્રને અનુકુળ એવું સ્થળ આલમોડા લાગવાથી આજ ઘણા વરસો થયાં આંહી રહે છે.... આ બધી જમીન બોશી સેનની છે અને પોતે ત્યાં વનસ્પતિ શાસ્ત્રની એક પ્રયોગશાળા ચલાવે છે. કંઈક કંઈક અખતરા કરે છે અને વિજ્ઞાનની ઉંચી...ઉંચી ડિગ્રીવાળાઓ બોશી .સેન પાસે હજુ શીખવા આવે છે અને કંઈક વિજ્ઞાનિકો ત્યાં શીખે પણ છે.

આમ શાંતિભાઈએ તો બોશી સેનના નામનું આકર્ષણ જગાડે એવી વાત કરી મને પુછ્યું "કેટલા વાગ્યા" અને મેં કહ્યું "૧૧ અને ૨૦ મિનિટ" તંયે સમય બરાબર છે હાલો બોશી સેનને મળીએ એ પણ મારા મિત્ર છે. એમ કહી એ તો બોશી સેનના બંગલાના વિશાળ બગીચા આડી બાંધેલ ઉંચી પરશાળ તરફ જવા માટે મુખ્ય દરવાજે થઈ ઉપર જવા લાગ્યા અને અમો પણ શાંતિભાઈ સાથે ગયા.

કંમ્પાઉન્ડમાં દાખલ થતાં પહેલાં ઝાડપાન વાળી જગ્યા આવી....બગીચો આવ્યો....ફૂલ કયારા આવ્યા.... નાના બચ્ચાંને જતન કરીને જાળવે એવી રીતના કોઈક છોડના નાના નાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ક્યારા આવ્યા.... અને એ ક્યારામાં કઇ જાતની વનસ્પતિ છે કઇ જાતના બી વપરાયા છે અને આ વનસ્પતિની ઉંમર કેટલી છે એ બધાના પાટીઆ લગાવેલા બોર્ડ વાંચ્યા અને કઇક વિદ્યાર્થીઓને કોઇ ઝાડના પાન પાસે ઉભા ઉભા **Noting** કરતા તો કોઇ પુખ્ત વયના વિદ્યાર્થીઓને જતન કરીને પાન ઉપર હાથ ફેરવતાં ફેરવતાં જાણે એ મુંગા પાન સાથે મુંગી વાતો કરતાં જોયાં....

આમ વૈજ્ઞાનિક જગતની નાનકડી સૃષ્ટિ જોતાં જોતાં અમે તો બોશી સેનના બંગલે પહોંચ્યા ત્યાં તો બંગલાના એક ખુણાના અનેક શીશા–શીશીઓ વાળા અનેક જાતના વિજ્ઞાનિક સાધનોવાળા ઓરડામાં ૧૦–૧૨ વિદ્યાર્થીઓને કંઇક સમજુતી આપતા એક વૃદ્ધ પુરૂષને જોયાં ત્યાં તો ઓરડાની એ ઉઘાડી બારીમાંથી શાંતિભાઇને જોઇ એ વૃદ્ધ પુરૂષે **One minute please just coming Shantibhai** એમ કહી પોતે વિદ્યાર્થીઓને કાંઇક ઉતાવળે ઉતાવળે સમજુતી આપવા લાગ્યા અને અમો બંગલાની ઓસરીમાં ગોઠવેલી ખુરશીમાં બેઠા.

વગર કીધે અમે માન્યું કે–એ વૃદ્ધ પુરૂષ એજ બોશી સેન છે. કારણ એ ચહેરા ઉપરનો પ્રભાવ પોતેજ બોલતો હતો કે આજ બોશી સેન હોવા જોઇએ.

પાંચેક મિનિટ પછી બોશી સેન બહાર આવ્યા અને શાંતિભાઇએ અમારી ઓળખાણ કરાવી અને અમોએ હસ્ત-ધૂનન કરી હાસ્ય કર્યું અને બોશી સેન બોલ્યા ! **am very glad to meet you today now what can I do for you ?**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને શાંતિભાઈએ કહ્યું They have come here for Kailash Yatra-coming from Saurashtra-Rajkot.

વિજ્ઞાનિક જગતના એ નામાંકિત પુરૂષે કૈલાસ યાત્રાએ જવાનું નામ સાંભળી વધુ પ્રસન્નતા અનુભવી અને મેં પૂછ્યું:

Sir, Have you gone to Kailash ?

અને વૃદ્ધ વૈજ્ઞાનિક બોલ્યા– "No ! Lord Shanker has not called me yet" ભગવાન કૈલાસપતિએ હજુ મને બોલાવ્યો નથી કૈલાસ જવાની મારી બહુજ ઈચ્છા છે પરંતુ હજુ જવાણું નથી" એમ કહી વાત કરી કે શાંતિભાઈ કૈલાસ ગયા છે અને એ તો આંહીના અમારા મુખ્ય કાર્યકર્તા છે વિગેરે વાત કરી શાંતિભાઇ સામે જોઈ હસ્યા અને પુછ્યું ચાહપાણી પીશો ! અને શાંતિભાઈએ આભાર માની ના પાડી.

મેં પુછ્યું "સાહેબ ! આપ કયારેય સૌરાષ્ટ્ર પધાર્યા છો ?" અને જવાબમાં પ્રસન્ન હાસ્યથી એ બોલ્યા "નહીજી ! સૌરાષ્ટ્રમાં આવવા માટે મને ઘણો આનંદ થાય પરંતુ મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ જોવાની મારી ઘણા વખતની ઇચ્છા હજુ પુરી થઇ નથી." અને જવાબમાં મેં આમંત્રણ આપી કહ્યું કે– "આપ કયારેક જરૂર સૌરાષ્ટ્રમાં પધારજો અને રાજકોટ મારે ત્યાં ઉતરજો પછી આપણે સાથે જોવા લાયક સ્થળોએ જશું અને બોશી સેને આભાર માન્યો.

વિજ્ઞાનિક જગતની વાતો કરવા કે પૂછવા જેવા અમારી પાસે પ્રશ્નો નો'તા અને સમજવા જેવી શકિત પણ નો'તી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે બે ચાર મિનિટ બીજી આડી અવળી વાતો કરી અને બોશીસેને પાસે ઉભેલા એક વિજ્ઞાનિકને કહ્યું કે– "મહેમાનોને આપણી લેબોરેટરી દેખાડો અને બગીચામાં એક આંટો ફેરવો" એમ કહી એ અધીરાઈથી ઊઠયા કારણ કે અંદર પ્રયોગ શાળાના કંઈક વિદ્યાર્થીઓ બોશી સેનની આવવા માટે વાટ જોતાં હતા–એટલે ઊઠતાં ઊઠતાં ફરીને એમણે આભાર માન્યો અને અમે ઉપકાર માની શાન્ત પ્રસન્ન અને પ્રભાવશાળી દેખાતા વૃદ્ધ વિજ્ઞાનિક પાસેથી વિદાય લઇ બગીચા અને લેબોરેટરી જોવા જવા લાગ્યા.

—o—

૧૧

૪૦ થી ૫૦ તોલાની એક ડુંગળી અને ત્રણથી ચાર ફુટ લાંબુ ડૂંડું

વાંચકો! બગીચામાં અનેક જાતના રંગબેરંગી ફુલો.... સ્હેજે મન આકર્ષાય એવી કલામય ગોઠવણીથી શોભી રહ્યા છે અને સાથેસાથ ધાન્યના બીજા કળામય કયારા જોઈ આનંદ આવે છે અને સાથે આવેલ વિજ્ઞાનિક અમને સમજ આપવા લાગ્યા કે– "આ કયારામાં ઘઉં છે તે હજુ બાલ–ઘઉં છે એટલે કે એકાદ અઠવાડીઆના છે તે બીની હજુ સંશોધન ક્રિયા કરવાની છે કે એ ઘઉં સડે નહિ કે બગડે નહિ– આ મકાઈ છે એમની જાત તપાસવાની છે...આ ચોખા છે એમની મુલાયમતા વધારવાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે આમ જુદા જુદા અનાજના જુદા જુદા ક્યારા અને જુદા જુદા બોર્ડ જોઈ આનંદ સાથે આશ્ચર્ય થાય છે.

જાણે ધાવણાં બાળકોને જતન કરી ઉછેરવામાં આવે છે.... જાણે વહાલસોયાં બાળકોને હેતાળ હાથે મોટા કરવામાં આવે છે....અને આ બધું અમો જોતાં જતાં હતા પરંતુ સાથે ફરતા વૈજ્ઞાનિક સાથે અમારે તો વિજ્ઞાનના જ્ઞાનના અભાવે ફક્ત હેતાળ આંખે જોવું.... સહેજ હસવું અને વાતો સાંભળવા પુરતું જ કાર્ય કરવાનું હતું એટલે વાતો સાંભળતાં સાંભળતાં લેબોરેટરીએ પૂગ્યા અને વિશાળ ખંડમાં અનેક જાતના ધાન્યોની ભરેલી બરણીઓ.... અનેક જાતની વનસ્પતિઓ જોવા લાગ્યા અને પ્રયોગશાળાના ઇન્ચાર્જ ઓફિસરને અમારી સાથે આવેલ વૈજ્ઞાનિકે કહ્યું કે, "શ્રી બેશી સેને આ ગૃહસ્થોને સમજણ પાડી પ્રયોગશાળા બતાવવાનું કહ્યું છે." એમ કહી પેલા વજ્ઞાનિક પાછા ચાલ્યા ગયા.

લેબોરેટરી ઓફિસરે અમને સમજણ આપી સમજાવવા માંડ્યું, અનેક જાતના ધાન્યની જાતો બતાવી તેમાં જયંતિભાઈએ સડે નહિ એવા ઘઉંના બીઆરણ સબંધે પૂછગાછ કરી અને ફરતાં ફરતાં પ્યાજ (ડુંગળીની) ટોપલી પાસે આવ્યા અને જોયું તો એકેક ડુંગળી નહિ નહિ તો ઓછમાં ઓછી ૪૦ થી ૫૦ તોલાની હશે એટલે એ વિશિષ્ઠ વજનવાળી ડુંગળી જોઈ મેં પૂછ્યું "આવડી મોટી ડુંગળી આંહી થાય છે?" અને ઓફિસરે કહ્યું "હાજી! અમારા પ્રયોગશાળાના ખેતરોમાં આ જાત બનાવવામાં આવી છે!" મેં કહ્યું "બહુ મોટી જાત" એમ કહી ફરી પૂછ્યું "બજારમાં આ જાત વેંચાય છે?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને જવાબમાં ઓફિસરે કહ્યું "ના જી ! હજુ તો અખતરા થાય છે ! એમ કહી ત્રણેક ફૂટની લંબાઈનું ડૂંડું પણ બતાવ્યું.

વાંચકો ! આવી રીતના કંઈક વિશિષ્ઠ પ્રકારના ડૂંડાં હતા ડુંગળી હતી અને અનેક જાતના બીજા બી બીઆરણ પણ હતા પરંતુ આ બધું લેબોરેટરીના ઓરડામાં અને બરણી-ઓમાં, હજુ જનતા પાસે પૂગ્યા નો'તા હજુ એક શેરની એક ડુંગળી બજારે વેંચવા માટે બહાર આવી નો'તી એટલે મેં કાંઈક અધીરાઈથી પુછી નાખ્યું "આપના આ બધા અખતરા બરાબર છે કારણ એ સબંધે ચર્ચા કરવા અમારી પાસે વિજ્ઞાનનું જ્ઞાન નથી પરંતુ અમો તો એટલું જાણીએ કે આ બધા પ્રયોગોના ફળ રૂપે જ્યારે આમ જનતા પાસે આ ડુંગળી કે આ ધાન્ય પુગે ત્યારે અમને વિશેષ આનંદ થાય કારણ કે આ પ્રયોગો તો આપ ઘણા વરસો થયાં કરતાં હશો ! દરમ્યાનમાં અત્યારની આ મોંઘારત તો મધ્યમ વર્ગના માણસોની કેડ ભાંગી નાખે છે એટલે આપ આ બધી ચીજો વહેલામાં વહેલી તકે બજારમાં વેંચવા મુકો ત્યારેજ વિજ્ઞાનની શોધખોળનો વિશેષ આનંદ જનતા માણી શકે બાકી પ્રયોગશાળાની બરણીઓમાં કે ઓરડાઓમાંજ સમાતી અને સચવાતી આ 'સિદ્ધિઓ' જોઈ ફક્ત જોવાથી આનંદ થાય એટલુંજ બાકી સાચો આનંદ તો ત્યારેજ થાય કે આમ જનતાના પેટ સુધી તે પુગે ત્યારેજ ! એમ કહી મેં કૃત્રિમ હાસ્ય કર્યું અને જવાબમાં પણ કૃત્રિમ હાસ્ય સાથે એ લેબોરેટરી ઓફિસરે કહ્યું કે "બરાબર છે અમારા પ્રયોગો હજુ ચાલુ છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પછી તો થોડીવાર આડીઅવળી વાતો કરી અમો વિદાય થવા લાગ્યા અને લેબોરેટરી ઓફિસર થોડે સુધી સાથે આવી અમને બંગલાના બીજા ગેઈટ સુધી મુકી ગયા અમે તેમનો આભાર માન્યો અને જતાં જતાં ખુણામાં રાખેલ એક સુકા પુળાની ઉંચાઈ જોઇ પૂછયું "આ શું !" અને શાંતિભાઈ બોલ્યા "આ મકાઈના સાંઠાનો પૂળો છે !" અને એ પૂળાની ઉંચાઇ જોઈને પૂછયું "અરે ! આવડી ઉંચી મકાઇ થાય છે" અને શાંતિભાઇએ કહ્યું "બોશી સેનના પ્રયોગશાળાના ખેતરોની છે."

વાંચકો ! નહિ નહિ, તોયે એ મકાઈના સાંઠાની ઉંચાઇ સહેજે ૧૦–૧૨ ફૂટથી વધારે હશે કેમકે એ ખૂણામાં પડેલી પૂળાની ઉંચાઇ જોવા અમારે સહેજ ડોક ઉંચી કરવી પડતી હતી.

અમો વિજ્ઞાનિક જગતના એક શ્રેષ્ઠ માનવી શ્રી બોશી સેનને મળી એમની લેબોરેટરી વિગેરે જોઈ અમારા મુકામ ટુરીસ્ટ હોમે આવ્યા ત્યાં તો રસોઈપાણી તૈયારજ હતા અને જગુભાઇ અમારી વાટ જોઈને બેઠા હતા અને બચુ પાપડ શેકતો હતો.

શાંતિભાઈને અમારી સાથે જમવાનો આગ્રહ કર્યો પરંતુ કયારેક વાત એમ કહી "હું હવે ચારેક વાગ્યે આવીશ– સાંજના દેવમંદિરોએ દર્શને જશું." એમ કહી એ વિદાય થવા લાગ્યા અને શ્રી જયંતિભાઈએ ભર્યા પડયા ભાતાના ડબામાંથી ભાતું કાઢી "આ આપણા મુલકની મીઠાઇ" એમ કહી શાંતિભાઈને પડીકું આપ્યું અને જય હિંદ....જય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જલારામ.. કહી શાંતિભાઈ "હવે હું જઈશ" એમ કહી વિદાય થયાં.

—o—

૧૨

જગુભાઈ દાળ શાક ભેગાં રાંધે છે.

વાંચકો ! ચાલો આપણે હવે જમવા બેસી જઈએ કારણ ભીંત ઘડીઆળ તો આ ટુરીસ્ટ હોમમાં છે નહિ પરંતુ આપણા કાંડા ઉપરની ઘડીઆળમાં જોતાં સમય દેખાડે છે એકમાં દશેક કમનો.

પૂજ્ય બાપાને થાળ ધરી અમો જમવા બેઠા અને જમતાં જમતાં આજે જોયેલ શ્રી રામકૃષ્ણ આશ્રમની અને બોશી સેન સાથે થયેલ વાતોની સહયાત્રિકોને વાતો કરતાં કરતાં જમવા લાગ્યા અને અમારી વાત સાંભળતાં સાંભળતાં ભાતામાં લાવેલ મીઠાઈમાંથી મોહનથાળનું એક બટકું મોઢામાં મુકતા જગુભાઇ બોલ્યા—

...."પણ કમિશનર સાહેબ મલ્યા કે નહિ ? શું વાત કરી ? એ તો કહો" અને જવાબમાં જયંતિભાઇએ કહ્યું "એ તો દિલ્હી ગયા છે" જગુભાઇએ પૂછ્યું "ક્યારે આવશે !" અને મેં કહ્યું "આઠ દિ પછી" ત્યાં તો દાળનો સબડકો લેતાં લેતાં જગુભાઈ બોલ્યા "આ તે કોઇ સરકારી અમલદારો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે....જાય ત્યાંથી પાછા વહેલા વહેલા આવેજ નહિ કોણ જાણે મહિનામાં કેટલા દિ બહાર રહેતા હશે" અને મેં કહ્યું જગુભાઇ ! સરકારી કામકાજ હોય.... દિલ્હીમાં અનેક ચર્ચા વિચારણા કરવી હોય.... કંઈક યોજનાઓ ઘડવી હોય.... એમાં અમલદાર બીચારા શું કરે ! કારણ આજે આપણી સન્મુખ દેશના વિરાટ પ્રશ્નો પડયા છે. અનેક યોજનાઓ ઘડાય છે આજે તો નૂતન સર્જન થઇ રહ્યું છે—એમ હું હજુ સરકારી સિદ્ધિઓના કામકાજની વાતો કરૂં ત્યાં તો મારી વાતને વચાળેથી કાપી જગુભાઈ બોલ્યા "મુકોને ભાઇ ! એ બધી વાતો ! હવે બધાય સમજી ગયા છે, પુરો રોટલો તો ખાવા મળતો નથી—દાળ મળે ત્યાં ચોખા ન મળે, ત્યાં કાકડી મળે ત્યાં કોલસા ન મળે ...અને કોલસા મળે ત્યાં ખાંડ ન મળે....આમ એક ચીજ મળે ત્યાં બીજી બજારમાં ખુટી જાય—આ દશ દશ વરસ થયાં યોજનાઓ ઉપર યોજનાઓ ઘડાય છે પણ એક ચીજ તો દેખાડો કે આ ચીજ સસ્તી થઇ ! ભાંખરાના બંધના પાણીએ ફલાણી ભૂખ ભાંગી....માટે મુકોને ભાઇ એ બધી વાતો ! ઓલા ભટજીના દીકરા કાલે નો'તા કે'તા કે આતો ગાંધી બાપુ બચ્ચાના હાથમાં તલવાર સોંપી ગયા છે....એમ કહી જગુભાઇ તો વધુ નિસાસા નાખતા નાખતા ભાતના તપેલા તરફ જોવા લાગ્યા અને અમને પૂછયું 'કાં કાંઇ આપું !' અને મેં કહ્યું "થોડીક દાળ આપો" અને જગુભાઇ હસીને બોલ્યા "કેમ કેવી ટેસદાર બનાવી છે આવી દાળ હું મથુરા શીખી આવ્યો છું. મને પંડયાએ ખાસ શીખડાવી છે સાચું બોલજો દાળ ભાવીને !" મે કહ્યું "જરૂર ભાવી પણ ઘાટી બહુ છે" અને જગુભાઇ બોલ્યા "આ દાળ ઘાટીજ થાય કારણ આ ખાલી દાળ નથી પરંતુ દાળ શાક ભેગાંજ કર્યા છે" એમ કહી જગુભાઇએ મને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દાળ આપી ત્યાં તો ગિધુભાઈ, જયંતિભાઈ અને નંદાણીભાઈએ પોત-પોતાના વાટકા ધર્યા પરંતુ તપેલાનું તળિયું જોઈ જગુભાઈએ ટોચ મર્યાદા બાંધી બચુ માટે દાળનો નોખો વાટકો ભરી પછી સૌને આપતાં આપતાં કહ્યું.

"જુઓ! મથુરામાં પંડયાઓ આવી દાળ કરે એમ કહી વગર ફીધે જગુભાઈ દાળની 'ફોર્મુલા' કહેવા લાગ્યા કે બે ત્રણ જાતના થોડા થોડા શાક લઈ ઝીણી કચુંબર કરી રાખવી અને અધકચરી દાળ થાય એમાં એ શાક નાખવું! એટલે દાળ શાક સાથેજ થઈ જાય–ન જોઈએ શાક બનાવવા બીજુ તપેલું કે ન જોઈએ શાક લેવા બીજો વાટકો....દાળ શાક ભેગાંજ ખવાય–હજુ આમાં એક ખામી છે! ત્યાં તો ગિરધરભાઈ બોલ્યા "શું ખામી છે જગુભાઈ! આંહી–મસાલામાં તો બધી ચીજો મળે છે કોથમીર આદુ મરચાં ફોદીનો જે જોઈએ તે મળે છે અને જગુભાઈ બોલ્યા "એ બધું મળે છે એટલે તો આ 'ટેસ' આવે છે પણ દાળમાં જો ઝઝેરૂં ઘી નાખ્યું હોયને તો જુઓ પછી એનો ટેસ! એમ કહી સાચેન એમણે તો પોતાના દાળના વાટકામાં ઝઝેરૂં નહિ પરંતુ થોડુક ઘી નાખ્યું કારણ વાટકામાં વધુ ઘી હતું નહિ અને જગુભાઈની આ પ્રક્રિયા જોઈ નંદાણી શેઠ બોલ્યા.

"ખરેખર! કોઈ મજબુત હોજરીવાળો જણ છે આને આ બધુ શે પચશે!" પરંતુ નંદાણી શેઠની વાતો ઉપર વધુ ધ્યાન આપ્યા વગર જગુભાઈ ભોજન રસ માણી અમને હાસ્યરસ પીરસી રહ્યા હતા અને અમો જગુભાઈના બનાવેલ દાળ શાક ભેગાં જમી રહ્યા હતા અને થાતું હતું કે–

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જગુભાઈની આ રાંધણ કળા જો મહિલા જગતમાં જાણીતી થઇ તો કોઇક નવીનજ 'હીલચાલ' જાગૃત થાશે અને આ પ્રયોગશાળા જેવા જમાનામાં થતાં અનેક પ્રયોગોમાં આ Mixed Dal and Vegetable અનેરૂં સ્થાન પ્રાપ્ત કરશે કારણકે બળતણની અછત અને બુદ્ધિની છત વાળા આ જમાનામાં આ દાળ શાક સાથે બનાવવાની રીત જો જગુભાઇ સિવાય બીજાને આવડી ગઈ તો પછી એ પ્રક્રિયા આગળ વધી દાળ, શાક તો શું પરંતુ કદાચ રોટલી અને ભાત પણ સાથેજ રંધાશે કારણ આ બુદ્ધિવાદના જમાનામાં કોઇ વળી એ સુચન કરશે કે રોટલીનો લોટ તો બન્યો પરંતુ તેને વણવાની માથાકુટ કરવા કરતાં એની ગોળીઓ બનાવી દાળમાં નાખી રાંધવાથી એના વિટામિનો વધુ જળવાય છે એટલે એવો પ્રચાર જો વધ્યો તો પછી મહિલા જગતનાં પાટલા વેલણાં વયા જશે અને એને બદલે લોટની Pills મંડશે બનવા અને આમ કરવાથી કોઇ પ્રચારકના મગજમાં જો કોઈ વળી તુત જાગશે તો મંડશે પ્રચાર કરવા કે આ અણુયુગમાં નવયુગની નારીઓનો ઝાઝો સમય રસોડામાં બગડે છે એ એક રીતે દેશના હિતમાં નથી અને દેશના નવ ઘડતર.... નવ સર્જનમાં....આવી રીતનો થતો સમયનો બગાડ દેશ વધુ વખત સાંખી શકશે નહિ. એમ કહી જો દાળ ભાત, શાક અને રોટલી Mixed રંધાય છે અને એનાથી વધુ વિટામિનો મળી રહે છે એના અખતરા જો જગુભાઇના પ્રમુખપણા નીચે ચાલુ થયા તો વાંચકો! જોઇલ્યો મઝા! કારણ અત્યારનો જમાનો આ દશકો તો ખરેખર ખતરા રૂપી અખતરાનો જ છે. કારણ આજથી અમુક વરસો પહેલાં જ્યારે અનાજની વધુ ખેંચ વરતાવા લાગી'તી ત્યારે મગફળીના ખોળમાં વધુ વિટામિનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. અને એ ખોળ ખાવાથી અનાજની બચત થાય છે અને અત્યારે અનાજ બચાવવું એ તો રાષ્ટ્ર હિતનું કાર્ય છે, માટે ખોળ ખાવ.... ગાજર ખાવ.... એક ટંક રાંધોમાં... એમ મંડયો પ્રચાર થાવા અને હાથમાં પર્સ લઈ લીપસ્ટીકવાળી લલનાઓની દેખરેખ નીચે મુંબઈ જેવા શહેરોમાં મંડયા રસોઈના પડીકા બનવા.... મંડયા અન્નપૂર્ણા સ્ટોરો ખુલવા.... પરંતુ આ પ્રચાર વધુ જોર પકડે તે પહેલા દેશના સદ્ભાગ્યે મજબુત મનના....સાબુત હાડકાના....અને છાતીવાળા.... દેશના સપૂત શ્રી રફી અહમદ કીડવાઈના હાથમાં અનાજ ખાતાનું દફતર આવ્યું અને એ ચકોર અન્ન પ્રધાને ગણતરીના મહિનાઓમાંજ સરકારી કર્મચારીઓએ ગુંથેલી આંકડાની જાળને દિલ્હીમાં જમનાજીના જળમાં પધરાવી એણે રેશન-કાર્ડની દફનક્રિયા કરવા માટે રેશનીંગ ઉઠાવી લીધું અને રેશન કાર્ડ મંડયા રઝળવા.... અને જે પ્રાંતો ખાધવાળા હતા એ પ્રાંતોમાં મંડયું અનાજ છુટથી મળવા.... પછી તો સારા દેશમાં અનાજ જાણે આપોઆપ વગર વાવ્યે ઉગી નીકળ્યું અને ગુણીયુંબંધ અનાજના મંડયા થપા થવા.... અને ચિંતાતુર માનવીઓની ચિંતા દુર થઈ અને મગફળીના ખોળમાં વિટામિનો છે, ગાજર ખાવામાં ગુણ છે એનો પ્રચાર મંડયો બંધ પડવા.... મંડયા અન્નપૂર્ણા ભંડારો.... અન્નપૂર્ણા સ્ટોરોના.... પાટીઆ ઉતરવા.... અને 'દેશહિતના' કાર્યમાં પડેલી નુતન યુગની લલનાઓ અન્ન મોરચેથી પાછી વળી હવે બીજા કયા 'દેશ હિતના' કાર્યમાં પડવું એની વિચારણા કરવા લાગી પરંતુ શ્રી કીડવાઈ હજુ છતે અન્ને દેશમાં અન્નની અછત ઉભી કરતાં તત્વોને ડાંભે અને એના કરતુકોને ખુલ્લા કરી દેશમાં અનાજની રેલમછેલ કરે તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પહેલાંજ ખુદાએ એમને પોતાના દરબારમાં બોલાવી લીધા પરંતુ ખુદાના દરબારમાં પુગતા પહેલાં કલમના કસબે... કાયદાના કરતુકોએ અને ખોટા ખોટા ખાધના આંકડાઓની ઈંદ્રજાળમાં ભારતની જનતા અનાજ વગર કેટલી રીબાય છે એ તો દિલ્હીની ગાદીએ બેઠેલા એમના રાજકર્તા ભાંડુરૂઓને નજરોનજર દેખાડી ગયા પણ અભેરાઈએ ચડેલા અખતરાઓ જાણે કીડવાઈના ગયા પછી પાછા આવવાની તૈયારી કરવા લાગ્યા છે એમાં જો જગુભાઈનો અખતરો પ્રસિદ્ધિને પામ્યો અને જો કોઈ લોકસેવકની નજરે ચડયો અને જગુભાઈના સંયુકત દાળ–શાકનો જો એ લોકસેવકે સ્વાદ ચાખ્યો તો જોઇ લ્યો મઝા ! કારણ આ સંયુકત દાળ શાકની ક્રિયા એક તો બળતણ બચાવે છે અને વધારામાં એનાથી ઠામ વાસણમાં પણ ગણના પાત્ર કરકસર થાય છે અને વધુ તો એ સમગ્ર રીતે સમય બચાવે છે એટલે દેશના થતા સર્વાંગી વિકાસમાં એક આશાનું ચિન્હ છે એમ એ આશા ચિન્હ વધુ પ્રકાશમાં આવે તે પહેલાં અમોએ એ મીકસડ દાળ શાકના વધુ વખાણ કરવાનું મુલત્વી રાખી અમોએ અમારૂં ભોજન કાર્ય સમાપ્ત કર્યું અને આડેપડખે થયાં ત્યારે આલમોડાના પહાડો ઉપર વાદળાં પણ જાણે સુવાની તૈયારી કરતાં હતા અને અમને મીઠી નિંદરૂં આવવા જાણે આકાશનો ચંદરવો વધુ ઘેરો બનતો હતો.

ગર્બ્યાંગથી આગળ તિબેટમાં લગભગ ૧૫ દિવસ ચાલે એટલો સામાન લઈ જવો આવશ્યક છે, બળતણ પણ મળતું નથી, એટલે કેરોસીન, સ્ટવ, કુકર વિગેરે સાથે રાખવાં પડે છે. માર્ગમાં એક પણ મકાન આવતું નથી એટલે ગર્બ્યાંગથી ભાડાનો તંબુ પણ લઇ જવો પડે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૩

૧ આલમોડામાં આવેલા દેવમંદિરો
૨ ઇચ્છા વધતી હોય તો કરો કંકુના ગિરધરભાઇ !

ચાર વાગ્યા અને શ્રી શાંતિભાઇ આવી ગયા અને અમો ચાપાણી પી આલમોડામાં આવેલા દેવમંદિરોએ દર્શને જવા માટે તૈયારી કરવા લાગ્યા.

પહેલાં ઉપરની બજારે આવેલા શ્રી રાધાકૃષ્ણના મંદિરે ગયા ત્યાં મંદિરના ચોકમાં અયોધ્યાના કોઇ પંડિતજી રામાયણ વાંચી રહ્યા હતા. આલમોડાનાં ભાવિકો શાંતિથી રામાયણ સાંભળી રહ્યા હતા અને વિદ્વાન પંડિતજી પોતાના મધુર કંઠથી રામાયણની ચોપાઇઓ બોલી એનો અર્થ સમજાવી રહ્યા હતા.

વાંચકો! આજે હજારો વરસ થયાં રામાયણ જેવા અમરગ્રંથ વાંચી કે સાંભળીને હિંદુજનતા ધન્ય ધન્ય બને છે– અને ભગવાન શ્રી રામચંદ્રજીના અલૌકિક જીવન પ્રસંગો... ભરતજીનો ભ્રાતૃભાવ.... લક્ષ્મણજીની ભકિત–માતા સીતાજીનો અપૂર્વ પત્નીધર્મ અને ત્યાગ અને વીર હનુમાનજીની દાસ ભકિત એતો એ અમરગ્રંથના મુકુટ શિરોમણિ જેવા ધન્ય પ્રસંગો છે. ખરેખર ! રામાયણ–મહાભારત એતો જીવંત ગ્રંથો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, હિંદુ જાતિ તો શું પરંતુ અન્ય જાતિના મનુષ્યો પણ એ ગ્રંથમાંથી પ્રેરણા મેળવે છે કારણ એ ગ્રંથો એ માનવ કર્તવ્ય અરે! કર્તવ્યતો શું પરંતુ વહેવારિક ભાષામાં કહીએ તો મનુષ્યના દરેક જીવન પ્રસંગોએ શી રીતે વર્તવું...કેમ બોલવું ....અને જીવનમાં કર્તવ્ય શું છે એનું પુરેપુરૂ દર્શન ચિત્ર રજુ કરે છે જેથી નાના ગામના ચોરે કે ચોટે....મંદિરોમાં કે મહાલયોમાં અને જંગલોના આશ્રમોમાં ઠેર....ઠેર....એ અમર-ગ્રંથની અમરવાણી સંભળાય છે અને સાંભળનારા ધન્યતા અનુભવી ગદ્‌ગદ્ થાય છે.

અમોએ મંદિરના ચોકમાં બેઠેલા ભાવિકો સાથે રામાયણના રસપાન કર્યા અને વાંચન પૂર્ણ થયે મંદિરે જઇ દર્શન કર્યા.

શ્રી રાધાકૃષ્ણના મંદિરેથી શ્રી રામપ્રભુના મંદિરે જઇ દર્શન કર્યા અને એ ધનુષ્યધારી ભગવાન શ્રી રામચંદ્રજીને પ્રણામ કરી ધન્યતા અનુભવતાં અનુભવતાં બજારે આવ્યા અને ત્યાંથી બદરીનારાયણના મંદિરે આવી દર્શન કરી નીચેની બજારે ગયા.

આજે કાંઇ ખાસ ખરીદી કરવાની તો નો'તી એટલે બજારે આંટા મારી ઉતારે આવ્યા અને સંધ્યા આરતી કરી ધૂન બોલી–જલારામ બાપાની...ગુરૂજીની....અને કૈલાસપતિ ભગવાનની દયાથી આજે આલમોડામાં કરેલા દેવદર્શનના આનંદની વાતો કરવા લાગ્યા અને શાંતિભાઈને પૂછ્યું કે “કાં કાંઈ ખબર મલ્યા કે–કૈલાસ યાત્રાએ જવા માટેનું સરહદ ઉપરનું વાતાવરણ કેવું છે!” અને શાંતિભાઇએ કહ્યું “ ભાઈ! તમારે જવું હોય તો વાતાવરણ સારૂં જ છે” એમ કહી કહ્યું કે–

Where there is Will, there is a Way
Where there is no Will there is a Hill

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે જો તમારી કૈલાસ યાત્રાએ જવાની ઇચ્છા હોય તો નહાકનું મોડુ કરોમાં અને આજ કાલમાં ઉપડી જાવ અને જવાની ઈચ્છિા ન હોય તો પછી આપણે બીજો પ્રોગ્રામ ગોઠવી બાગેશ્વર જઈએ...સોમેશ્વર જઇએ....જાગેશ્વર જઈએ ....અને અંગ્રેજ સાધુ કૃષ્ણપ્રેમીના દર્શને જઇએ...અને આંહી આજુબાજુના બીજા ઘણા દર્શન કરવા લાયક સ્થળો છે ત્યાં જઈ આવીએ પરંતુ મન માનતું હોય–અંતરાત્મામાંથી રાજીપાનો અવાજ મળતો હોય તોજ કૈલાસ યાત્રાએ જવું કારણ એ યાત્રા કઠિનમાં કઠિન છે હું તો જઈ આવ્યો છું. એટલે મારો અનુભવ છે કે એ યાત્રા કેટલી કઠિન છે. છતાં આત્મબળ અને શ્રદ્ધા આગળ કાંઇ કઠિન નથી" એમ કહી કહેવા લાગ્યા કે "મારી સાથે તો મુંબઇના એક ભાટીઆ ગૃહસ્થ હતા સ્થુળ કાયા હતી મિલ માલિક હોવાથી–આરામ-પ્રિય જીવન હતું છતાં એ ગૃહસ્થે આ કઠિન યાત્રા આનંદથી કરી અને અમને કોઈપણ જાતની તકલીફ ન પડી અને બે મહિને સુખરૂપ યાત્રા કરી ઘર ભેગાં પણ થઇ ગયા માટે જવું હોય તો કોઈની વાટ જોવી નહિ અને ઉપડી જવું અને મન ન માનતું હોય તો આજુબાજુના સ્થળોએ ફરશું અને આ સાલ કૈલાસ ન જવાય તો– શુભ સંકલ્પ કાંઈ મિથ્યા થતો નથી આવતી સાલ વાત એમ કહી પોતાનો દાખલો આપી કહ્યું કે મારે કૈલાસ યાત્રાએ જવાનો સંકલ્પ તો ત્રણ ચાર વરસ પહેલાંનો હતો પરંતુ સંકલ્પ થયો એટલે તુરતજ સિદ્ધ થાય એવું થોડુંજ છે! એટલે કોઈ સાલ કાંઇ વિઘ્ન આવે તો કોઇ સાલ વળી બીજું વિઘ્ન આવે પરંતુ શુભ સંકલ્પ સિદ્ધ થવાનો હતો એટલે સને ૧૯૩૨માં પૂજ્ય ગાંધીજી આલમોડા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પધાર્યા મેં કૈલાસ યાત્રાની વાત કરી અને બાપુએ આશીર્વાદ આપી કહ્યું કે–"ખૂશીથી કૈલાસ યાત્રા કરી આવો, ઘરની ચિંતા છોડી દયો, ભકિત (શાંતિભાઈના ધર્મપત્ની) ને હું સાથે લઇ જાવ છું તે મારી સાથે રહેશે અને તમો તમારો કૈલાસ યાત્રાનો સંકલ્પ સિદ્ધ કરો. થયું ! બાપુએ આશીર્વાદ આપ્યા ભકિત બાપુ સાથે ગયા અને હું બે મહિનામાં કૈલાસની યાત્રા કરી સુખરૂપ આવી પણ ગયો એટલે મારી ત્રણ ચાર વરસ થયાં ઇચ્છા છતાં જ્યારે કૈલાસ યાત્રાએ જવાનો યોગ પાકયો ત્યારે એની મેળે બધુ આપોઆપ ભેગું થઇ ગયું માટે તમારો સંકલ્પ છે તો આ વરસ નહિતો આવતા વરસે જલારામ બાપા જરૂર સિદ્ધ કરશે માટે એ ચિંતા છોડી તમારૂં મન માને તેમ કરો અને આંહી આવ્યા છો એટલે કૈલાસ યાત્રાના 'પસ્તાના' જેવું તો થઇ ગયું કહેવાય જેથી હવે પછી એ સંકલ્પ જરૂર સિદ્ધ થવાનો અને થવાનો અને જવાબમાં મેં કહ્યું કે–"શાંતિભાઇ તમારી વાત સાચી પરંતુ કૈલાસ યાત્રા માટેની મારી કેવી ઝંખના છે એ તો હુંજ જાણું છું અને બીજા બાપા જાણે છે. પરંતુ આ સાલ કોણ જાણે કયા કારણથી મારૂં મન પાછું હઠે છે છતાં આંહી આવવાથી કૈલાસ યાત્રા થયા જેટલો અવર્ણનીય આનંદ પણ આવે છે અને કૈલાસ યાત્રાની ઝંખના જાણે તૃપ્તી થાતી હોય એવો સંતોષ પણ થાય છે કયા અદૃશ્ય કારણોથી... શા માટે... આ બધુ થઇ રહ્યું છે એની તો મને પણ ખબર પડતી નથી પરંતુ આંહી આવવાથી મનને તૃપ્તી જરૂર થાય છે અને કૈલાસ યાત્રાએ આ સાલ નહિ પરંતુ આવતી સાલ જવા માટેના વિચારને પુષ્ટિ મળ્યા કરે છે એટલે આ સાલ તો કૈલાસ યાત્રાએ જવા માટે મારો જીવ તલપાપડ થતો નથી બાકી જગુભાઇ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જયંતિભાઇ કે નંદાણીભાઈને જવું હોય તો ખુશીથી જઈ શકે છે અને જવાબમાં–જગુભાઇ અને જયંતિભાઇ તો ચુપ રહ્યા પરંતુ ગિરધરભાઈ બોલ્યા કે "કાલે નક્કી કરશું અને ઉપડવું હશે તો હું અને નંદાણીભાઇ ઉપડશું પરંતુ તમો આવો તો બહુ આનંદ આવે બધાય સાથે જઇએ" પરંતુ ગિરધરભાઇને મે કહ્યું કે "તમે હમણાં સાંભળ્યું એમ મને તો આ સાલ જવા માટે પ્રેરણા થાતીજ નથી બાકી તમો જઇ આવો તો એ પણ બહુ રૂડી વાત છે. તમો સાંભળો છો કે આ સાલ એવી કોઇ કઠિનાઇ નથી એમ શાંતિભાઇ કહે છે બાકી તો ઘણા ના પણ કહે છે કે આ સાલ જવા જેવું નથી અને રાજદ્વારી કારણસર ઘણા યાત્રિકો ગયા પણ નથી અને વિદ્યાનંદજી મહારાજ તો યાત્રિકોને લઇ ઉપડી પણ ગયાં છે. માટે જવું હોય તો કાંઇ વાંધો નથી તમારી પણ બે વરસ થયાં ઝંખના છે માટે મન વધતું હોય તો બાપાનું નામ લઇ ઉપડી જાવ અને સાથે જેને આવવું હોય તે પણ ભલે આવે....તૈયારી તો આપણી છે જ વળી જે સામાન લેવો હોય તે આલમોડામાંથી ખરીદ કરી લેવો, આંહી બધું મળે છે ભાતાના ડબા તો ભર્યા પડયા છે માટે ઇચ્છા વધતી હોય તો કરો કંકુંના ગિરધરભાઇ!" અને ગિરધરભાઇ સંતોષ અસંતોષની મિશ્ર લાગણીથી બોલ્યા "હવે કાલે વાત....પાકો નિર્ણય કાલે કરીશું આજ રાતના વિચાર કરવા દયો એમ કહી નંદાણીભાઇ સામું જોયું અને નંદાણીભાઇ બોલ્યા "આપણે તો કહો એટલે તૈયારજ છીએ કહો એટલીવાર છે મારે કાંઇ ઝાઝા સામાનની જરૂર નથી બે ધાબળાં હોય તો બસ છે" એમ કહી નંદાણીભાઇએ એની નરવી કાયા તરફ જોઇ કહ્યું કે "આ તો કૈલાસ યાત્રાએ જવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે એટલે વળી થોડો ઘણો સામાન સાથે લીધો છે નહિતર મારે મુસાફરીમાં એક થેલી બસ છે આ શરીરને તો જેવી ટેવ પાડીએ તેવી પડે" અને જગુભાઈ જવાબમાં હસીને બોલ્યા કે "તમારે વધુ સામાન શા માટે લેવો જોઇએ અમો બધા છીએને અને અમારો સામાન એ તમારોજ છે ને! તમારે ક્યાં જુદાઇ છે." એમ કહી પુછ્યું "કેમ બરાબરને" અને નંદાણીભાઈ હસીને બોલ્યા.

"તારો મને સાંભળશે સથવારો....
જયાં સુધી રહેશે ચંદ્ર-સુરજ ઉજયાળો-રામ....

એમ મધુરી પણ અધુરી કડી ગાઇ બોલ્યા "જગુભાઈ કાઢો એક સિગારેટ."

પછી તો એ જીવોએ બીડીયું પીધી, નાસ્તો કર્યો અને શાંતિભાઇએ રાતના આઠ વાગ્યે ઘરે જતાં જતાં કહ્યું "કાલે મારે બહાર ગામ જવું છે. આંહીથી વીસેક માઇલ દુર એક મંદિર છે. ત્યાં યજ્ઞ છે. મહંતજીએ મને ખાસ આમંત્રણ આપ્યું છે અને મેં આવવાની હા પાડી છે એટલે કાલે હું આંહી નથી સાંજના પાછો આવતો રહીશ. દરમ્યાનમાં તમો કાલે Final કરી નાખજો કાલે અગીઆરશ છે એટલે સાંજના શ્રી રામકૃષ્ણ આશ્રમે કીર્તનમાં જજો બહુ આનંદ આવશે અને કાલે Final કરો એટલે પછી બીજો પ્રોગ્રામ ગોઠવીએ" અને મેં કહ્યું "બરાબર છે મારો તો નિર્ણય પાકો જ છે હવે બીજાને જવું હોય તે જાય" અને જગુભાઇએ સ્હેજ નિરાશ ભાવે કહ્યું "તમે નો આવો.... અને મેં આશાના સુર સાથે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કહ્યું એવું કાંઇ થોડુંજ છે કે હું આવું તોજ જવાય.... પરંતુ જગુભાઈ નિરાશાવાદમાંથી આશાવાદમાં આવ્યા નહિ અને બીજા સહયાત્રિકો ગડમથલમાં પડયા કે જવું કે ન જવું પરંતુ જતાં જતાં મેં શાંતિભાઇને રોકી કહ્યું કે, "શાંતિભાઈ ધારચુલા આપના ઓળખીતા જે મોહનસિંહજી છે તેમના ઉપર તાર કરીને પુછાવી જુઓ તો ખરા કે અત્યારની ભારત તિબેટ સરહદની પરિસ્થિતિ કેવી છે અને કૈલાસ યાત્રાએ જવા માટે અનુકુળતા છે કેમ !" જવાબમાં શાતિભાઈએ લાવો તારનું ફારમ એમ કહી ધારચુલા મોહનસિહ કુંદનસિહ ગર્બ્યાંગ ઉપર તાર લખી આપ્યો કે–

Wire present situation Kailash yatra Sarvodaya Kutir

તાર લખી આપી શાંતિભાઈએ કહ્યું કે "સવારે અરજન્ટ તાર કરી દેજો સાંજ સુધીમાં જવાબ આવી જશે."

હવે પરમ દિવસે મળશું એમ કહી "લ્યો ત્યારે જય જલારામ" કહી શાંતિભાઈ વિદાય થયા અને અમો સુવાની તૈયારીકરવા લાગ્યા અને મેં તો પલંગમાં લંબાવ્યું પરંતુ સહયાત્રિકો લંબાવવાને બદલે બજારે જઈ દુધ પીવાની–રબડી ખાવાની.. દહીંવડા ખાવાની... વાતો કરવા લાગ્યા અને સાચેન એ તો બજારે જવા લાગ્યા ત્યારે ઘડિયાળમાં જોયું તો થયા હતા સાડાનવની માથે દશેક મિનિટ અને જતાં જતાં એ બોલ્યા "ભાઈ ! તમ તમારે સુઈ જાવ. અમો વહેલામોડા આવીએ તો તમને ઉઘાડવાની તકલીફ ન પડે માટે બહાર બંધ કરતાં જઈએ છીએ." એમ કહી એ તો 'જય જલારામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

....જય જલારામ' કહેતાં કહેતાં ઉપડી ગયા. અને મેં "હે જલિયાણ... હે બાપા! કહી પલંગમાં લંબાવ્યું અને બહાર બગીચામાં કોઈ વિચિત્ર પક્ષીએ વિચિત્ર અવાજ કર્યો ત્યાં તો બીજા બે ચાર પક્ષીઓ પણ કલરવ.... કલરવ.... કરી વિચિત્ર અવાજો કરવા લાગ્યા અને સુતાં સુતાં મને વિચાર આવ્યો કે હિમાલયના પક્ષીઓએ આ રાતની શાંતવેળાએ શું વાતો કરી હશે! શું મારી વાતને એ મળતા થયા હશે કે મારા સહયાત્રિકોને આગે બઢો...નો સંદેશો આપ્યો હશે!

શું કહ્યું હશે એ પક્ષીઓએ એવા વિચારમાં ને વિચારમાં હું નિંદ્રાધીન થઇ ગયો.

—o—

કૈલાસ–માનસરોવરની યાત્રા એટલી સરળ નથી. સંઘ દ્વારાજ આ યાત્રા થઇ શકે છે, તદુપરાંત ચોરોનો પણ ઉપદ્રવ છે તેથી કોઈ પણ યાત્રી સ્વતંત્ર યા એકલા જવાની ઇચ્છા ન કરે. કોઇ સંઘમાં અથવા શ્રી સ્વામી વિદ્યાનંદજી સાથે જવું યોગ્ય અને આવશ્યક છે.

———

૨ તિબેટમાં હથિયારો માટે લાયસન્સની જરૂર નથી. તેઓ દેશી બંદુકો બનાવી પાસે રાખે છે અને માર્ગમાં એકલ દોકલ યાત્રાળુ મળે તો લુંટી લે છે અને કોઈ વખત મારી પણ નાખે છે.

જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યજી મહારાજ દ્વારકા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



યાત્રા થાય તો સારી વાત છે.

નહીંતર.... ...

૧ બદરી–કેદારનાથથી યાત્રા માટે

બદરિકાશ્રમ વાંચજો

૨ બરફનાં સ્વયં બનતા શિવલિંગના દર્શને અમરનાથ જવાય તો રૂડી વાત છે.

નહીંતર........

ભગવાન અમરનાથ

વાંચજો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બદરિકાશ્રમ (અમરપંથ)

નારાયણ તો એજ સ્વરૂપે
બિરાજે છે.

૧ સને ૧૯૫૩ માં સદ્દગુરુ શ્રી રણછોડદાસજી બાપુની છત્રછાયા નીચે શ્રી બદરી–કેદારનાથની યાત્રા થયેલી અને એ યાત્રાના વર્ણન સાથે પૂજ્ય ગુરુજીના જપનાં.... તપનાં અને કાષ્ટમૌનનાં સંભારણાં સહિતના પુસ્તકનું નામ રાખેલું.

અમરપંથ (પાના ૭૧૧. ફોટા ૧૨૫)

અને આ વખતે પુસ્તકનું નામ રાખેલ છે

બદરિકાશ્રમ (પાના ૮૮૫ ફોટા ૧૩૫).

યાત્રા એક જ પરંતુ પુસ્તકના નામમાં ફેરફાર અને સાથો સાથ બંને વખત સને ૧૯૫૩ માં (મે–જુન અને સને ૧૯૫૮ માં ઓગસ્ટ–સપ્ટેમ્બર) એમ નોખી....નોખી....ઋતુમાં યાત્રા થઇ એટલે પ્રસંગ.... વર્ણનોમાં પણ ફેરફાર થયો એ પણ સાચું.

બાકી....

યાત્રા એક જ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યાત્રિકો ! શકય હોય તો આ બંને યાત્રા બદરી-કેદારનાથ ની આનંદથી કરો.

પ્રભુ સર્વત્ર છે.... સર્વનો છે....

અને

'બદરિકાશ્રમ'માં યાત્રાની સર્વ માહિતી એટલે પગ રસ્તાની...મોટર રસ્તાની...માઈલેજની....ખરચાની....ખરીદવાની ચીજ વસ્તુઓની.... અને સંગમમાં સ્નાન કયાં કયાં કરવા.... શ્રાદ્ધક્રિયા કયા કયા સ્થળે કરાવવી.... અને રસ્તામાં બીજાં તીર્થસ્થળો કયાં કયાં આવ્યાં. તે બધાં સાથે દેવદર્શનની પૂરીં માહિતી છે.

વાંચો....વંચાવો

એ સાચી વાત કે....

વાંચકોને અમરપંથ વાંચવામાં રસ આવવાથી અમરપંથની એક નહિ પરંતુ બે આવૃત્તિઓ ટૂંક સમયમાં બહાર પાડવી પડી અને ચાલુ માંગને પહોંચી વળવા જ્યાં ત્રીજી આવૃત્તિ છાપવાની તૈયારી ચાલતી હતી ત્યાં પૂજ્ય શ્રી જલારામ બાપાની દયાથી ફરીને શ્રી બદરીનાથ યાત્રાએ જવાનો અણધાર્યો

આપ જે પુસ્તકો મંગાવો તે પુસ્તકો વાંચી આપ આપના મિત્રમંડળમાં તે પુસ્તકો મંગાવવા માટેની ભલામણ કરો એ બરાબર છે પરંતુ તે કરતાં આપે મંગાવેલા પુસ્તકો બીજાને વાંચવા આપવાં એતો જ્ઞાનયજ્ઞ કરવા બરાબર છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યોગ (સને (૧૯૫૮) મં પ્રાપ્ત થતાં આ વખતના યાત્રા વર્ણનને **બદરિકાશ્રમના** નામે બહાર પડેલ છે.

યાત્રા એક જ પરંતુ

પુસ્તકના નામમાં ફારફેર

બદરિકાશ્રમમાં નવીન શું વાંચશો ?

૧. અમેરિકા (મેસ્કીકો)ના ડો. બનાર્ડ **Dr. B. Lytton Bernerd** નો સદ્‌ગુરુ શ્રી રણછોડદાસજી બાપુ સાથે તા. ૧૬–૨–૫૯ ના રોજ થએલ વાર્તાલાપનો સાર.

ડો. સાહેબે ગુરુજીને જે પ્રશ્નો પુછયા તેમાં એમ પણ પુછયું કે–

1 How to get peacc ?

2 Why Wealth does not bring happiness ?

અને આ પ્રશ્નોના ગુરુદેવે વિગતથી જે જવાબ આપ્યા એ જાણવા આપે **બદરિકાશ્રમ** વાંચવું પડશે.

૨ લુર્ડઝના પાણીના ચમત્કારો કેવી રીતે સર્જાય છે કે સાદા પાણીના ઝરામાં નહાવાથી આંધળા દેખતા થાય છે.... લંગડા હાલતાં થાય છે...બોબડા બોલતા થાય છે....બહેરા સાંભળતા થાય છે અને ટી. બી....કેન્સર...અને અનેક જાતના અસાધ્ય રોગો નહાવા ભેગા મંડે છે ભાગવા! અને આ બધા ચમત્કારો વિજ્ઞાનના આ જમાનામાં બને છે જેની ખાતરી મોટા મોટા વિજ્ઞાનિકોએ....મોટા મોટા સરજનોએ.... ડોકટરોએ જાતે કરી છે અને ખાતરી કર્યા પછી તેઓ પણ કહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

This is Miracle... No doubt...no medicel explanation in the present state of science can be given for cure.

Unknown natural forces Unknown today.
Miracles...Certainly Miracles.

ચમત્કાર....નક્કી ચમત્કાર

આમ કહી બધા આશ્ચર્યચકિત થઇ જાય છે. આ બધું કયાં.... કેવી રીતે.... શા માટે બને છે... અને લુર્ડઝની આ બધી સત્ય ઘટનાઓની હકીકત જાણવા આપે **બદરિકાશ્રમ** વાંચવું પડશે.

વધારામાં **બદરિકાશ્રમમાં** વાંચશો કે

૩ જુનાગઢના નાગર ગૃહસ્થ વાત કહે છે કે: 'શ્રાદ્ધક્રિયા કરવાથી પિંડદાન પૂગે છે એ મેં નજરોનજર જોયું છે.'

૪ બદરીનાથ જતાં વચમાં પાંડુકેશ્વર આવે છે તે પાંડવોનું જન્મસ્થાન છે અને પાંડવોનું બનાવેલું જે મંદિર છે ત્યાંના પુજારીજી કહે છે કે–

૧ આ પહાડ ઉપર પાંડવો ચોપાટ રમતા અને હજુ દશેરાના દિવસે પહાડ ઉપર જાણે નગારાં....નોબતું વાગે છે.... જાણે તબડક... તબડક.... ઘોડા દોડે છે. જાણે હાથીઓ હાકોટા નાખે છે. એ બધાના અવાજો મેં સાંભળ્યા છે. ગામવાળાઓએ પણ સાંભળ્યા છે અને પાંડવોના સમયનો તામ્રલેખ હાલ કયાં રાખવામાં આવ્યો છે? આ બધી પુજારીજીએ કહેલી વાતો જાણવા આપે...

બદરિકાશ્રમ વાંચવું પડશે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૫ બદરીનાથમાં અમને શ્રી મનોહરલાલજી વાત કહે છે કે–

૧ સ્વર્ગના દૃશ્યો મેં નજરોનજર જોયાં છે (એક દૈવી શકિતવાળા યોગીએ મને સતોપંથ લઇ જઈ સ્વર્ગના દૃશ્યો નજરોનજર દેખાડયાં) એનાં વર્ણન **બદ્રિકાશ્રમમાં** છે.

૨ બદરીનાથની આજુબાજુના પહાડોમાં ઘણાં ચમત્કારિક સંત...મહાત્મા....સિદ્ધ પુરૂષો, યોગીઓ, જપ...તપ....ધ્યાન....સાધના....કરે છે તેમાં એક મહાત્મા તો બે હજાર વરસ થયાં સાધના કરે છે અને આ મહાત્માનાં દર્શન યોગીજીએ મનોહરલાલજીને કરાવેલાં એનાં ચમત્કારિક વર્ણન મનોહરલાલજીએ અમને જે કહ્યાં તે **બદ્રિકાશ્રમમાં** છે.

૩ યોગીજી મનોહરલાલજીને શ્રી કૈલાસ યાત્રાએ લઇ ગયા પણ જમવા ટાણે પીરસેલ થાળીઓ તૈયાર....સૂવાટાણે પથારીઓ તૈયાર....અને પાછું આપોઆપ અલોપ....આ બધાના વર્ણન **બદ્રિકાશ્રમમાં** છે.

૪ હાલમાં કેવા કેવાં સંત મહાત્માઓ બદરીનાથમાં બિરાજે છે એ બધાના વર્ણન **બદ્રિકાશ્રમમાં** છે.

૫ સ્વર્ગ લોકમાંથી નારદજી શ્રી બદરીનાથ પ્રભુની પૂજા કરવા કયારે પધારે છે....તપ્ત કુંડમાં ગરમ પાણી કયાથી આવે છે...બ્રહ્મકપાલ શિલા ઉપર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રાદ્ધ કરાવવાનું માહાત્મય શાસ્ત્રોમાં શા માટે વર્ણવેલ છે અને બદરીનાથમાં કયા કયા કુંડો અને કઈ કઇ શિલાઓ આવેલી છે અને એ બધાનું શું માહાત્મ્ય છે, આ બધાનું વર્ણન **બદ્રિકાશ્રમમાં** છે,

ઉપરાંતમાં

આ બધી નવીન....રસપ્રદ....ચમત્કારિક માહિતી સાથે વાંચતાં....વાંચતાં....પ્રભુ દર્શનની 'મોઝું' ચડે એના લગભગ એકસોક પાનામાં પ્રભુના નિર્વાણદર્શનની પૂરી માહિતી માટે આપને **બદ્રિકાશ્રમ** અવશ્ય વાંચવું પડશે.

આપને ધાર્મિક વાંચનમાં યાત્રા વર્ણનમાં.... અને અમરપંથ એટલે જે પંથ સદા અમર છે એવા બદરી–કેદારનાથના અમરપંથના વર્ણનમાં રસ હશે તો આપે એક વખત **બદ્રિકાશ્રમ** અવશ્ય વાંચવું પડશે.

અને હમણાં નહિ પરંતુ વાંચ્યા પછી આપ જરૂર કહેશો કે

ખરેખર **બદ્રિકાશ્રમ**....એ તો **બદ્રિકાશ્રમ**

એ અમરપંથ છે...એ અમર તીર્થધામ છે.

એ અનાદિ તીર્થધામ છે અને આ તીર્થના અધિષ્ટાતા સાક્ષાત ભગવાન છે અને નારદજી, વિગેરે ઋષિ....મહર્ષિઓની આ તપોભૂમિ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચો અને વંચાવો

બદરિકાશ્રમ (મોટું પુસ્તક)

પાનાં	ફોટા	કિંમત	પોસ્ટેજ બોકસ સાથે
૮૮૫	૧૩૫	રૂા. ૫–૮૮	રૂા ૧–૮૭

લેખક

[illegible]

પ્રાપ્તિસ્થાન :
કનકરાય સૌભાગ્યચંદ્ર રાજદેવ
ચંપા કુંજ, પ્રહલાદ પ્લોટ
રાજકોટ.

ઈશ્વર, મન, વાણી અને બુદ્ધિનો વિષય નથી, મન, વાણી, ઈશ્વર સુધી પહોંચવા ગમે તેટલા પ્રયત્નો કરે છતાં નથી પહોંચી શકતા. જ્યારે શ્રદ્ધાથી મનુષ્ય ઈશ્વર સુધી પહોંચી શકે છે. અનંત બ્રહ્માંડમાં ન સમાતો ઈશ્વર પોતાના નાનામાં નાના ભકતની શ્રદ્ધાના બળથી તેનામાં સમાઇ શકે છે. શ્રદ્ધાનું આવું અલૌકિક બળ છે.

જો મનુષ્ય ઈશ્વર પ્રત્યે અડગ શ્રદ્ધા ધરાવે તો તે કોઇ દિવસ સુખ દુ:ખથી વિચલીત થતો નથી. લંગર વિનાનું વહાણ જેમ અસ્થિર બને છે. તેમ શ્રદ્ધા વિનાનો માનવી વ્યાકુળ બની જન્મ મૃત્યુના ફેરામાં અટવાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૪

ચાલો ! કૈલાસયાત્રા સબંધે વાંચીએ

તા. ૧૬–૭–'૫૯.

આજે તો શાંતિભાઈ બહારગામ ગયા છે એટલે બહાર હરવા ફરવાનો બીજો કોઈ કાર્યક્રમ છે નહિ એટલે હું તો નિત્યકર્મ પતાવી નાહી ધોઇ પૂજાપાઠ કરી નિરાંતે કૈલાસ માનસરોવર યાત્રા વર્ણનના પુસ્તકો જે સાથે લાવેલો છું તે વાંચવામાં વખત પસાર કરી રહ્યો છું જગુભાઇ અને બચુ રસોઈ ઘરમાં છે અને જયંતિભાઇ, ગિરધરભાઇ બજારેથી જોઈતી ચીજ વસ્તુઓ લાવવામાં અને નંદાણીભાઇ પણ બજારે આંટા ફેરા કરવામાં પડયા છે.

વાચકો ! આજે તો આપણે ખાવું પીવું અને સુવું એટલુંજ કરવાનું રહે છે ફકત સાંજના ફરવા જવાનું અને આજે અગીઆરસ હોવાથી શ્રી રામકૃષ્ણ આશ્રમે રાતના ભજન ધુનમાં જવાનો પ્રોગ્રામ રાખ્યો છે માટે વાચકો ચાલો જગુભાઇ રસોઇ તૈયાર કરી પૂજ્ય બાપાને થાળ ધરી આપણને જમવા ન બોલાવે ત્યાં સુધી આ ટુરીસ્ટ હોમમાં સોફા ઉપર બેઠા બેઠા કૈલાસયાત્રા સબંધે વાંચીએ.

અમદાવાદથી મહામંડલેશ્વર સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજે ગઈ સાલ (સને ૧૯૫૮) ભકતજનોની મંડળી સાથે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૈલાસની પૂનિત યાત્રા કરેલી અને તે મંડળીમાં અમદાવાદના શેઠ શ્રી રમણલાલ લલ્લુભાઇ વિગેરે ગૃહસ્થો હતા તે કૈલાસ યાત્રાનું વર્ણન શેઠશ્રી રમણભાઈએ જે લખ્યું છે તે વાંચીએ.

શેઠશ્રી રમણભાઇ લખે છે કેઃ–

"આ યાત્રા બીજી યાત્રા જેવી સહેલી નથી ભારતની સૌથી કઠિન યાત્રા હોય તો કૈલાસ માનસરોવરની યાત્રા છે, તેથીજ આ યાત્રા કરનાર શ્રદ્ધાવાન, યાત્રાનું ખર્ચ ઉપાડી શકે તેમ હોય તે સાથે શરીરે સશક્ત અને દ્રઢતાવાળો હોય તેજ આ યાત્રા કરી શકે તેમ છે વળી બે ચાર માણસો કે એકલાનું પણ કામ નથી ૨૫ થી ૩૦ માણસોની મંડળી હોય તોજ સગવડ રહે છે.

આ વાંચતાં મને થયું અમે તો પાંચ જણાજ છીએ. ચાલો વાચકો ! આગળ વાંચો.

કૈલાસ અને માનસરોવરનું નામ સ્મરણ થતાંજ એક મહાન ભવ્ય વિભુતિશીલ પવિત્ર શાંત અને રમણીયતાથી ઉભરાતી દેવભૂમિ–ભગવાન શંકરનું નિવાસસ્થાન એવા મહાન તીર્થના દર્શન કરવાનું જાણે મન થઇ જાય છે.

હિમાલયમાં આવેલા આ મહાન તીર્થોના દર્શન કરવા જવાનો માર્ગ હિમથી આચ્છાદિત સ્ફટિક જેવા શોભતા દુર દુરના ઉચ્ચ ગગનચુંબી બરફથી ઢંકાયેલા હિમાલયના શિખરો...સ્થળે સ્થળેથી વહેતાં નિર્મળ ઝરણા સરિતાના નાના મોટા પ્રવાહો આ પ્રવાહોમાંથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉદ્દભવતા મધુર અને કોમલ સંગીતભર્યા નાદો એક બાજુ પાતાળ ઉંડી ખાઇઓ અને બીજી બાજુ ગગનચુંબી ડુંગરોની હારમાળા નાની સાંકડી કેડીઓ તેમાં કોઈ ઠેકાણે ૨–૩ ફૂટની પહોળાઇઓ અને ઉતરાઇઓ અને એ કેડી ઉપર ચાલતાં જાણે અજાણે પ્રભુનું સ્મરણ થઇ જાય કારણ કે સ્હેજ પગ ચાલતા ચુકે અગર લપસે અગર ડુંગરા ઉપરથી પથ્થરો પડે તો પાતાળ જેટલી ઉંડી ખાઇઓમાં શરીર પડી જાય તો હાડકું પણ હાથમાં ન આવે અને આવી કેડીઓ પાર કરી યાત્રી પ્રભુનો ઉપકાર માને એટલે ફરજીયાત પ્રભુનું સ્મરણ કરતાં કરતાં આવા કઠિન રસ્તાઓનો પ્રવાસ ખેડીને, ખૂબજ પરિશ્રમ વેઠીને જ્યારે યાત્રિક કૈલાસ માનસરોવરના દર્શન કરે છે ત્યારે પોતાના જીવનને ધન્ય માને છે.

આ વાંચતા વાંચતા મને મનમાં થયું વાહ પ્રભુ વાહ! વાહ કૈલાસપતિ વાહ! તારી દયા વગર આ વિકટતા શી રીતે પસાર કરી તારા નિવાસસ્થાન કૈલાસના દર્શન થાય! આ તો હજી તારા ઘર આંગણે પહોંચતા સુધીમાં આટલા કષ્ટ વેઠવા પડે છે તો તારા દર્શન તો કોણ જાણે કેટલા કષ્ટે થાય.... અને કયારે થાય! કેમ થાય! કારણ તારા નિવાસ સ્થાને પહોંચ્યા એટલે તું દર્શન આપ એવું થોડુંજ છે કારણ તું અમારી વાટ જોઇને થોડોજ બેઠો છે કે અમે પૂગીએ એટલે આવો આવો કહી અમને આવકાર આપી દર્શન દે! કારણ કે હે કૈલાસપતિ! તું તો છો નિરંજન નિરાકાર વળી સંહારક શકિત, હળાહળ ઝેર પીનારો, ઝેર પી ને બનેલો નીલકંઠ,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ ઝેર તારા વગર કોણ ઝીરવે.... કોઈનું ગજું નહિ કૈલાસ પતિ! કોઇનું ગજુ નહિ! એટલે જ આ હેમાળમાં તેં તારૂં નિવાસ સ્થાન કર્યું અને બીજા બધા દેવ કહેવાણા અને તું મહાદેવ કેવાણોને નાથ!

આમ હું વિચારમાળામાં પડી ગયો ત્યાં તો ધારચુલા તાર કરવાનું યાદ આવ્યું એટલે રસોડામાં બેઠેલા ગિરધરભાઇને બોલાવી પુછયું.

"કાં ગિરધરભાઇ! ધારચુલા તાર કરી દઉંને....? શાંતિભાઇએ તાર લખી આપ્યો છે. અરજન્ટ કરૂં એટલે સાંજ સુધીમાં જવાબ આવી જશે અને આપણને ખબર પણ પડી જશે કે હાલ સરહદ ઉપરની શું સ્થિતિ છે!"

અને જવાબમાં ગિરધરભાઇ જાણે હૃદયના ઊંડાણમાંથી બોલ્યા "ભાઇ! હવે તાર–બાર કાંઇ કરવો નથી. જે સ્થિતિ હોય તે ભલે રહી અમારે તો હવે જવાય ત્યાં સુધી જવું છે અને આવતી કાલે તો બાપાનું નામ લઈ ઉપડી જવું છે. નંદાણી-ભાઇ આવે છે. જયંતિભાઈએ હજુ હા પાડી નથી. પરંતુ વિચાર કરે છે પણ મેં તો રાતના વિચાર કરી લીધો છે કે, "જવાય ત્યાં સુધી જવું, નો' જવાય ત્યાંથી પાછા વળવું અને કૈલાસ પૂગાય યાત્રા થાય તો બાપાની દયા નહિતર બાપાની ઇચ્છા હશે એમ થાશે માટે હવે તાર બાર કાંઇ કરવો નથી." એમ કહી નંદાણીભાઇ સામું જોયું અને એમણે બિસ્તરો બાંધતાં બાંધતાં કહ્યું

"આગે બઢો" "પ્રભુ સર્વત્ર છે સર્વનો છે"

નંદાણીભાઇની તમન્ના જોઈ ગિરધરભાઇ તો ખુશ મિજાજમાં આવી ગયા અને બપોર પછી બજારે જઇ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખુટતા સામાનની ખરીદી કરી કાલે તો ઉપડી જવાના 'Mood' માં લાગ્યા અને ગિરધરભાઈ તથા નંદાણીભાઈ શું શું ચીજો લેવાની છે એની અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે બે જાડા દેશી ઉનના ધાબળા તો ભુલ્યા વગર લેવાના છે અને.... ત્યાં વચમાં મેં કહ્યું "તમારા આ નિશ્ચયથી હું રાજી થાઉં છું મારી પાસે જે કાંઇ સામાન–ધાબળા–શાલ વિગેરે છે તેમાંથી જે કાંઇ જોઇએ તે ખુશીથી લઇ જજો, તમો આ સાલ યાત્રા કરી આવશો તો તમારા અનુભવ ઉપરથી અમને આવતી સાલ આ યાત્રાએ જવા માટે વધુ સરળતા રહેશે માટે કરો ફતેહ!" અને જવાબમાં ગિરધરભાઈ બોલ્યા. "સાચી બાપાની દયા ગુરૂજીની કૃપા" એમ કહી કહેવા લાગ્યા કે "અમો તો હવે બજારે જઈ સામાન ખરીદી કાલે તો ઉપડી જશું એમ બોલી જયંતિભાઈ સામે જોયું પરંતુ– જયંતિભાઈએ ઉધરસ ખાતા ખાતાં કહ્યું તમ તમારે તૈયારી કરો પરંતુ મારૂં નક્કી નહિ મારે હજુ S. M. સાથે Discuss કરવું છે!" અને મેં કહ્યું "જયંતિભાઇ! આ યાત્રા એવી છે કે–સૌએ પોતપોતાની જવાબદારી સમજીને જવું. જાવું હોય તો વાંધો નથી પરંતુ જવું તો અડગ નિશ્ચયથી... પુરા તાનથી જવું કારણ ગયા પછી અધવચાળે વિચાર ડગુમગુ થાય તો કયાંય નો'તા ગયા એવું થાય" અને જવાબમાં જયંતિભાઇ બોલ્યા "હું એજ વિચાર કરૂં છું."

ચાલો! વાચકો! ગિરધરભાઈ અને નંદાણીભાઈ તો આગળ વધવાની મક્કમતા સાથે એક બીજા વાતોએ વળગ્યા છે, અને જયંતિભાઈ વિચારમગ્ન થઈ બહાર પરશાળમાં ઉભા ઉભા હવામાન જુએ છે અને જગુભાઈ તો બિચારા રાંધવાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કડાકુટમાં પડયા છે તે તો કહે છે કે S. M. આવે તો હું તો તૈયાર જ છું.

આમ સહયાત્રિકો મિશ્રભાવમાં છે અને મેં તારની ઘડીવાળી ફાઈલમાં મુકી આગળ વાંચવા માંડયું.

"પ. પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજશ્રી તેમની ભકત મંડળીના આગ્રહથી ૫૧ એકાવન યાત્રીઓ અને બે રસોયા મળી ૫૩ ત્રેપન યાત્રીઓ સાથે અમદાવાદથી તા. ૧૨-૬-૧૯૫૮ના રોજ ૬૮ મુસાફરો માટેનો ખાસ ડબો અમદાવાદથી ટનકપુર સુધીનો જે અગાઉથી રેલ્વે સત્તાવાળાઓ સાથે નક્કી કરવામાં આવેલો તેમાં યાત્રીઓ બેસી પુષ્કર (અજમેર) સરોવરમાં સ્નાન દર્શન કરી આગ્રા-બરેલી થઇ ટનકપુર પહોંચ્યાં.

ટનકપુર છેલ્લું રેલ્વે સ્ટેશન છે અને સરયુ નદી (કાલી ગંગા) ના તટ ઉપર વસેલું છે. ટનકપુરથી મોટર બસમાં ૯૬ માઇલ પીથોરાગઢ આવેલું છે એક-સરવીસ સવારે ૭ વાગ્યે ઉપડે છે તે પીથોરાગઢ સાંજના ૬-૦ વાગ્યે પહોંચે છે જ્યારે બીજી સરવીસ બપોરના ૧૧-૩૦ વાગ્યે ઉપડે છે તે સાંજના ચંપાવટ જે ૪૭ માઇલે આવેલું છે ત્યાં રાત રહી, બીજે દિવસે ૧૧-૩૦ વાગ્યે પીથોરાગઢ પહોંચાડે છે.

વાંચકો! કૈલાસ યાત્રાએ જવાના ઘણાં માર્ગો છે. આપણે આલમોડા આવ્યા છીએ અને શ્રી રમણભાઈ આલમોડા ન આવતાં પરબારા ટનકપુર થઇ પીથોરાગઢ થઇ ધારચુલા જશે અને આપણે પણ ધારચુલા તો જવાનું પરંતુ તે બાગેશ્વર થઈને.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો! આપણે આલમોડા આવવાનું પ્રયોજન તો એ છે કે આપણે ઘરેથી કાંઇ કૈલાસ યાત્રાના સંકલ્પ સાથે નીકળ્યા નથી કારણ સને ૧૯૫૮ કરતાં સને ૧૯૫૯ ની રાજકીય પરિસ્થિતિમાં ઘણો ફેરફાર થઈ ગયો છે. સને ૧૯૫૮ માં જે રાજકીય પ્રશ્ન વિચારવાનોજ નો'તો તે સને ૧૯૫૯ માં વિચારવા જેવો થઈ પડયો છે. જેથી આ સાલ કૈલાસ યાત્રાએ જતાં યાત્રિકો વિચારમાં પડી ગયા હોવાથી ખાસ કોઇ ગૃહસ્થ યાત્રિકો શ્રી વિદ્યાનંદજી મહારાજની ટુકડી સિવાય હજુ કોઈ ગયા નથી એટલે આપણે તો આલમોડા આવી સ્નેહી મિત્રોને મળી પરિસ્થિતિનો અભ્યાસ કરવાનો હોવાથી આપણને આલમોડા આવવું પડયું છે.

ચાલો આપણે તો શ્રી રમણભાઇનું યાત્રા વર્ણન આગળ વાંચીએ :

મોટર બસના રસ્તામાં સુખીધંગ ૧૨ માઇલે છે. આગળ જતાં ચલાઠી આવે છે તે નદી કાંઠે ૩૦૦૦ ફુટ સમુદ્ર સપાટીથી ઉંચાઇએ છે. ચલાઠીથી એક માઇલે નદી ઉપર બાંધેલો સુંદર પુલ આવે છે આગળ જતાં ચંપાવટ જે...પીથોરાગઢ અને ટનકપુર વચ્ચે ૪૭ માઇલે છે તે આવે છે આંહી યાત્રી ચાહ નાસ્તો કરે છે અસલમાં કુમાયુ રાજ્યની રાજ્યધાની ચંપાવટ હતું એ ૫૦૦૦ ફુટની સમુદ્ર સપાટીથી ઉંચાઇએ છે. આગળ આઠ માઈલ જતાં બીજુ બસ સ્ટોપ લોટાઘાટ આવે છે લોહવતી નદીના કાંઠે આ સ્થળ છે. આંહી ઠંડી વિશેષ છે. લોટાઘાટથી માયાવતી પાંચ માઇલે છે. આમ ઉપલા સ્થળોએ બસ ઉભી રહેતી સ્ટેશન કરતી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પીથોરાગઢ પહોંચી પહાડના રસ્તા વાંકાચુંકા–સર્પાકારના ડ્રાઈવરની સહેજ નજર ચુકે તો બસ કયાં જઇ નીચે ખીણમાં પડે તો પત્તોજ ન લાગે.

ટનકપુરથી આગળ જતાં ચંપાવટ અને પીથોરાગઢમાં તાર ઓફિસો છે ત્યાર પછી કયાંએ તાર ઓફિસ નથી.

કૈલાસ યાત્રીઓ માટે કૈલાસ માનસરોવર સહાયક સંસ્થા નામની ૫ થી ૬ સંસ્થાઓ પીથોરાગઢ બસ સ્ટેન્ડ પાસે છે. ત્યાંથી કૈલાસ યાત્રા માટે જરૂરી માહિતી મળે છે અને તાર ટપાલની પણ જે માહિતી જોઇતી હોય તે પણ લખી મોકલે છે ડંડી-કુલી વિગેરેની સહાયતા અને માર્ગદર્શન આ સંસ્થા તરફથી આપવામાં આવે છે તેમની ઓફીસો ધારચુલા પીથોરાગઢ અને આલમોડામાં છે.

અમારી યાત્રા મંડળી પીથોરાગઢ પહોંચી, અમારી સાથે મહામંડળેશ્વર સ્વામી શ્રી ૧૦૮ શ્રી કૃષ્ણાનંદજી મહારાજ કે જેમના નેતૃત્વ નીચે આ યાત્રિકો હતા તેઓ અને બીજા સોળ સંન્યાસીઓ મહાત્માઓ ૨૫ ગૃહસ્થીઓ અને ૧૧ સ્ત્રીઓ મળી કુલ ૫૩ જણા હતા.

બહેનો પણ આ યાત્રાએ જઇ રહ્યા છે એ જાણી મને આનંદ થયો. કારણ કે કઠિનમાં કઠિન યાત્રાનો ખ્યાલ હોવા છતાં આ યાત્રા કરવી એ બહેનો માટે એક ગૌરવવંતી વાત છે. એમ હું વિચારૂં છું ત્યાં તો ગિરધરભાઇ હાથમાં વાટકો લઇ રસોડામાંથી બહાર નીકળ્યા અને કહ્યું: “ભાઈ!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે રસોઇને બહુ વાર નથી. ફરાળી ચીજો તૈયાર થઇ ગઇ છે. બચુ બીજે ચુલે રોટલી કરે છે ત્યાં હમણાં હું દહી લઇને આવું છું હો!" એમ કહી કાલે કૈલાસ યાત્રાએ ઉપડવાના ઉમંગમાં એ તો લાંબી ડાંફે જવા લાગ્યા અને હું એમના ઉત્સાહ ઉપર વધુ આફરીન થઇ વાંચતાં વાંચતા વિચારવા લાગ્યો કે "આ જીવડાને કૈલાસ યાત્રામાં કેટલુંક હાલવું પડશે એનો કાંઈક ફરી અડસટો તો મેળવું! એટલે એમને વધુ માર્ગદર્શન આપવા માટે હું તો રમણભાઈએ લખેલું વર્ણન અને બીજા બે ચાર વર્ણનોના અંગ્રેજી-ગુજરાતી પુસ્તકો ઉથલાવી એક નોખા કાગળ ઉપર માઈલેજ કાઢવાના કામમાં લાગી ગયો.

—o—

આ મહાયાત્રા કરવાના ઘણા રસ્તા છે તેમાં બે મુખ્ય છે. ઘણું કરીને બધા યાત્રીઓ આજ માર્ગે આવે જાય છે, એક નૈનિતાલ અથવા આલમોડાથી ગર્બ્યાંગ થઈ માનસરોવર કૈલાસ જાય છે. બીજો નૈનિતાલ અથવા આલમોડાથી **મીલમ** થઇ કૈલાસ-માનસરોવર જાય છે. આ બે માર્ગોમાં પણ ગર્બ્યાંગ થઈને જવાનો માર્ગ ઉત્તમ અને અનુકુળ છે. કારણકે મીલમ માર્ગમાં પચીસેક નદી-નાળાં છે, જેના ઉપર પુલ નથી. મહા મુશ્કેલીથી એ પાર કરવા પડે છે અને ઉંટાધુટા ઘાટી ચઢવાનું પણ દુષ્કર છે.

જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યજી મહારાજ, દ્વારકા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપે ભગવાન અમરનાથ વાંચ્યું !



સ્વયં બનતા બરફનું શિવલિંગ
(કાશ્મીરના વર્ણન અને ચિત્રો સાથે.)

પાના ૬૫૫. ફોટા ૯૦
કિંમત રૂા. ૪-૬૨
પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧-૮૧

કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ
ચંપાકુંજ, ૪૨ પ્રહલાદ પ્લોટ,
રાજકોટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



પુસ્તકનું નામ છે

ભગવાન અમરનાથ.

આફ્રિકા ખંડ હિંદુસ્તાન કરતાં મોટો છે.

'This is beyond human Agency'

આ મનુષ્ય કૃતિ બહારની વાત છે.

૧ પરંતુ હિંદુસ્તાનમાં હિમાલય પર્વત આવેલો છે.

૨ અને હિમાલયના પાંચ ખંડ ગણાય છે તેમાં એક કાશ્મીર ખંડ છે.

૩ શ્રીનગર (કાશ્મીર) થી ૯૦ માઇલ દુર એક નિર્જન ગુફામાં સ્વયં બરફનું શિવલિંગ બને છે અને દુનિયાનો આ શ્રેષ્ઠ ચમત્કારિક બનાવ જોવા હજારો યાત્રાળુઓ શ્રાવણ શુદી ૧૫ ના રોજ ભેગા થાય છે.

૪ આ યાત્રા અમરનાથની યાત્રા કહેવાય છે.

૫ આ ગુફામાં ભગવાન ભોળિયાનાથે માતા પાર્વતીજીને અમર કથા કહેલી.

૬ આ શ્રેષ્ઠ ચમત્કાર જોવા ઠેઠ અમેરિકા.... ઇંગ્લાંડ.... જર્મની...જપાનના પ્રવાસીઓ આવે છે.
અમે શ્રી જલારામ બાપાની દયાથી આ યાત્રા તારીખ ૩-૮-૧૯૫૫ ના રોજ 'હેમખેમ' કરેલી.

વાંચો : ભગવાન અમરનાથ

પાના ૧૫૫. ફોટા ૯૦. પાકું પુઠું. પચરંગી જેકેટ.

કિંમત રૂ. ૪-૬૨ પોસ્ટેજ બોક્સ સાથે રૂા. ૧-૮૧

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



ભગવાને
ઘર બદલ્યું !

મેં અમરનાથની ગુફામાં સાક્ષાત સ્વયં બનતા શિવલિંગના દર્શન કર્યા છે. તેજોમય શિવલિંગના દર્શન કર્યા છે. પરંતુ શિવજીએ સ્થળ બદલ્યું એ હું જાણતો નથી કારણ કે મેં તો જીંદગીમાં પહેલીજ વાર શ્રી જલારામ બાપાની કૃપાથી આ યાત્રા સને ૧૯૫૫ માં કરી છે. પરંતુ જેણે આ યાત્રા જીંદગીમાં અનેકવાર કરી છે એવા શ્રીનગર (કાશ્મીર) રાજ્યના એક પોલીસ અફસરે કહેલું કે:—

હમ તો હરસાલ શિવજીકી કૃપાસે ઇધર આતે હૈ. લેકિન શિવજીને યહ સાલ થોડીસી 'સીટ' બદલી હૈ.

વીરપુરથી ૧૪૩૫ માઇલ છેટે નિર્જન પહાડની નિર્જન ગુફામાં દુનિયાનો એક શ્રેષ્ઠ ચમત્કાર બને છે અને મેં આ ચમત્કાર નજરોનજર જોયો છે. મેં એકલાએ નહિ પરંતુ લગભગ ૧૫૦૦૦ યાત્રાળુઓએ દુનિયાનો આ શ્રેષ્ઠ ચમત્કાર જોયો છે અને વધારામાં—

યુરોપ, અમેરિકા, જર્મની, જપાનના પ્રવાસીઓએ પણ આ અદ્‌ભુત ચમત્કાર જોયો છે અને આ સર્વ શ્રેષ્ઠ ચમત્કાર જોઈ એક જર્મન સાહેબ તો બોલેલો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"This is beyond human Agency"

"આ મનુષ્ય કૃતિ બહારની વાત છે."

એટલે આ વાતો કાંઈ મારી....તમારી....કે કોઈની સાંભળેલી નથી : પરંતુ આ વાતો નજરોનજર જોયેલી છે, એટલે ખાત્રીથી કહું છું કે–

પુસ્તક વાંચી આપ પણ એ ઘડી વિચારવા લાગશો કે.

વાહરે.... વાહ.... મારા વાલાજી તારી તો અકળ લીલા છે.

એ વાલાજીની લીલાથી ભરપુર

વાંચો : ભગવાન અમરનાથ

(કાશ્મીરના વર્ણન સાથે)

પુસ્તક વાંચતાં તમને એમજ થાશે કે અમો પુસ્તક વાંચતા નથી પરંતુ યાત્રા કરીએ છીએ.

પાનાં ૬૫૫. ફોટા ૯૦. પાકું પુઠું. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૪–૬૨

પોસ્ટેજ તથા પેકીંગ રૂા. ૧–૮૧

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

યાત્રિક

જગજીવન બાવાભાઈ ચાંદ્રાણી

વીરપુર. (જલાબાપાનું) સૌરાષ્ટ્ર.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૫

ચાલો વાચકો! મજલ દર મજલ કરીએ

પહેલી મજલ
આલમોડા–ધારચુલા ૯૦ માઇલ

લ્યોને વાંચકો ભવિષ્યમાં આપણે કોઇને આ યાત્રાએ જવાનો યોગ પ્રાપ્ત થાય તો આપણને પણ આ માહિતી ઉપયોગી નીવડે એમ માની મેં ટપકાવેલી નોંધ અક્ષરશ આંહીજ ઉતારૂં કે જેથી સહયાત્રિકો ગિરધરભાઇ કે નંદાણી-ભાઈ ઉપરાંત આપણે સૌને કામ લાગે.

જુઓ! પહેલાં ગુડાના જોરે
હાલવામાં આ યાત્રામાં જવા
આવવાના માઇલ થાય છે ૪૨૬

હવે ઘણા ખરા યાત્રિકો ટનકપુર પીથોરાગઢ થઇને કૈલાસ યાત્રાએ જાય છે અને આપણે આવ્યા છીએ આલમોડા પરંતુ આગ્રા બરેલી થઇ જેમ ટનકપુર જવાય છે તેમ મહેસાણા દિલ્હી બરેલી થઇ કાઠગોદામ જવાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ટનકપુર જેમ છેલ્લું રેલ્વે સ્ટેશન છે તેમ કાઠગોદામ બરેલીથી જુદી લાઇન ઉપર છેલ્લું રેલ્વે સ્ટેશન છે એટલે ટનકપુર કે કાઠગોદામ કયાં થઇને જવાય એ જાણવા માટે તો ૨૫ કે ૫૦ ન. પૈસા ખરચો એટલે Up-to-date માહિતી વાળું રેલ્વે ટાઇમ ટેબલ મળી જાય એટલે ટનકપુર કે કાઠગોદામ કયાં થઇને જવાય એ હકીકત તો વાચકો આપ રેલ્વે ટાઇમ ટેબલમાંથી મેળવી શકશો પરંતુ ટનકપુરથી પીથોરાગઢ અને આલમોડા થઇને કૈલાસ યાત્રા આગળ કયા રસ્તે જાય છે તે આપણે જોઇએ.

૧. હવે તો અસકોટ સુધી બસ સરવીસ થઇ ગઇ છે એટલે અગાઉ અસકોટ સુધી જે હાલવું પડતું તે હવે હાલવું પડતું નથી.

૨. ટનકપુર–પીથોરાગઢથી અસકોટ ૩૩ માઇલ થાય છે.

૩. અલમોડાથી અસકોટ ૬૯ માઇલ થાય છે.

એટલે પીથોરાગઢ થઇને અસકોટ પુગવામાં ૩૬ માઇલ ઓછા થાય છે અને એક દિવસ બચી જાય છે પરંતુ આપણે તો આ નોંધ આલમોડામાં બેઠા બેઠા કરીએ છીએ એટલે આલમોડાથીજ ઉપડીએ પરંતુ ઉપડતાં પહેલાં સૌ પોતપોતાના ગુરુદેવનું સ્મરણ કરી જે બોલે.

બોલ જલિયાણ મહારાજની જે....

બોલ સદ્દગુરુદેવની જે ....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચકો આપણે બાપાની અને ગુરુદેવની જે તો બોલ્યા પરંતુ જેના દર્શને જવું છે જેની ઘરે જવું છે એની "જે" તો બોલીએ.

બોલ કૈલાસપતિ ભગવાનકી જે....

જરા જોરથી

બોલ ઉમાપતિ મહાદેવકી જે....

ચાલો હવે મજલ દર મજલ કરીએ પરંતુ આસ્તે હાલજો હો યાત્રિકો! કારણ કૈલાસ યાત્રાએ જવામાં કાંઇ એક મજલ નથી.... બે મજલ નથી.... પરંતુ પુરી ચાર મજલ છે.

—૦—

હિમાલય તથા તિબેટનો પ્રદેશ ઘણી ઊંચાઇએ આવેલો હોવાથી ત્યાં હવાનું દબાણ ઘણું ઓછું હોય છે, તેથી ત્યાં પાણી ગરમ કરતી વખતે તે હુંફાળું થવા માંડતાંજ તેની વરાળ થઈ જાય છે. આમ થવાથી રસોઇ કરતી વખતે દાળ–ચોખા બરોબર ચડતાં નથી અને કાચાં રહી જાય છે. શ્રીમંત તથા સાધનવાળા યાત્રીઓએ પોતાની માથે પ્રેસર–કૂકર લઇ જવાથી આ અગવડ દુર કરી શકે છે.

—૦—

યાત્રીએ પોતાના સ્વભાવ તથા પ્રકૃતિને અનુકુળ આવે તેવાજ સાથીઓ શોધવા આવશ્યક છે, નહિ તો યાત્રાની ભાવના તથા આનંદ નષ્ટ થવાનો સંભવ છે.

શ્રી નવનીત પારેખ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મજલ પહેલી.
આલમોડા-ધારચુલા ૯૦ માઇલ.

હવે કોઈ કારણસર ચોમાસુ પુરૂ જામ્યું હોય તો આસકોટ સુધી બસ જતી નથી પરંતુ બેરીનાગ કે થલ સુધી જાય છે એટલે મોટર બસ તો જતી હોય ત્યાં સુધી યાત્રિકોએ મોટર બસમાં જવું પરંતુ સગવડતા ખાતર આપણે તો આલમોડાથી ધારચુલા સુધીના રસ્તાની હકીકત નોંધીએ.

નંબર	નામ	માઇલેજ	ઉંચાઈ
૧.	આલમોડા	—	૫૪૦૦
૨.	બાડેછીના	૮	૪૦૦૦
૩.	ધવલછીના	૧૪	૬૦૬૦
૪.	કનારીછીના	૧૯	
૫.	શેરાઘાટ	૨૪	
૬.	ગણાઇ	૩૦	
૭.	બાંસપાટણ	૩૬	
૮.	બેરીનાગ	૪૨	૭૦૦૦
૯.	થલ	૫૨	૩૦૦૦
૧૦.	ડીડીહાટ	૬૨	૬૦૦૦
૧૧.	કાણાધાર	૬૫	
૧૨.	અસકોટ	૬૯	૫૦૦૦
૧૩.	જોલજીબી	૭૪	૨૧૦૦
૧૪.	બાલવાકોટ	૮૦	૩૦૦૦
૧૫.	ધારચુલા	૯૦	૩૦૦૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો કૈલાસ યાત્રામાં કદાચ આ પુસ્તક પાસે હોય કે ન હોય એટલે ઝટ દઈને કામ લાગે એ માટે ડાયરીમાં નોંધી લ્યો કે–

> આલમોડાથી ધારચુલા પહોંચવા માટે–
> અસકોટ સુધી બસ ચાલતી હોય તો સારી વાત છે, નહિંતર ૯૦ માઇલ હાલવાનું અને નેવું માઇલ હાલવામાં ઓછામાં ઓછા ૭ થી ૮ દિવસ તો થાયને ! બાકી જેની પીંડીઓ જોરદાર હોય તેને ૧–૨ દિવસ ઓછા થાય એ પણ સાચું !

ચાલો વાંચકો ! ધારચુલા પુગ્યા હવે બાપાનું નામ લઇ બીજી મજલ શરૂ કરીએ.

—o—

Beyond Garbhyang there are no houses So they should took Kerosene stove, cooker, tents etc. with them. From Garbhayang it is very necessary to keep the full equipments for the daily requirements of life. There should be a storage for atleast for fifteen days.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૬

લીપુદ્વાર ઓળંગતા જાણે આભમાંથી યમદુત લાંબા હાથ કરીને યાત્રિકોને બોલાવી રહ્યા હોય એવું લાગે છે.

મજલ બીજી.
ધારચુલા–ગર્બ્યાંગ ૫૫ માઇલ

નંબર	નામ.	માઇલેજ.	ઉંચાઇ
૧	ધારચુલા	૯૦	૩૦૦૦
૨.	ચાલા	૯૭	–
૩.	ખેલા	૧૦૦	૫૫૦૦
૪.	પંગુ	૧૦૬	૬૯૦૦
૫.	સોસા	૧૧૦	૮૦૦૦
૬.	સિરખા	૧૧૨	૭૮૦૦
૭.	જીપ્તી	૧૨૩	૮૦૦૦
૮.	માલપા	૧૩૨	૭૨૦૦
૯.	બુધી	૧૪૦	૮૫૦૦
૧૦.	ગર્બ્યાંગ	૧૪૫	૧૦,૩૦૦

યાત્રિકો ! મજલ બીજી પાંચ દિમાં પુરી થાય છે પરંતુ એ નોંધી લ્યો કે વચમાં જ્યાં સોસા આવ્યું ત્યાંથી શ્રી નારાયણ આશ્રમે જવાય છે. નારાયણ આશ્રમ સ્વામીજી શ્રી નારાયણ સ્વામીજી મહારાજે સને ૧૯૩૬માં સ્થાપ્યો છે. આશ્રમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુંદર બે માળના મકાનવાળો છે ત્યાં વિશાળ સંકીર્તન હોલ લાયબ્રેરી–હોસ્પિટલ અને બીજા અનેક નાના મોટા ઓરડાઓ વાળો આ આશ્રમ છે. સાધકોને આંહી રહી સાધના કરવાની વધુ સગવડતા રહે છે સ્વામીજી પોતે ઘણા પ્રભાવશાળી અને બુદ્ધિશાળી હોવાથી આજુબાજુના સ્થળોએ એમની બહુ નામના જામેલી છે. અને સેવા શ્રમ અને પ્રભુ ભક્તિથી શોભતા આ આશ્રમનું આ પ્રદેશમાં વિશિષ્ઠ સ્થાન છે– એટલે કૈલાસ યાત્રાએ જતાં કે વળતાં યાત્રાળુ આ આશ્રમના દર્શને આવે છે એટલે–વાચકો નોંધી લ્યો કે– ધારચુલાથી ગર્બ્યાંગ જતાં વચમાં સોસા નામના સ્થળથી શ્રી નારાયણ આશ્રમના દર્શને જવાનું છે.

વાચકો હવે બીજી અગત્યની વાત એ કરવાની છે કે આપણે પહેલી મજલ ૯૦ માઇલ હાલીને આલમોડાથી ધારચુલાની જે કરી તે મુલક આપણો છે અને આ બીજી મજલ ૫૫ માઇલની ધારચુલાથી ગર્બ્યાંગની કરી એ મુલક પણ આપણો છે. જેથી સ્વતંત્ર ભારતના સ્વતંત્ર નાગરિક તરીકે આપણે આપણા પોતાના મુલકમાં અત્યાર સુધી મુસાફરી કરી રહ્યા હતા પરંતુ હવે ત્રીજી મજલ પારકા મુલકમાં કરવાના છીએ હવે ગર્બ્યાંગથી ૧૧ માઇલે કાલાપાની નામનું સ્થળ આવે છે ત્યાં ભારતની સરહદ પુરી થઇ તિબેટની સરહદ શરૂ થાય છે એટલે કાલાપાની આગળ સરહદી થાણા છે. ભરી બંદુકે આંહી મિલિટરીના પહેરા રહે છે અને ભારતના યાત્રિકો જ્યારે આંહી પુગે છે ત્યારે યાત્રિકોના મનમાં એક જાતની તીવ્ર લાગણી ઉત્પન્ન થાય છે.

કૈલાસ યાત્રાનો ઉમંગતો યાત્રિકોના હૃદીઆમાં ભર્યો પડયો હોય છે અને એ ઉમંગ સાથે અતુટ શ્રદ્ધા અને વિશ્વાસે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યાત્રિકો આ ૧૫૦ માઈલ હાલીને આંહી પૂગ્યા પણ હવે ખરી કસોટી તો આંહીથી શરૂ થાય છે કારણ કે કાતિલ ઠંડીમાં ૧૬૭૫૦ ફુટની ઉંચાઈવાળો સદાકાલ બરફથી છવાયેલો લીપુઘાટ યાત્રિકોને ઓળંગવાનો છે અને યાત્રિકો જ્યારે તે



લીપૂઘાટ પાર કરવામાં ભોગવવી પડતી કઠિનાઇનો આછેરો ખ્યાલ.

લીપુઘાટ ઓળંગતા હોય છે ત્યારે આભમાંથી જાણે યમદુત હાથ લાંબા કરી કહે છે કે "હે યાત્રિકો આંહી આવો....હાલ્યા આવો...ઉપર આવો....એવા અણબોલેલા શબ્દો જાણે યાત્રિકો આભમાંથી સાંભળી રહ્યા હોય એવું લાગે છે અને કાચા પોચા યાત્રિકો તો આંહીજ 'ઢગલો' થઇ જાય છે પણ આ જીવ અને જમદુતની લડાઇમાં અંતે જ્યારે યાત્રિકો જીતે છે ત્યારે લીપુઘાટ સુખરૂપ પસાર કર્યાની ખુશાલીમાં યાત્રિકો ગોળપાપડી જે ભાતામાં લીધી હોય છે તે અંદરો અંદર વહેંચે છે અને એક બીજાને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભેટી પડે છે અને સ્ત્રીઓ–ઢાલવી હરખમાં રૂવે છે અને હરખમાંને હરખમાં લીપુઘાટને નમસ્કાર કરી આગળ વધે છે.

વાચકો ! આ છે કૈલાસ યાત્રાએ જતાં વચમાં આવતા લીપુઘાટ પાર કરવાની કઠિનાઇ....

વાચકો ! આપણે તો હાલીને મુસાફરી કરીએ છીએ પણ આપણી સાથેના સામાનનું શું ! કારણ એ કાંઇ આપણે થોડા ઉપાડી શકવાના છીએ ! એટલે આલમોડાથી સામાન ઉપાડવા માટે મજુરો પણ કરવા પડે છે પણ એ બધા ભારતના સીમાડા સુધી આવે છે અને પછી તિબેટના વેરાન પ્રદેશમાં મુસાફરી કરવા માટે આપણે ગર્બ્યાંગથી બીજા મજુરો ઝબુ–યાક અને ખચ્ચરો ભાડે લેવા પડે છે.



પહાડી મજુરો.

હવે તો આ ત્રીજી મજલમાં ભોમિયો અને તંબુઓ પણ સાથે લેવાના હોય છે કારણ હવે રસ્તામાં કોઇ ધર્મશાળાઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવવાની નથી, દુકાનો પણ આવવાની નથી અને આવશે તો એ બધી કહેવા જેવી....નામની.... એટલે ખરૂં પુછો તો આ ગર્બ્યાંગથી તકલાકોટ ૩૨ માઈલ અને ચોથી મજલ તકલાકોટથી દરચેન (કૈલાસ ચરણે) ૬૩ માઈલ એમ પંચાણું માઈલ જે જવાનું છે એજ ખરી કસોટીના દિવસો છે પણ યાત્રિકો મુંઝાતા નહિ હો!

કેમકે પ્રભુના ચરણે જવામાં આ પંચાણું માઈલ શું વિસાતમાં છે! કારણ કોણ જાણે કેટલાય જનમથી આ જીવડો પ્રભુનું શરણું શોધવા માટે આ સંસારમાં આંટા ફેરા મારે છે પણ એ શરણું જડતું નથી એટલે ચક્કર લગાવ્યાજ કરે છે.... લગાવ્યાજ કરે છે.... અને શરીર ઉપર શરીર.... યોનિ ઉપર યોનિ....બદલ્યાજ કરે છે પણ જીવડો ઠેકાણે પડતો નથી—એટલે આ જીવ કાંઈ હાલીને કે આંટા ફેરાથી મુંઝાઇ જાય તેવો નથી પણ દેહ મંદિરમાં શોભતાં એ હંસલાને જરા ઢાંકી ઢબુરી હેમખેમ કૈલાસ પતિને શરણે લઇ જઈએ અને જતાં પહેલાં માનસરોવરના ચોલા મોતીના ચારો ચરતા હંસલા હારે વાતો કરાવી માનસરોવરના જળમાં જરા આ દેહમંદિરને પલાળી લઈએ એવી આપણી જીજ્ઞાસા છે. ભાવના છે એટલે આ ત્રીજી મજલથી યાત્રિકો જરા ખબરદાર રહો.... દેહમંદિરને ઢાંકોઢુંબો.... અને તેનું જતન કરો.... કારણ દેહમંદિરમાં જો ઢલ્યું તો એ હંસલો તો ઉડી જવાનો.... કારણ એ હંસલાને કોઇની સગાઇ નથી. એતો જનમ્યો ત્યાંથી પાંખો પહોળી કરી ઉડ.... ઉડ.... કરતો જ હોય છે એટલે પાંચે પચાસે કે સોહ વરસે એ ઉડવાનો એ ચોકસ અને આપણે જનમીએ ત્યારથી જાણીએ છીએ કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ હંસલો કોઈનો સગો થયો નથી કારણ આપણા ઉંબરેથી જ એ ઉડતો જ આવ્યો છે અને એના ઉડયા પછીના આપણા વહાલસોયાના દેહમંદિરો આપણે હાથેજ આપણે ખાક કરી રાખ કર્યા છે એટલે આપણી પણ એ દશા થાય તે પહેલાં જો આ દેહે કૈલાસપતિના ચરણે પૂગ્યા તો સારૂં નહિતર....

આમ હું ત્રીજી મજલની નોંધ ટપકાવતા ટપકાવતા વિચાર ચકડોળે ચડું છું, ત્યાં ગિરધરભાઈ દહીંનો વાટકો ભરીને બજારેથી પાછા આવ્યા પરંતુ બજારે જતાં ગિરધરભાઈમાં જે ચેતનતા હતી એ ચેતનતા કાંઈક ઓછી લાગી સાથે ચહેરા ઉપર ઉમંગને બદલે "ઉચાટ" પણ જણાયો પરંતુ કાલે કૈલાસ યાત્રાએ ઉપડનારા યાત્રિકને પૂછવાની મારી હિંમત હાલી નહિ એટલે એ દહીંનો વાટકો લઈ રસોડામાં ગયા અને હું આંહી ત્રીજી મજલની નોંધ ટપકાવવા લાગ્યો.

ચાલો યાત્રિકો સાબદા થાઓ ! જરા વધુ પહેરો ઓઢો જરા ભાતાના ડબા જોઈ જુઓ અને જુઓ તો ખરા કે પંદર દિ પુગે એટલું ભાતું તો ભર્યું પડયું છે ને ! નહિતર ખાશું શું....કારણ પેટ તો પહાડમાં જાવ કે પર્વતને ટોચે જાવ પણ એ જનમ જનમનું સાથી તો ભેગુંજ છે અને છેલ્લે મસાણે પુગતાં પણ લાડવો...ભલે ઘી વગરનો....પણ માંગવાનો છે અને પાણી પીવાનો ઘડો અને ઘી વગરનો લાડવો લીધા પછીજ સગાં વહાલાનો 'સગડ' મુકવાનો છે માટે જીવતાં જીવની તો જરા સંભાળ રાખવા આપણા ભાતાના ડબા જોઈ લ્યો. યાત્રિકો! કારણ હવે રસ્તામાં નાણું કામમાં આવવાનું નથી પરંતુ 'ભાણુંજ' કામમાં આવશે માટે એ ભાતાના ડબાને જોઈ બરાબર પેક કરી તાળું મારો કારણ કે એ ડબો આપણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો હવે તિબેટીઅન મજુરોને સોંપવાનો છે એટલે જરા ખબરદારી રાખીએ કારણ કે પારકો મુલક છે પારકા જણ્યા હારે હવે કામ પાડવાનું છે માટે યાત્રિકો જરા વધુ ખબરદારી રાખો.

યાત્રિકો ! હવે ત્રીજી મજલ શરૂ કરતાં પહેલાં વધુ ખબરદાર રહી યાત્રા શરૂ કરે છે પરંતુ વાંચકો આપણે ત્રીજી મજલ શરૂ કરતાં પહેલા એકવાર જોરથી જલારામ બાપાની.... ગુરુજીની અને ભોળાનાથની જે બોલી આ તિબેટીઅન વેરાન પ્રદેશને... પહાડોને.... જલારામ બાપાના નામનો.... ગુરુજીના નામનો અને ભોળાનાથના નામનો જયનાદ સંભળાવીએ.

બોલ જલિયાણ મહારાજની જે...
બોલ સદ્‌ગુરુ દેવકી જે....
બોલ કૈલાસપતિ મહાદેવકી જે....
બોલ ઉમા પતિ મહાદેવકી જે....

યાત્રિકો! હવે તો આપણે ભગવાન બુદ્ધની ભૂમિમાં મુસાફરી કરવાના છીએ એટલે ભગવાન બુદ્ધને પણ પ્રણામ કરી એક મંત્ર બોલીએ.

"ૐ મણિ પદ્મે હૂં !"

અર્થ થાય છે કે–

"હૃદય કમલમાં સ્થિત મણિ (બુદ્ધ) નો જય હો!"

—•—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક અંગ્રેજ લખે છે કે—

અમરનાથની ગુફા

ઇશ્વરે બનાવી છે.

અને

મનુષ્યના હાથથી અડકાયેલ નથી.

ઇગ્લાંડનો પ્રવાસી મી. પીઅર્સ ગર્વીસ Pearce Gervis' અમરનાથ ગએલ. તે 'This is Kashmir' ના પુસ્તકમાં લખે છે કે—

...but Kashmir also has within its borders one of the most amazing and sacred of Hindu temples, Created by God and untouched by the hand af man.

કાશ્મીરની હદની અંદર પણ ઘણાંજ અચરતી ભરેલાં અને પવિત્ર હિંદુ મંદિરો પૈકીનું એક મંદિર આવેલું છે કે જે મંદિર ઇશ્વરે બનાવેલ છે અને મનુષ્યના હાથથી અડકાયેલ નથી...'

આવી ચમત્કારિક ગુફા અને તે ગુફામાં સ્વયં બનતા બરફના શિવલિંગ સબંધે અને આ યાત્રાએ કયારે જવાય ! કેટલો ખરચો આવે ! અમરનાથ જતાં કેવાં કેવાં અનુપમ અને સ્વર્ગીય દ્રશ્યો આવે છે તેનાં વર્ણન અને ફોટા સાથે—

વાંચો : ભગવાન અમરનાથ

(કાશ્મીરના વર્ણન સાથે)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પો. બો. નં. ૧૪૨૫૦
વેસ્ટ લેન્ડસ નાઈરોબી
તા ૯–૨–'૫૮

મને માનસિક શાન્તિ મળી હોય તો આપના પુસ્તક....

નાઈરોબીથી શ્રી કે. જે. પાનખાણીઆ લખે છે કે:

અમરપંથ પુસ્તક હાથમાંથી મૂકવું ગમતું ન હતું. તે મુજબ 'ભગવાન અમરનાથ' પણ હાથમાંથી મુકવું ગમતું નથી. એક રાત્રે દોઢ વાગે ઊંઘ ઉડી ગઇ ને બત્તી કરી હાથમાં તમારૂં પુસ્તક લઇ વાંચવામાં મશગુલ થઇ ગયો. આંખો થાકી ગઇ એટલે પુસ્તક માથે ચડાવી સૂતો, તેવી ઊંઘ આવી ગઇ ને હું પહોંચ્યો હિમાલયના પહાડમાં રખડવા. મારી નજર સામે ભગવાનનાં દર્શન થયાં ને આનંદ આનંદ થઇ રહ્યો! અત્યાર સુધી મને માનસિક શાન્તિ મળી હોય તો આપના પુસ્તક 'શ્રી જલારામ ''અમરપંથ' ને 'ભગવાન અમરનાથ'ના પુસ્તકને મારૂં રૂંવાડે રૂંવાડું ગુણ ગાય તો પણ થોડુંજ કહેવાય.

પો. બો. નં. ૭૦૬, ઝાંઝીબારથી

શ્રી ત્ર્યંબકભાઇ ડી. ટાંક લખે છે કે–

વખાણ કરતાં ધરાતાં જ નથી

અમરનાથનું લખાણ પણ ઘણું જ સરસ છે. જે લોકો હાથમાં લે છે તે પૂરૂં કરીને જ જંપે છે. પૂરૂં કર્યા વગર તેમને મઝા નથી પડતી. બન્ને પુસ્તકો અમરનાથ તેમજ અમરપંથ જે જે લોકો વાંચવા લઈ ગયાં છે તેઓ ખૂબજ વખાણ કરે છે. વખાણ કરતાં ધરાતાં જ નથી. પુસ્તક તો સારાં છે પણ સાથે આપણી જ કાઠીયાવાડી ભાષા હોઈ ઘણોજ આનંદ આવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાંચ રૂપિયાની અંદર કોઇ પણ હાડમારી વેઠયા વગર અમરનાથ જઇ શકાય છે.

ડૉ. પ્રધાનની બાજુમાં
ચાવડી બજાર–પેટલાદ
૧૨–૯–૫૮ (ખેડા જીલ્લો)

મુ. શ્રી રાજદેવભાઈ,

અનાયાસે "ભગવાન અમરનાથ" નામનું પુસ્તક જોયું એક વખત તો એવું દિલ ચોંટી ગયું કે પહેલેથી છેલ્લે સુધી પ્રવાસ–વર્ણનનાંજ પ્રકરણો વાંચી ગયો અને તે પછી દરેક ધામના માહાત્મ્યવાળાં પ્રકરણો વાંચી ગયો. આપે રાજકોટથી અમરનાથ જવાનો અંદાજી ખર્ચ રૂા. ૨૫૦ થી ૨૭૫ નો બતાવ્યો છે. પરંતુ કોઇ પણ જાતની બીક વગર હું કહી શકું તેમ છું કે જગતના કોઇ પણ ભાગમાંથી અમરનાથની યાત્રા માત્ર આપનું પુસ્તક ખરીદીને પાંચ રૂપિયાની અંદર કોઇ પણ હાડમારી વેઠયા વગર અમરનાથ જઇ શકાય છે. પુસ્તકમાંનું વર્ણન અને સાથે વાંચક યાત્રિકને પણ આપની યાત્રાળુ ટુકડીમાં સાથે લીધેલો જ છે એટલે જ કોઈ પણ ભાવિક અમરનાથ જઇ શકે નહિ છતાં પણ તે યાત્રાએ ગયો છે એટલો જ સંતોષ આપના પુસ્તકમાંથી મળે છે. આપે સગર રાજાની માફક "ઘેર બેઠે ગંગા" ખેંચી આણી છે એમાં ના નહિ. જેમનું પુસ્તક મેં વાંચ્યું તેમના કહેવા પ્રમાણે "ભગવાન અમરનાથ" માટે એમને ઘેર લાઇન લાગી છે. એ લાઇનમાં મારો નંબર લાગી ગયો તે મારૂં સુભાગ્ય સમજુ છું.

આપનો, સુધાકર એન. દવેના વંદન.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી જવાહરલાલ નહેરુ

પોતાની જીવન કથામાં કહે છે



આખરે થાકી પાકી, સાવ નિરાશ થઇ પાછા ફર્યા અને અમરનાથની ગુફાનાં દર્શન કરવાનાં રહ્યાં તે રહ્યાં.

કાશ્મીરના ઊંચા ગિરિવરો અને ખીણો ઉપર હું એટલો બધો મુગ્ધ હતો કે......

'હિમાલયમાં એક સાહસ' (એ પ્રકરણમાંથી)

જે ગુફાનાં દર્શન કરવાની તમન્ના નહેરુજી જેવાને પણ થાય છે. તે ગુફા કયાં આવી! તેમાં બરફનું સ્વયંભૂ શિવલિંગ કેમ બને છે કયારે બને છે અને કબુતરો હજુ પણ કયાંથી આવે છે તે માટે અમરનાથની યાત્રા સંબંધેનું પુસ્તક ૯૦ ફોટા સહિત......

વાંચો : **ભગવાન અમરનાથ**

(કાશ્મીરના વર્ણન સાથે)

પાના ૬૫૫. ફોટા ૯૦. પાકું પુઠું. પચરંગી જેકેટ.
કિંમત રૂ. ૪-૬૨ . પોસ્ટેજ તથા પેકીંગ રૂ. ૧-૮૧

પ્રકાશક :

કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ
ચંપાકુંજ, ૪૨ પ્રહલાદ પ્લોટ,
રાજકોટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૭

૧. દિલને ઢંઢોળે એવી શાંતિ જોઇ હું વિચારમાં પડયો....

૨ ભેરૂઓ બધા તૈયાર હોય અને હું કાં આમ ગોળછેહઠ કરૂં....

૩. આખા જગતમાં સૌથી વધુ ધર્મપ્રધાન દેશ તિબેટ છે.

૪. તિબેટને જગતનું છાપરૂં કહે છે.

મજલ ત્રીજી
ગર્બ્યાંગ–તકલાકોટ ૩૨ માઇલ

હવે શરૂ કરો મજલ ત્રીજી

નંબર	નામ	માઇલેજ	ઉંચાઇ
૧.	ગર્બ્યાંગ	૧૪૫	૧૦,૩૦૦
૨.	કાલાપાની	૧૫૬	૧૨,૦૦૦
૩.	શંગચમ	૧૬૪	૧૫,૦૦૦
૪.	લીપુઘાટ	૧૬૭	૧૬,૭૫૦
૫.	પાલા	૧૭૨.	૧૪,૦૦૦
૬.	તકલાકોટ.	૧૭૭	૧૩,૦૦૦

ચાલો યાત્રિકો આ ૩૨ માઇલ કાપતાં આપણને ત્રણ દિવસ થાય છે અને લીપૂઘાટ પછીની ભૂમિને આપણા ઇતિહાસકારોએ હૂણ દેશ નામ આપેલું છે અને હુણ લોકો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેવા હતા કેવા ધંધા કરતા એ વાચકો હું યાત્રાએ નીકળ્યો છું એટલે તમને નહિ કહું કારણ કે निंदा नहि सम पाप એટલે મારે કોણ પારકી પંચાતમાં પડે કે અગાઉનો આ હુણ દેશ કેવો હતો જેથી એ માટે તો જેને જીજ્ઞાસા હોય એમણે ભારતનો પ્રાચીન ઇતિહાસ વાંચી જોવો બાકી હા! એટલું ખરૂં કે હવે આપણે તિબેટની હદમાં છીએ એટલે તિબેટ સબંધે મારા વાચક બંધુઓને મારે વાકેફ કરવા જોઇએ પણ વાચકોને વાકેફ કરતાં પહેલાં હું તો વાકેફ થાઉં કે રસોડામાં શુ ચાલે છે એટલે નરવી કાયા વાળા સુતેલા નંદાણીભાઇને જગાડવા કરતાં હું જ રસોડામાં પૂગ્યો તો જગુભાઇ આખા મરચાનો સંભારો કરી રહ્યા છે....બચુ પાપડ શેકી રહ્યો છે...અને જયંતિભાઈ લમણે હાથ દઇ કાંઈક વિચારી રહ્યા છે અને ગિરધરભાઇ કોથમીરને સુધારી રહ્યા છે.... ઝીણી કરીને સુધારી રહ્યા છે....પણ કોઈ કાંઇ વાતું કરતાં નથી જાણે ટેલિગ્રાફિક ચાર્જ એક શબ્દના દશ નયા પૈસા દેવા પડતા હોય એમ બધા ટેલિગ્રાફિક 'લેંગવેજમાં' વાતો કરી રહ્યા છે એટલે દિલને દઝાડે એવી શાંતિ જોઇ હું વિચારમાં પડયો કે ભેરૂઓ કાં બધા આમ થઇ ગયા! પરંતુ ગિરધરભાઇ અને નંદાણીભાઇ કાલે કૈલાસ યાત્રાએ જવાના છે એટલે એ વિયોગની વિચારધારા સૌને અકળાવતી હશે એમ મને લાગ્યું અને લાગ્યું કે જયંતિભાઇના તો વિચાર વલોણા હજુ ચાલુ છે પણ માખણનો પીંડો હજુ બંધાતો લાગતો નથી અને સ્થુલ કાય જગુભાઈ તો "सो तारी राम दूहाइ અને एक मारु उंहूं" એ માંહેનું એકજ વાકય બોલે છે કે S. M. આવે તો હું આવું પછી ભલે પહાડ પડે કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પથ્થરા પડે.... રસોડામાં ભેરૂઓની આ સ્થિતિ છે જ્યારે.... નંદાણીભાઇ તો આવતી કાલે હાલવામાં વધુ સ્ફુર્તિ રહે એ માટે અત્યારથી જ આરામ કરી રહ્યા છે અને નસકોરા બોલાવી 'Nose-pipe' દ્વારા જાણે બેટરીમાં પાવર ભરી રહ્યા છે અને એની નરવાઇ જોઇ મને વિચાર થાય છે કે જીવડાની નરવાઈ તો જુઓ !

હું આ બધું જોઉં છું અને સાથોસાથ સૌનું ચાલતું મનોમંથન પણ જાણું છું કે આ દઝાડે એવી શાંતિ શા માટે આજ બે દિવસ થયાં થઇ ગઇ છે. છતાં મારા રદિયામાં કૈલાસ યાત્રાએ આગળ હાલવાની હિંમત જ નથી સાથોસાથ કૈલાસ યાત્રાનો અસંતોપ પણ રહેતો નથી પરંતુ જાણે કૈલાસ યાત્રા કરી આવ્યા હોઇએ એવી ભવ્ય ભાવના હૃદયના ઉંડાણમાં ઉગી એની સુવાસ અને સોડમ ફેલાવી મારૂં મન આનંદ આનંદમાં રહે છે અને થાય છે કે ખરેખર કોઈ અદૃશ્ય શક્તિ દ્વારા આ બધો વિચાર પલટો થઈ રહ્યો છે નહિતર ભેરૂઓ બધા તૈયાર હોય અને હું કાં આમ પીછેહઠ કરૂં ! કયા કારણસર ! શું કરવા !....એ તો હું એકલોજ જાણું છું અને જાણતો પણ નથી એટલે મિશ્ર લાગણી સહિત મેં રસોડામાં આંટો મારી જગુભાઈને પૂછયું

" કાં જગુભાઇ શું વાર છે ફરાળ ને ! " અને જગુભાઇ બોલ્યા " કેટલા વાગ્યા ! " મેં કહ્યું અગીઆરની માથે દશ " અને જગુભાઇ પ્રાયમસને ધીમો પાડી ઉંચે સાદે બોલ્યા !

" આજે મારે તમને ફરાળમાં 'વેરાઈટી' ચખાડવી છે" એમ કહી વધુ બોલ્યા વગર એ તો પ્રાયમસને પંપ મારવા મંડી પડયા અને મેં ગિરધરભાઇ–જયંતિભાઇ સામે જોયું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને પૂછ્યું "કાં શું ચાલે છે!" અને જાણે જવાબ આપવામાં પણ મસ્તક પીડા થાતી હોય એમ હૃદયના ઉંડાણમાંથી બોલ્યા–

"સારૂં ચાલે છે!"

અને આ જવાબ સાંભળી મને થયું!" ભાગો! ભેરૂઓ બધા ભ્રમમાં પડયા લાગે છે માટે આપણે હાલો આપણું કામ કરીએ કારણ થાળ તૈયાર થાશે એટલે આકુડા પૂજ્ય બાપાને ધરવા આવશે." એટલે આપણે તો રસોડામાં પડેલા મગફળીના દાણા મોઢામાં નાખી રસોડામાંથી "રફુચકર" થઇ ડ્રોઇંગ રૂમમાં આવ્યા ત્યાં તો નંદાણીભાઇએ પડખું ફેરવ્યું અને મને પૂછ્યું "કેટલીવાર!" અને મેં પણ દશ નયા પૈસાના ભાવે જવાબ આપ્યો "અંદર પૂછો!" પરંતુ એ જીવડાએ ઊઠવાને બદલે ઉંઘવાનુંજ પસંદ કર્યું અને પેટે હાથ ફેરવી પડખું ફેરવ્યું અને મેં સોફા ઉપર બેસી લખવાનું અને વાંચવાનું શરૂ કર્યું.

લ્યો વાચકો! હવે ચોથી મઝલ શરૂ કરતાં પહેલાં તિબેટ સબંધે જાણીએ.

આખા જગતમાં સૌથી વધુ ધર્મપ્રધાન દેશ તિબેટ છે અને તિબેટીઅનોના જીવન ઉપર સૌથી મોટી અસર ધર્મની છે, તિબેટની વસ્તીના ચોથા ભાગના માણસો સાધુઓ હોવાને લીધે તથા ઘણે ઠેકાણે બહુપતિ પ્રથાને લીધે તિબેટની વસ્તી વધતી નથી. આ માટે તિબેટી પ્રજાનું મોટે ભાગે અસ્થાયી જીવન પણ કંઇક જવાબદાર હશે.

ભારતની ઉત્તરે અને એશિયા ખંડની મધ્યમાં આવેલા તિબેટનો વિસ્તાર ૮,૧૪,૦૦૦ ચોરસ માઇલનો છે છતાં તેની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસ્તી ૪૦ લાખની અંદર છે એટલે આ વિશાળ દેશની વસ્તી ફક્ત મુંબઇ જેટલીજ છે કેમકે તિબેટનો લગભગ ઘણોખરો પ્રદેશ નિર્જન અને સરેરાશ ચૌદ હજાર ફુટની ઉંચાઇવાળો હોવાથી વસ્તી ઓછી છે પણ તિબેટને જગતનું છાપરૂં કહે છે.

જગતનું ઉંચામાં ઉંચુ શિખર ગૌરીશિખર (એવરેસ્ટ) ૨૯૦૦૨ ફૂટ, પણ તિબેટ–નેપાલ સરહદ પર આવ્યું છે.

પ્રભુની લીલા તો જુઓ વાચકો કે સાગર કાંઠાથી સેંકડો માઇલ દૂર આવેલા તિબેટમાં ઘણાં વિશાળ સરોવરો આવ્યા છે– પશ્ચિમ તિબેટમાં માનસરોવર તથા રાક્ષસતાલ જેવા મોટા સરોવરો છે.

તિબેટનો આખોય પ્રદેશ નાના નાના પથ્થરો અને કાંકરાઓથી છવાયેલો છે તેથી આ પથરાળ ભૂમિમાં આટલી ઉંચાઇ તથા કારમી ઠંડીને લીધે મોટાં ઝાડો તો શું પણ નાના છોડ કે વનસ્પતિ પણ ઉગવી મુશ્કેલ હોવાથી ખેતી પણ જવલ્લેજ થાય છે અને તે ચોમાસામાં નહિ પરંતુ ઉનાળામાંજ !

તિબેટમાં આખા વર્ષમાં બધો મળીને માંડ દશથી બાર ઇંચ વરસાદ પડે છે.

સરેરાશ ચૌદ હજાર ફૂટની ઉંચાઇએ આવેલા તિબેટની આબોહવા સ્વાભાવિક રીતે ખૂબ ઠંડી છે–શિયાળામાં તો એટલો બધો બરફ પડે છે કે પહાડો મકાનો કે ખીણો બધાય ઉપર બરફના થરને થર જામી જાય છે. તિબેટમાં શિયાળામાં બેજ રંગો જોવા મળે છે આકાશનો વાદળી રંગ અને ભૂમિનો સફેદ રંગ, ઉનાળામાં જ્યારે વરસાદ આવે છે ત્યારે ઘણીવાર તે કરા અને બરફ થઇને જ પડેછે. શિયાળામાં તો પારાશીશી (ફેહન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હાઈટમાં) શૂન્યથી પણ નીચે જતી રહે છે અને ઉનાળામાં પણ ઘણીવાર હિમ–બિંદુ (Freezing Point) થી નીચે જતી રહે છે.

તિબેટમાં ખાવા કે પીવાની કોઇ પણ વસ્તુ ઓળંગવી તે ધૃષ્ટતા તથા પાપ ગણાય છે અને તિબેટી લોકો ચા બહુજ પીએ છે દિવસમાં સાઠ–સિતેર પ્યાલા તો ચા પીએ છે પરંતુ જગતને છાપરે પિવાતી ચામાં ખાંડને બદલે મીઠું નાખેલું હોય છે અને દૂધને બદલે માખણ નાખે છે અને આવી મીઠા અને....માખણવાળી ચા દુનિયાભરમાં ફક્ત તિબેટી લોકોજ પીઈ શકે છે અને જયારે જુઓ ત્યારે તિબેટીના તંબુમાં ચાનું પીણું ઉકળતુંજ હોય છે.

ભીષણ ઠંડી અને બરફના જ્યાં વરસાદ પડતા હોય ત્યાં તિબેટી બિચારો નાહવા–ધોવાનું કયાંથી સમજે! જેથી તિબેટીનાં શરીર તેમજ પોષાક ખૂબજ અસ્વચ્છ અને દુર્ગંધ મારતા હોય છે.

તિબેટના લોકો મુખ્યત્વે મંગોલ જાતિના હોવાથી પુરૂષોને દાઢી–મુછ ઉગતાં નથી અપવાદ રૂપે કોઇક નાનકડી દાઢીવાળો તિબેટી જોવા મળે આમ તિબેટી સ્રી તથા પુરૂષના ચહેરામાં બહુ સામ્ય હોય છે વળી સ્ત્રી તથા પુરૂષના પોષાકમાં પણ સરખાપણું છે અને સ્રી તથા પુરૂષ બંને વાળની લાંબી સેર રાખતા હોવાથી ઘણીવાર કોઇ તિબેટી સ્રી છે કે પુરૂષ તે ઓળખી કાઢવું મુશ્કેલ બને છે.

વાચકો! હવે તો ૧૨ માં પાંચ કમ છે છતાં રસોડમાં હજુ કોઇ સરવળતું નથી પરંતુ નાકને સુગંધ ગમે એવી સોડમ આવે છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે વાંચતાં વાંચતાં રસોડામાં ફરીને ડોકું કાઢવાનું મન થતાં હું રસોડામાં ગયો તો જયંતિભાઈ અને ગિરધરભાઈ કાંઇક 'ઘુસપુસ' કરે છે અને જગુભાઈ તો સાંણુચી ઝાલી રાજગરાના શીરાના તપેલાને સંભાળી રહ્યા છે અને મારા તરફ જોઇ કહ્યું "ભાઇ! હવે ઝાઝી વાર નથી હો! સાડાબાર પહેલાં બાપાને થાળ ધરી દઇશ." અને મેં કહ્યુ "કાંઇ વાંધો નહિ જગુભાઇ! પણ આપણે રાજકોટથી મસાલેદાર માંડવીના જે દાણા લીધા છે તે કયાં? અને મારા પૂછગાછના જવાબમાં જગુભાઈને બદલે બચુએ જ ચટાકેદાર દાણાનો ડબો ખોલી મારી આગળ મૂકયો અને એમાંથી થોડા નહિ પરંતુ ઝાઝા બધા દાણા લીધા અને દાણા લઈ પાછો ડ્રોઈંગ રૂમમાં આવ્યો ત્યાં તો નંદાણીભાઇ સૂતા સૂતા બોલ્યા "થોડા આવવા દેજો" અને મેં જવાબમાં વાત કરવાને બદલે હસીને થોડા દાણા આપ્યા અને નંદાણીભાઈ સુતા સુતા જ એ દાણાને ચાખવા લાગ્યા અને આપણા રામે દાણા ખાતા ખાતાં તિબેટનું વર્ણન ફરી વાંચવા માંડયું.

હાલો વાચકો! આજે તો લાગે છે કે જગુભાઈ સાડાબાર પહેલાં ફરાળ દેવાના નથી અને હજુ પાંત્રીસ મિનિટની વાર છે ત્યાં તો આપણે તિબેટ સબંધે વધુ જાણી લઇએ અને કદાચ ચોથી મજલ પુરી કૈલાસ દર્શન પણ કરી લેશું એ તો હવે જેવી આપણી ઝપટ....

—o—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગંગે માતકી જે....



દેવપ્રયાગ સંગમઘાટ

ભગીરથ રાજાએ સ્વર્ગમાંથી ગંગાજી લાવી પોતાના પૂર્વજોની મુક્તિ માટે જે સ્થળે શ્રાદ્ધક્રિયા કરાવેલી તે સ્થળની હકીકત.... માહાત્મ્ય.... અને દેવપ્રયાગ સુધી જ ગંગાજીને ભાગીરથી શા માટે કહેવામાં આવે છે. આ બધું આપ બદરિકાશ્રમમાં વાંચી કોઈ અનેરો આનંદ અનુભવશો.

: વાંચો :

બદરિકાશ્રમ-(અમરપંથ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચો બદરિકાશ્રમ (અમરપંથ)

(મોટું પુસ્તક)



અલકાપુરી.

પાનાં ૮૮૫. ફોટા ૧૩૫

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોક્સ સાથે ૧–૮૭

૭–૭૫

બદરીનાથથી ૧૦ માઈલ દુર સતોપંથ. પાંડવોએ આંહીથી સ્વર્ગારોહણ કર્યાનું કહેવાય છે. મનોહરલાલજીને એક દૈવી-શક્તિવાળા યોગીએ સતોપંથ લઈ જઈ સ્વર્ગનાં નજરો-નજર દ્રશ્યો અહીંથી બતાવ્યાની વાત મનોહરલાલજીએ અમને કહેલું એનું વર્ણન બદરિકાશ્રમમાં છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસુધારાનો ધોધ.



બદરીનાથથી પાંચ માઇલ.

એટલી ચમત્કારિક વાતો આ વસુધારાના નામ સાથે જોડાએલ છે કે–

એ જાણવા આપને 'બદરિકાશ્રમ' એક વખત અવશ્ય વાંચી જવું પડશે.

૮૮૫ પાનાં. ૧૩૫ ફોટા.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોક્સ સાથે રૂા. ૧–૮૭

બહાર પડયા તારીખ ૨૮–૨–૫૮

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રભુની અપાર લીલા.



હેમકુંડ.

હાઇડ્રોજન પણ હારી જાય અને એટમ પણ જ્યાં અદબવાળીને ઉભો રહે એવા સિદ્ધો.... ઋષિઓ.... મૂનિઓ હજારો વર્ષ થયાં આ પવિત્ર હિમાલયમાં હજુ પણ તપસ્યા કરે છે. જે જાણી આપને ખબર પડશે કે–

હિમાલય શું છે!
યોગીઓ શું છે!
તીર્થો શું છે!
સંતો શું છે!
ભકતો શું છે!
અને
મહાત્માઓ શું છે!

વાંચો : **બદરિકાશ્રમ**

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૮

તિબેટમાં પ્રવાસ કરતી વખતે આપણને લાગે કે આપણે રાજા વીર વીક્રમના સંવત પહેલાંની કોઈ સદીમાં મુસાફરી કરી રહ્યા છીએ કારણ....

ચાલો આગળ વાંચો

તિબેટી લોકોમાં વિચિત્ર પ્રકારના હાવભાવ હોય છે તેઓ આગંતુકને આવકાર આપવા માટે પોતાની લાંબી જીભ બહાર કાઢે છે અને આપણે જેમ **રામ રામ ભાઈ** કહીએ તેમ તેઓ "**ખમ જમ મોરો**" કહે છે.

તિબેટી ભિખારીઓ તેમજ બાળકો પૈસા માગવા માટે હાથની મુઠી વાળીને અંગૂઠો સામે ધરે છે. તિબેટી લોકો એક બીજાને માન આપવા માટે નીચા વળીને "જૂ" કહે છે.

ધર્મપરાયણ તિબેટમાં અનેક પ્રકારના વહેમો અને માન્યતાઓ પ્રચલિત છે, દેવદેવીઓને પ્રસન્ન કરવા માટે તિબેટીલોકો કેટલીયે જાતની વિધિઓ અને કર્મકાંડ કરે છે અને પોતાની અનેકવિધ અભિલાષાઓ પૂર્ણ કરવા બાધા આખડીઓ રાખે છે. દૈવી કોપથી ડરતા અને વહેમો સેવતા તિબેટીઓ ભવિષ્યવાણી અને વર્તારાઓમાં પણ ખૂબ શ્રદ્ધા રાખે છે. તિબેટમાં ઠેક ઠેકાણે જ્યોતિષીઓ અને ભવિષ્યવેતાઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસતા હોય છે અને તેમનાં કથનોમાં લોકો ખૂબ માને છે. વહેમી તિબેટી લોકો શુકન અપશુકનમાં અને સાચા ખોટા મુહૂર્તમાં પણ બહુ માને છે.

વહેમી અને રૂઢિચુસ્ત તિબેટીઓ કોઈ પણ ધાર્મિક સ્થાનની ડાબી બાજુએ થઈને જવાના. તિબેટમાં.... માર્ગમાં ઠેર ઠેર મણિ પથ્થરોના ઢગલાઓ અને ચોરતેન (સ્તુપ) આવે છે પરંતુ શ્રદ્ધાળુ તિબેટી લોકો હમેશાં તે બધાની ડાબી બાજુએ થઈને જ ચાલે છે.

તિબેટ એક અજોડ, સંપૂર્ણ રીતે ધાર્મિક પ્રથાઓથી ચાલતો દેશ છે તિબેટ જેવું ધર્મનિષ્ટ રાજ્ય જગતભરમાં ભાગ્યેજ બીજુ હશે અને ભગવાન બુધ્ધના સાક્ષાત અવતાર તરીકે મનાતા દલાઈ લામા કોઈ સમ્રાટ કરતાં પણ વધુ સતાવાળા છે અને બધીજ બાબતોમાં તેમની આજ્ઞા આખરી ગણાય છે.

તિબેટમાં કોઇ કોઈ સ્થળે કસ્તુરી મૃગ હોય છે તિબેટના લોકો તેનો શિકાર કરીને તેની નાભિ કાપી લે છે અને ભોટીઆ વેપારીઓને તે વેચે છે.

ખેતી–વિહોણા તિબેટમાં ઘણાં નાના પરચુરણ ગૃહ ઉદ્યોગો પણ ખીલ્યા છે તેમાં મુખ્ય તો ઉનમાંથી કાંતવાનો ગુંથવાનો અને વણવાનો ઉદ્યોગો પ્રચલિત છે. પોતાને પહેરવાનાં કપડાં ઉપરાંત તિબેટી લોકો ઉનમાંથી ખૂબ ઘટ્ટ અને ટકાઉ ધાબળા બનાવે છે આવા જાડા ધાબળાને 'ચુટકા' કહે છે અને તિબેટની કારમી ઠંડીમાં ત્યાંના લોકોને આ ચુટકાજ રક્ષણ આપી શકે છે. સામાન્યપણે ચુટકાઓ સફેદ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અથવા કાળા રંગના હોય છે એનાથી પાતળા ધાબળાને "થૂલ્મા" કહે છે.

પશ્ચિમ તિબેટનો ભારત સાથેનો બધો વ્યાપાર સરહદ પર રહેતા ભોટીઆ વેપારીઓ જ ચલાવે છે. વસંતના આગમન સાથે જ તેઓ પોતાના સેંકડો ઘેટા બકરાની વણજારો સાથે તિબેટ જવા નિકળી પડે છે. ઘેટાની પીઠ ઉપર બંને બાજુ ચામડાની મજબુત કોથળીઓ લટકાવી તેઓ ભારતથી ઘઉં, જવ, ચોખા, સતુ, ગોળ, કાપડ, ચા, વાસણ, દીવાસળી, મીણબત્તી, વિગેરે જીવનની બીજી અનેકવિધ જરૂરીઆતો તિબેટ લઇ જાય છે.

ખુબ ઊંચાઈ અને પાતળી હવાને લીધે તિબેટનું આકાશ કોઇ અદ્દભુત રંગ ધારણ કરે છે. ખૂબજ નિર્મળ વાતાવરણ તથા પાતળી હવાને લીધે આકાશનો રંગ આપણે ન માની શકીએ તેટલો ઘેરો આસમાની બને છે.

તિબેટમાં ખરી ઠંડી તો પવન ફુંકાય છે ત્યારે લાગે છે. તિબેટ એક વિશાળ મેદાન હોઇ મધ્ય એશિયાના ઠંડા પવનો રોકવાને માટે ત્યાં કોઇ મોટી પર્વતમાળા નથી તેથી અહીં પવન ખૂબ વેગથી ફૂંકાય છે તિબેટના લોકો કહે કે 'हवा चली' એટલે સમજવું કે હવે જોરથી પવન ફૂંકાશે અને વાવાઝોડું થશે અને કરા તથા બરફનું માવઠું પણ થઇ જાય. મોટે ભાગે બપોર પછી વાતાવરણ ગરમ થાય છે ત્યારે પવન શરૂ થાય છે અને તેથીજ તિબેટમાં સવારેજ પ્રવાસ કરવો અનુકૂળ પડે છે પવનના વંટોળિયામાં ઘણીવાર મજબુત નાખેલા તંબુઓ પણ ઉખડી પડે છે અને કયાંય દૂર સુધી ઉડી જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યાત્રીને પોતાના પ્રવાસ દરમ્યાન રસોઈ કરવા માટે પાણી ગરમ કરવાની બહુ મુશ્કેલી પડે છે અને દાળ ચોખા ગમે તેટલા પ્રયત્ને ચડતા નથી અને કાચાજ રહી જાય છે જેથી સાધનવાળા યાત્રીએ પોતાની સાથે પ્રેશર કૂકર રાખવાથી આ અગવડ દૂર થઇ શકે છે.

રખડુ અને અસ્થાયી જીવનને લીધે તિબેટી લોકોને રહેવા માટે મકાનો બાંધવા પોસાય નહિં તેથી તિબેટમાં પાકાં બાંધેલાં મકાનો જવલ્લેજ જોવા મળે છે અને તે પણ જ્યાં કાંઈક નામની પણ ખેતી થઇ શકતી હોય ત્યાંજ બાકી બધે તો લોકો



તિબેટીઅન તંબુ

પોતાના કાળા તંબુઓમાંજ રખડતા ફરતા હોય છે. નિર્જન રણપ્રદેશમાં માઇલો સુધી ચાલ્યા જતા યાત્રીને ભાગ્યેજ કોઇ એકલ દોકલ તિબેટી પોતાનાં ઘેટાં બકરાંની વણજાર લઇને ભટકતો સામો મળે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણા શહેરોની સરખામણીમાં જો આપણે તિબેટની ભૂમિને સરખાવીએ તો આપણને લાગે કે વિક્રમ રાજા તો વિક્રમ સંવત સ્થાપીને 'વચા' ગયા એટલે આપણે રાજા વીર વીક્રમે સ્થાપેલી સદીમાં મુસાફરી કરતાં નથી પરંતુ રાજા વીક્રમના જનમ પહેલાંની કોઈ સદીમાં આપણે મુસાફરી કરી રહ્યા છીએ.

હવે જગતના છાપરે રહેતા તિબેટીઅનોનો જીવન સાથી છે તેનું યાક. ગો-વંશને સળતી ઓલાદનું આ પ્રાણી રીંછ જેવી ભેંસજ લાગે છે યાક વિનાનું તિબેટ કલ્પીજ ન શકાય મામૂલી ઘાસ અને કાંટાળા છોડવા ઉપરજ પોતાનો નિર્વાહ



તિબેટીઅનોતું જીવન સંગાથી યાક

કરી લેતું યાક તિબેટી કુટુંબનુંજ એક સભ્ય છે. વાહન વ્યવહારનાં સાધનો વિનાના તિબેટમાં સાવચેતીથી ડગલાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભરતું આ યાક ભારે સામાન લઇ જવા લાવવા માટે બહુજ ઉપયોગી છે.

તિબેટની કારમી ઠંડીથી બચી શકે તે માટે કુદરતે યાકને આખે શરીરે જાડા લાંબા વાળ આપ્યા છે અને યાકના આ કાળા મજબુત વાળમાંથી તિબેટી લોકો પોતાને રહેવા માટે તંબુઓ બનાવે છે. યાકના પૂછડાના વાળનો ગુચ્છો ચંવર અથવા ચમર તરીકે જાણીતો છે અને તેથીજ ભારતના લોકો યાકને ચંવર ગાય કહે છે.

કુદરતને ખોળે રખડતા અને શિકારી જીવન ગાળતા તિબેટીઅનોનો બીજો સાથી છે તેનો નિમકહલાલ કુતરો. ખુલ્લામાં પડી રહેતા કે કાળા તંબુમાં રાતવાસો કરતાં તિબેટી માટે તેનો કૂતરો ચોકીદાર છે અને વરૂ કે ચિત્તો તિબેટીઅનોના અસંખ્ય ઘેટાં બકરામાંથી કોઇને ઉઠાવી ન જાય તેની રખેવાળી આ કૂતરો જ કરે છે. તિબેટી કૂતરો પણ વિકરાળ હોય છે, તિબેટમાં ફરતા અજાણ્યા યાત્રીને તિબેટીના ઘર કે તંબુ પાસે જતી વખતે આ કૂતરાઓથી ખૂબજ સાવધ રહેવું પડે છે.

તિબેટભરમાં બધેજ મણિ મંત્ર લખેલો જોવા મળે છે. પથ્થરો ઉપર....દીવાલ ઉપર....કાપડ ઉપર....બાજઠ ઉપર.... ધજા ઉપર...કે ખડક ઉપર....બધેજ આ મંત્ર લખી કાઢેલો અથવા કોતરેલો હોય છે. અરે! યાક અથવા ઘેટાંનાં શિંગડાં ઉપર પણ આ મંત્ર કોતરી કાઢે છે! આ મંત્રનો સતત જાપ અતિ પવિત્ર ધર્મકૃત્ય મનાય છે અને દરેક તિબેટી અવકાશની દરેક પળ આ મંત્રનો જપ કરવામાં વિતાવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તિબેટી લોકોનો સૌથી પવિત્ર મંત્ર છે:



Om ma ni pa dme hum hri (ओं म णि प द्मे हुं ह्री)

તિબેટમાં વિવેક બતાવવા ખાતર સફેદ અથવા રંગીન કાપડનો એક નાનો પણ લાંબો ટુકડો ભેટ આપવામાં આવે છે તિબેટી માણસ કોઇ લામાને, અમલદારને અથવા મિત્રને મળવા જાય છે ત્યારે આવા ટુકડાની ભેટ આપે છે. આ ટુકડાને "ખટક" કહે છે અને ગોમ્પાઓમાં પણ આવા "ખટક" ની ભેટો લોકો આપે છે.

વાચકો ! આ "ખટક" શબ્દ વાંચી મને પણ હવે "ખટકો" થયો કે આ જગુભાઇ આજે શું કરવા માગે છે? આ સાડાબાર વાગી ગયા છતાં કાં હજુ ફરાળનો પત્તો લાગે નહિ એટલે એ ખટકાને ખટકામાં મેં તો નવનીતભાઇ પારેખે લખેલી કૈલાસ દર્શનની ચોપડી વાંચવાની બંધ કરી–મજલ ચોથીના પાના આગળ સ્લીપ મુકી અને સ્વામી પ્રણવાનંદજીએ અંગ્રેજીમાં લખેલ Kailas Manserovar ના પુસ્તકોને જતનથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાળવી આઘું મુકયું અને રસોડામાં ગયો તો જગુભાઇ પૂજ્ય બાપાને થાળ ધરવા માટેની તૈયારીજ કરતા હતા એટલે કે થાળી વાટકો સાફ કરી રસોઇ પીરસવા લાગ્યા હતા અને મને જોઇ કહ્યું કે "ભાઇ! આજે તો બાપા જમીને રાજી થાય એવી ફરાળી ચીજો બનાવી છે હો! જાવ! હું થાળ પીરસુ ત્યાં તમો આ સાફ લોટામાં જલ ભરી આવો"

આમ જગુભાઇ તો આજે હરખાતાં હરખાતાં પવિત્ર અગીઆરશને દિવસે આલમોડામાં આળસને અળગી કરી

સ્ફુર્તિથી પૂ. બાપાને થાળ ધરવાના થનગનાટમાં છે અને થાળ તૈયાર કરી ડ્રોઇંગ રૂમમાં આવી પૂ. બાપાના ફોટા પાસે ઘીની બત્તી અને અગરબત્તી કરી પૂજ્ય બાપાને થાળ ધર્યો અને અમે સૌ બાપાને પગે લાગ્યા–

વાચકો! ખરેખર જગુભાઇએ જમવામાં આજે "વેરાઇટી શો" જેવુંજ કર્યું છે. લીલા શાકભાજી તો આંહી પુષ્કળ મળે છે એટલે ફરાળમાં ઉપયોગી થાય એવા શાકભાજીની નોખી નોખી ફરાળી ચીજો બનાવી છે. ઉપરાંત શીરો પુરી વિગેરે પણ બનાવેલ છે. અને ચટકેદાર ચટણી....મરચાં...મુળા....અને દહીં....અમારા ભોજન રસને વધારે છે.

અમો તો આનંદથી જમવા લાગ્યા પરંતુ જમતાં જમતાં હજુ હાસ્યરસ જામતો નથી સાથે દિલને દઝાડે એવી શાંતિ પણ નથી પરંતુ મૂક શાંતિ છે એટલે અમો એક બીજાના ચહેરા ઉપરના ભાવ નીરખી જમી રહ્યા છીએ.

જમતાં જમતાં કોઇના હ્રદીઆમાં શું ચાલી રહ્યું છે એતો બીજા શું જાણે પરંતુ મારા મનમાં થાય છે કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગિરધરભાઇ અને નંદાણીભાઈ જમ્યા પછી બપોરના બજારે ખરીદી કરવા નીકળશે કારણ આવતી કાલે સવારે તો એમને અહીંથી કૈલાસ યાત્રાએ ઉપડી જવું છે અને કાલે તો અમો એક બીજા જુદા પડી જવાના છીએ એટલે ખરીદી કરવામાં એમને ગરમ ઓઢવાનું કાંઇ વધુ લેવું ન પડે એ માટે મેં ગિરધરભાઇને કહ્યું.

“ જુઓ ગિરધરભાઇ ! કાલે તો આપણે વિખુટા પડશું તમો જાશો કૈલાસ યાત્રાએ અને અમો આંહી તમારા ગયા પછી ત્રણ ચાર દિવસ રોકાઇ પાછા ‘ઘરભેગા’ થાશું....તમોએ જો કે ગરમ ઓઢવા પાથરવાનું લીધું તો છે છતાં જો વધુ ધાબળાં, ધુશા, શાલ જે કાંઇ જોઇએ તે મારા બિસ્તરામાંથી ખુશીથી લઇ જજો ઉપરાંતમાં જે કાંઇ દવાદારૂ જોઇએ તે પણ લઇ જજો અને આ ઠામના કોથળામાંથી જે કાંઇ ઠામ વાસણ જોઇએ એ તો ભૂલ્યા વગર બધા સાથે રાખજો કારણ રસ્તામાં તમારે ઠામ વાસણ ખાસ જોશે” એમ હું તો ગિરધરભાઈને સુચના કરૂં છું ત્યાં તો– જવાબમાં ગિરધરભાઇએ ઠંડા કલેજે એવી વાત કરી કે વાંચકો ! અમે સૌ જમતાં જમતાં જરાક થંભી ગયા.

—૯—

The Western Tibet is barren as there is a snow-fall every now and then.

In Tibet many times the gypsy people rob the pilgrims.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧૯

દહીંવાળા બાપાની વાત સાંભળી ગિરધરભાઈએ કૈલાસ યાત્રાએ જવાનો વિચાર માંડી વાળ્યો....

ભારે કરી! પણ દહીંવાળાએ તમને બિવડાવ્યા તો નથી ને ગિરધરભાઈ!

વાંચકો! ગિરધરભાઈએ શું વાત કરી તે આપ જાણો છો? હું જાણવાનું આપને પૂછું છું ખરો....પણ મારા ખ્યાલ બહાર એ વાત વહી ગઈ કે મારા કીધા વગર આપ ક્યાંથી જાણો! કારણ ગિરધરભાઈ વાત કરતાં હતા ત્યારે તો અમો સહયાત્રિકોજ હતા આપ કોઈ ત્યાં હાજર ન હતા એટલે ચાલો, વાંચકો મારા સવાલના જવાબમાં ગિરધરભાઈએ શું કહ્યું તે આપને કહું!

ગિરધરભાઈએ તો મારા સામું જોઈ કહ્યું "ભાઈ! મેં તો વિચાર માંડી વાળ્યો છે" અને માંડી વાળ્યો છે એ શબ્દો સાંભળી જાણે નંદાણીભાઈના આશા મિનારા નંદવાઈ ગયા એટલે ગિરધરભાઈ હવે આગળ શું ધડાકો કરે છે એ સાંભળવા નંદાણીભાઈ આસ્તે આસ્તે ચમચીથી દહીં ચાટવા લાગ્યા અને અમે પણ હવે બટકાંનો અવાજ પણ ન સંભળાય એમ બાફેલ બટાટાના શાકને ચમચે ચડાવી ખાવા લાગ્યા અને ગિરધરભાઈએ માંડી મારીને વાત કરી કે "ભાઈ! હું તો દહી લેવા ગયો તો એ તો તમને ખબર છે, હું તો બજારે ફરતાં ફરતાં ક્યાંય દહીં ન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મળ્યું એટલે આઘે નીકળી ગયો ત્યાં એક દુકાને દહીં જોયું એટલે મેં તો દુકાને બેઠેલ વૃદ્ધવયના બાપાને પૂછયું "દહીંનો શું ભાવ છે" અને એમણે "રૂપિયે શેર" કહ્યું મેં એક શેર દહીં આપવા કહી વાટકો આપ્યો અને એ દુકાનદારે એક શેર દહીં આપી મને પૂછયું "कहां रहेना" અને મેં કહ્યું "સૌરાષ્ટ્રમેં" "अच्छा.... अच्छा" એમ કહી દુકાનદારે કહ્યું मैं भी सोराष्ट्रमें आया था द्वारकाधीश के दर्शन के लीए. लेकीन बहुत साल हो गये, करीब करीब दश बार साल हो गया होगा.... फीर एक दफे पावागढ.... आबु.... बहुचराजी.... भीं गया था" એમ કહી મને પુછયું "इधर आप कैसे आया.... क्यों कोइ रीस्तेदार है- मीलने को आया हो! और यात्रा के लीए आया हो! અને જવાબમાં મેં વિગતવારથી વાત કરી કે!

"ભાઈ! અમો છ ભાઈઓ કૈલાસ યાત્રા માટે આંહી આવ્યા છીએ તેમાં ચાર જણા નથી આવતાં અને અમો બે જણા કૈલાસ યાત્રાએ જવા માટે આવતી કાલે આંહીથી ઉપડવાના છીએ. આંહીથી ધારચુલા, ગર્બ્યાંગ તકલાકોટ, થઈને જશું. એમ મેં વાત કરી અને દુકાનદારે દહી દુધના તપેલા માંથે છીબા ઢાંકી મને કહ્યુ.

"भाइसाब, आपका ख्याल बीलकुल गलत है" અને મેં પુછયું क्यों! અને દુકાનદારે જાણે કોઈ વહાલાં સગાંને શિખામણ આપતા હોય એવી મીઠાશથી કહ્યું કે–

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"देखो भाइ ए कैलास यात्रा कठिन है, बहुत कठिन है ज्यादे कठिन है. में कैलास यात्रा कर चुका हुं.... कैलासपति भगवान की दयासे मेंने यह यात्रा कीआ है— दो साल पहेले गये थे लेकीन ओह ! रस्ते में कीतना कष्ट पडता है ! यह में कया बताउ ! साथमें यह यात्रा का आनंद भी और है, लेकीन संघमे जाना बहुत अच्छा है, यदी कमसे कम १०–१२ आदमी हो तो अच्छा लेकीन एक दो गृहस्थ यात्री को तो ए यात्रा करना बीलकुल खतरा है ! ભાઈ! મેં તો વાટકો હેઠો મુક્યો અને હું તો કાન માંડી સાંભળવા લાગ્યો અને દુકાનદાર પણ ભલો એટલે માંડી મારીને વાત કરવા લાગ્યો કે "शेठजी ! धारचुला तक तो ठीक है बीचमें दुकान भी मीलेगी गर्ब्यांग तक भी अच्छा है कोइ कोइ आदमी मीलेगा लेकीन गर्ब्यांग से और तकलाकोट से दरचेन तक....शेठजी ! कया बात करुं....बापरे....ठंडी.... और ए ठंडीमे लुटारुका भय....बापरे ! तिबेटमें खंपा जाति होती है ! बापरे ! कया बताउं ! १–२–५–६ यात्रिको को जो मिल गये....(कैलासपति न मीलावे) लेकीन खंपा मिल गया तो यात्रा वहां पूर्ण हो जाती है ! और मानसरोवर से कैलास तक जाना तो पुरा खतरा है जाना न जाना तुम्हारी मरजी की बात है लेकीन कैलासपतिने मेरी पास तुमको भेजा आप इधर आया बात नीकली तो सच्चा राह बताना

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

वह मेरी फर्ज है आप परदेशी हो इधरका अनजान आदमी हो ! એમ કહી મને હસતાં હસતાં પૂછ્યું और शेठजी ! अबी आप अखबार पठते हो या नहि ! यबो की बात भी अलग हो गइ है दो साल से कैलास यात्रा के लीए कम यात्री जाने लगे है ! ऐसे खतरेमें... .... આમ ગિરધરભાઈ તો માંડી મારીને 'ખતરાની' વાત કરવા લાગ્યા અમે સૌ સાંભળવા લાગ્યા અને મેં શીરાનો કોળીઓ મોઢામાં મુકતા મુકતા ગિરધરભાઇને કહ્યું:

"ભારે કરી! પણ દહીંવાળાએ તમને બિવડાવ્યા નથી ને ગિરધરભાઇ ?" અને જવાબમાં ગિરધરભાઈ મલકાતાં મલકાતાં બોલ્યા "એની પણ ખાતરી થાય એવી માળાએ એક વાત કરી છે !" અને નંદાણીભાઇ બોલ્યા "શું વાત કરી છે !" અને ગિરધરભાઈએ આગળ વાત ચલાવી....

દહીવાળાએ કહ્યું કે– " शेठजी यह यात्रा में कमसे कम १० यात्री तो साथमे चलना चाहीए. कभी कम होवे तो साथमे हथियारवाले रखना चाहीए भोमीआभी रखना चाहीए और कम यात्री होनेसे खर्चमे भी बहोत फरक पडता है. जास्ती यात्री होने से खर्च कम लगते है." એમ કહી દહીંવાળાએ કહ્યું और शेठजी ! सच बात और भी एक है की आप इधर आने मे एक महिने 'लेइट' है आपको जुन के आखरी सप्ताह में इधर से उपड जाना चाहीए. क्यों ! એમ કહી દહીંવાળાએ દુકાનની બહાર ડોકું કાઢી આકાશ સામે જોયું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને જાણે આકાશના અવયવોને ઢંઢોળતો હોય એમ એતો ચારે કોર જોઇ દુકાનમાં આવ્યો અને મને કહ્યું દેખો શેઠ! कल रातकों बारेह बजे के अंदर बारीश आ जायेगा और यह पहाडमे बारीश आया.... फीर इस्की मजा देखना ! और इधर बारीश का समय भीं शरु हो चुका है अबी तक तो बारीशका बुंद भीं नहि गिरा है लेकीन अबी आप देखना ! कल रात का बारेह बजे की अंदर बारीश आ जाय तो यह बुढे लछींरामकी बात मानना नहितर....

અને જવાબમાં ઉઘાડે ડીલે બેસી જમતાં નંદાણી ભાઇ બોલી ઉઠયા "ધુળ વરસાદ આવતો તો! આ જોતાં નથી! ક્યાંય વરસાદ આવે એવું ચિન્હ છે! આંહીના માણસો પણ...."

નંદાણીભાઇના જવાબમાં જમાવટથી જમતાં જમતાં જગુભાઈએ મોળા મરચાંની ટીકા કરી એ તો કહેવા લાગ્યા કે "ભાઈ! આંહીના મરચાં એટલે ચોખા ગાજર જોઇ લ્યો! જરાય તીખા નહિ અને આવા મરચાં ખાવામાં મઝા પણ શું! મોઢું બળે અને મરચાં ખાઇએ તો એનું નામ મરચાં ખાધા કહેવાય એમ કહી મરચાં સંબંધે અસંતોષ જાહેર કરી ગિરધરભાઇને કહ્યું– માળા દહીંવાળાએ ભારે કીધું પણ દહીંવાળાનું પારખું કરવા જેવું આપણને મળી ગયું છે કાલે રાતના ૧૨ વાગ્યા સુધીમાં વરસાદ આવે તો એ સાચો! નહિતર પરમ દિ ઉપડી જવું" અને તુલનાત્મક દ્રષ્ટિથી જયંતિભાઇ બોલ્યા "સૌથી સારૂં એ! દહીંવાળાનું પારખું જોવાઇ જશે જો કાલ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાતના બાર વાગ્યા સુધીમાં વરસાદ આવે તો દહીંવાળો ડોસો સાચો !"

છેવટે મે કહ્યું "હવે તમે કાલ સુધી વાટ જુઓ વરસાદ આવે તો વિચારવાનું છે ને ?" અને જવાબમાં ગિરધરભાઈ બોલ્યા "ભાઈ! તમે તો એ દહીંવાળાને જોયો નથી, સાંજના એ તરફ ફરવા જશું તો હું એને દેખાડીશ પણ છે ભગવદ્દી અને ખોટું એ શું કરવા મને કહે ! એને શું ફાયદો ! આ તો હું ઘડીક બેઠો વાત નીકળી અને એણે તો ચોકખી મને ના પાડી છે કે ૧–૨ જણા તો જતા જ નહિ ખાંપાવાળા જો 'ભેટી' ગયા ને તો લુંટીને નાખી દેશે પતોય નહિ મળે અને જાશો... અને તેમાંય હમણાં...."

મને થયું ગિરધરભાઇ દહીંવાળાની વાત સાંભળી વધુ પડતા ગભરાય ગયા લાગે છે પરંતુ એ ગભરામણ અત્યારે ઓછી વધુ કરવાનો આ સમય નથી એમ સમજી મેં કહ્યું "હવે જુઓ ! વિચાર કરો અને વરસાદ આવે તો સાચું માનવું નહિતર પછી...." અને જવાબમાં ગિરધરભાઇ તો જાણે વિચાર ચકાવે ચડી ગયા છે એટલે કાંઈ બોલ્યા વગર 'છરૂ' કરી ઉભા થઈ ગયા.

ચાલો ! વાંચકો ! આ તો ભારે થઇ ! પણ ખાતરીથી માનજો કે ગિરધરભાઇ કે નંદાણીભાઇને કે બીજા કોઇને કૈલાસ યાત્રાએ જવાનો આ સાલ યોગ હશે તો કોઇ રોકી નહિ શકે અને નહિ હોય તો ગમે તેટલું કહેશું તોયે એ જઈ નહિ શકે કારણ મનુષ્યને પ્રારબ્ધ નામની કોઈ વસ્તુ માનો યા ન માનો પણ છે પરંતુ પ્રારબ્ધના ખેલ કોણ જાણે છે ! એમ કહી મેં આછેરો નિસાસો નાખી પૂ. બાપાના ફોટા સામે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દ્રષ્ટિ કરી ગઈ સાલ અચાનક અણધારી રીતે મુલત્વી રહેલ કૈલાસ યાત્રા સંબંધે વિચારવા લાગ્યો.

પરંતુ મારી વિચાર ધારા આગળ વધે ત્યાં તો જગુભાઈએ સક્કરજન ખાતાં ખાતાં મને. એક સક્કરજનની ચીર આપતાં કહ્યું "લ્યો ભાઈ! મોઢું સાફ કરો અને સુતેલા ગિરધરભાઈ તરફ જાણે ભેદુ નજર નાખી મને કાંઈક 'જાણભેદુ' જેવી જગુભાઈ વાત કરવા માંગતા હોય એવું મને લાગ્યું ત્યાં તો જમીને પરશાળમાં બહાર ઉભેલા નંદાણીભાઈ બહારથી આકાશનો રંગ જોઈ અંદર આવ્યા અને જગુભાઈને કહ્યું "મોટાભાઈ! વરસાદનું કયાંય ઠેકાણું નથી હો! દહીં-વાળાની વાત ખોટી પડવાની છે" અને જગુભાઈ પણ ઝગડો કર્યા વગર બોલ્યા "નાનાભાઈ! ચોવીસ કલાક પછી. દહીંવાળો સાચો કે તમે સાચા એ ખબર પડશે બાકી.... નાનાભાઈ....!!!

જગુભાઈ પછી તો એટલું આસ્તેથી બોલ્યા કે જગુભાઈના સ્વયં કાને પણ એ શબ્દો ગ્રહણ કર્યા હશે કે કેમ? એની શંકા જાય એવી ઈશારા મિશ્રિત વાતો થાતાં થાતાં જગુભાઈ પલંગમાં પડયા અને નંદાણીભાઈ પણ જાજમ–ઓશીકું લઈ પરશાળમાં ગયા અને બચુ મને પુછવા આવ્યો...

"ચહા કયારે મુકવાનો છે!"

અને મેં ઘડિયાળમાં જોઈ કહ્યું "પોણા બે તો થવા આવ્યા છે હવે ત્રણે ચહા મુકજે! હું ઘડીક વાંચુ છું જો કે સુઈતો નહિ જાઉં છતાં વાંચતાં વાંચતાં સુઈ જાઉં તો ચહા મુકી મને ઊઠાડજે હો!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને જવાબમાં "સારૂં" કહી બચુ રસોડામાં ચાલ્યો ગયો.

સહયાત્રિકો સૂતા છે.

વાંચકો! જગુભાઈએ ખરેખર આજે ફરાળી ચીજો બનાવવામાં કમાલ કરી છે...માળાએ પ્રેમથી એવી સરસ ચીજો બનાવી'તી કે ધાર્યા કરતાં બે કોળીઆ વધુ ખવાણા છે એટલે આંખ્યો કાંઈક ભારે તો લાગે છે છતાં સુતા સુતા વંચાય ત્યાં સુધી તો વાંચીએ કારણ સ્થુળ દેહે તો બાપાની... ગુરુદેવની....અને કૈલાસપતિની....મરજી હશે ત્યારે કૈલાસ દર્શન થઈ માનસરોવરમાં સ્નાન થાશે પરંતુ અક્ષર દેહથી તો માનસરોવરમાં સ્નાન કરી હવે કૈલાસ દર્શન કરીએ! કારણ આલમોડાથી ૧૭૭ માઈલ હાલી ત્રણ મજલ પુરી કરી તકલાકોટ તો આપણે પૂગ્યા છીએ હવે તો ચોથી મજલ શરૂ કરી માનસરોવરમાં સ્નાન કરી કૈલાસ દર્શન કરવા છે માટે ઉપડો.

આજનો દિવસેય સારો છે કારણ અગીઆરસ છે વળી પેટ ભરીને ફરાળ કર્યું છે એટલે હાલવામાં પણ મઝા આવશે માટે બાપાનું નામ લઈ ઉપડો.

બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્‌ગુરુદેવની જે....
બોલ કૈલાસ પતિ ભોળેનાથકી જે....
બોલ ઉમાપતિ મહાદેવકી જે...

—•—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાકા કાલેલકર લખે છે કે:-

બદરીનારાયણમાં બ્રહ્મકપાલની શિલા ઉપર બેસીને માણુસ શ્રાદ્ધ કરે એટલે બધાજ પૂર્વજો એક સામટા મોક્ષે જવાના આંહી શ્રાદ્ધ કર્યા પછી માણુસ જો ફરીવાર શ્રાદ્ધ કરે તો મોક્ષે ગએલા પિતરૂ નરકમાં પડે એમ શાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યું છે ! આંહી શ્રાદ્ધ કરી પિતરૂના ઋણમાંથી માણુસ કાયમનો મુકત થાય છે.

બદરીધામમાં આ શિલા કયાં આવી ! શ્રાદ્ધક્રિયામાં કેટલો ખરચો લાગે... કેટલો વખત લાગે અને ભુલ્યા વગર યાત્રિકો આંહી શા માટે શ્રાદ્ધક્રિયા કરાવે છે એ માટે આપે.......

બદરિકાશ્રમ વાંચવું પડશે.



બદરીધામમાં ઇલેકટ્રિક બત્તીઓ પણ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

Prime Minister

Pt. Jewaharlal Nehru

Say's

'WHY SHOULD YOU VISIT HIMALAYAS ?'

President

Dr. Rajendra Prasad

Say's

'HIMALAYAS THE ABODE OF GOD.'

- READ -

BADRI - KA - SHRAM.

885 PAGES 135 PHOTOES
THREE COLOUR COVER PAGE
PACCA BINDING.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જય જલારામ.

બદરિકાશ્રમ બોલે છે.

દરિયાપારના દેશો ખાતે તો હજુ પુસ્તકો મોકલાતાં જાય છે. પરંતુ દેશ–પરદેશમાં બદરિકાશ્રમ (અમરપંથ) વાંચી અભિપ્રાયો મળે છે કે:

એક વખત હાથમાં લઇ વાંચવાની શરૂઆત કરીએ એટલે.

આણંદ (ગુજરાત)થી શ્રી શાંતિલાલ ચતુરભાઇ પટેલ લખે છે કે :

બદરિકાશ્રમ વાંચી એટલો બધો આનંદ થાય છે કે જાણે બદરિકાશ્રમ જઇ આવ્યા હોય તેમ તેનું લખાણ તથા ભાષા પણ તદ્દન સ્પષ્ટ હોવાથી વાંચવામાં ઘણીજ મઝા આવે છે. એક વખત હાથમાં લઇ વાંચવાની શરૂઆત કરીએ એટલે કેમ પુરૂં થઇ જાય એટલો વાંચતાં આનંદ આવે છે.

આતો સોનામાં સુગંધ છે. હિમાલયના પહાડો બોલતા કર્યા છે.

જોરાવરનગરથી શ્રી જગજીવનદાસ હરજીવનદાસ લખે છે કે :

બદરિકાશ્રમ પુસ્તક વિષે અભિપ્રાય માટે લખ્યું તો આ તો સોનામાં સુગંધ છે. જેમ ઝવેરચંદ મેઘાણીભાઇએ સૌરાષ્ટ્રનાં પત્થરા જીવતાં કર્યા તેમ આપે પણ હિમાલયના પહાડો બોલતા કર્યા છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રોજ રાતે કથાના રૂપમાં એક કલાક વાંચીએ છીએ.

અલ્મોડાં (યુ. પી.) સર્વોદય કુટિર બહેન શ્રી ભકિત બહેન લખે છે કે :

અમોએ હજુ બદરીવિશાલ પુરૂં કર્યું નથી રોજ રાતે કથાના રૂપમાં એક કલાક વાંચીએ છીએ. બહુ આનદ આવે છે. ચોપડી વાંચવા જેવું લાગતું નથી પણ આપણે સાથે બેસીને યાત્રાની વાતો કરતાં હોય એમજ લાગે છે. ચોપડી હાથમાં લેતાંજ તમારી યાદ રોજ આવી જાય છે. તમારૂં સંભારણું તમોએ કાયમને માટે યાદ રહે એવું આપ્યું છે. પુજ્ય બાપાની કૃપાથી તમો દર વર્ષે નવી નવી યાત્રા કરો અને વધારે ને વધારે ચોપડીઓ લખીને તમો બધી રીતે ઉન્નત બનો એવી મારી ઇચ્છા છે.

યાત્રા કરવાની મરજી ન હોય તેવાનાં મન થઇ જાય તેવું પુસ્તક છે.

ભુજ (કચ્છ)થી પંચમુખી હનુમાન શેરી,
ભાઇશ્રી મનહરરાય પ્રાગજીભાઈ ઠક્કર લખે છે કે:

સદરહુ પુસ્તક એક અઠવાડીઆમાં હું પુરેપુરૂં વાંચી ગયો છું હાલ મારો મિત્ર આ પુસ્તક વાંચે છે. પુસ્તક અત્યંત સારૂં છે એ બીન તકરારી વાત છે. આ પુસ્તક યાત્રિકને માર્ગદર્શક બની રહે તેમ છે. તેમજ યાત્રા કરવાની મરજી ન હોય તેવાનાં મન થઇ જાય તેવું પુસ્તક છે. જો પરમાત્માએ આવા પુસ્તકો ખરીદી કરવાની શકિત આપી હોય તો વસાવવા જેવા છે. નહીંતર એક વખત અવશ્ય વાંચી તો જવાજ જોઈએ એવું મારૂં માનવું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિશેષમાં આ પુસ્તકમાં મને એક નજીવી ખામી જણાય છે જે લખવાની રજા લઉં છું. આપે કરેલ યાત્રાનો નકશો પુસ્તકની વચમાં ક્યાંય મુકાયો હોત તો વધારે સારૂં હોત એમ મને જણાય છે. જેથી ભવિષ્યમાં આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની પરમાત્મા તક આપે ત્યારે આપને આ ખામી યોગ્ય જણાય અને શક્ય હોય તો પુસ્તકમાં યોગ્ય સ્થાને નકશો મુકવાનો પ્રબંધ કરશો એવી મારી નમ્ર વિનંતી છે.

અંતમાં આપ ઘણું આયુષ્ય ભોગવો અને સાથે સાથે આવી ઘણી યાત્રાઓ કરી આવા સુંદર પુસ્તકો લખો એવી ઈશ્વર પાસે પ્રાર્થના કરી કાગળ પુરો કરૂં છું.

ખુબ મજા આવે છે.

દુર્ગ (M. P.) સોલંકી રાઈસ એન્ડ ફ્લોર મિલ્સ,

શ્રી શામજી મેપાભાઇ સોલંકી લખે છે કે:

પુસ્તક વાંચીને ઘણો આનંદ થયો. બાપાની દયાથી ને બીજું સરવે ભાઈઓને પણ વાંચવા માટે આપીએ છીએ. તે પણ કહે છે કે ખુબ મજા આવે છે

જાણે તીર્થ સ્થળમાં જ બેઠાં છીએ.

ધમતરી સ્ટેશન રોડ, (Raipur S. E. Rly)

ભાઇશ્રી કોઠારી વલ્લભદાસ ગંગારામ લખે છે કે:

બદરિકાશ્રમ પુસ્તક વાંચતાં ઘણોજ આનંદ આવે છે. વાંચવા બેસતાં પુસ્તક છોડવા વિચાર થતો નથી પુસ્તક વાંચતાં મનને થાય છે કે હમણાં તીર્થ સ્થળમાં જ બેઠા છીએ. પુસ્તક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચતા મનને જરૂર થાય છે કે એક વખત જઈ આવીએ. ઇશ્વર ઇચ્છા. શ્રી પુજ્ય જલારામ બાપાનો હુકમ તેમ શ્રી સદ્‌ગુરુશ્રી પુજ્ય રણછોડદાસજી મહારાજનો હુકમ થાય ટાઇમ લાગશે નહિ કરનાર પરમાત્મા છે. ઇશ્વર આપને હંમેશા સદ્‌બુદ્ધિ સાથે આવા તીર્થો કરવા શકિત આપી સાથે પુસ્તકો બહાર પાડવા હિમત આપે જેથી અમારા જેવા જલદી જઈ શકે નહિતર પુસ્તકો વાંચવાનો લાભ મળતો રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

દારેસલામ પો. બો. ૯૯૭ શ્રી હરિલાલ એમ. પટેલ લખે છે કે:

ચોખવટ પણ તમે રસદાર કરી છે કે જાણે ઘર બેઠા યાત્રા કરતા હોઇએ.... પ્રભુનાં દર્શન કરતાં હોઇએ....એવો આનંદ થાય છે.

બદરીકેદારનાથની યાત્રા બહુજ કઠીન છે અને ભાવીમાં હોય તો જ થાય એવી વાતો અમારા વડીલો કરતા હતા અને અમો નાનપણમાં સાંભળતા હતા. પણ આજે છેલ્લા પાંચ વરસથી અમો તમારૂં પુસ્તક અમરનાથ અને અમરપંથ વાંચી અમોને પુરી માહિતી આપના તરફથી મળી અને વાંચીએ ત્યારે અમો જાણે કેમ શ્રીમાન સૌભાગ્યચંદ સાથે વાતો કરતા કરતા અને તમો રસ્તા બતાવતા હોય અને સાથે યાત્રામાં ભેગાજ દેવદર્શન કરતા હોય તેમ આત્માને આનંદ આપે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બીજું તમારી બદરિકાશ્રમની ચોપડી વાંચવા માંડી છે. તે બહુ જ સુંદર લેખવાળી છે અને પાછા એકવાર નહિ પણ બે વાર તમે યાત્રાએ ગયા જેથી ઘણી માહિતી થઈ અને ચોખવટ પણ તમે રસદાર કરી છે જેથી વાંચવાથી ઘણો જ આનંદ થાય છે.

આ બાબત તમે બહુ સારી ચોખવટ કરી છે, કારણ કે બે વખત તમે યાત્રા કરી. એથી તમને વધારે અનુભવ થયો અને બદરિકાશ્રમમાં સમજણ પણ ઘણી સારી આપી છે. અજાણ્યા માણસને યાત્રા કરવી હોય તો જરા પણ મુંઝાવું નહીં પડે. હાથમાં ચોપડી રાખી લાઇનદોરી પકડી રસ્તે પડે એવું આ પુસ્તક છે. વર્ણન એટલું બધું તો આનંદિત છે કે જાણે ઘેર બેઠા યાત્રા કરતાં હોઇએ–પ્રભુનાં દર્શન કરતાં હોઇએ એવો આનંદ આનંદ થાય છે.

હું તો જાણે પરદેશમાં રહુ છું પણ પુસ્તક વાંચી.......

નાઈરોબી પો. બો. નં. ૩૦૦૧૦. ભાઇશ્રી શિવાભાઇ જી. મિસ્ત્રી લખે છે કેઃ—

હું તો જાણે પરદેશમાં રહું છું છતાંય આ પુસ્તક વાંચતાં જાણે તેઓના સંઘ સાથે જ યાત્રાએ નીકળ્યો હોઉં અને વાંચ્યા બાદ આ યાત્રા કરી આવ્યો હોઉં તેવો મને તો સંતોષ થયો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ક્યાંય પણ ઘરની ધોરાજી જેવું નથી. અમો બહુજ પ્રભાવિત થયા છીએ.

લીમ્બે (ન્યાસલેન્ડ) પો. બો. નં. ૪૫૪. ભાઈ વી. જે. લાખાણી તા. ૪–૯–૫૯ ના પત્રમાં લખે છે કે–

બદરિકાશ્રમનું પુસ્તક હાથમાં આવતાં વેંત જ વાંચવાનું શરૂ કરી દીધેલ, અધુરૂં મુકવાનું મન ન થાય માટે આજરોજ પૂરૂં કરીને આપને પહોંચ લખું છું માટે ઢીલ થઇ તેની માફી આપશો. બીજું નવાં પુસ્તકો બહાર પડે એટલે વગર પુછાવ્યે અમને મોકલવા મહેરબાની કરશો.

આપના બદરિકાશ્રમનું પુસ્તક વાંચી અમોને અનહદ આનંદ થએલ છે શ્રી બદરીનારાયણ અમોને ક્યારે જાત્રા કરવાનો સંજોગ ઉભો કરે એવી તમન્ના રહ્યા કરે છે. જો કે આપનું પુસ્તક વાચતાં જઇએ તેમ અમો ખુદ જાત્રા કરીએ છીએ તેવો ભાસ રહે છે.

ભાગ્યવાન શ્રી મનોહરલાલજીને યોગીઓનાં દર્શન તથા સિદ્ધિની વિગતો વાંચી બહુ જ પ્રભાવિત થયા છીએ. શબ્દે શબ્દ પ્રભાવિત થવા જેવું છે. ક્યાંય પણ મેકઅપ નથી. ક્યાંય પણ ઘરની ધોરાજી જેવું નથી. સત્ય ઘટના લખી છે તે કાંઇ અસ્તુ રહેતું જ નથી. આવાં પુસ્તકો સદાય બહાર પાડતાં રહો અને જનતાને સારો લાભ મળ્યા કરે એવી મારી ઈચ્છા છે.

વાંચીને જ કેમ જાણે જાતરા કરતા ન હોઇએ!

દારેસલામ (પો. બો. ૧૬૨૮)

ભાઈશ્રી ગોકળદાસ કાળિદાસ લખે છે કે:

અમારા જેવા પરદેશ વસતા ભાઇને તો તમારાં લખેલ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુસ્તકો અમરપંથ—બદરિકાશ્રમ તથા અમરનાથ વાંચીને જ જાણે કેમ જાતરા કરતા ન હોઇએ ? એવો જાતે આનંદ થાય છે. અને જલારામ બાપા દયા કરે અને તમો માંનસરોવર તથા કૈલાસની જાતરા કરો નજીકમાં અને તેનું પુસ્તક પણ બહાર પાડો જલદી એવી અમોએ શ્રી જલારામ બાપાને પ્રાર્થના કરી છે અને એ પુસ્તક તુરત બહાર પડે એ વાંચીએ એટલે અમને જાતરા જ કર્યાનો આનંદ થાશે.

ચોપડી સૂકવાનું દિલ થતું જ નથી
અમો જાત્રાએ જઇને આવ્યા હોઇએ તેમ લાગે છે.

નાઇરોબી (પો. બો. નં. ૧૩૧૯) થી

ભાઇશ્રી પી. જી. મિસ્ત્રી લખે છે કે:

બદરિકાશ્રમ આવતાં જ બુક અમારા એક સ્નેહી ભાઇ એ વાંચવા લઇ ગયા જેથી કાગળ લખવાની ઢીલ થઈ ગઇ. લખાણ એટલું સરસ છે કે વાંચનાર વાંચતા ચોપડી મુકવાનું દિલ થતું જ નથી. બુક લઈ જનાર ભાઇના સમાચાર મળ્યા છે કે– અમોને એમ જ લાગે છે કે અમો જાત્રાએ જઈને આવ્યા. પ્રભુ જ્યારે જાત્રા કરાવશે ત્યારે કરીએ. પણ હાલમાં ચોપડી વાંચતા એમજ દિલમાં થયા કરે છે કે– અમો જાત્રાએ જઇને આવ્યા હોઇએ એમ લાગે છે.

જાણે આપણે જાત્રા કરતા ન હોઇએ !

મોમ્બાસા પો. બો. ૨૯૩.

શ્રી જે. બી. પટેલ લખે છે કે:

બદરિકાશ્રમ વાંચતા લખાવટ શૈલી અને ભાવ ભરેલું વાંચન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આનંદ આપે એવું વાંચન છે, વર્ણન બધું એવી રીતે લખેલું છે કે– જાણે કેમ આપણે જાતરા કરતા હોઈએ ! એકંદરે માર્ગદર્શન રૂપ ગણાય.

રૂા. ૫–૮૮માં આટલી ઉત્તમ ચોપડી મળે છે.

બ્રોકનહીલ પો. બો. ૫૬૧

શ્રી બાબુભાઇ સી. પટેલ લખે છે કે:

પુસ્તક વાંચતા વાંચતા એમ થાય છે કે જાણે હું પણ યાત્રિકો સાથે ફરી રહ્યો છું. ફકત રૂા. ૫–૮૮ માં આટલી ઉત્તમ ચોપડી મળે છે, એ એક હકીકત છે. આપનું પુસ્તક વાંચી હવે તો ચોક્કસ વિચાર થયો છે કે જો પ્રભુ કૃપા થશે તો જરૂરથી "બદરીનાથ"ની યાત્રા કરવી છે. સુંદર અને સરલ શૈલીમાં રચાએલું આ પુસ્તક બહુ જ ઉપયોગી છે.

વાંચકોને સાક્ષાત-પ્રભુનાં દર્શન કરાવ્યાં છે.

કઠોદરા (ગુજરાત) થી

ભાઇ ગુણવંતરાય દેસાઇ લખે છે કે—

આપનાં ત્રણ પુસ્તકો. ૧. ભકતશ્રી જલારામ. ૨. ભગવાન અમરનાથ, ૩. બદરિકાશ્રમ વાંચ્યા. ઘણાંજ ઉત્તમ પુસ્તકો છે. ભગવાન અમરનાથના પુસ્તકમાં ભગવાન શંકરના દર્શનનું વિવરણ કર્યું તે બદલ આભાર. હવે બદરિકાશ્રમ વિષે થોડું જણાવું.

આ પુસ્તકમાં આપના પિતાજીએ ભગવાન બદરીનાથ પ્રભુ તેમજ પ્રભુના ભકતોનું વિગતવાર વર્ણન કરી વાંચકોને સાક્ષાત પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન કરાવ્યાં છે. પ્રભુના અલંકારો તેમજ મોહક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આકૃતિ વિષેનું વર્ણન વાંચતાં ઘણોજ આનંદ થયો અને ઘેર બેઠા બદરીનાથ પ્રભુની યાત્રા કરી સંતોષ મેળવ્યો.

લુર્ડઝના પાણીના ચમત્કારો પંડ્યા દ્વારા કરાવેલું પ્રાંત પ્રાંતના લોકોનું (સ્વભાવ–રીત–રિવાજ, વિગેરેનું) શબ્દચિત્ર, હિમાલયનું પ્રાકૃતિક સૌંદર્ય, ત્યાં વસતા મહાત્માઓનાં ચમત્કાર-વર્ણનો, તેમજ ઉપદેશ, વિગેરે પ્રસંગો વાંચતા જાણે સ્વર્ગીય દ્રશ્યો જ પ્રત્યક્ષ નિહાળીએ છીએ એમ લાગે છે. એકંદરે પુસ્તક વાંચકને પહેલેથી છેલ્લે સુધી તલ્લીન બનાવે છે એવી એ સત્ય લખાણમાં (આડંબર રહિત) ખુબી છે.

પુસ્તકો વાંચતાં અંતરનાં ઉંડાણમાં આધ્યાત્મિક આનંદ સ્પષ્ટ તરી આવતો એટલે આમ બેવડો લાભ પુસ્તકો વાંચતા મળ્યો છે.

પૂજ્ય ગાંધીજી સાથે રહી રચનાત્મક કાર્ય કરનાર અગ્રણી કાર્યકર્તા શ્રી શાંતિલાલભાઇ ત્રિવેદી સર્વોદય કુટિર આલમોડા (યુ. પી.)થી લખે છે કે–

ગઈ કાલે રાત્રે બદરિકાશ્રમની કથાની પૂર્ણાહુતિ નિયમ અનુસાર વાંચન કરતાં સંપન્ન થઈ. સાચે જ ભકિતભાવ પુર્ણ સચોટ હૃદયસ્પર્શી લેખનશૈલી છે. એ આમ જનતાની સરલ ભાષામાં લખાયેલ હોવાથી ભારતીય સંસ્કૃતિ શ્રદ્ધા રાખનાર સાધારણ વર્ગના દિલને આધ્યાત્મિક આનંદનો અનુભવ કરાવે એ સ્વભાવિક છે.

સૌરાષ્ટ્રનાં વાસીઓ **'સ્થાવરાણામ હિમાલયઃ'** (ગીતા) સાહસ પૂર્ણવૃત્તિથી તથા પરમાર્થ વૃત્તિથી પર્યટન કરે એવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રેરણા આપનાર 'બદરિકાશ્રમ' તથા 'ભગવાન અમરનાથ' નાં પુસ્તકો છે.

બદરીનાથ તથા અમરનાથની યાત્રા કરવાનું સૌભાગ્ય સાંપડયું છે. પુસ્તકો વાંચતાં અંતરના ઉંડાણમાંથી આધ્યાત્મિક આનંદ સ્પષ્ટ તરી આવતો. એટલે આમ બેવડો લાભ પુસ્તકો વાંચતાં મળ્યો છે.

જનકલ્યાણ કરવાની નિષ્કામ વૃત્તિથી યાત્રાનાં પુસ્તકો વધારે લખવા માટે તમોને આત્મબલ અર્પે એવી પરમાત્મા પ્રતિ પ્રાર્થના છે.

જેટલું લખીએ તેટલું ઓછું છે.

ભુલેશ્વર ભાસ્કર લેન ૮/૧૨ પહેલે માળે રૂમ નં. ૧૯, મુંબઈ.

શ્રી મગનભાઇ મોનજીભાઈ લખે છે કે—

બદરિકાશ્રમનું વાંચન ચાલે છે. તમારી લેખનશૈલી માટે જેટલું લખીએ તેટલું ઓછું છે. ચોપડી વાંચતાં હોઈએ ત્યારે જાણે હિમાલયમાં ફરી રહ્યા છીએ એવો અનુભવ થાય છે.

યાત્રાનો આનંદ આવે....

નડોલા (N. R.) પો. ૧૩૦.

શ્રી. એમ. વી. ભક્ત તા. ૧૮–૧૧–'૫૯ના પત્રમાં લખે છે કે:

'બદરિકાશ્રમ વાંચતા યાત્રાનો આનંદ આવે એવી એ ચોપડીમાં રસ છે એટલે ચોપડી નહિ પણ જે ભાઈ બહેનથી જાત્રા થઈ ન શકતી હોઈ તેને માટે જાત્રા રૂપજ છે. કોઈક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જગ્યાએ યાત્રાળુઓ મજુરની સાથે ગેરવર્તણુંક રાખી વધારે વજન ઉંચકાવે છે એ વાંચી કંપારી છુટે છે છતાં એમ કરતાં પણ એ લોકો જાત્રા કરે છે ને?'

મારી આજ સુધીની ઉંમરમાં....

મબાલે પો. બો. નં. ૨૭૧.

શ્રી એચ. એમ. શેઠ તા. ૯–૧૨–૧૯૫૯ના પત્રમાં લખે છે કે:

મારી આજ સુધીની ઉંમરમાં જો કોઇ પણ બુક પુરી વાંચી હોય અને તે પણ રસથી વાંચી હોય તો તે ફક્ત આપે મોકલેલ બદરિકાશ્રમ અને તેમાં પણ ભાવિક ભક્તો કેટલી મુશીબતો વેઠીને ખરેખર કડકડતી ઠંડીમાં ઉપર જાય છે તેમાં કેટલાક ભક્તો હેરાન થતાં થતાં પણ ભગવાનનું નામ લઈને દર્શન કરતાં કેટલો આનંદ થાય છે. ખરેખર હું તો બદરિકાશ્રમ બુક વાંચીને આ દેશમાં બેઠાં બેઠાં બધુ ફરી આવ્યો હોઉં તેટલો આનંદ થતો હતો તે ઉપરાંત અમારા જેવા અજાણ્યા માણસોને આપે બુક મારફત ખરચો તથા રહેવાની જગ્યાઓ જયાં ત્યાંના રિવાજોનું જે વર્ણન કરેલ છે તે તો અજોડ કલમેજ વર્ણન કરાયેલ છે.

ખોટા વખાણ કરતો નથી. ઓછામાં ઓછા દશેક વખત આ પુસ્તકો વાંચ્યા હશે.

દારેસલામ પો. નં. ૨૬૪,

શ્રી જગુભાઇ (સુરત સાયકલ ડીપો) તા. ૧૮–૧૨–૫૯ ના પત્રમાં લખે છે કે:

બદરિકાશ્રમના બે પુસ્તકો– ભગવાન અમરનાથ એક તથા અમરપંથના પુસ્તકો મોકલાવશો. અગાઉ તમારી પાસેથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુસ્તકો મંગાવ્યા હતા પણ મજકુર પુસ્તકો બીજા માટે જોઈએ છે. સિવાય આપના પિતાશ્રીએ જે પુસ્તકો બહાર પડયા છે જે ખરેખર ભાષા એટલી બધી સુંદર વાપરી છે કે નાનું છોકરૂં પણ વાંચી શકે અને સમજી શકે. આપના પિતાશ્રીને ખરેખર સરસ્વતી દેવીજ પ્રસન્ન હોવા જોઈએ જો કે ખોટાં વખાણ કરતો નથી પણ આવાં સુંદર અને સરળ પુસ્તકો મને વાંચવા મળ્યા નથી અને ઓછામાં ઓછાં આ પુસ્તકો દશેક વખત તો વાંચ્યા હશે છતાં નવરા પડીએ તો આજ પુસ્તકોના પાના ફેરવીએ અને ટાઇમ કાઢીએ.

ખાવાનો ફરવાનો ભોગ આપી ચોપડી છોડવા માણસને મન થતું નથી.

વલસાડ (ગુજરાત) હનુમાન ભાગડાથી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ અને ઑનરરી સેકન્ડ કલાસ માજીસ્ટ્રેટ શ્રી ઘેલાભાઈ ભીમભાઇ દેશાઈ તા. ૨૫-૧૨-૧૯૫૯ ના પત્રમાં લખે છે કે:

બદરિકાશ્રમ તથા અમરપંથ બંનેય પુસ્તકો ખરેખર જે માણસો જાત્રા કરવા બીતા હોય તેમને પણ ઉત્સાહ અને પ્રેરણા ઉત્પન્ન કરે એવાં છે. ભાષા તદ્દન સાદી અને સરળ એટલે કોઇ પણ વાંચી સમજી શકે. રસીક એટલી કે વાંચનારને યાત્રાળુઓ ભેગા યાત્રા કરવા આનંદ અને ઉત્સાહ સહ આગળ અને આગળ ચલાવ્યા જ કરે. ખાવાનો ફરવાનો ભોગ આપી ચોપડી છોડવા માણસને મન થતું નથી. ખરેખર દરેક ગજવાને પોષાય એવી કિંમતમાં આપે ભકિત રસનું અનુભવવાળું સાહિત્ય આપ્યું છે. પ્રભુ આપને આ જનતા જનાર્દનની સેવા કરવા બદલ યોગ્ય બદલો આપે ઈચ્છું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૦

મજલ ચોથી

તકલાકોટ-દરચેન (કૈલાસ ચરણે) ૬૩ માઈલ)

માનસરોવરમાં સ્નાન કર્યા-અને રાજહંસો જોયાં

નંબર	નામ	માઈલેજ	ઉંચાઇ
૧.	તકલાકોટ	૧૭૭	૧૩,૦૦૦
૨.	ગુકુંગ	૧૭૮	
૩.	ટોયો	૧૮૦	
૪.	રીંગુંગ	૧૮૮	૧૪,૪૦૦
૫.	બલ્દક	૧૯૨	૧૫,૦૦૦
૬.	ગૌરી ઉધાર	૧૯૭	
૭.	ગુર્લા-લા	૨૦૧	૧૬,૨૦૦
૮.	મોમોડુંગુ	૨૧૦	૧૫,૦૦૦ માનસરોવરને કાંઠે
૯.	ગુસુલ ગોમ્પા	૨૧૬	,,

ચાલો વાંચકો! તકલાકોટથી હાલતાં હાલતાં ૩૩-૩૪ આવ્યા ત્યાં તો જે સરોવરમાં સ્નાન કરવાની તમન્ના હતી જે સરોવરમાં વિહાર કરતાં રાજહંસો જોવાની જીજ્ઞાસા હતી એ માનસરોવરનો કાંઠો આવી ગયો છે- હવે હાલો નીંદરૂં વેરણ થઇ આપણને ઝોકે- ચડાવી યાત્રા અધુરી રખાવે તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પહેલાં આ માનસરોવરમાં ડુબકી મારી હંસલા હારે વાતું કરીએ કારણ એક વખત યાત્રા અધુરી રહી છે એટલે બ્હીક લાગે છે કે આ વાંચતાં વાંચતાં કયાંક જો 'જામી' ગયા તો ? એટલે ચાલો વાંચકો જલદી જલદી માનસરોવરમાં સ્નાન કરી

SHRI SWAMI VIDYANANDA SARASWATI, NAINITAL

According to the advices of Shri Vedavyasa, Bhima and Arjun of the Pandavas went to Taklakote and brought all hidden gold coins to finance the Aswamedh-Yajna of Yudhisthira. All of this hidden treasure of gold coins which was given by the Emperor Marutta as Dakshina to the Brahmins of the said Yajna could not be carried by them.

હંસલા હારે વાતું કરીએ ત્યાં બચુ હમણાં ગરમાગરમ મસાલેદાર ચાહનો લોટો ભરીને આવશે એટલે ઠંડી...સુસ્તી.... ઉડાડી પાછા ઉપડશું કારણ કે અહીં માનસરોવરથી કૈલાસ કાંઈ ઝાઝું દૂર નથી ત્રણ પડાવ અને ૩૦–૩૨ માઈલ એટલે એતો આપણે ચહા પીધા પછી વયા જશું પરંતુ....હમણાં તો માનસરોવરમાં સ્નાન કરીએ !

પણ ઉભા રહો શાસ્ત્રની સ્પષ્ટ આજ્ઞા છે કે માહાત્મ્ય પહેલાં વાંચવું જોઇએ પછી મૂળ વાત થાય કેમકે આપણો અનુભવ છે કે સત્યનારાયણ ભગવાનની કથા પછી....પરસાદ પણ પછી....પણ પહેલાં માહાત્મ્ય....એમ માનસરોવરમાં સ્નાન કરતાં પહેલાં જરા માહાત્મ્ય સાંભળી લઇએ કે માનસરોવરમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્નાન કરવાની ઝંખના આપણને તો શું પણ દરેકે દરેક હિંદુને કેમ હોય છે વળી તે ઝંખના કાંઈ આ પેઢીના મનુષ્યોની નથી. ગઈ પેઢીના મનુષ્યોની નથી તેમ પાંચ દશ પેઢી પહેલાના 'પોઢી' ગયેલા મનુષ્યોની પણ નથી પણ એતો છે- સંસ્કૃતિ જૂની ઝંખના....એતો છે આપણું સનાતન સ્થિર સ્વપ્ન-

માનસરોવર અને માનસરોવરના હંસલા એતો છે આપણું અમર વાક્ય.... અમર કાવ્ય...

કુબેરની અલકાપુરી

ચાલો યાત્રિકો ! હવે માનસરોવરનું માહાત્મ્ય સાંભળતાં- પહેલાં એ પણ જાણો કે ધનપતિ કુબેરે જે અલકાપુરી બનાવી હતી તે આકાશમાં (અવકાશમાં) નો'તી, પૃથ્વી ઉપર પણ બીજે કયાંય નો'તી પરંતુ એતો હતી-માનસરોવરના કાંઠે. માનસરોવરના કાંઠે એ અલકાપુરીમાં દેવો રહેતા....યક્ષો રહેતા.... ગંધર્વો રહેતા.... કિન્નરો રહેતાં.... આ અલકાપુરીમાં મુંબઈની મલબારહિલથી દેખાતી રોશનીને પણ ઝાંખી પાડે એવી રોશની થાતી. અલકાપુરીમાં દુઃખ નો'તું, દર્દ નો'તું, વેદના નો'તી પણ હતા સુખ....સમૃદ્ધિ....વાસના....અને વિલાસ. આંહી યક્ષો વિરહમાં ઝુરતાં અને યક્ષાણિયો સમૃદ્ધિમાં આળોટતી અને ગંધર્વો ગાનતાનમાં ગુલતાન રહેતા અને કિન્નરો કકળાટ કર્યા વગર 'કલદાર' વાપરતાં કારણ આ ધનપતિ કુબેરની અલકાપુરી હતી, આંહી નાણાની છોળો ઉડતી એટલે આંહી કંજુસાઈ નો'તી કકળાટ નો'તા અને "Q" કવોટા કે "R" નો'તા પણ આંહી તો હતા રંગરાગ અને રોશની.... આંહી એ વખતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનસરોવરના હંસલા સાચા મોતીનો ચારો ચરતાં કારણ સરોવરના કાંઠે આપણે જેમ તળાવમાં માછલાને મમરા કે લોટની ગોળીઓ નાખીએ છીએ તેમ તે વખતે સાંજ પડયે સજોડે ફરવા નીકળેલા યક્ષો....ગંધર્વો...કિન્નરો...મોજ ખાતર પોતાની ડોકમાં પહેરેલ પોતાની માળાઓને તોડી તોડી એકેક દાણો માનસરોવરમાં નાખતાં અને હંસલા એ દાણાને ચાંચમાં લઈ અડી પાછા જળમાં નાખતાં કારણ હંસોને મન મોતી પાછા પાણીમાં નાખવા જેવા હતા અને ગંધર્વોને મન મામુલી હતા કારણ અલકાપુરીનો ધણી કુબેર હતો અને કુબેર ધનનો ધણી હતો અને વાંચકો! તમો માનો અગર ન માનો પણ ભોળોનાથ આંહી પધારતાં. કુબેરજી એમને પરાણે આંહી તેડી લાવતા....ક્યારેક કૈલાસપતિ એકલા આવતાં તો ક્યારેક માતાજી સાથે પણ પધારતા કારણ આ અલકા તો કૈલાસને આંગણેજ.... કુબેરે બાંધેલી....કારણ ઉપર આકાશમાં (અવકાશમાં) કે નીચે ધરતી ઉપર પોતાને નગરી બાંધવા જેવી મનપસંદ જગ્યા લાગી હોય તો આ માનસરોવરનો કાંઠોજ લાગેલો એવા આ માનસરોવરના કાંઠાના માન હતા અને આ બધાનું પુરેપુરૂં વર્ણન વાંચવું હોયતો—મહાકવિ કાલિદાસનું લખેલું મેઘદુત વાંચજો કારણ એ અમર કાવ્ય મેઘદુતમાં આ અલકાનગરીના અમર વર્ણન છે.

ચાલો! વાંચકો હવે માહાત્મ્ય વાંચીએ....

ગિરિવર કૈલાસની દક્ષિણે આ માનસરોવર આવેલું છે અને પાસેજ રાક્ષસતલ નામનું સરોવર છે બન્ને સરોવર પાસે પાસેજ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનસરોવરનું માહાત્મ્ય

માનસરોવર સમુદ્ર સપાટીથી ૧૪,૯૫૦ ફૂટની ઉંચાઈએ આવેલું છે અને તેનો વિસ્તાર ૨૦૦ ચોરસ માઈલનો છે માનસરોવર ગોળાકાર હોવાથી તેનો ઘેરાવો ફક્ત ૫૪ માઈલનો છે જ્યારે રાક્ષસતાલનો વિસ્તાર ૧૪૦ ચોરસ માઈલનોજ હોવા છતાં તેનો કિનારો ખૂબ ખાંચાખૂંચીવાળો છે અને ઘેરાવો ૭૭ માઈલ લાંબો છે, માનસરોવરની મધ્યમાં તેની ઉંડાઈ ૩૦૦ ફૂટની છે.

વાંચકો ! કૈલાસપતિની કરામત તો જુઓ ! કેવડા મોટા સરોવર ભોળાનાથે કયાં બનાવ્યા છે! પણ બનાવેજ ને! હળાહળ ઝેર પીનારને ના'વા માટે એના આંગણે તો આવડા મોટાજ સરોવર જોઈએ ને! એ ઝેરને ઝીરવનારા નિલકંઠને કાંઈ નાહવાના બાથરૂમ કે ઉના પાણી થોડા જોઈએ ! કારણ એણે તો ઝેર પીધા....અને ઝીરવ્યા અને ડીલે રાખ્યું ચોળી અને ડોકમાં સરપ સીંદરા નાખ્યા....ભલે બીજા દેવો મોતી માણેક હીરા પહેરે પણ આ કૈલાસપતિને કોઈનો વદાડ નહિ. બીજા દેવો ભલે રાજભવનમાં પોઢે પણ આતો મસાણે માટલા મુકી ભાંગ ગાંજા વાટે. બીજા ભલે 'તથાસ્તુ' કહેતાં પહેલાં વિચાર કરે પણ આ ભોળોનાથ રીઝયો એટલે પત્યું 'તથાસ્તુ' થઈજ ગયું છે ! પછી ભલે વાંહે ભસ્માસુર દોડે અને વૈંકુઠપતિને રૂપ બદલી નાચવું પડે....બીજા ભલે 'તથાસ્તુ' કીધા પછી પણ એમાંથી છટકબારી ગોતી કાઢે પરંતુ પાર્વતીપતિને એવું કાંઈ પરવડેજ નહિ ને !

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાહ ભોળાનાથ વાહ! શું નિવાસ સ્થાન તારા છે! કયાં તારા રહેઠાણ અને કયાં અમે છતાં માનસરોવરના કાંઠે તે પૂગાડયા ખરા ભોળાનાથ!

કહેવાય છે કે કૈલાસપતિ આંહી માનસરોવરના જળમાં ડુબકીયું મારવા આવે છે અને મા પાર્વતીજી પણ કયારેક કયારેક પધારે છે નહિતર- માતાજી તો કૈલાસ પરિક્રમામાં આવતાં ગૌરીકુંડમાંજ સ્નાન કરી લ્યે છે કારણ ઘરબાર રેઢા મુકી આ ત્રીસ માઇલ દૂર કોણ ધક્કો ખાય! પણ ભોળાનાથને તો ઘરબારની પડીજ શેની હોય! એટલે એતો આંહી માનસરોવરમાં પણ સ્નાન કરવા પધારે છે.

બોલ કૈલાસપતિ ભગવાનકી જે.
બોલ જલારામ બાપાની જે.
બોલ સદ્‌ગુરુદેવકી જે.
બોલ ઉમાપતિ મહાદેવકી જે.

માનસ સરોવર એ કૈલાસના જેટલું જ કે તેથી પણ વધારે આશ્ચર્યકારક, અલૌકિક અને કુદરતનું મહિમાવાન લીલાસ્થળ છે. પ્રાચીન કાળથી જ એનો ઉલ્લેખ મળતો આવે છે. સ્કંદ પુરાણમાં એક કથા છે કે દેવતાઓ કૈલાસ પર્વત ઉપર જઈ ધ્યાન-ધારણા કરવા લાગ્યા, પરંતુ તે સ્થળે પાણીને અભાવે મુશ્કેલીઓ ભોગવવી પડતી, ત્યારે તેઓ બ્રહ્માને પ્રસન્ન કરવા તપ કરવા લાગ્યા. બ્રહ્માની પોતાની ઇચ્છા શકિતથી એક સરોવર બનાવી તેઓનું દુઃખ ટાળ્યું, બ્રહ્માની ઈચ્છા શકિત કે મનથી ઉત્પન્ન થયું તેથી માનસ સરોવર નામ પડયું.

જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યજી મહારાજ દ્વારકા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તકલાકોટથી ૩૩ માઇલ દૂર આ માનસરોવર આવેલું છે અને અહીંથી કૈલાસ ૩૦ માઇલજ દૂર છે.

ઐતિહાસિક દૃષ્ટિએ માનવીની પ્રશંસાને પાત્ર થવામાં માનસરોવર એ સૌથી પ્રથમ સરોવર છે અને ભારતનાં પુરાણો તથા અન્ય પ્રાચીન ગ્રંથોમાં માનસરોવરના અનેક ઉલ્લેખ મળી આવે છે કૈલાસ જેમ માનસરોવર પણ કોઇ જાતની શંકા વગર સૌથી પવિત્ર સરોવર મનાતું આવ્યું છે કારણ કૈલાસ પરજ શિવ–પાર્વતીનો નિવાસ છે.

માનસરોવરમાં અનેક રાજહંસોનો વાસ છે એમ આપણી લોકવાર્તાઓ તથા દંતકથાઓમાં વર્ણન છે અને તે વર્ણન કોઇ ઉપજાવી કાઢેલ નથી પરંતુ સાચા છે કારણ કે કોઇ કોઇ વાર સરોવરના શાંત પટ ઉપર રાજહંસો એકલા નહિ પરંતુ સહપરિવાર વિહાર કરતા જોવા મળે છે.

The water in the Mansarovar is crystal clear and nectar sweet. It posseces magic healing properties. The rareness and clarity of air cuts distances telescopically, therefore we can see a person engaged in the work at a distance of ten miles and more on the bank of Mansarovar. Here, the fragrant plants flourishes and horses called "Shamkaran" are found There are eight monesteries along the shore with Dabas and Lamas.

SHRI SWAMI VIDYANANDJI

બાકી માનસરોવરના હંસલા મોતીનો ચારો ચરે છે એતો એક કવિની ઉત્તમ કલ્પના છે પરંતુ મોતીના દાણાને મળતી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કલ્પના તો એ છે કે માનસરોવરનું નિર્મળ પ્રવાહી કાચ જેવું અને પારદર્શક જળ અને એ જળના તરંગોમાંથી ઊઠતાં મોતીના દાણા જેવા જળબિંદુઓને ચાંચ મારતાં રાજહંસોને જોઈ કોઈ કવિને મોતીના દાણાની કલ્પના આવી હોય તો ખોટું પણ શું છે વાંચકો !

ભારતના શ્રદ્ધાળુ જનસમુદાય માફક તિબેટના બૌદ્ધ લોકો પણ માનસરોવરને બહુ પવિત્ર માને છે અને તેની પરિક્રમા કરે છે તિબેટના લોકો માનસરોવરને 'છો-મવમ્' કહે છે, અને રાક્ષસતાલને 'લંગક છો' કહે છે જેમ સત્ અસત્ પાસે પાસેજ રહે છે તેમ કર્ણને પ્રિય એવા માનસરોવરના શબ્દ પાસે કર્ણને અપ્રિય લાગે એવો રાક્ષસતાલનો શબ્દવાળો સરોવર કાંઠો આંહી ક્યાંથી આવ્યો તે જાણો છો વાંચકો !

> રાવણે રાંઢવું બાંધેલું ત્યાં........

જાણતા હો તો સારી વાત છે નહિતર લ્યો કહું !

રાવણે કૈલાસપતિને રાજી કરવા અને રાજી થયે વરદાન માગી 'તથાસ્તુ' કહેવડાવવા આ ઠેકાણે બેસીને તપ કર્યું હતું અને એ લંકાપતિ આંહી રોજ ના'તો એટલે આ ભોમકાને કહે છે રાક્ષસતાલ.... અને ભોળાનાથ રીઝયા પહેલાં– માળો એવો બળુકો કે એણે તો કૈલાસ પર્વત આખો ઉપાડ્યો અને વાંચકો તમો માનો અગર ન માનો એ તો તમારી મરજીની વાત છે પરંતુ નજરોનજર જોનારા કૈલાસ યાત્રાએ ગયેલા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણી હારે જે શાંતિભાઇ હરે....ફરે છે અને જેની માયાળુ લાગણીથી આપણને આંહી હરવા ફરવામાં આનંદ આવે છે તે શાંતિભાઈએ કીધેલું કે–

"ભાઇ! આખો કૈલાસ પર્વત બરફમય છે પણ રાવણે જ્યાં રાંઢવું બાંધેલું એ રાંઢવા બાંધેલી કૈલાસ ફરતી જગ્યાએ આંકા પડી ગયા છે અને એ આંકાવાળી જગ્યાએ હજુ પણ બરફ જામતો નથી."

વાંચકો! આ વાત તમારે માનવી હોય તો માનજો, મારો કશો આગ્રહ નથી પણ હું તો આ વાત માનું છું કારણ શાંતિભાઇ ખોટું કહે એવા નથી કારણ શાંતિભાઇનો તમને પરિચય નથી અમને પરિચય છે એટલે ખાતરીથી કહીએ છીએ કે શાંતિભાઈ ખોટું બોલે નહિ એટલે ફરીને કહું છું કે રાવણે જ્યાં કૈલાસ પર્વત ઉપાડવા 'રાંઢવું' બાંધેલું એ ઠેકાણે હજુ બરફ જામતો નથી અને આ અનુભવ શાંતિભાઈનો તો છે પરંતુ કૈલાસ યાત્રાએ ગયેલા ઘણા યાત્રિકો પણ એમજ કહે છે કે 'રાવણે જ્યાં કૈલાસ પર્વત ઉપાડવા 'રાંઢવું' બાંધેલું એ ઠેકાણે હજુ બરફ જામતો નથી.'

ભારતના યાત્રીઓ ગંગાજળની જેમ માનસરોવરનું પવિત્ર જળ પોતાની સાથેના પાત્રમાં ભરી લે છે અને બહુ સાવધાની તથા શ્રદ્ધાપૂર્વક તેને હારે લઇ આવે છે અને દેશમાં આવી એ પુનિત જળના ચરણામૃત હેતુમિત્રો અને સગાં સબંધીઓને કરાવે છે અને સૌ ધન્ય ધન્ય થાય છે.

કૈલાસની પરિક્રમા જેમ પ્રણાલિકા પ્રમાણે દરચેનથી શરૂ થાય છે તેવી રીતે માનસરોવરની પરિક્રમા કોઇ નિશ્ચિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્થળેથી શરૂ થતી નથી. ગર્બ્યાંગ તથા લીપુ-ઘાટને માર્ગેથી આવતા યાત્રીઓ ગુર્લા-લા ઘાટ પરથી નીચે ઉતરી માનસરોવરના નૈઋત્ય ખૂણા પાસે પ્રથમ આવે છે અને ઉત્તરમાં આગળ વધી કૈલાસની પરિક્રમા કરીને સાથેસાથેજ માનસરોવરની પ્રદક્ષિણા પણ કરી લે છે.

ઘણા યાત્રીઓ આ પરિક્રમા કરે છે અને ઘણા યાત્રીઓ કરતા નથી એતો જેવી જેની અનુકુળતા અને વાચકો આપણે પણ પરિક્રમા કરી શકતા નથી એટલે એ દશને પ્રણામ કરી હાલો હવે માનસરોવરના જળમાં સ્નાન કરીએ.

પણ બાપરે ટાઢ કાંઈ ટાઢ... એટલે ડુબકીયું મારી સગાં વહાલાંના સ્મરણ કરવા તો એક તરફ રહ્યા પણ માનસરોવરના જળમાં પગ બોળવાની પણ હિંમત હાલતી નથી છતાં 'ખંખોરીયું' ખાવું છે એ ચોક્કસ કારણ હવે માનસરોવરને કાંઠેથી ના'યા વગર પાછું ફરવું નથી માટે બધી હિંમતને એકઠી કરી શ્રદ્ધાપૂર્વક સ્નાન કરો પણ સ્નાન કરતાં પહેલાં જલારામ બાપાની જે બોલો.

બોલ જલિયાણ મા'રાજની જે....
બોલ સદ્ગુરુ દેવકી જે...
બોલ કૈલાસપતિ મહાદેવકી જે...
બોલ ઉમાપતિ મહાદેવકી જે....
જે.... જે.... જે....જે જે.... જે....

—૦—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માની મીઠી યાદ આવે છે.

યાત્રિકોએ તો માનસરોવરમાં સ્નાન કર્યું અને હિંમત હાર્યા વગર એક ડુબકી તો મારી પણ જાણે વીછીઓના ડંખ એના માથામાં વાગ્યા એટલે સીસકારી બોલાવતો બોલાવતો.... ધ્રુજતો.... ધ્રુજતો.... યાત્રિક બહાર આવ્યો અને જે બોલવા મહેનત કરી પણ એના જડબા ઉઘડયા જ નહિ એટલે મનમાં મનમાં જે.... જે.... જે.... જે.... બોલતાં બોલતાં એણે ઝટપટ કપડાં બદલ્યાં અને સાથે રાખેલ સુંઠ–ગોળ ખાધા અને ખાધા પછી હૈયે જરાક હામ આવી એટલે યાત્રિકે મીઠી નજરે માનસરોવર તરફ દ્રષ્ટિ નાખી... ફરી ફરીને દ્રષ્ટિ નાખી... અને એની આંખો ભીની થઈ અને હરખના તાનથી એનું હૈયું હિલોળે ચડયું અને આ પવિત્ર સ્થળે સગાંવહાલાંના સ્મરણ કર્યા... હેતુ મિત્રોના સ્મરણ કર્યા.... અને પુરી શ્રદ્ધાથી માનસરોવરનું ખોબો ભરીને જળ લઇ એ સરોવરમાં જ તર્પણ કર્યું અને મનમાં મનમાં બોલ્યો–

પ્રભુ ! તારૂં જળ તનેજ અર્પણ કરૂં છું....

કૈલાસપતિ ! તારા ચરણે આવું છું સ્થાન દેવું ન દેવું એ તારી મરજીની વાત છે....

જગજજનની મા ! તારા ખોળે....

માનું સ્મરણ થતાં યાત્રિક વધુ બોલી શકયો નહિ જાણે એનું હૈયું ફુલાણું.... ફાટયું અને એનો રદયો રોયો....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! માનું સ્મરણજ એવું છે કે....માની મીઠી યાદમાં કઈક રોયા છે...કઈકે એની કાયા કલેવર માના નામે "ન્યોછાવર" કરી નાખ્યા છે કારણ આખી-ડીક્ષનેરીમાં "**મા**" એ એકજ શબ્દ એવો છે કે એની તુલનામાં બીજા કોઈ શબ્દો મુકી શકાતા નથી....મુકી શકાય નહિ...કારણ માને પેટે અવતરેલો માનવી જાણે છે કે મા કેટલા દુઃખ વેઠે છે...મા કેટલા જતનથી જાળવી મોટા કરે છે....મા શું શું વેઠે છે.... શું શું સહન કરે છે...એના જો આ માનસરોવરના કાંઠે બેસીને વર્ણન કરીએને તો હે મૃત્યુ લોકના માનવીઓ ! આ સરોવરના જળની અંજલીઓ પણ માના નામે આપતા આપતાં તર્પણમાં ઓછી પડે એટલા માના ઉપકાર છે. માટે માનસરોવરના કાંઠે ઉભેલા હે યાત્રિકો....હે વાંચકો ! સૌ પોત પોતાની જનેતાને સંભારી માને એક સામટી અંજલિ આપી જલારામ બાપાની જે બોલો....

બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્દગુરુ દેવકી જે....
બોલ કૈલાસપતિ ભગવાનકી જે....
બોલ ઉમાપતિ મહાદેવકી જે....

વાચકો ! માનસરોવરમાં સ્નાન તો કર્યા પણ કાંઈ ટાઢ ચડી છે કાંઈ ટાઢ ચડી છે કે સહેજે ચા પીવામાં જીવ ગયો છે એટલે વાંચતાં વાંચતાં વિચાર મંથન કરતાં કરતાં થાય છે કે બચુ હમણાં આવશે....હમણાં આવશે.... એમ થયા કરે છે કારણ.... રસોડામાંથી પ્રાયમસનો અવાજ સંભળાય છે અને ઘડિયાળમાં થયા છે ત્રણની માથે પંદરેક મિનિટ એટલે વાચકો મોઢુ બોઢું ધુઓ ત્યાં બચુ ચહા લઈને હમણાં પુગશે કારણ કે એ વખત સાચવવામાં ખબરદાર છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યાત્રિકે વાંચતાં વાંચતાં પલળેલ પાંપણો માથે પાણી છાંટી મોઢું ધોયું અને સંતોષ અસંતોષની મિશ્ર લાગણી વચ્ચે લોટામાં આવેલ મસાલેદાર ચહાનો 'ટેસ' પણ કર્યો અને એની કાયા ફરી ચેતનવંતી થઈ અને માનસરોવરના જળમાં સ્નાન કર્યાથી ચડેલી ટાઢ ઓછી થઇ એના શરીરમાં ગરમાવો આવ્યો અને થયું હાશ ! હવે આ બત્રીસ માઇલ સ્હેજે કપાશે.

ચાલો યાત્રિકો હવે માનસરોવરને પ્રણામ કરી આગળ વધો અને ગુસુલ ગોમ્પાએથી ઉપડો પણ ઉપડતાં પહેલાં ફરીને જોરથી જે બોલો....

બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્‌ગુરુ દેવકી જે...
બોલ કૈલાસપતિ ભગવાનકી જે...
બોલ ઉમાપતિ મહાદેવકી જે...

મસાલેદાર ચહા પીધો છતાં યાત્રિકના કોઠામાં માનસરોવરના ટાઢા જળની ટાઢક વળી ગઈ છે એટલે યાત્રિકો જોરથી જે બોલી શકયા નહિ પણ આસ્તેથી જે બોલી ઉપડયા તો ખરા !

માનસરોવરથી ઉપડયા

વાચકો ! હવે આ ત્રીસ માઇલના વિસ્તારમાં એટલો પવન અને એવી કાતિલ ઠંડી હોય છે કે એનું વર્ણન વાંચતાં વાંચતાં કંપારી છુટે છે અને ધ્રુજારી આવી જાય છે છતાં અતૂટ શ્રદ્ધાને બળે યાત્રિકો આગળ વધે છે. કારણ હવે કૈલાસ દર્શનની ઝંખના એને જીવાડી રહી છે. એ મરણીઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થયો છે. એ ઈચ્છે છે હવે કૈલાસ દર્શન અગર કૈલાસવાસ... એટલે વાંહે માનવીઓથી ખદબદતા મૃત્યુલોકના સંસારને પીઠ બતાવી એ દૂર...દૂર.... દેખાતા કૈલાસ પર્વતના શિખર તરફ દ્રષ્ટિ કરી આગળને આગળ ચાલ્યો જાય છે...ચાલ્યો જ જાય છે.... અને આઠ માઈલ હાલે છે ત્યાં ગંગા-છુ આવે છે અને ડાયરીમાં નોંધે છે.

ગંગા-છુ ૨૨૪ માઇલ

હવે યાત્રિકને મરણ ભે મટી જાય છે કારણ સામેજ કૈલાસ દર્શન થઈ રહ્યા છે કે જે ઝંખનાના બળે એ જીવતો આંહી પૂગ્યો છે એ કૈલાસ પર્વત સ્પષ્ટ દેખાય છે એટલે યાત્રિક હવે પુરા તાનથી અને પુરા ભાનથી આઠ માઈલતો સ્હેજે કાપી નાખી બરખા (૧૫૦૫૦) પુગે છે અને એની અબરખા પુરી થાય છે કારણ હવે દરચેન રહ્યું આઠ માઈલ અને દરચેન એટલે કૈલાસ તળેટી....ભગવાન ભોળાનાથના ઘરનું આંગણું....એના આંગણાનો પોર્ચ એના બાળગોપાળ ગણેશજી અને કાર્તિકેયને રમવાના મેદાન....

આંગણે બાળકો ખેલ્યા કરે....કુદયા કરે....અને ભોળાનાથ અને મા પાર્વતીજી રમતા છોકરાંઓને કૈલાસ પર્વત ઉપર બેઠા બેઠા જોઈ રાજી થયા કરે....

વાચકો એ આંગણું હવે આઠ માઈલજ રહ્યું છે એ આંગણે આપણે હવે પુગશું ખરા! જીવતા પુગશું ખરા! કારણ હવે આપણા રદીઆમાં હિંમત આવી ગઇ છે....માટે બરખા મેદાનની "અબરખા" અળગી કરી હવે ઉપડો.

યાત્રિકો બરખાથી રવાના થઇ ડાયરીમાં નોંધે છે.

ગંગાછુથી બરખા ૮ માઇલ અને આલમોડાથી ૨૩૨ માઈલ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે આઠ માઈલે આવશે દરચેન અને દરચેન એ કૈલાસ દરચેન પૂગ્યા એટલે કૈલાસ પતિના ચરણે પૂગી ગયા એ સાચું ! પરંતુ યાત્રા પૂર્ણ તો ત્યારે ગણાય કે આપણે કૈલાસની તળેટી. પરિક્રમા પૂર્ણ કરીએ ત્યારે ! નહિ કે દરચેન પુગ્યા એટલે માટે યાત્રા પૂર્ણ થવામાં હજુ વાર છે માટે ઉપડો પણ ઉપડતાં પહેલાં બાપાની જે બોલો....

બોલ શ્રી જલારામ બાપાની જે....
બોલ શ્રી સદ્‌ગુરૂદેવકી જે....
બોલ શ્રી ઉમાપતિ મહાદેવકી જે....
બોલ કૈલાસપતિ મહાદેવકી જે....
જે.......જે.......જે........જે....જે.......

વાચકો ! આ સ્થળની શોભા એવી તો અવર્ણનીય છે કે યાત્રીને એક દિવસ વધારે રોકાઈ જવાનું મન થાય છે પરંતુ હવે મઝાલ કોની છે કે વગર કારણે કોઈ એક દિ પણ વધુ ભાંગે કારણ હવે હિમપારો (Freezing Point)થી પણ નીચે રહે છે એટલે કેવી ટાઢ હોય.... આ બરખાના મેદાનમાં કેવા પવનના ઝીકોટા મારતા હોય... એ હવે વર્ણન કરવાના વિષય નથી પરંતુ અનુભવવાના વિષય છે છતાં આંહીનું સ્વર્ગીય વાતાવરણ યાત્રિકોના હૈયા ડોલાવે છે એ હરખના હિલોળે ચડે છે એટલે ટાઢ વસમી લાગતી નથી પણ મનડું આનંદ આનંદ પામે છે.

બરખાનું મેદાન

વાચકો ! કૈલાસપતિની કરામત તો જુઓ આ બરખા નામના ૧૫૦૫૦ ફુટની ઉંચાઈએ આવેલા વિશાળ મેદાનમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પશુઓ માટે વિપુલ ઘાસચારો છે તિબેટી ભરવાડો તેમનાં હજારો ઘેટાં બકરાં તથા યાક—ઝબ્બૂ સાથે બરખાના મેદાનમાં જ્યાં ત્યાં પડેલા હોય છે. ઉપરાંત આ મેદાનમાં ટોળાબંધ કિયાંગ (જંગલી ઘોડા) સ્વચ્છંદ રીતે ઘુમતા હોય છે. વળી વાચકો નવાઈની વાત તો એ છે કે- રૂડા મઝાના રમકડાં જેવાં સસલા અને મોટાં ઉંદરો પણ આ મેદાનમાં છે. આ ઉંદરો ઉનાળામાં તો મેદાનમાં દોડાદોડી કરીને પોતાનો ખોરાક મેળવી લે છે, પરંતુ શિયાળો બેસતાં જ તે પોતાના હુંફાળા દરમાં એક લાંબી નિંદ્રામાં પડી જાય છે એટલે તેને આ દશામાં ખોરાકની જરૂર પડતી નથી અને છેક વસંત ઋતુ આવે ત્યારે જ ઊઠે છે.

આ છે પ્રભુની લીલા કે શિયાળામાં ઉંદર—સસલાને ઠંડીમાં છ મહિના સુવાડી દયે છે એટલે તેને ખોરાકની જરૂર ન પડે.

પહાડમાં કે મેદાનમાં....શહેરમાં કે ગામમાં...નહેરમાં કે નાળામાં....સાગરમાં કે સરોવરમાં....દરેક જીવને પોતાના કર્માનુસાર રોટી અને રહેઠાણ મળી રહે છે અને સુખ કે દુઃખ જીવ માત્રને પોતાના કર્માનુસાર ભોગવી લેવાના હોય છે પછી હસતા ભોગવો કે રોતા પણ પ્રારબ્ધ ભોગવ્યા સિવાય છુટકો જ નથી.

ચાલો! વાચકો! આપણે તો વળી કર્મ અને પ્રારબ્ધની વાતો કરવા મંડયા પણ એતો જુગ જુનુ સનાતન સત્ય છે આપણે માનીએ અગર ન માનીએ પરંતુ પ્રારબ્ધ છે...કર્મ છે...અકર્મ છે... સત્ છે...અસત્ છે....તે જીવ માત્રને ભોગવ્યા વગર છુટકો નથી અને આપણે પણ એ પ્રારબ્ધને વશ થઇને પ્રભુ કૃપાથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આંહી સુધી પુગ્યા છીએ નાહતર કયાં કૈલાસ.... કયાં રાજકોટ.... કયાં વીરપુર....

આઠ માઈલ હાલતાં શું વાર! એટલે યાત્રિકો એક દિવસમાં બરખાથી દરચેન પુગી જાય છે અને વાચકો આપણે પણ જલારામ બાપાની દયાથી સાજા નરવા દરચેન દેખ્યું.... સામેજ ભોળાનાથનું બેસણું હવે સ્પષ્ટ દેખાય છે અને કૈલાસ દર્શન થઈ રહ્યા છે માટે દરચેનમાં પડાવ કરતાં પહેલાં જોરથી જે બોલો..

બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્‌ગુરુ દેવકી જે....
બોલ કૈલાસપતિ ભગવાનની જે....
બોલ ઉમાપતિ મહાદેવકી જે...

દરચેન (કૈલાસ તળેટી)

દરચેન કૈલાસની ઠેઠ તળેટીએ આવેલું છે અને કૈલાસ પરિક્રમા પણ આંહીથી જ શરૂ થાય છે.

યાત્રિકો આલમોડાથી **બરાબર ૨૪૦** માઇલનો જોખમ ભર્યો અને કષ્ટમય પ્રવાસ ખેડીને છેવટે દરચેન પહોંચે છે ત્યારે એના અરમાન રદીઆમાં માતા નથી એના ઉલ્લાસ અને ઉમંગ આશા અને સંતોષના શ્વાસ–રદીઆમાં સમાતા નથી અને ઘેલછા ઉત્પન્ન કરે એવું કૈલાસ દર્શન થાતાં એના અહંકારનું અવસાન થાય છે જેથી શ્રદ્ધા અને ભકિતથી આજુબાજુ પ્રસન્નતાની નજર નાખી કૈલાસપતિને વારંવાર પ્રણામ કરે છે અને નજરૂને જોરે જોવાય એટલું જુએ છે. અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



દરચેન (ભુતાન રાજ્યની હદ)
કૈલાસની પરિક્રમા અહીંથી શરૂ થઇ અહીંઆ પૂર્ણ થાય છે.

વિચારે છે કે– જોખમ ખેડયા વગર જિંદગીનો લહાવો શી રીતે મળવાનો હતો!

વાચકો! જુઓ તો ખરા! આ કૈલાસ શિખર કેટલું ઘાટીલું અને પ્રમાણસર આશીર્વાદ સમું દેખાય છે જાણે એક બરફનું શિવાલયજ આપોઆપ પ્રગટ થયું છે. એટલે યાત્રિક તો હજુ એ શિખરના દર્શન કર્યાજ કરે છે....કર્યાજ કરે છે...અને એ ધ્યાનમૂર્તિ કૈલાસના દર્શન કરી પોતે પણ ધ્યાનસ્થ દશાને પ્રાપ્ત થાય છે અને છેવટે ધ્યાનસ્થ દશામાંથી મુકત થઇ એ જાણે વર્ણન ન કરી શકાય એટલા આનંદમાંને આનંદમાં એ હવે હરે ફરે છે અને આજુબાજુના દશ્યો જોઇ પ્રભુની અપરંપાર લીલાને આંખ્યો ભરી ભરીને જુએ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાલો વાચકો હવે દરચેન નામ શા ઉપરથી પડ્યું તે જાણીએ.



કૈલાસ

તિબેટી ભાષામાં 'દર' નો અર્થ ધ્વજ અને 'ચેન' નો અર્થ મહાન થાય છે દરચેનથી સાડાત્રણ માઇલ પર કૈલાસ પરિક્રમાના માર્ગમાં એક મોટી ધજા આવે છે. તે ઉપરથી આ નામ પડ્યું છે. દરચેનને ઘણાં તારછેન પણ કહે છે અને અહીં ત્રણ ચાર પાકાં મકાનો તથા કેટલાંક તંબુઓ આવેલા છે.

દરચેન એ તિબેટની હદમાં આવેલ નથી પણ એ ભુતાન રાજ્યની હકૂમત નીચે ગણાય છે અને આંહી ભુતાનનો સૂબો (લેબ્રંગ–નેર્બા) રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



દરચૈનથી દોઢ માઈલ 'તરઓછે' (મહા ધ્વજ)

વૈશાખી પૂર્ણિમા બુદ્ધ જયંતિના દિવસે અહીં મોટો મેળો ભરાઈ છે.

કૈલાસ પરિક્રમાએ જનારા યાત્રિકો ત્રણેક દિવસ પુરતી સામગ્રી સાથે રાખી વધારાનો સામાન અહીંજ મૂકીને પરિક્રમા પર જઇ શકે છે.

ચાલો વાંચકો ! આપણે પણ પરિક્રમામાં ઉપડીએ પરંતુ પરિક્રમા કરતાં પહેલાં કૈલાસ માહાત્મ્ય જાણીએ અને કૈલાસ દર્શન પણ કરીએ.

—o—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુણ્યશ્લોક ગાંધીજી હૈયાત હોત તો..

મુંબઈ રાજ્યના ગેઝેટેડ ઓફિસર
શ્રી યોગેન્દ્રભાઈ મહેતા B. Sc.

ભગવાન અમરનાથનું
પુસ્તક વાંચી લખે છે કે:

૧. પુણ્યશ્લોક ગાંધીજી હૈયાત હોત અને તેમને આ અમરનાથ ભગવાનનું પુસ્તક જોવા માટે આપ્યું હોત તો તેમણે આ પુસ્તકની ભાષા અંગે પ્રશંસા જરૂર કરી હોત કારણ કે, ભારતની કરોડોની નિરક્ષર જનતા પણ સમજી શકે એવું આ પુસ્તક છે.

૨. અમરનાથ ભગવાન તો અમર છે તેમની કથા અમર છે, તેનું વર્ણન અમર છે, પણ આ વર્ણનને બોલતી ચાલતી ડોકયુમેન્ટરી માફક અમરગંગાના પ્રવાહની જેમ 'ટેલિવિઝન'ના સેટ ઉપર વાંચનાર જોયાજ કરે અનુભવ્યા કરે ભગવાનની લીલામાં નાહ્યા કરે અને જાણે બરફના લિંગના ભગવાનને જોઈને જન્મને સાર્થક માને એવું પુસ્તક વાંચતા અનુભવ થયો.

વાંચો : ભગવાન અમરનાથ.

(કાશ્મીરના વર્ણન-ફોટા સાથે)

પાના ૬૫૫. ફોટા ૯૦. પાકું પુઠું. પચરંગી જેકેટ.
કિંમત રૂ. ૪-૬૨ પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧-૮૧

કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ
ચંપાકુંજ, ૪૨ પ્રહલાદ પ્લોટ,
રાજકોટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ જય સિયારામ – જય બજરંગ ॥

આવા પુસ્તકો દરેક હિન્દુઓના ઘરની શોભા રૂપ છે તેમ મને લાગે છે.

P. O. Box 147
ARUSHA. T. T.
7th January 1958

સ્નેહી ભાઈ શ્રી સૌભાગ્યચંદભાઈ

સાદર શ્રી રામસ્મરણ.

છેલ્લા વીશેક દિવસથી હું અરૂશા આવેલ છું. પૂજ્ય વલભદાસ બાપાએ આપનું લખેલ પુસ્તક ભગવાન અમરનાથ આપ્યું. વાંચીને બહુજ આનંદ થયો. આપનું લખાણ સચોટ પુરતી વિગતવાળું વળી રસદાયક હોવાથી વાંચવા લીધેલ પુસ્તક નીચે મુકવાનું ન ગમે અને જેમણે એ યાત્રા ન કરી હોય અને ભવિષ્યમાં પણ તેવો સંજોગ દેખાતો ન હોય તેવાને તો જાણે પુસ્તક વાંચતા વાંચતા યાત્રા કરતો હોય તેવું અનુભવાય છે. અને યાત્રાનો ચિતાર આંખ આગળ ખડો થાય છે. ગુફાનું વર્ણન વાંચતા જાણે મને થયું કે હું પણ સાથે જ છું. આવા પુસ્તકો દરેક હિન્દુના ઘરની શોભા રૂપ છે એમ મને લાગે છે.

ભગવાન શ્રી રામ અને શ્રી જલાબાપાની આપના ઉપર પુર્ણ કૃપા છે નહીંતર આવી વિકટ યાત્રા નાજુક તબીયતે થાય પણ શી રીતે ?

શ્રી જલાબાપાના ભકતો તો ઘણાં છે પણ બધાય ભકતો કૃપાપાત્ર બની શકતા નથી. અધિકાર પણ જોઇએ, આપ એ અધિકાર મેળવી શકયા છો.

આંહી શ્રી જલાબાપા સત્સંગ મંડળ કામ કરી રહ્યું છે.

લી. સેવક,
ભગવાનલાલ શંભુશંકર માંકડ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુસ્તક હાથમાં લીધા પછી પાછું મુકવાનું મન થાતું નથી.

Pranjivan Parmansnd Bhogatra
Via Mazindi
P. O. **ATURA**
(Uganda B. E. A)
શ્રીપલાંગો તા. ૯–૩–૫૭

રા. રા. મુરબ્બી ભાઈશ્રી સૌભાગ્યચંદ મંગળજી
જોગ શ્રી રાજકોટ.

જત લખવાનું કે આપનું મોકલાવેલ પુસ્તક શ્રી અમરનાથનું મલ્યું છે તે વાંચી બહુજ આનંદ આવ્યો છે. પુસ્તક હાથમાં



બરફનો પહાડ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લીધા પછી પાછું મુકવાનું મન થતું નથી. અને આપની બધી જાત્રાનું વર્ણન કરેલ છે વાંચી બહુજ આનંદ થયો છે. અને હજુ આ પુસ્તક આજે મારી પાસેથી એક માણુસ લઈ ગયેલ તે વાંચી બહુ જ આનંદ તેમને થયો અને ચોપડી વાંચ્યા પછી એમને અમોને જાત્રા કર્યા જેટલો લાભ થયો છે તેવું આપનું લખાણ છે કે ભલભલાને પણ પુસ્તક હાથમાં લઇ પછી મુકવાનું મન થતું નથી વાંચવામાં બહુ રસ આવ્યો છે જેમ જેમ આગળ વાંચતા જાય તેમ તેમ વધારે રસ આવ્યો છે. બીજું તમારા ભેગા ભાઇ ચુનીભાઇ વગર પરમીટે આવેલા અને દિલ્હી સુધી પછી તેનું કાંઇ આવ્યું નહિ તો પછી પરમીટ મળી કે કેમ તમો છેલ્લે સુધી જણાવતાં નથી તો મનમાં વસવસો રહી ગયો છે તે જણાવશો, બાકી બાપાના પ્રતાપથી આનંદમાં છીએ તેમ આપ જેવા મુરબ્બીના પ્રતાપથી દિવસો પસાર કરીએ છીએ. બાદ આ હિસાબે પણ અમરપંથનું પણ પુસ્તક સારૂં હોવું જોઈએ, તમારા લખાણુ મુજબ સારૂં હોવું જોઇએ. એજ બાકી કુશળ, કામ સેવા ફરમાવશો.

તમારી પાસે ફોટો એક બાપાનો મંગાવેલ પણ હજુ મલ્યો નથી તે સ્હેજ અમરપંથ બુક વાંચવાની મરજી થાય છે.

લી. પ્રાણુજીવનના પ્રણામ

તમારા પુસ્તક વાંચીને પણ તમારૂં નામ આફ્રીકામાં અમર થઈ જાય. જલારામ બાપાનો ફોટો જે સોનેરી કલરનો બની શકે તો મોકલશોજી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૧

કૈલાસપતિ ભગવાનકી જે....

ભારત તો શું પરંતુ સારા સંસારનું–વિશ્વનું મધ્યબિંદુ ગણાતો કૈલાસ પર્વત હિમાલયની પેલીપાર આવેલો છે.

હિંદુઓને મન મહાદેવ શંકર તથા માતા પાર્વતીજીના નિવાસસ્થાન તરીકે કૈલાસ છે અને કૈલાસ એ યાત્રાનું પરમ ધામ ગણાય છે અને મૃત્યુ પછી પણ શિવ સાનિધ્યમાં રહેવા માટે ગયેલા જીવને 'કૈલાસવાસી' થયાનું કહેવાય છે.

યુગ યુગથી કૈલાસ પર્વત તથા તેના આંગણે આવેલા માનસરોવરની શોભાએ સંસારના માનવીઓને અનાદિકાળથી આકર્ષ્યા છે અને હજારો વર્ષથી તેમનાં નામ આપણાં પુરાણો લોકવાર્તાઓ તથા દંતકથાઓમાં હંમેશને માટે વર્ણવેલા છે.

Mt, Kailas Manas is the source of Indian philosophy, Geeta wisdom, glory of Indian ideal and as the global movement made of Suvarna, 'सु-वर्ण' beautiful colour, One can see the changing colours of Kailas in east crystal, in south sapphire, in west ruby and in north gold. The parikrama has been filled with fragrant flowers and shrubs which are carried by pilgrims as dhoop to use for incurable diseases.

Swami Vidyanandji-Nainital.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૈલાસનું હિમાચ્છિત શિખર સાગર સપાટીથી ૨૨૦૨૮ ફુટ ઉંચું છે અને હવામાન સ્વચ્છ હોય ત્યારે ૮૦....૮૦... માઇલ છેટેથી કૈલાસ દર્શન થાય છે.

પૃથ્વી પરની સૌથી ઊંચી પર્વતમાળાઓ હિમાલયમાં ઘણી છે ગૌરી–શિખર (એવરેસ્ટ) ગોડવીન–ઓસ્ટીન–નંગા પર્વત કાંચનજંઘા ધવલગિરિ અને નંદાદેવી જેવાં અતિ ઊંચા શિખરો ઉપરાંત વીસ હજાર ફૂટથી ઊંચા સેંકડો શિખરો હિમાલયમાં આવેલાં છે છતાં અનાદિકાળથી કૈલાસનો મહિમા આટલો બધો છે તેનું કારણ એ છે કે તે–સંહારક શકિત મહાદેવજીનું રહેઠાણ છે.... જગજ્જનની મા પાર્વતીજીનું રહેઠાણ છે.... રિદ્ધિ સિદ્ધિના દાતા ગણપતિજીનું રહેઠાણ છે.

વાચકો! અનેક પહાડપ્રેમીઓએ–અનેક દેશ–વિદેશના સફરબાજોએ હિમાલયના અનેક શિખરો સર કરી છેવટે ઊંચામાં ઊંચા એવરેસ્ટને પણ આંબી જઇ ત્યાં પણ વાવટા ફરકાવી આવ્યા છે અને આવરદાના બળે એવરેસ્ટ ઉપરથી પાછા આપણી વચ્ચે આવી પણ ગયા છે અને જગતે એ મર્દોના બહુમાન પણ કર્યા છે અને એ નામો અમરકીર્તિ મેળવી ઇતિહાસને પાને અમર પણ થઈ ગયા છે. પરંતુ આપણે કયાંય વાંચ્યું કે કોઇએ કૈલાસપર્વત ઉપર પગ મૂકયો? આપણે કયાંય વાંચ્યું કે કૈલાસપર્વત ઉપર ચડવાનું કોઇને ચાનક ચડયું? કારણ? પહેલા તો કૈલાસ પર્વતની રચના બીજા પર્વતોથી સાવ અનોખી છે એ તો આપ આ ચિત્રમાંથી પણ સ્પષ્ટ રીતે જોઈ શકશો સાથે હિંદુઓ તથા તિબેટીઅનો સિવાય બીજા પરદેશીઓ પણ માને છે કે તે દેવોનું નિવાસસ્થાન છે. મહાદેવજીનું એ ઘર છે એટલે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



કૈલાસ

ધર્મમાં માનતા ન માનતાં દેશના વિદેશના કે યુરોપના કોઇ પણ પર્વત પ્રેમીઓએ હજુ કૈલાસ ચડવાની હિંમત કરી નથી. વળી શિવજી એ તો વિશ્વની સંહારક શકિત છે છતાં છે ભોળોનાથ અને સાચેન છે ભોળિયો પણ એ ત્રુઠયો સારો છે રૂઠયો સારો નથી કારણ એ રૂઠે તો મગતરાં જેવા માનવીઓ તો શું પરંતુ દેવો પણ આઘા....પાછાં.... થઇ જાય છે.

વાચકો ! લ્યો વાત નીકળી છે તો ભેગાભેગો એક દાખલો આપું. જ્યારે માતા પાર્વતીજીએ પોતાના પિતા દક્ષ પ્રજાપતિને આંગણે દેહ ત્યાગ કર્યો ત્યારે 'દક્ષ પ્રજાપતિને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યાં આવેલા મહેમાનોના મૂંડકા ભોળાનાથે નહિ પરંતુ એમની આજ્ઞાથી એક રૂદ્રે રેડવી દક્ષનું શિર પણ વાઢી નાખ્યું અને યજ્ઞમાં ભંગ કર્યો પરંતુ માતા પાર્વતીજીનું મૃત શરીર જ્યારે ભોળાનાથે ઉપાડી કાંધે ચડાવી એણે લાલ-લાલ આંખ્યો કરી ત્રાડ નાખી ફરવા માંડયું ત્યારે કૈલાસ કંપી ઊઠયો....દિશાઓ ડોલી ઉઠી... સાગર શરમાઈને હાલક ડોલક

> The very sight of Kailas with its top covering snow as flowers decoration and the divine vibrations surrounding is not the least reward to a tourist who understands the spirituality of the place with the aid of the limited powers graced on him by the Almighty God. I found visitors are very much impressed by approaching dome-like rock. Kailas and its top snow which influences their mind to make them bow down their heads in reverence.
>
> **Swami Vidyanand Saraswati-Nainital.**

થવા લાગ્યો.... અરે સારૂં બ્રહ્માંડ કંપાયમાન થઇ ગયું અને વૈકુંઠના દેવો....સ્વર્ગના દેવો બધા પોત પોતાના રહેઠાણ રેઢા મુકી કોપાયમાન થયેલા કૈલાસપતિને વિનવવા....મનાવવા દોડયા પરંતુ આજે એ સંહારક શકિત મા પાર્વતીજીના મૃત શરીરને કાંધે નાખી ચારે દિશામાં ઘૂમી તાંડવ નૃત્ય કરી રહેલ છે જેથી એમની પાસે જવાની કોઈની હિંમત હાલીજ નહિ અને કૈલાસપતિ એ મૃત શરીરને લઇ ભમવા લાગ્યા અને જ્યારે દેવતાઓએ જાણ્યું કે હવે જો આ ક્રોધને શિવજી નહિ સમાવે તો આ લોક તો શું પરલોક તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શું.... પરંતુ ચૌદે બ્રહ્માંડની હમણાં ચોકડી થઇ જશે ત્યારે ભગવાન શંકર જ્યારે પુરા તાનથી તાંડવ નૃત્યના તાલ સાથે ડમરૂ બજાવતાં હતાં ત્યારે છાની રીતે ભગવાન વિષ્ણુએ પોતાના ચક્રથી સતીના શરીરના ટુકડે ટુકડા કરવા માંડયા અને સતીના શરીરના અંગો તથા આભુષણો જ્યાં જ્યાં પડયા ત્યાં ત્યાં આજે શકિત મંદિરો છે, શાસ્ત્રમાં આ બાબતનું સ્પષ્ટ વર્ણન છે કે ૫૧ સ્થાનો પર સતીના અંગ આભુષણો પડયા અને તેના આજે શકિત સ્વરૂપે પૂજન થાય છે અને આ સ્થાનો આજે **મહાપીઠ** ગણાય છે.

આ શકિત પીઠો કલકતામાં (મહાકાલી) ગિરનાર ઉપર અંબાજી અને ગુજરાતમાં મા અંબેના નામે પ્રસિદ્ધ છે તેમજ આ શકિત પીઠો નેપાળમાં પણ છે. તિબેટમાં પણ છે તેમજ હિંગરાજ (કરાંચી થઇને) વૃંદાવન.... કાશ્મીરમાં (શ્રી પર્વત) બનારસમાં (વિશાલાશ્રી) પંજાબમાં જવાલામુખી તથા ઉજ્જેન–પુષ્કર–પ્રયાગ–જગન્નાથપુરી વિગેરે વિગેરે એકાવન સ્થળોએ આજે શકિતદેવીની મહાપીઠ ગણાય છે.

વાચકો ! આવા છે આપણા કૈલાસપતિ છતાં તે ભોળોનાથ કહેવાય છે. અને રહે છે હિમ શિલાઓ વચ્ચે ટાઢાબોળ હિમાલય-ની પેલીપાર.... અને એના રહેઠાણને કહેવાય છે કૈલાસ અને એ કૈલાસના આજે આપણે દર્શન કરી રહ્યા છીએ એ શું ઓછા ભાગ્યની વાત ગણાય વાંચકો ! કારણ આ શિવજીના રહેઠાણે તો દેવો આવે છે અને દાનવો પણ આવે છે કોઇ વર માગવા આવે છે...તો કોઇ મનાવવા આવે છે:...તો કોઇ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પોતાને આંગણે પધારવાનું આમંત્રણ...નિમંત્રણ....દેવા આવે છે એમ આંહી બધા દેવો અવારનવાર આવે છે અને જાય છે કારણ આ મહાદેવજી છે અને હળાહળ ઝેરને ઝીરવનારો છે.

ચાલો વાચકો આપણે હવે એ દેવાધિદેવ મહાદેવજીને પ્રણામ કરી કૈલાસ સબંધે હજુ વધુ જાણીએ.

કૈલાસનું શિખર ચારે બાજુથી એક સરખું અને પ્રમાણસર છે. દરેક દિશાએથી શિખરની સમાનતા અને સૌમ્યતા સ્પષ્ટ દેખાય છે.

વાચકો! કૈલાસનું તિબેટી નામ છે 'કંગરિમ્પો છે' એટલે 'હિમનું રત્ન' હિંદુઓ જેમ કૈલાસને શિવ-પાર્વતીનું નિવાસસ્થાન માને છે તેમ તિબેટના લોકો 'કંગરિમ્પો છે' ને ભગવાન બુદ્ધ તથા પાંચસોહ બોધિ સત્વોનું રહેઠાણ માને છે. તિબેટી લોકો પણ કૈલાસને વિશ્વનું મધ્યબિંદુ ગણે છે અને ખૂબજ શ્રદ્ધાપૂર્વક તેની પ્રદક્ષિણા કરે છે.

વાચકો! કૈલાસ જૈનભાઈઓનું પણ પરમ પવિત્ર ધામ ગણાય છે અને તેઓ તેને 'અષ્ટાપદ' માને છે અને જૈન ધર્મના પ્રથમ તીર્થંકર તથા આદ્યસ્થાપક આદિનાથ ઋષભદેવે આ સ્થળે નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું એમ મનાય છે.

યુરોપના અનેક પર્વત પ્રેમીઓએ પણ કૈલાસની મોહકતા તથા શોભાની મુકત કંઠે પ્રશંસા કરી છે અને એ પર્વત પ્રેમીઓ પણ જ્યારે કૈલાસ પર્વતને જુએ છે ત્યારે પોતાના મસ્તક નમાવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! આ કૈલાસ શિખરની રચનાજ એવી છે કે–જાણે એક મહાકાય હિમનું શિવ લિંગજ કલ્પી લો અને જાણે સાક્ષાત ભગવાન શંકર સસ્મિત વદને તેમનો વરદ હસ્ત લંબાવીને ઉભા છે અને એમના ચરણ કમળમાંથી જાણે જલ પ્રવાહ વહી રહ્યો છે.

In Jain literature Kailas is called **Ashtapada.** Adinath Vrishabhadeva, the first Tirthanker of Jainism, was said to have attained **Nirvana** at Kailas. In **Mahabharat** Manasarover is also known as **Bindusara** and in Jain works as **Padma Hrada.**

વાચકો ! અમીના ઓડકાર તે હોય ! જાણે દરચેનથી હજુ પણ દૂર દૂર નજર નાખી કૈલાસ દર્શન કર્યાજ કરીએ.... છતાં આ દર્શનથી ધરવ થાતોજ નથી પરંતુ યાત્રિકોને હવે દરચેનથી કૈલાસ પરિક્રમા કરવાની હોવાથી તે ઉમંગથી કૈલાસ પરિક્રમાની તૈયારી કરે છે કારણ હવે આ પરિક્રમા ૩૨ માઈલની છે અને ત્રણ દિવસે પુરી થવાની છે માટે હવે કૈલાસપતિની જે બોલી..ઉમાપતિ મહાદેવકી જે બોલી..જલારામ બાપાની જે બોલી.. ગુરુદેવની જે બોલી.... વાંચકો ! પરિક્રમામાં ઉપડો કારણ આમ દરચેનમાં ઉભા રહી કૈલાસ દર્શન કર્યાજ કરશું તો પણ એ દર્શનનો ધરવ થવાનો નથી કારણ એ મોઝજ જુદી છે અને એ મોઝ તો જેણે માણી હોય એ જાણે એમ હું વિચારી ઘડિયાળમાં જોઉં છું તો થવા આવ્યા છે પાંચ અને ડ્રોઈંગ રૂમમાં આંટા મારતાં સહયાત્રિકો પુછે છે "ભાઈ! આજે સાંજના રામકૃષ્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમે ભજનમાં જવું છે ને ! ક્યારે જશું !" અને જવાબમાં મેં કહ્યું "જયંતિભાઈ ! જરૂર જવું છે પણ સાંજના સાતે જઈએ એટલે ફરતાં ફરતાં આઠ વાગ્યે આશ્રમે પુગી જશું કારણ સ્વામીજીએ ગઈ કાલે આઠ વાગ્યે ભજન શરૂ થાય છે તેમ કહ્યું છે એટલે આઠથી દશ ત્યાં આશ્રમે ભજનમાં બેસશું" અને જવાબમાં જગુભાઈ અને ગિરધરભાઈ બોલ્યા.

"તંયે અમે બજારે એક આંટો મારી આવીએ ?"

" છ વાગ્યે પાછા આવી જશું"

મેં કહ્યું "સરસ– જઈ આવો હું આંહીજ છું તમો બજારે જઈને આવો પછી આપણે સંધ્યા આરતી કરી આશ્રમે જશું."

સહયાત્રિકો તૈયાર થઈ બજારે આંટો મારવા ગયા અને મેં ફરીને ઝટપટ કૈલાસ દર્શન વાંચવું શરૂ કર્યું કારણ વાંચકો ! આપણે કૈલાસ પરિક્રમા પૂર્ણ કરી પછી નિરાંતે રામકૃષ્ણ આશ્રમે ભજન ધુનમાં જવું છે. માટે હવે કૈલાસ પરિક્રમામાં ઉપડો પરંતુ ઉપડતાં પહેલાં જે બોલો.

બોલ કૈલાસપતિ ભગવાનની જે....
બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્‌ગુરુ દેવકી જે...
બોલ ઉમાપતિ મહાદેવકી જે....

વાચકો ! આપણે હરખના આવેશમાં જે....જે....બોલતાં બોલતાં ઉપડયાં તો છીએ એ સાચું પણ ક્યાંક નોંધ તો કરો કે– આ પરિક્રમામાં કેટલા કેટલા માઈલે કયા કયા સ્થળો આવે છે.

ચાલો ! ઠીક ટાણાસર યાદ આવ્યું હવે એ નોંધ પણ કરી લઈએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વર્ણન એટલું તો કુદરતી અને રસદાયક હકીકતથી ભરપુર છે કે....

J. T. Acharya, Head Master,
The Indian Public School Shanwa
P.Box 47.
MASWA, (Tanganyika)

શ્રીમાન કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ.

આપે મારો 'ભગવાન અમરનાથ' વિષેના પુસ્તકનો અભિપ્રાય માગ્યો તો તે બારામાં બે શબ્દો લખવાને આનંદ થાય છે.

મને આંહી ઉપર જણાવેલ પુસ્તક તા. ૨-૬-૧૯૫૭ના રોજ મળ્યું. અને જુન માસનું મારી શાળામાં વેકેશન હોવાથી મેં તે વાંચવાનું તુર્તજ શરૂ કર્યું અને બે ત્રણ દિવસમાં જ પુરૂં કરી નાખવાનો વિચાર કર્યો પરંતુ એકાદ પાનું વાંચતા જ મારી પત્નિ તથા પુત્ર ભરતકુમાર અને પુત્રી ભારતીને તે એટલું તો રસદાયક જણાયું કે મારી પાસે તેઓએ પહેલેથી છેલ્લે સુધી અતુટ રીતે તેમને વાંચી સંભળાવાની જોરદાર માગણી કરી જેથી તેઓ ઘરકામમાંથી ફુરસદ મેળવે કે તુર્તજ મારે તેમની સગવડે પુસ્તક વાંચવાનું શરૂ કરવું પડતું અને આવી રીતે અમોએ પુસ્તક મારફતે "શ્રી ભગવાન અમરનાથ" ની યાત્રાનો લ્હાવો લીધો અને જેને હું ત્રણ દિવસમાં પૂરૂં કરવા ધારતો હતો તેને કથાની માફક મોઢેથી વાંચીને એક અઠવાડીએ પુરૂં કરી શક્યો. તેની અંદરનું વર્ણન એટલું તો કુદરતી અને રસદાયક હકિકતથી ભરપુર છે કે મારા જેવા પ્રવાસ અને યાત્રાના શોખીનને તે અતિશય આનંદ આપે તેમાં કાંઇ નવાઈજ નથી પરંતુ પ્રવાસ-યાત્રાનો જેને કંટાળો હોય તેને પણ યાત્રાએ જવાની ઉત્તેજના આપે તેવું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



“અમરનાથ શ્રી બદ્રી–કેદારનાથની” યાત્રાનું પુસ્તક પણ મેં અને મારા કુટુંબે એટલાજ ભાવથી વાંચ્યું છે અને ફક્ત પ્રવાસ વર્ણનનાજ મારી પાસે શિ. ૩૦૦ –ના જે પુસ્તકો છે. તેમાં આપના બે પુસ્તકો “અમરપંથ શ્રી બદ્રી–કેદારનાથની યાત્રા” અને “ભગવાન અમરનાથ” તો ઉચ્ચ કોટીના યાત્રા વર્ણનના પુસ્તકો તરીકેજ રહેશે.

મેં આજરોજ ‘ભગવાન અમરનાથની’ પુસ્તકની કિંમતના ખર્ચ સહિત થતાં રૂા. ૯–૪–૦ ને બદલે શિ. દસ અંકે શિ. ૧૦–૦૦નો મનીઓર્ડર મોકલ્યો છે. પૈસા મળ્યેથી પહોંચ લખશોજી.

લી. જયંતિલાલ તુલસીદાસ આચાર્યના
જય જલારામ માન્ય કરશોજી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુસ્તક હાથમાં લીધા પછી પાછું મુકવાનું મન થાતું નથી.

બે મોઢે અને બેધડક તેના વખાણ કરૂં.

ભાઈશ્રી કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ,

જોગ શ્રી રાજકોટ.

લખવાનું કે આપના તરફના લખેલ દરેક પત્રો મલ્યા વાંચી વિગત જાણી વળી પણ લખશો.

બાપાનું પુસ્તક હવે પછી મોકલશો તે જાણ્યું. અમરનાથ ભગવાન તથા અમરપંથ વાંચી ઘણીજ ખુશી ઉપજી છે ખરેખર પુસ્તકમાં બધુ વર્ણન અને આકર્ષણ એવી જાતના છે કે ખરેખર જોવાનું મન થઈ જાય ઈશ્વર ઈચ્છા હશે તો જરૂર એક ત્યાંની જાત્રા કરશું બાકી તો અંજરની વાત છે ખરેખર આ તમારા બન્ને પુસ્તકો વાંચવા જેવા છે. હાથમાં લીધા પછી મુકવાનું મન ન થાય તેવા છે પુસ્તક વાંચતા હોઈએ ત્યારે કામમાં દીલ ન ચોટે એટલું બધું તેમાં આકર્ષણ છે બન્ને પુસ્તકોના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે કોઈ પણ મને તે બાબતમાં પુછે તો બે મોઢે અને બેધડક તેના વખાણ કરૂં છું.

તેના જેવા બીજા કોઈ નવા પુસ્તકો બહાર પડે તો જરૂર અમોને ખબર કરશો.

બાકી કુશળ, બાપાની દયાથી બધા કુશળ છીએ.

N. G. Kamdar — એજ લી. નગીનદાસ
KOSTI. Box 19 (Sudan) — ના જય જલારામ વાંચશો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

NARAN BHOWAN & CO.
Direct Importers, Piecegoods & Produce
& Hardware Merchants
MWANZA. (T. T.)

ઘેર બેઠાં યાત્રાનો અનુભવ.

સેવાભાવી, સૌભાગ્યચંદ મંગળજી રાજદેવની સેવામાં,
જોગ શ્રી વીરપુર.

ખરેખરી ભકિત અને સેવા તમારા ભાગ્યમાં છે અને અને તમે સાચા દીલથી કરી રહ્યા છો. ધન્યવાદ.

અમરપંથ અને અમરનાથ પુસ્તકો તમે પ્રગટ કરી જાહેર જનતા ઉપર મહાન ઉપકાર કર્યો છે.



તીર્થ યાત્રા માંટે દરેક બાબતની પુરેપુરી માહીતી આપી ઉપયોગી થઇ પડે તેવા ઉપાયો અને આર્થિક દાખલા લખાણો સાથે, ન થઈ શકે તેવાને ઘેર બેઠાં યાત્રાનો અનુભવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કે ભાસ થાય તેટલું અજોડ કામ તમે કર્યું છે અને યાત્રાએ જનારને માટે તો (મેપપ્લાન વગરનો) ધોરી રસ્તો બતાવ્યો છે કે અજાણ્યાને પણ ભુલો પાડવાનો વખત ન આવે. જો તે તમારાં પુસ્તકો પાસે હોય તો ઉપરાંત તકલીફની સાવચેતી સાધનો વિગેરે બધો ખ્યાલ આપેલ છે.

માનવ કલ્યાણના વિચારોવાળા ઈશ્વર ભકિતભાવ સેવનારા તમને વંદન પાઠવજો.

નારણ ભવાન

પ્રભુની લીલા.



દુનિયાનો ચમત્કારિક બનાવ આ ગુફામાં બને છે.

ગુફા બરફની નથી પરંતુ રાખોડી રંગના પત્થરનો પહાડ અને પહાડમાં ગુફા છે, ગુફાની ઉપર જે આજુબાજુ કયાંય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બરફ નથી. ફક્ત પહાડ ઉપરથી પાણી ટપકે અને શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે ઈશાન ખુણામાં જ બરફનું તેજોમય ૭ થી ૮ ફુટ ઊંચું શિવલિંગ બંધાય.... અને આ લિંગ ચંદ્રની વધઘટ પ્રમાણે વધે અને ઘટે. ખરેખર આ એક પ્રભુની લીલાજ છે. જે જોઈ વિજ્ઞાનિકો પણ મોઢામાં આંગળા નાખી જાય છે.

વાંચો : **ભગવાન અમરનાથ**

(કાશ્મીરના વર્ણન–ફોટા સાથે)

૬૫૫ પાના, ૯૦ ફોટા, પચરંગી જેકેટ, પાકું બાઇન્ડીંગ.
કિંમત રૂા. ૪–૬૨ પોસ્ટેજ પેકિંગ રૂા. ૧–૮૧

પ્રકાશક :
કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ
ચંપાકુંજ, ૪૨, પ્રહલાદ પ્લોટ
રાજકોટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૨

મજલ પાંચમી.
કૈલાસ પરિક્રમા ૩૨ માઇલ

બોલ કૈલાસપતિ ભગવાનકી જે...

	સ્થળ	માઇલેજ	ઉંચાઇ
૧.	દરચેન	—	૧૫,૪૦૦
૨.	સેરશુંગ	૪	
૩.	ન્યનરી ગોમ્પા	૫	
૪.	દ્વિરકુક ગોમ્પા	૧૨	૧૬,૪૦૦
૫.	ઢોલ્મા-લા	૧૬	૧૮,૬૦૦
૬.	ગૌરીકુંડ	૧૬½	૧૮,૪૦૦
૭.	ઝુથુલકુક ગોમ્પા	૨૬	
૮.	છંગજાગંગ	૩૦	
૯.	દરચેન	૩૨	

ચાલો યાત્રિકો ! પરિક્રમાના રસ્તાની માહિતીની ચબરખી ખિસ્સામાં રાખી હવે આપણે પરિક્રમામાં ઉપડીએ.

વાચકો ! આ પરિક્રમા માર્ગ બહુ વિકટ છે અને તિબેટમાં દિવસોના દિવસો પથરાળ મેદાનમાં ચાલીને આવેલા યાત્રીને આંહી ભયાનક ખડકો તથા તીક્ષ્ણ પથ્થરો વચ્ચે થઇને ચાલવું પડે છે વળી આંહી તિબેટી લુટારાઓનો ભય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ હોય છે છતાં યાત્રિકો થડકયા વગર આ પરિક્રમા કરે છે પણ હવે હવા પાતળી હોવાના કારણસર યાત્રીને પુરતો પ્રાણવાયુ લેવા માટે ઉંડા શ્વાસોશ્વાસ લેવા પડે છે કારણ યાત્રિકો હવે સાડાસોળથી સાડાઅઢાર ફુટની ઉંચાઈ ઉપર જઈ રહ્યા છે અને આ વિકટ ચઢાઇમાં ઘણીવાર યાત્રિકો નાહિંમત થઇ થાકી જઈ દરેક ડગલે હાંફે છે એ સાચું અને આપણે તો શું પણ તિબેટની પાતળી હવા તથા પહાડી મુલકમાં રહેનારાં યાક–ઝબ્બુઓ પણ થાકે છે... હાંફે છે....

> It is believed that one parikrama of the Kailas Peak washes away sins of one life. 10 circuits wash away the sins of one Kalpa, and 108 parikrama secure Nirvana in this very life.

પરિક્રમા માર્ગ પહેલાં પશ્ચિમમાં થઇ પછી ઉત્તર તરફ આગળ વધે છે રસ્તામાં ઘણા ગોમ્પા (મઠ) આવે છે તે ગોમ્પાઓમાં જઈ યાત્રિકો ભગવાન બુદ્ધની મૂર્તિના દર્શન કરે છે.

આવી રીતે યાત્રિકો કૈલાસની પરિક્રમા કરે છે પરંતુ યાત્રિકોએ પ્રથમથી જ પોતાના પ્રવાસનો ક્રમ એવી રીતે ગોઠવ્યો હોય છે કે– પરિક્રમા દરમ્યાન યાત્રિકને પૂર્ણિમાનો લાભ મળી શકે.

આલમોડાથી દરચેન અને ત્યાંથી પરિક્રમા શરૂ કરતાં યાત્રિકને સામાન્ય રીતે ૨૫ થી ૩૦ દિવસ થાય છે કારણકે માર્ગમાં ધારચૂલા–ગર્બ્યાંગ તથા તકલાકોટમાં મજૂરો તથા યાક વિગેરે ભાડે લેવા માટે એકેક બબ્બે દિવસ રોકાવું પડે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, આમ આલમોડાથી પૂર્ણિમા પછી બે ત્રણ દિવસે ઉપડેલો ચાત્રી બીજા માસની પૂર્ણિમા સમયે કૈલાસ–પરિક્રમા પથ ઉપર હશે એ વગર તાર ટપાલે યાત્રિકોના સગાંવહાલાંઓએ માની લેવું. જય જલારામ.

Kailas the King of the mountains, is very gorgeous. Lord Maheshwar with Parvatiji stays there for ever. Great saints, gods, Yakshas, ascetic and many divine personalities worship the Lotus-Feet of Lord Ashutosh, by dwelling in that holy place of Lord Shanker.

યાત્રિકો! મનમાં એક સુંદર કલ્પના ચિત્ર દોરો કે પૂર્ણિમાની ચાંદની ભરપુર રાત્રિ હોય સામેજ શ્વેત મુગટથી શોભતા હિમકાય કૈલાસના દર્શન થાતા હોય અને કયાંય પણ ઘોંઘાટ ઘઘરાટ કે ઉશ્કેરાટ ન હોય એવા પ્રસન્ન ભરપુર વાતાવરણમાં કૈલાસની પરિક્રમા કરતાં યાત્રિકને કેટલો આનંદ થતો હશે! એના રદીઆમાં ન માતા કેટલા અરમાન ભર્યા પડયા હશે! અને જીંદગીભર ન ભૂલાય એવા ચાંદી મઢયા શ્વેત દૃશ્યો જોઈ એ કેટલો હરખાતો હશે એની તો વાચકો! આપણે ગમે તેટલી કલ્પના કરી આ દૃશ્યને કલમદ્વારા પ્રગટ કરવા માગીએ તો પણ એ પુરી રીતે વર્ણવી શકાય નહિ કારણ આ આંખનો વિષય છે કલમનો વિષય નથી એટલે આ દૃશ્યને હવે કલ્પના ચિત્રથી અળગુ કરી હાલો આપણે તો પરિક્રમા પૂર્ણ કરીએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હિંદુ યાત્રીઓ મોટે ભાગે પગે ચાલીને આ પરિક્રમા કરે છે ને જુજ વ્યકિતઓજ ઘોડા અથવા યાક ઉપર બેસીને પરિક્રમા કરે છે. પરંતુ અતિ શ્રદ્ધાળુ તિબેટી યાત્રીઓ તો આ લાંબી દુષ્કર પરિક્રમા દરેક ડગલે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં કરતાં પૂરી કરે છે, જેમાં એક મહિનો લાગે છે. પથ્થરો–તીક્ષ્ણ ખડકો કે કારમા હિમ વર્ષાની પણ પરવા કર્યા વિના આ શ્રદ્ધાવાન યાત્રીઓ શરીર ઘસતાં ઘસતાં ભકિતપૂર્વક પ્રદક્ષિણા પૂરી કરે છે અને ભવોભવનાં પાપોના નિવારણ સાથે જીવન ધન્યતા દિવ્યતા અનુભવે છે.

વાચકો! આપણને કદાચ ખ્યાલ નહિ હોય પણ આવા છે તિબેટી ધર્મપ્રિય મનુષ્યો.

ગૌરીકુંડ

યાત્રિકો પરિક્રમા કરતાં કરતાં ૧૭ માઈલ ચાલી ગૌરીકુંડના કાંઠે આવે છે અને ગૌરીકુંડના દર્શન કરી ધન્યતા અનુભવે છે કારણ આ કુંડનું નામ માતા પાર્વતીજીના નામ ઉપરથી પડ્યું છે અને રોજ પ્રાતઃકાલે માતાજી આ સરોવરમાં સ્નાન કરવા પધારે છે એવી પુરાણ પ્રસિદ્ધ માન્યતા છે.

૧૮૪૦૦ ફુટની ઉંચાઇએ આવેલો આ ગૌરીકુંડ, કુંડ નહી પણ એક નાનકડું સુંદર સરોવર છે. મોટી કેરીના જેવો ગોળ તેનો આકાર છે અને તે લગભગ પોણો માઈલ લાંબુ અને અરધો માઇલ પહોળું છે આટલી ઉંચાઇ ઉપર અને આટલી ઠંડીમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગૌરીકુંડનું પાણી લગભગ બારે માસ થીજેલું રહે છે અને અંદર ખૂબજ ઠંડુ પણ પ્રવાહી જળ હોય છે, જ્યારે સપાટી ઉપર તો જાણે હિમનો એક ધોળો ફૂલ ગાલીચો પાથરી દીધો હોય એવું લાગે છે.



ગૌરીકુંડ

વાચકો! આપણે માનસરોવરમાં માનસિક રીતે સ્નાન તો કરી લીધેલ છે અને આપણે હવે કૈલાસની પરિક્રમા પણ કરી રહ્યા છીએ તેમાં આ ગૌરીકુંડમાં પણ સ્નાન કરવાની આપણને લાલસા જાગે છે કારણ સ્વયં શંકર પાર્વતીજીએ આ કુંડમાં સ્નાન કરીને ગૌરીકુંડના જળને પુનિત પાવન કરેલ છે એવા આ સરોવરમાં નાહવાનો જિંદગીભરમાં આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકમાત્ર મળેલ અવસરને યાત્રિક કેવી રીતે જતો કરે! પરંતુ ૧૮૪૦૦ ફૂટની ઉંચાઇએ તિબેટની ભયાનક ઠંડીમાં આજુબાજુની હિમશિલાઓ વચ્ચે આવેલા આ ગૌરીકુંડમાં સ્નાન કરતાં પહેલાં એ જરા થડકાટ અનુભવે છે છતાં અડગ શ્રદ્ધા અને દૃઢ સંકલ્પથી સ્નાન કરે છે, સ્નાન કરે છે એટલે વાચકો એમ ન માનતા કે રૂડા મઝાના નીરાંતે સ્નાન કરે છે કારણ એવી રીતે સ્નાન આ ગૌરીકુંડમાં કોઇ કરે તો આ હિમ શિલાઓ વચ્ચે યાત્રિકનુંજ કદાચ 'અસ્નાન' થઇ જાય છે પરંતુ પોતાની બધીજ સહિષ્ણુતા–વીરતા એકઠી કરી લોખંડી અણિયાળી લાકડીથી આ કુંડમાં જામેલા બરફને તોડી પછી જય શંકર અથવા ૐ નમઃ શિવાય કહી એકાદ ડૂબકી મારી.... ન મારી.... ત્યાં તો એ માંડ માંડ બહાર નીકળે છે કારણ એના અંગેઅંગ અકડાઈ જતાં લાગે છે એના લોહી જાણે થીજી જતાં લાગે છે–એટલે કિનારે ઉભેલા સહયાત્રિકો નાહવા પડેલા યાત્રિકનું બાવડું ઝાલી કુંડ બહાર ખેંચી કાઢે છે અને તેનું શરીર લૂછી નાખી ગરમ ધાબળાઓ ઓઢાડી એને ઢાંકી ઢબુરી દયે છે પરંતુ થોડી પળો પછી એનામાં ચેતન આવે છે પરંતુ ચેતન આવ્યા પછી એ યાત્રિકને જાણે નવીજ સ્ફૂર્તિ આવી હોય એવું લાગે છે, એની આંખો જાણે ચમકારા મારતી હોય છે એના રદીઆમાં જાણે કોઇ નવીન રંગોળી પુરાઈ ગયેલ છે એના વદને જાણે બદલાઇ જઈ કોઇ અનોખી અદા ધારણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરેલ છે કારણ યાત્રિકને થાય છે કે મેં આજે ગૌરીકુંડમાં સ્નાન કર્યું મેં આજે જે સરોવરમાં દેવાધિદેવ શંકર અને જગજ્જનની મા પાર્વતીજી સ્નાન કરવા પધારે છે અને જેના ચરણ સ્પર્શથી આ ગૌરીકુંડના જળ પૂનિત અને પાવન થયેલા છે એવા પવિત્ર જળમાં આજે મેં સ્નાન કર્યું એવા અરમાન સાથે એ યાત્રિક હવે કોઈ અનોખી શ્રદ્ધાથી ભાવવાહી થઈ જીવનની ધન્યતા અનુભવે છે અને આ ગૌરીકુંડમાં સ્નાન કર્યા પછી યાત્રિકો સફળ સ્નાન....સફળ યાત્રા...ની ખુશાલીમાં અંદરો અંદર એક બીજાને મેવા–મીઠાઈ અને ગોળ પાપડી વહેંચે છે.

ચાલો વાચકો ! આજે આપણે ગૌરીકુંડમાં સ્નાન કર્યા અને આ માટીનો દેહ પવિત્ર થયો પણ સાથોસાથ એ પણ કહી દઉં કે જે યાત્રિકોની હિંમત ન હાલી એમણે આ ગૌરીકુંડના પાવનકારી જળનું આચમન કરી એના છાંટણા પોતાના શરીર ઉપર છાંટી સ્નાન કર્યાના સંતોષ સાથે માટીના દેહને પવિત્ર કર્યા કારણ આ હિમ શિલાઓના સરોવરમાં બરફને તોડી ફોડી અંદર સ્નાન કરવાની હિંમત કાંઈ બધા યાત્રિકોની હાલતી નથી છતાં કોઈ પણ જાતના અપવાદ સિવાય દરેક યાત્રી આ પવિત્ર પાવનકારી જળનું આચમન તો અવશ્ય કરે છે અને કરે છે.

ચાલો મનવા ! ચાલો જીતવા ! ગૌરીકુંડમાં સ્નાન થઈ ગયા. હવે બાપાનું નામ લઈ ઉપડો કારણ હજુ ૧૭

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માઈલની પરિક્રમા કરવી બાકી છે પરંતુ હવે તો અહીંથી ઉપડી ઝપાટાબંધ પરિક્રમા પૂર્ણ કરવાની છે કારણ હવે વચમાં કોઇ કુંડ આવવાના નથી વચમાં કોઈ સરોવર આવવાના નથી હવે વચમાં કોઇ બુદ્ધ મઠો સિવાય બીજા પ્રખ્યાત સ્થળો આવવાના નથી એટલે હવે તો કૈલાસપતિનું સ્મરણ કરતાં કરતાં આ સામેજ દેખાય એ કૈલાસ ધામની પરિક્રમા જ કરવી છે એટલે હવે ઝાઝીવાર નહિ લાગે માટે એકવાર ફરીને જે બોલી ઉપડો એટલે હમણાં દરશન ભેગાં થઇ જઈએ....

બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્દગુરુ દેવકી જે....
બોલ કૈલાસપતિ મહાદેવકી જે...
બોલ ઉમાપતિ મહાદેવકી જે....

—o—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ દ રિ કા શ્ર મ

(નવીન પુસ્તક)

વીરપુર પૂજ્ય શ્રી જલારામ બાપાની જગ્યાના માલિક ભક્ત મહારાજશ્રી ગિરધર-રામજી મહારાજે શ્રી બદરીનાથની યાત્રા સને ૧૯૫૮માં કુટુંબ સાથે સુખરૂપ કરેલી તેના સુખદ સ્મરણો સાથે આ યાત્રા શ્રાવણ મહિનામાં કરવાથી કેવો આનંદ આવે છે. કેવા નવા....નવા....અનુભવો થાય છે. અને યાત્રિકોની ભીડના અભાવે પ્રભુ દર્શનમાં કેવો અનેરો આનંદ આવે છે. એના મીઠા–મધુરા મોઢું ચડે એવા વર્ણનો આ બદરિકાશ્રમમાં છે સાથો સાથ આ વખતે અમને બદરીનાથ ધામમાં થયેલા સંત મહાત્માઓના દર્શન.... તેઓશ્રીએ



હિમાલયમાં પડી ગએલા એક પહાડમાં ભગત બાપા તો હાથમાં લાકડી લઈ આનંદથી હસતાં હસતાં હાલે છે. પરંતુ ગોર ભગવતીપ્રસાદને ચિંતા થાતી લાગે છે કે– બાપાનો ક્યાંક પગ 'લપશશે' તો ? એટલે ગોરબાપા ગંભીર દેખાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપેલો ઉપદેશ....અને છેલ્લા ૩૦ વર્ષ થયાં બદરીનાથ આવતાં શ્રી મનોહરલાલજીને થયેલા સંત મહાત્માઓના ચમત્કારિક અનુભવ એ બધા વર્ણનો આ બદરિકાશ્રમમાં છે. જે વાંચી આપને પણ થાશે કે-વાહરે વાહ! આ એટમ યુગમાં એટમને પણ આંટી જાય, અણુ પણ જ્યાં અદબ વાળીને ઉભો રહે અને હાઇડ્રોજન પણ જ્યાં હારી જાય એવા એવા ચમત્કારિક સંત મહાત્માઓ હજુ હિમાલયમાં તપ કરે છે ખરા.... ભગવાનનું નામ સ્મરણ કરે છે ખરા!



આ ઉપરાંત 'બદરિકાશ્રમ'માં નવા પ્રસંગ વર્ણનો.... અને વૈજ્ઞાનિક રીતે વર્ણવેલા અનેક રમુજી પ્રસંગો પણ છે.

વાંચો : બદરિકાશ્રમ (અમરપંથ)

પાના.	ફોટા.	કિંમત.	પોસ્ટેજ બોકસ સાથે
૮૮૫	૧૩૫	રૂા. ૫-૮૮	રૂા. ૧-૮૭

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૩

પરિક્રમા પૂર્ણ કરી.

જે....જે....ના નાદો કરતો યાત્રિક અરમાન અને ઉમંગથી ઉપડે છે... પણ કુંફાડા મારતી ટાઢથી કાળજા કંપાવી નાખે એવી ઠંડીથી યાત્રિક ધ્રુજતો.... થરથરતો....માથે મફલર વીંટે છે, ડીલે ડબલ શાલ ઓઢે છે, છતાં ટાઢ જાણે એના કાળજામાં 'ઘર' કરીને સુતેલ છે...એટલે ઠંડીએ યાત્રિકના મોઢાનાં રૂપ રંગ....બદલી નાખ્યા છે....જાણે કરડકણી ટાઢે એના હોઠ ગાલ અને નાકે બચકાં ભરી ભરીને એ અંગોને કાળામશ્ય કરી નાખ્યા છે છતાં યાત્રિક ગુમાનમાં છે....ગૌરવમાં છે અને વધુ ચેતનવંતો છે કારણ આજે એ કૈલાસ યાત્રાની સફળ પૂર્ણાહુતિ કરવાની અણી ઉપર છે એટલે એ પુરા સંતોષ સાથે અણબોલેલા

> The Kailas emdodied all that are best and noblest in the World. The moment a devotee gets the vision of this dazzling dome, gets Spritually intoxioated, then one bids good-bye to all fears, all worries all trails and all ordeals.

આશીર્વાદ અને ધન્યવાદ મેળવતો મેળવતો એક સમૃદ્ધ સંતોષ સાથે આજુબાજુ આદરથી નજરૂં નાખી દરશૅન ભેગો થઇ રહ્યો છે અને સફેદ હિમ મુગટથી શોભતા ધ્યાનસ્થ કૈલાસને વારંવાર પ્રણામ કરી રહ્યો છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાલો મનડા ! ચાલો જીતવા ! આપણા ભવોભવના પુન્ય ભેગાં થયાં હશે અને આપણા પ્રારબ્ધમાં આ કૈલાસ યાત્રાનો સુયોગ લખ્યો હશે એટલે આ યાત્રા આજે આપણે સફળ રીતે પૂર્ણ કરીએ છીએ નહીતર આ યાત્રા કાંઈ સહેલી નથી, આ યાત્રા કાંઈ સુગમ નથી કારણ આ યાત્રામાં ન ધારેલા કષ્ટો વેઠવા પડે છે ન ધારેલી હિમશિલાઓ વચ્ચે પગપાળા યાત્રા કરવી પડે છે છતાં વાચકો ! હૈયે હામ હોય, ખિસ્સામાં દામ



કૈલાસ

હોય અને હામ દામ કરતાં હરિની સહાય હોય....કૈલાસપતિની કરૂણા હોય.... બાપાની ઈચ્છા હોય.... અને ગુરુદેવની કૃપા હોય તો આ યાત્રા જરાય અઘરી નથી કારણ એમની કૃપાથી આપોઆપ આપણા હૃદીઆમાં હામ.... દામના ભાવ....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હિલોળા મારે છે. આપોઆપ આપણુને ચેતનતા.... સ્ફુર્તિ.. આવે છે કારણુ.... કારણુ કાંઇ નહિ.... મારો એ અનુભવ છે આપનો પણુ અનુભવ હશે કે ગુરુકૃપા મોટી વાત છે.... હરિ ઈચ્છા બળવાન છે.... નહિતર બબે વરસ થયા કૈલાસ યાત્રાએ જવાની મારી જીવ સાટેની તૈયારી સાથે પુરી હામ હોવા છતાં કાં બાગેશ્વરથી આગળ પગલું ન ભરાય ! અને આપોઆપ કાં આલમોડામાં બેઠાંબેઠાં કૈલાસ યાત્રા કર્યાનો સંતોષ થાય ! કારણુ.... કારણુ... કાંઈ નહિ આ સાલ યાત્રાનો યોગ બાગેશ્વર સુધીનો જ.... એટલે કૈલાસ યાત્રાની વાત આવતી સાલ ઉપર એમ હું માનું છું પણુ આવતી સાલ ? પીળી માટીના માનવીઓ.... પણુ આતો બધી રાજદ્વારી વાતો છે માટી પીળી હોય કે કાળી હોય... કે ધોળી હોય પરંતુ પ્રભુ ઈચ્છા બળવાન છે કારણુ માટીના માનવીઓ ગમે તે રૂપ... રંગ.... ધરાવતા હોય ગમે તે વાદમાં કે વિવાદમાં માનતાં હોય.... ચંદ્રમાં પુગતા હોય કે ધરતીના છેડે ચક્કાવા મારતા હોય.... પરંતુ અંતે હરિના હાથમાં... પણુ વાચકો અળગી કરો એ બધી અમંગળ વાતો પણુ સંગલવાણી ઉચ્ચારો કે– આ સાલ આંહી આલમોડા સુધી બાગેશ્વર જાગેશ્વર સોમેશ્વર સુધીનું જ અંજળ અને યોગ... બાકી પ્રભુ કૃપાથી આ કૈલાસ યાત્રાએ ઘણાં જાય છે ઘણા બહેનો પણુ જાય છે અને હેમખેમ આ યાત્રા પૂર્ણ પણુ કરે છે એટલે એવું નથી કે યાત્રાએ ગએલા 'અધવચાળે' રહી જાય છે અને વાચકો ! અધવચાળે રહી ગયાની વાતો કરતાં હો તો મોત ક્યાં નથી ? એ તો ડગલા નીચે રહેલુ જ છે મોત તો મેદાનમાં પણુ નહિ મુકે અને માંડયું હશે તો પહાડમાં પણુ નહિ મુકે.... એ મોતને ઈંજેકશનો પણુ અટકાવી નહિ શકે અને ટેબલેટો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ ટાળી નહિ શકે.... માટે જીવવું મરવું એ તો જગદીશના હાથની વાત છે, માનવી તો એ બાબતમાં નકામાં ફાંફાં મારે છે એમ સમજી જો પ્રારબ્ધવશ આ યાત્રાએ જવાનો સુયોગ પ્રાપ્ત થાય તો હે વાચકો ! નકામી જીવવા મરવાની ચિંતાને અળગી કરી કૈલાસ માનસરોવરના પંથે જરૂર જજો છેવટે જવાય ત્યાં સુધી જજો.... કારણ.... કારણ કાંઇ નહિ... પરંતુ એ તો તમે એ પંથે ચડશો ત્યાંજ મનમાં ઉગશે કે સાચેન આ 'પંથે' ચડવા જેવું છે માટે જાવતો પુરી હિમતથી જજો કારણ આ યાત્રા સનાતન ધર્મમાં કઠિનમાં કઠિન જરૂર છે. પણ સ્વર્ગીય સુખને આપનારી છે અવર્ણનીય આનંદ સમી છે બાકી તો જોખમ ખેડયા વગર જીંદગીનો લહાવો શી રીતે મળવાનો હતો વાચકો !

યાત્રિક હવે દરચેન પુગે છે કૈલાસની પરિક્રમા કરી પાછો તળેટીએ આવે છે અને એ દરચેનની રજને માથે ચડાવી કૈલાસપતિને વારંવાર પ્રણામ કરી સજ્ય નેત્રે સ્તુતિ કરે છે કે:

'करचरणकृतं वाक्कायजं कर्मजं वा,
श्रवणनयनजं वा मानसं वाऽपराधम् ।
विहितमविहितं वा सर्वमेतद् क्षमस्व,
जयजय करुणाब्धे श्रीमहादेव शंभो ॥

'हे शिव, अशिवं नः शमयतु ।'

"હે આશુતોષ મહાદેવ, મહદ્ કૃપા કરીને ઊંચો હિમાલય પાર કરાવીને અમને તમારા ચરણે બોલાવ્યા છે. હવે ફરીને આ ક્ષુલ્લક, સ્વાર્થમય જગતના ચમકારાથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મોહિત ન થવા દેશો. કૈલાસનાજ દર્શનમાં કૈલાસનાજ ધ્યાનમાં અને તમારી ભકિતમાં અમને શાશ્વત લીન રાખશો.

મૂકને પણ વાચા આપનાર અને અમારા જેવા પંગુ સમ દુર્બળ યાત્રીઓને હિમાચલની ઉત્તુંગ પર્વત-શ્રેણીઓ ઓળંગાવી તારા ચરણે લાવનાર હે ત્રિપુરારિ હે કૈલાસ પતિ- હે ભોળાનાથ- હે દેવાધિદેવ- હવે જીવનના અંતે.... અંત સમયે.... તારૂં સ્મરણ રખાવી હેમખેમ તારા શરણમાં અમને સ્થાન દેજો... સ્થાન દેજો.... હે કરૂણામય કૈલાસપતિ આટલું....

યાત્રિક હવે વધુ બોલી શકતો નથી અને ગાંસડા પોટલા બાંધી દરચેનથી ઉપડી વારંવાર દેખાય ત્યાં સુધી કૈલાસ તરફ નજરૂં નોંધતો વારંવાર પ્રણામ કરતો પાછો મલક ભેગો થાય છે અને કૈલાસ યાત્રા કર્યાના સંતોષ સાથે જીવનની ધન્યતા અનુભવે છે અને સગાંવહાલા સ્નેહીઓને કૈલાસ યાત્રાના સંભારણા સંભળાવે છે અને માનસરોવરના પવિત્ર જળના ચરણામૃત આપે છે.... અને જીંદગીભર ન ભુલાય એવા દ્રશ્યો નો ચિતાર રજુ કરી કૈલાસપતિની જે બોલે છે.

બોલ કૈલાસપતિ ભગવાનની જે....
બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્દગુરૂ દેવકી જે...
બોલ ઉમાપતિ મહાદેવકી જે....

—•—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

It is beyond the capacity of the pen to describe the dIvine glories of Kailas and Manas Sarowar. A great deal of literature has been published in English and many other languages, about these holy places of pilgrimage. Even though the pilgrimage is full of innumerable difficulties. its glory, Joy and bliss inexplicable indeed !

When His Holiness went on a pilgrimage to Kailas-Manas Lake, there was a mlraculous experience When they had halted at Barkha and were enjoying the beautiful enchanting view of Kailas in the moonlight, His Holiness Jagatguru Shri Shankracharyji of Dwarka saw the image of Lord Shiva seating on Kailas with His two devotees going around him. It was really a divine and blissful Vision of Lord SHANKER.

His Holiness also showed that vision to the devotees who were with him at that time. It was a homogeneous experience full of Infinite Bliss.

This reminds us of a beautiful verse from Gita :-

"अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा । Geeta XI. 45.

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः (विभोः)

Geeta XVIII 77.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૪

ચાલો જીતવા! ચાલો મનવા! પાછા વળો અને યાત્રા વર્ણનના પુસ્તકો વાંચો.... ...સાંચવી રાખો.

વાચકો! ચાલો! આજે આપણી કૈલાસ યાત્રા પૂર્ણ થાય છે, કૈલાસ દર્શનનું વાંચન પૂર્ણ થાય છે.

ચાલો જીતવા! ચાલો મનવા! આજે કૈલાસ માનસરોવરની માનસિક રીતે યાત્રા પૂર્ણ કરીએ છીએ એ સાચું પણ વાચકો! આ કાંઇ કોરા શબ્દોનું વર્ણન નથી. તેમ કોઇ શબ્દ જાળ પણ નથી પરંતુ આતો છે ચાંદો–સૂરજ તપે ત્યાં સુધી રહેનારા સનાતન સત્ય તીર્થ સ્થળો. તીર્થસ્થાનોનું વર્ણન.

આતો છે આદમ જાત જનમ્યા પહેલાના અનાદિ તીર્થ સ્થળો કારણ આ દેવોનું નિવાસ સ્થાન છે કારણ આ ભોળા-નાથનું બેસણું છે કારણ આ કૈલાસધામ છે એટલે આ અમર તીર્થસ્થળોની અમર કહાનીના નામી અનામી લેખકોએ લખેલા વર્ણનોમાં શ્રી નવીનીતભાઇ પારેખનું લખેલું કૈલાસ દર્શનનું વાંચન પૂર્ણ કરતાં પહેલાં આજુબાજુ પડેલા પુસ્તકો Kailas Monsarovar By Swami Pranavananda (in English) સ્વામીશ્રી હંસનું લખેલું કૈલાસ માનસરોવર દર્શન (ગુજરાતી) સ્વામી શ્રી સત્યદેવ પરિવ્રાજકનું લખેલું मेरी कैलास यात्रा

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(હિંદી) બ્રહ્મચારી શ્રી સદાશિવ શર્માએ લખેલ કૈલાસ માનસરોવર યાત્રાની પુસ્તીકા (ગુજરાતી) સૌરાષ્ટ્ર રાજ્યના માજી નાણા પ્રધાન શ્રી ગિરધરભાઇ કોટકે રાજકોટથી પ્રસિદ્ધ થતાં ફુલછાબમાં લખેલ કૈલાસ માનસરોવરનું રમ્ય ભવ્ય દર્શન (એકજ લેખ) અને છેલ્લે સને ૧૯૫૮ માં ૫૩ યાત્રિકો સાથે હેમખેમ કૈલાસ યાત્રા કરનાર અમદાવાદના શેઠ શ્રી રમણલાલ લલ્લુભાઇએ અમદાવાદથી પ્રસિદ્ધ થતા સંદેશ દૈનિકમાં લખેલ નૈસર્ગિક સૌંદર્ય અને પ્રકૃતિ રમ્ય યાત્રાનું પરમધામ કૈલાસની સુંદર લેખમાળાના હપ્તાઓ તથા દ્વારકા શારદાપીઠના જગદ્‌ગુરુશ્રીએ લખેલ કૈલાસ માનસરોવરના યાત્રા વર્ણન (અંગ્રેજી તથા ગુજરાતીમાં).

આ બધા સાહિત્યને સંઘરી જતન કરીને જાળવી રાખો કારણ કે, કૈલાસ યાત્રાએ તિબેટ થઇને જવાનું હોવાથી કોઇ રાજદ્વારી કારણસર પીળા રંગના મનુષ્યો યાત્રા માર્ગમાં કાંઇ મુશ્કેલી ઉભી કરે તો એ મુશ્કેલી દુર થતાં સુધી આ પુસ્તકોના વાંચન દ્વારા પણ આપણે કૈલાસ યાત્રાનો સમૃદ્ધ સંતોષ મેળવી શકીએ એ માટે હે જીજ્ઞાસુ વાચકો ! ફરીને કહું છું કે– કૈલાસ યાત્રા સબંધેના જે કાંઇ પુસ્તકો હોય તે સાંચવી રાખો, સંઘરી રાખો કારણ કે જુદા જુદા લેખકોએ પોત પોતાની અનોખી શૈલીથી–શ્રદ્ધાથી ભક્તિથી આ કૈલાસ યાત્રાના વર્ણન લખેલ છે તેમાંય ખાસ કરીને સ્વામી શ્રી પ્રણવાનંદજીએ અંગ્રેજીમાં લખેલું Kailas Mansarowar ના પુસ્તકને જતનથી જાળવી સાચવી રાખો કારણ કે સ્વામીજીએ એકવાર નહિ બે વાર નહિ તેમ પાંચ કે દશ કે પંદર વાર પણ નહિ પરંતુ પુરા પચીસવાર કૈલાસની પરિક્રમા કરી છે.... પુરા પચીસવાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનસરોવરમાં સ્નાન કર્યા છે અને માનસરોવરમાં વિહાર કરતાં રાજહંસોને જોયા છે અને છ છ મહિના સુધી માન સરોવરના કાંઠે સ્વામીજી સાધના માટે રહ્યા છે એટલે આ ભોમકાના એ પુરા ભોમિયા છે અને પુરા ભોમિયા હોવાથી સ્વામીજીએ આ પુસ્તકમાં માઈલના તો શું પરંતુ ફૂટે ફૂટ જગ્યાના વર્ણન કર્યા છે સ્વામીજીએ કૈલાસ રસ્તે આવતા મંદિરો કે બૌદ્ધ મઠોનાં તો શું પરંતુ પથ્થરે પથ્થરના વર્ણન કર્યા છે કારણ સ્વામીજીએ આ ભોમકાની માટીના....પથ્થરના.... પાણીના...તો શું પરંતુ વૃક્ષો....વેલો...અને વનસ્પતિ...સુદ્ધાના વર્ણન કર્યા છે અને સંશોધન માટે કૈલાસ જાય છે અને આવે છે કારણ કે એમને આ કાર્યમાં રસ છે ઉમંગ છે એટલે ૬૩ વર્ષની ઉમર છતાં ઉમંગથી આ કાર્ય કરી એના વર્ણન લખી રહ્યા છે અને સ્વામીજીમાં વિશેષતા તો એ છે કે પોતે સ્નાતક છે. B. A. છે. આ ઉપરાંત ઘણી ડિગ્રીઓ ધરાવે છે એટલે એવી સુંદર સરળ ભાષામાં કૈલાસ માનસરોવરના વર્ણન કર્યા છે કે વાચકોને (અંગ્રેજી ભાષામાં) પુસ્તકના વાંચનમાં રસ આવ્યા જ કરે છે.... આવ્યાજ કરે છે અને નવું જુનું જાણવાનું મલ્યાજ કરે છે એટલે આવા સમૃદ્ધ વિગત ભરપુર પુસ્તક **Kailas Mansarovar** ને સાંચવી સંભાળીને મુકવાનું આજ તા. ૧૬–૭–'૫૯ ને ગુરૂવાર અષાડ સુદી ૧૧ ના રોજ આલમોડામાં આવેલ ટુરીસ્ટ હોમના ડ્રોઇંગ રૂમમાંથી કૈલાસ દર્શનનું વાંચન પૂર્ણ કરી આપને કહું છું અને હું એ પુસ્તકોને મારા ટ્રંકમાં મુકું છું ત્યાં બજારે ગયેલા સહયાત્રિકો ટુરીસ્ટ હોમના પગથીઆ ચડતાં ચડતાં અને આકાશ સામે નજરૂં નોંધતાં નોંધતાં પાસેની ઓસરીમાં આવ્યા અને મને જોઇ જય જલારામ....જય જલારામ....કહેતાં કહેતાં ડ્રોઇંગ રૂમમાં દાખલ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થયા અને મેં ઘડિયાળમાં જોયું તો થયા હતા છ અને સાથે વીશેક મિનિટ એટલે હવે શ્રી રામકૃષ્ણ આશ્રમે ભજન સંકીર્તન ધુનમાં જવા માટે અમોએ તાકીદ રાખી અને નિયમ મુજબ સંધ્યા આરતી કરી પૂજ્ય બાપાને પગે લાગી શ્રી રામકૃષ્ણ આશ્રમે જવાની તૈયારી કરવા લાગ્યા અને તૈયાર થઈ બહાર નીકળ્યા ત્યારે ઘડિયાળમાં સાત બજવામાં પાંચેક મિનિટ ઓછી હતી.

બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્દગુરુ દેવકી જે....
બોલ કૈલાસપતિ ભગવાનકી જે....
બોલ ઉમાપતિ મહાદેવકી જે....
જે......જે.......જે.......જે........જે...

કૈલાસ દર્શન સમાપ્ત–કૈલાસ યાત્રા સફળ ...પરિપૂર્ણ.

EXPENSES

The total expenses of the trip to the Holy Kailas and Manas from Almora and bock would range from Rs. 250 to Rs. 600 per head according to the standard of living of the pilgrim. It is always advisable to go in batches to curtail unnecessary expenditure and to secure mutual help.

Swami Pranavananda (F.R.G S.)

Jai Jalaram.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REACTIONS OF THE KAILAS-MANAS ON WESTERN MINDS

It will not be out of place if a few lines are quoted here from the "Trans-Himalaya" of Dr. Sven Hedin, giving the reactions of these two Holy places on his mind.

'The stranger also approaches Kang-rimpoche with a feeling of awe. It is incomparably the most famous mountain in the world. Mount Everest and Mount Blanc cannot vie with it.

"Manasarovar is the abode of sanctity and of peace...No language on earth contains words forcible enough to describe the view from it over the lake...I, too, was the victim of an illusion which almost made me catch at the parapet for support. I wondered whether it was a fit of giddiness...A dream-picture in the most ethereal transitory tones floats before us. We seem to stand on a promontory jetting out into space which yawns around us and in front...I should have liked to remain a while under its enchantment...I enjoy the voyage to the full, for nothing I remember in my long wanderings in Asia can compare with the overpowering beauty of this nocturnal sail...Two flocks of geese are swimming on the water producing diverging ripples. All is so indescribably quiet; so ethereal, transparent and transitory, so sub-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

tile and sensitive, that I scarcely dare breathe. Never has a church service, a wedding march, a hymn of victory, or a funeral made a more powerful impression on me...Wonderful, attractive, enchanting lake! Theme of story and legend, playground of storms and changes of colour, apple of the eye of gods and men, goal of weary, yearning pilgrims, holiest of the holiest of the lakes, are thou, Tso-Mavang, lake of all lakes. Navel of old Asia, where four of the most famous rivers of the world, the Brahmaputra, the Indus, the Sutlej and the Ganges, rise among gigantic peake ··Manasarovar is the pearl of all the lakes of the world. Hoary with age when the books of the Veda were written... Oh !: what a wonderful lake it was! I have no words to describe it. To my dying day I shall never forget it, and even now is in my mind as a legend, a poem and a song. Nothing that I can recall through all my wanderings can compare with the overwhelming beauty of this night journey. It was like listening to the silent and mighty throbs of the heart of Nature...It seemed as though the landscape, everchanging as the hours creep slowly by, were unreal; as though it no longer belonged to this earth, but lay on the borders of the world beyond, nearer to Heaven, the region of dreams and phantasies, of hopes and longings, a mysterious

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

fairy land, rather than to this earth of men and sinners, of worldliness and vanity…I threw a farewell glance at Tso.mavang, and experienced a feeling of bereavement at the thought that I must now leave its shores."

AUGUST GANSSER WRITES, "The fundamental idea of Asiatic Religions is embodied in one of the most significant temples I had ever seen, a sun-lit rock and ice! Its remarkable structure and peculiar harmony of its shape, justify my speaking of Kailas as the most sacred mountain in the world……the holiest mountain in the world and the Sublime Throne of the Gods."

"The unrivalled position of this unique mountain of the shape of Shiva's lingam has made it the holiest throne of the gods of the great Asiatic religions...The Kailas not only is the holiest mountain for several hundred million Buddhists and Hindus, but is also geologically a unique feature. It seems to represent the highest tertiary conglomeratic series of our globe, still in the position of deposition."

From (Kailas Manasarovar)
By Swami Pranavananda F. R. G. S

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી નવનીતભાઈ પારેખ



ડાબી બાજુથી ત્રીજા. આ ફોટો પોતાએ હમણાં (સને ૧૯૫૯) આલમોડાથી ૧૨ માઇલ દુર હિમાલયની શિખર માળાઓ વચ્ચે **ખાલી** એસ્ટેટ નામની જાગીર ખરીદી એ જાગીરનું નામ ગોવર્ધન રાખી ત્યાં ધાર્મિક વિધિ ઉજવવા ગએલ તે વખતનો છે.

"કૈલાસ દર્શન" પુસ્તકની પ્રસ્તાવનામાં સ્વામી આનંદ લખે છે કેઃ-

"ભાઇ નવનીત પારેખ આપણા દેશના શ્રદ્ધાધન સંસ્કારી નૌજવાન છે. અમદાવાદ જેવા વેપારી શહેરના અને વેપારી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ખાનદાનના નબીરા છતાં પ્રવાસ પર્યટન અને સાહસનું અજબ આકર્ષણ એમનામાં છે. દેશ દેશાવર જોવાં, અલ્પજ્ઞાત પ્રદેશો, પ્રજાઓ તેમજ કોમોનો અભ્યાસ અને શોધખોળ કરવાં, તેમની સંસ્કૃતિ, ધર્મ, તંત્ર, સમાજ રચના, અર્થ વ્યવસ્થા, રીતરસમો તેમજ માન્યતાઓનું ઝીણવટ ભર્યું અવલોકન કરવું, એમના શોખના વિષયો છે. ઊંચી કક્ષાની ફોટોગ્રાફી તેમજ ફિલ્મો ઉતારવાની કળા સિદ્ધ કરીને પોતાના પ્રવાસો, દર્શન તેમજ અવલોકનોને તેમણે જીવતાં અને ચલણી બનાવ્યાં છે; અને છેલ્લાં થોડાં વર્ષોથી પોતાના વિશાળ મિત્ર સમુદાયમાં તેમજ સમાજમાં અસંખ્ય કુટુંબોના તેઓ પ્રિયપાત્ર થઈ પડયા છે.

સ્વામી આનંદે લખેલ નવનીતભાઇના પરિચયથી વિશેષ પરિચય શું આપું ! પરંતુ સને ૧૯૫૮ માં મારે જ્યારે કૈલાસ યાત્રાએ જવું હતું ત્યારે મુંબઈમાં હું શ્રી નવનીતભાઇને મળેલો અને આંખમાં સમાય એવી એમની આકૃતિ અને હૈયાને પ્રસન્ન કરે એવી એમની પ્રકૃતિ સાથેના સંસ્કારો જોઈ મને થયેલું...

"જુવાની છતાં ઠરેલ અને ઠાવકાપણું- સુખસગવડ અને સમૃદ્ધિ છતાં આછકડાઇ અને અકકડપણા વગરના આ નવજુવાન કોઇ પૂર્વજન્મનો સંસ્કારી જીવજ હશેને !

વિશેષ શું......

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યાત્રિકો ! હાલો હવે આલમોડા અને
આજુબાજુના તીર્થસ્થળોના દર્શન કરીએ !

—•—

એક અંગ્રેજ મહાત્મા....



કનૈયાની મોરલીના અદ્રશ્ય નાદો સાંભળી **Nixon Saheb**એ 'સર્વસ્વ' છોડયું અને કૃષ્ણપ્રેમી બની 'સર્વોત્તમ' મેળવ્યું.

(વધુ વાંચો આગળ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૫

શ્રી રામકૃષ્ણ આશ્રમે ભજન ધુનમાં ગયા.

શ્રી જલારામ.

ટુરીસ્ટ હોમથી શ્રી રામકૃષ્ણ આશ્રમ ઠીક ઠીક દૂર છે એટલે લગભગ અરધીએક કલાકની આ પદયાત્રામાં આજુબાજુની રમણીય ટેકરીઓ સાથે દૂર દૂર દેખાતાં બદરીનાથ–કેદારનાથ અને અન્ય પર્વતની શિખર માળાઓની સમૃદ્ધિ જોતાં જોતાં અને વાતો કરતાં કરતાં અમો રામકૃષ્ણ આશ્રમે જઇ રહ્યા છીએ તેમાં મેં જયંતિભાઈને પૂછ્યું "કાં



સમૃદ્ધ હિમશિખરો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જયંતિભાઇ બજારે ગયા હતા ત્યારે ઓલા દહીંવાળા બાપાની દુકાને જઇ આવ્યા કે!" અને જવાબમાં બધા ભાઈઓ કહેવા લાગ્યા "સાચુ પુછો તો અમો એ માટેજ બજારે ગયા હતા પરંતુ એની દુકાન બંધ હતી એટલે પડખેવાળા દુકાનદારને પૂછયું પણ એણે કહ્યું કે "ચાર વાગ્યે દુકાન બંધ કરીને એ બાપા વયા ગયા છે" અમે પૂછયું "હવે કયારે આવશે" અને જવાબમાં એ દુકાનવાળાએ કહ્યું કે–"એનો કાંઇ ધડો નહિ આવે તો હમણાં પણ આવે પણ જો દેવદર્શને ચડી ગયા.... કોઈ સાધુ બાવા ભેટી ગયા તો રામ રામ એનું કાંઇ કહેવાય નહિ" એટલે ભાઇ અમે તો ઘડીકવાર વાટ જોઇ અને આંહી આવતી વખતે પણ એ બાજુ ડોકું કાઢી જોયું પણ–દુકાન બંધ હતી ત્યાં તો વચમાં નંદાણીભાઈ બોલ્યા "ભાઇ! ગિરધરભાઇની હિંમત ન હાલતી હોય તો જુદી વાત છે બાકી આમ અદ્ધરતો જુઓ! કયાંય વરસાદ આવે એવું લાગે છે" એમ કહી આકાશ સામે જોઇ કહેવા લાગ્યા બાકી.... ત્યાં તો જગુભાઇએ ઝુકાવ્યું "પણ હવે કયાં આઘું છે આડી એક રાતજ છે ને! જો કાલે રાત સુધીમાં વરસાદ આવે તો એ દહીંવાળો બાપો સાચો... અને જો વરસાદ આવે તો પછી ગિરધરભાઇને કયાં કાંઇ કહેવા પણું છે! અને જો વરસાદ આવે તો પછી ગિરધરભાઇ આગળ શેનાય ડગલુંય ભરે! માટે નંદાણીભાઈ જરા સબુરી રાખો...." "એમ કહી નંદાણીભાઈ સામે જોઇ જગુભાઈએ કહ્યું "પણ ભલેને ગિરધરભાઇ ન આવે તમે ઉપડી જાવને!" અને જવાબમાં નંદાણીભાઈએ નિસાસો નાખતાં કહ્યું "અરે મારા ભાઈ! એજ વાંધો છે ને! મારે તો આંગળી ઝાલવાવાળું કોઇ જોઇએ પછી...જોઇ લ્યો!" અને જોઈ લ્યોના....જવાબમાં જગુભાઇ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"બોલ્યા આજ આઠ દિવસ થયાં જોઈજ રહ્યા છીએને ! આંગળી શું પણ ખાવડું ઝાલીને બેઠા કરવા પડે છે...અને કામ...." અને નંદાણીભાઇ હસતાં હસતાં બોલ્યા...."અરે મારા ભાઇ ! એજ વાત છે ને ! એટલેજ હું હંમેશા સારો સંગાથ ગોતું છું ને મારા ભાઇ ! તંયે સારા સંગાથનો લહાવો શું મોટા ભાઇ ?" અને જગુભાઇ બોલ્યા "એજ લહાવો નાનાભાઇ કે તૈયાર..."

આમ હાસ્ય વિનોદ કરતાં અને જુની વાતોને વાગોળતાં અને નવી વાતોમાં રંગો મેળવતાં અમે શ્રી રામકૃષ્ણ આશ્રમ તરફ જઇ રહ્યા છીએ અને આકાશમાં સૂરજદાદા હવે પેલી પર્વતમાળાની પછવાડે છૂપાઇ જવાની છાની તૈયારી કરી રહ્યા છે અને આકાશની ખરલમાં જાણે કેસર ઘુંટાઇ રહ્યું છે અને દિશાઓમાં જાણે કોઈએ ખોબેખોબા ભરીને આડા અવળા કેસર છાંટયા હોય એવું લાગે છે પણ આકાશનો આભ ચંદરવો જાણે હવે કેસર વરણો નહિ પરંતુ પીળા પીતામ્બરી વાળો અને સાથે સફેદ અને નીલવરણો બની દાદાજીના માનમાં આડો અવળો પથરાઇ જઇ દાદાજીને કહી રહ્યો છે કે– "પધારો દાદાજી પધારો ! પાતાળ લોકના મનુષ્યો આપના આગમન સાથે આળસ મરડીને ઊઠવાની તૈયારી કરી રહ્યા છે. પણ દાદા ! કાલે વહેલાં વહેલાં પધારજો હો ! અને હો.... હજુ પુરૂં થાય ત્યાં તો દાદાજી પધારી પણ ગયા અને પશ્ચિમ દિશા કેસર વરણી મટી રકતવર્ણી બની જાણે દાદાજીનો વિયોગ એને વસમો લાગ્યો પણ સૃષ્ટિના સરજનહારની લીલામાં દાદાજી શું કે દિશાઓ શું બધાને અચળ અને નિયમ બદ્ધ રીતે વર્તવું પડે છે એટલે વિયોગ વસમો લાગે કે વહાલો લાગે પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઘડી.... પળ...ના વિલંબ વગર સૌને યથાસમયે વિછુટુ પડવું પડે છે અને પાછું ભેગું પણ થાવું પડે છે.

વાચકો ! દાદાજી તો વયા ગયા અને વાંહે અંધારાનાં ઓળા જામવા માંડયા પરંતુ પુરા અંધારા જામે તે પહેલાં તો અમો શ્રી રામકૃષ્ણ આશ્રમના દ્વારે પુગી ગયા અને કીર્તનાલયમાં જઈ ભીંતો ઉપર રાખેલા પૂજ્ય વંદનીય સંત મહાત્માઓના ફોટા જોવા લાગ્યા ત્યાં એક સ્વામીજી પધાર્યા અને અમને આવકાર આપી બરાબર સમયસર આવવા માટે પોતાનો રાજીપો દેખાડયો !

વાચકો ! શ્રી રામકૃષ્ણ આશ્રમ સબંધે મેં અગાઉ વર્ણન કર્યું છે વળી આપ સૌનો પણ અનુભવ હશે કે સેવા શ્રમ અને જ્ઞાન વિજ્ઞાનથી શોભતા શ્રી રામકૃષ્ણ આશ્રમના સંચાલક સંન્યાસીઓમાં કેવી ઉન્નત અને દીર્ઘ વિચાર શકિત હોય છે, આ સંન્યાસીઓ કેવા સમૃદ્ધ સંતોષથી શોભતા હોય છે... કારણ આ સંન્યાસીઓએ કાંઈ પેટની ખાતર ગેરૂવા રંગના લુગડાં પહેર્યા હોતા નથી.... તેમ મોજમઝાહ ખાતર કાંઇ વેશ બદલ્યા હોતા નથી પરંતુ આ સંન્યાસીઓ તો વિદ્યાથી શોભતા સંન્યાસીઓ છે ત્યાગ....સેવા....અને પરિશ્રમથી પાકેલા પરિવ્રાજકો છે....એણે માયલાને મારી કાબુમાં લીધો છે એટલે એને મારૂ...તારૂં....મુકીને આ પંથ ગૃહણ કર્યો છે માટે હે વાચકો ! જો દૃષ્ટિ હોય.... જો કાંઇ માનવ સેવા કરવાની ધગશ હોય... તો બીજી વાતોના મહેરામણ મથવા કરતાં સેવા શ્રમ અને જ્ઞાન વિજ્ઞાનથી શોભતા શ્રી રામકૃષ્ણ આશ્રમોની કયારેક મુલાકાત લેજો પછી શ્રી રામકૃષ્ણ પરમ હંસ દેવના નામથી ચાલતા આશ્રમો આલમોડામાં હોય કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આગ્રામાં હોય....રાજકોટમાં હોય કે રંગુનમાં હોય...કલકત્તામાં હોય કે કાશીમાં હોય...ન્યુયોર્કમાં હોય કે નાગપુરમાં હોય.... લંડનમાં હોય કે લખનૌમાં હોય....પરંતુ અગરબતીને સળગાવો એટલે જેમ સુગંધજ આપે એમ ધૂપસળી સમા આ આશ્રમો જ્યાં હશે ત્યાં સુગંધજ આપતા હશે એમાં મારા ખ્યાલથી કોઈ આશ્રમ અપવાદ રૂપે નહી હોય કારણ ત્યાં વાદ નથી... વિવાદ નથી... પરંતુ આ આશ્રમોમાં તો છે સેવાની...શ્રમની જ્ઞાન વિજ્ઞાનની વાતો સાથે સ્કુલોની....નિશાળોની.... લાયબ્રેરીઓની.. .ઔષધાલયોની....હોસ્પિટલોની વાતો. જાણે ધૂપસળીઓ સળગીજ રહી છે. અને એની મીઠી....મધુરી સુવાસ અને સુગંધ ફેલાવી રહી છે.

એવા સુવાસ અને સુગંધ ફેલાવતાં શ્રી રામકૃષ્ણ આશ્રમના કીર્તનાલયમાં અમો જ્યારે આવ્યા ત્યારે એ કીર્તનાલયના એક ભાગમાં સાદા સિંહાસન સમા કાષ્ટના બાજોઠ ઉપર શ્રી રામપ્રભુનો ફોટો પધરાવી પાસે અગરબતીઓની મીઠી સુવાસ અને સુગંધ ફેલાઈ રહી હતી અને પાસેજ એ વનવાસી શ્રી રામપ્રભુને પ્રિય એવા મીષ્ઠ ફળોનો પ્રસાદનો થાળ ધરાવામાં આવ્યો હતો.

વાચકો ! એક વૃદ્ધ સંન્યાસી જેમનો નીતર્યો ગંગાજળ જેવો ચહેરો છે, જાણે કોઈ મહાતાપની ભઠ્ઠીમાં ગળાઇ શુદ્ધ સુવર્ણમય બની ગયેલી જેમની કાયા છે અને જાણે આનંદ પરમાનંદના પારણે એ વૃદ્ધ કાયા ડોલી રહી છે એવા એક વૃદ્ધ સંન્યાસીએ પુરા ભાવથી શ્રી રામપ્રભુની આરતી ઉતારી ત્યારે અમો સૌએ ધન્યતા અનુભવી અને આંખે એ દૃશ્ય જોવા છતાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આંખો જાણે ધરાઈ નહીં કેમકે આસપાસ બધે સુગંધ શીતળ અને શાંત પ્રસન્ન ભરપુર વાતાવરણ જામ્યું હતું.

શ્રી રામપ્રભુની આરતી પૂર્ણ થઇ અને પછી રામ-સંકીર્તનની નામધૂન શરૂ થયાં પહેલાં એક સંન્યાસીએ વાજા પેટી હાથમાં લીધી બીજા સંન્યાસીએ તબલા લીધા તો ત્રીજા સંન્યાસીએ સિતાર હાથમાં લીધો અને સુર મીલાવટ શરૂ થઇ ત્યાં તો વધુ ભકતજનો ભેગા થવા લાગ્યા તેમાં સંસ્કૃતિથી શોભતા ચહેરા પણ દેખાયા અને આધુનિક પહેરવેશ સાથે ભકિતની ભાવનાથી શોભતા.. આલમોડાના ભાઈઓ બહેનોના વૃદ્ધ ...યુવાન.... ચહેરા પણ દેખાયા.

તાલ મિલાવટ... સુર મિલાવટ.... પૂર્ણ થઇ અને હવે સંકીર્તન ધુન શરૂ થઈ.

વાચકો ! શ્રી રામકૃષ્ણ આશ્રમ તરફથી બંગાળી, હિંદી, અંગ્રેજી ભાષામાં પ્રગટ થતી શ્રી રામપ્રભુના સંકીર્તન 'ધુનની' અકેક પુસ્તિકા સૌએ હાથમાં લીધી અને સંન્યાસીઓએ સુરાવલિ શરૂ કરી અને સૌ સંકીર્તન ધુન બોલવા લાગ્યા ત્યારે જાણે નિર્જીવ તબલામાં જીવ આવી એ અનોખી ઢબે રામ પ્રભુના ગુણગાન ગાવા લાગ્યા અને અનેક કલવાળા વાજાએ જાણે પેટી વગાડતાં સંન્યાસીને એની મૂંગી ભાષામાં કહી દીધું કે, "હે ત્યાગી સંન્યાસી આ શું ! આ ટાણે તારામાં રાગ કયાંથી જાગ્યો ! આ મારા રામ પ્રભુના ગુણગાન ગાવામાં શું આ એક બે કલજ કામ લાગે છે અને અમે....ત્યાં તો જાણે એ વીતરાગી સંન્યાસી ચેતી ગયા અને વારા ફરતી બધી કલો ઉપર પોતાના આંગળા ફેરવી એ બધી કલોને રાજી કરી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને એ નિર્જીવ કલો દ્વારા રાગને અનુકુળ એવી સુરમિલાવટ-થી સંકીર્તન ધુન વધુ જામવા લાગી ત્યાં તો...સિતાર સળવળ્યો અને સિતાર વગાડતાં યુવાન સન્યાસીને જાણે કહ્યું કે "હે યુવાન સંન્યાસી! તેં અકાળે સંન્યાસ ગ્રહણ કર્યો લાગે છે એટલે વિરહની વેદના તેં અનુભવી હોય કે ન અનુભવી હોય એ તો હે યુવાન સંન્યાસી તું જાણ કે તારો રદીઓ જાણે... પણ અમને જગદીશના ગુણગાન ગાવામાં આ તુંબડે બંધાઇને સદાકાળ ભેગા રહેતાં અમારા છ સાત ભાંડરૂમાં કાં 'ભેદભરમ' ઉભો કરાવ.... આ તારી કોમળ આંગળીઓ જરા તરફ...ત્યાં તો જાણે એ યુવાન સંન્યાસી પણ સંકીર્તન ધુનના જામેલા વાતાવરણને અંગે જામેલી ધ્યાનસ્થ દશામાંથી મુક્ત થઇ બધા તારોને ઝણઝણાવવા લાગ્યા અને જાણે બધા ભાંડરૂં પોતાના દેહ ઉપર સંન્યાસીની વારાફરતી ફરતી કોમળ આંગળી-ઓથી રાજી થઇ શ્રી રામ પ્રભુના ગુણગાન ગાવામાં ગુલતાન થઇ ગયા અને આ સુરમિલાવટથી જામેલી સંકીર્તન ધુનથી જાણે દિવાલોએ દાંત કાઢયા.... જાણે પથ્થરો પાવનકારી રામનું નામ સાંભળી પલળવા લાગ્યા અને જાણે આશ્રમના ઝાડવા ઝીકોટા નાખી જગદીશના નામની ધુન સાંભળી નમી નમીને પ્રભુને પાયે પડવા લાગ્યા અને આ જડ સૃષ્ટિમાં ચેતનતા આવેલી જોઈ જાણે આજુબાજુના પહાડો હસ્યા.... પહાડો હસ્યા અને પવન પાણી પણ હસ્યા...અને જાણે આ હાસ્ય સૃષ્ટિથી શ્રી રામપ્રભુ પ્રસન્ન થયા હોય એમ એ અયોધ્યાપતિ રઘુકુળનંદન શ્રી રામપ્રભુની છબીમાંથી જાણે કોઇ અદ્‌ભુત-તેજસ્વીતા તરવરવા લાગી અને ભાવિકો સંકીર્તન ધુનમાં વધુ ભાવવાહી થઇ શ્રી રામ પ્રભુના ચરણાર્વિંદ તરફ દ્રષ્ટિ રાખી એ પતિતપાવન શ્રી રામપ્રભુનું નામ સ્મરણ કરવા લાગ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! ધુનની જમાવટ જામતા જામતા છેવટે પૂર્ણ થઇ અને એક બે ભજન થયા બાદ આજના મંગળ કાર્યની પૂર્ણાહુતિ થઇ અને સૌએ શ્રી રામ પ્રભુના ચરણારવિંદમાં નમન કર્યા અને એક સંન્યાસીએ પ્રસાદના થાળમાંથી સૌને પ્રસાદ આપવા માંડયો ત્યારે આશ્રમની ભીંત ઘડિયાળમાં બરાબર સાડાનવ થયાં હતા.

—•—

૨૬

સ્વામીજી પુછે છે "कैलास के लीए कब जाना है."

હવે અમો પાછા ઘરે જવાની તૈયારી કરવા લાગ્યા ત્યાં આશ્રમના મુખ્ય સંન્યાસી સ્વામી શ્રી અપર્ણાનંદજી મહારાજ અમારી પાસે આવી "ક્યારે કૈલાસ યાત્રાએ ઉપડો છો" એની પુછગાછ કરવા લાગ્યા. અને પાસે ઉભેલા ચાર–પાંચ બહેનો-માંથી એક બાળાને સ્વામીજીએ હેતાળભાવે કહ્યું– "लडकी ! यह सब यात्री सौराष्ट्रसे आते है कल मुझे बझारके रस्ते में मिलाथा– शांतिभाइका सबंधी है और कैलास यात्रा के लीए आया है" એમ કહી એ બાળાને કહ્યું "बेटी ! तुंम एक तुम्हारा पिताजी पर चिठी लीख देना मेरा नाम लीखना में भी तुम्हारा पिताजी को चिठी लीखुंगा के 'यह सब भाइ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

लोंगको अच्छी तरहसे सगवड कर देवे...." એમ કહી પાસે ઉભેલા એક પ્રૌઢ ઉંમરના બહેનને કહ્યું, "और गंगोत्री! तुम भी एक चिठी लीख देना!" અને ગંગોત્રી બહેને "अच्छा अच्छा स्वामीजी जरुर लीख दुगा" એમ પ્રસન્નતાથી કહ્યું અને મેં સ્વામીજીને પુછયું "સ્વામીજી આ બહેનો કોણ?" અને સ્વામીજીએ પ્રસન્નતાથી કહ્યું "येह कीच खंपा की लडकी है गर्ब्यांग रहेती है. और इधर कोलेजमें पढती है. विज्ञानका दुसरे वर्षमें है. અને ગંગોત્રી બહેન તરફ જોઈ કહ્યુ और ए गंगोत्री बहेन इधर महिला कोलेज की प्रिन्सिपाल है. वो कीच खंपाकी बहेन है" એમ કહી મને પુછયું "आपने कीच खंपा के नाम सुना हैने! वह गर्ब्यांग मे रहेते है. बडा सज्जन और संस्कारी गृहस्थ है और इधर से जो कोइ यात्री कैलास यात्रा के लीए जाते है इनको गर्ब्यांग में सुभीता कर देते है खच्चरका, मजुरका स्वारीका, और जो कुछ Infor mation यात्री चाहते है वो सब बताते है" એમ કહી સ્વામીજીએ મને પુછયું "सूना है अपने कींच खंपाका नाम?" અને મેં કહ્યું "जरुर सुना है स्वामीजी! नवनीत-भाइ पारेखने कैलास दर्शनका पुस्तकमें इसका नाम बताया है! बडा सज्जन तिबेटियन गृहस्थ भोमिया है वो सब पुस्तकमें लीखा है. स्वामीजी!"

વાચકો! અમો તો કીર્તનાલયના દ્વાર પાસે ઉભા ઉભા વાતો કરી રહ્યા છીએ અને અમારી વાતો તો ઝાઝીવાર ચાલી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે ભજનમાં આવેલા આલમોડાના બીજા બહેનો અને ભાઈઓ પણ ભેગા થઈ ગયા ત્યાં તો આશ્રમના બીજા ૨–૪ સંન્યાસીઓ પણ આવીને મુખ્ય સ્વામીજી પાસે ઉભા રહ્યા– અને અમો કૈલાસ યાત્રાએ જવાના છીએ એ જાણીને કોઈ કુતૂહલતાથી તો કોઈ પ્રસન્નતાથી અમારા સામુ જોવા લાગ્યા અને એક સંન્યાસીએ મુખ્ય સ્વામીજીને કહ્યું "स्वामीजी ! यह भाइ कल शांतिभाइ के साथ इधर आये थे आप बझार गये थे!" અને મુખ્ય સ્વામીજીએ કહ્યું "मुझे बाझारमे मिल गया था शांतिभाइने सब बात बताया और मेंने आज रातको धुनमें आने के लीए आमंत्रण भी दीयाथा" એમ કહી મુખ્ય સ્વામીજીએ તો અમને આવતી કાલે આશ્રમમાં જમવા આવવા માટે આગ્રહ કર્યો અને મેં આભાર સાથે કહ્યું કે "સ્વામીજી ! આપનો ઘણો આભાર માનું છું....શાંતિભાઈ તો બહાર ગામ ગયા છે રાતના આવી જશે અને અમો કાલે તો બાગેશ્વર જવાના છીએ.

સ્વામીજીએ તો अच्छा अच्छा કહી કહેવા લાગ્યા કે– "कल बागेश्वर जाते हो अच्छा अच्छा तब कैलास के लीए कब उपडेगें?" અને જવાબમાં મે નિરાશાભાવે કહ્યું "स्वामीजी ! कैलास यात्राका तो यह साल अंजल नहि लगता है" અને સ્વામીજી ઉત્કંઠાથી બોલ્યા 'क्यों ? क्या हुआ !' અને મેં નરમાશથી કહ્યું. गुरुकृपा की बात है, गुरु कृपा बडी चीज हैने स्वामीजी !" અને સ્વામીજીએ મક્કમતાથી કહ્યું– "बीलकुल सच बात है ! गुरुकृपा बडी भारी बात है– और येह यात्रामें

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

तो पुरी मक्कमता से जाना चाहीए बहुत कठिनाइ है अभी तो कुछ कठिनाइ कम हो गइ है लेकीन कठिनाइ तो है ही और अंतरात्मा में प्रसन्नता होवे तो जाना ठीक है अच्छा है" અને મેં હવે થોડીક મોકળા મને વાત કરી અને કહ્યું यह साल कैलास यात्राए जानेका योग नहीं लगता है लेकीन मेरे संगाथी यह सब यात्रिक भाइओ में से कीसीको जाना होगा तो जरुर मिस कींच खंपा बहेन की....और गंगोत्री बहेन की चिठ्ठी और आपकी पाससे चिठ्ठी ले जाउंगा એમ કહી સહયાત્રિકોની ઓળખાણ કરાવી અને સહયાત્રિકોએ સ્વામીજીને અને બહેનોને જય જલારામ કહી હાથ જોડી નમન કર્યું અને સ્વામીજીએ મને પુછ્યું आपका शुभ नाम ? અને મે મારૂં નામ કહ્યું અને સ્વામીજીએ કહ્યું "देखो राजदेवजी ! जाना होंतो कुछ तकलीफ नहि है श्री कींच खंपा सब सगवडता कर देंगे–लेकीन जाने मे पुरी प्रसन्नता होनी चाहीये वह पहेली बात है और अंतरात्मामें से अवाज...."

અને મેં કહ્યું "देखता हुं स्वामीजी ! गुरु कृपा होगी तो अवश्य जाना है कयो ? कैलास यात्रा का तो संकल्प ये दो सालसे हुआ है और–गुरु कृपासे संकल्प सिद्ध होएगे एसी मुझे उम्मेद है लेकीन जाना न जाना ये तो अंजलकी बात है ने स्वामीजी ! "અને સ્વામીજીએ કહ્યું "बिलकुल सच्च बात है-शुभ संकल्प जरुर सिद्ध होते है थोडासा टाइम लगे तो इसमे कया

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

बडी बात है ! संकल्प सिद्ध होने मे.... सबुरी की बातमें.... श्रद्धा और धीरज रखना चाहीये.''

વાચકો ! શ્રી રામકૃષ્ણ આશ્રમના કે બીજા કોઇ આશ્રમના બુદ્ધિશાળી સંન્યાસીઓમાં એ ખાસ ગુણ હોય છે કે બધાંની સાથે મળી જવું, બધાને ગમે એવું બોલવું અને અપ્રિય કે અસત્ય વાતમાં મૌન રહેવું અને માઠું લાગે તોયે મોઢા ઉપર બતાવવું નહિ એવી સંસ્કૃતિની વિશેષતા એ સ્વામીજીઓમાં હોય છે અને આ બધા લક્ષણો વ્યવહાર કુશળતા અને લોક-પ્રિયતા સૂચવે છે એટલે અમારી વાતો શાંતિથી સાંભળી અચ્છા અચ્છા સાથે યોગ્ય માર્ગદર્શન આપી સ્વામીશ્રી અપર્ણાનંદજીએ અમને ફરીને કાલે આંહી ભોજન લેવા માટે આવવા આગ્રહ કરી જોયો અને અમે આભાર માની કયારેક વાત સ્વામીજી ! એમ કહી હાથ જોડી નમન કરી વિદાય થયા પણ મનમાં થયું કે જ્યાં પ્રેમ અને લાગણી બતાવવાનો જ સવાલ હોય ત્યાં વધુ ભાષા વાપરવાની કે વધુ વિગતની જરૂર પડતી નથી કારણ કે ઇશ્વરે મનુષ્યને બે આંખો આપી કૃતાર્થ કર્યો છે કે– એ બે આંખો ગમે તે ભાવ પુરેપુરો વ્યકત કરી શકે છે જાણી શકે છે.

—o—

આ યાત્રામાં હિન્દી સરહદ જ્યાં સુધી આવે છે, ત્યાં સુધી સઘળી અનુકુળતા હોય છે. કોઇપણ પ્રકારનો ભય હોતો નથી પણ લીપૂલેખ ઘાટીથી તિબેટ શરૂ થાય છે, ત્યાંથી માંડીને આખા પ્રદેશમાં અનેકવિધ તકલીફો તથા ભય રહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૭

દહીંવાળા બાપાની વાત સાચી પડી અને રાતના તો વરસાદ ખાબક્યો

વાચકો ! અંધારૂં પુરૂં જામ્યું છે બેટરીઓ લીધી છે એટલે એનો ઉપયોગ કરી આશ્રમનો અટપટો રસ્તો વટાવી અમે મુખ્ય સડકે આવી ગયા. ગંગોત્રી બહેન અને મિસ ફીચ ખંપા અને બીજા ૨-૪ બહેનો અમારી સાથે છે. અમારે ટુરીસ્ટ હોમે જવું છે અને એ બહેનોને તો ઠેઠ જેલ પાસેના બંગલે જવું છે, એમ જ્યારે અમે જાણ્યું ત્યારે નવાઇ લાગી કે કેટલે દુરથી આ બહેનો ભજનમાં આવે છે ! અને ગંગોત્રી બહેને કહ્યું કે "અમારો તો નિયમ છે અને અમો તો હર અગીઆરશે આશ્રમે જઇએ છીએ" પછી તો વાતો થતાં થતાં ગંગોત્રી બહેને જાણ્યું કે અમો બદરીનાથ, કેદારનાથ, અમરનાથ જઇ આવ્યા છીએ. અને મેં પણ જાણ્યું કે ગંગોત્રી બહેન પણ બદરીનાથ કેદારનાથ–ગંગોત્રી જન્મોત્રી જઇ આવ્યા છે... વૃદ્ધ માજીને લઇને જઇ આવ્યા છે.... ગઇ સાલજ જઇ આવ્યા છે.... પગે ચાલીનેજ જઇ આવ્યા છે... ત્યારે સેવા અને શીલથી શોભતો એ તિબેટીઅન ચપટો ચહેરો કાંઇક વધુ તેજસ્વી લાગ્યો અને વિદ્યાનું તેજ તો એ બહેનના ચહેરા ઉપર સ્પષ્ટ તરવરતું હતું પરંતુ શ્રદ્ધા અને ભકિત મિશ્રિત વિદ્યાનું તેજ તો ઓર દીપતું હતું અને વાતચીત કરવાની કળા અને કૌશલ્ય તો છુપાવવા છતાં છુપાતા નો'તા એટલે શ્રી રામકૃષ્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમેથી ઘરે જતાં સુધીના રસ્તામાં ૨૫–૩૦ મિનિટનો જે સમય મલ્યો એ સમય વાતોમાં એટલો આનંદથી ગયો કે– એ સ્મૃતિ હજુ પણ સચવાઇ રહી છે.

એ ચપટા તિબેટીઅન ચહેરો સહેજે ઓળખાઈ જાય એમ છે.

વાચકો! વિખુટા પડતી વખતે ગંગોત્રી બહેને પોતાને બંગલે આવવા ખાસ કહ્યું અને કહ્યું કે "આવતી કાલે રાતના મારે ત્યાં ભજન છે અને ૨૦મી તારીખે ગુરૂપૂર્ણિમાના રોજ પણ રાતના ભજન છે રાતના ૯ થી ૧૨ નો સમય છે માટે જો અનુકુળતા હોય તો જરૂર આપ સૌ પધારજો....શાંતિભાઇને વાત કરજો એતો અવારનવાર મારે ત્યાં આવે છે માટે બને તો જરૂર આવજો" મેં આભાર માન્યો અને કહ્યું કે "બહેન! કાલે તો અમે બાગેશ્વર જવાના છીએ પરંતુ જો કોઈ કારણસર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નહીં જઈએ તો જરૂર આવશું અને કાલે નહિ અવાય તો આ રવિવારે કે ગુરૂપૂર્ણિમાના રોજતો જરૂર આવશું કારણ કે ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ આંહી આલમોડામાં ઉજવવાનો અમારો વિચાર છે.

બહેને આભાર માન્યો અમે આભાર માન્યો અને અમો **જય જલારામ જય જલારામ** કહી ટુરીસ્ટ હોમે જવા રસ્તાની સડકેથી ઉપરની સડકે વળ્યા અને બહેન '**નમસ્તેજી**' કહી મુખ્ય સડકે આગળ જવા લાગ્યા અને બેટરી કરી મે ઘડિયાળમાં જોયું તો અગીઆર વાગવા આડી માંડ ગણત્રીની મિનિટો બાકી હતી.

વાચકો ! આજે તો અમો સમૃદ્ધ સંતોષ સાથે આનંદની લહેરો લહેરાવતાં પથારી ભેગા થવાની તૈયારી કરવા લાગ્યા પરંતુ પથારી ભેગા થતાં પહેલા પોર્ચની અગાશીમાં ઉભા રહી રાતના વૈભવના રાજિયા ગાતા આલમોડાના વીજળી દીવાઓ જોવા લાગ્યા આજુબાજુની શાંત શિખર પર્વતોની હારમાળાઓ તરફ દૃષ્ટિ કરી નિહાળવા લાગ્યા અને આ શાંત અને રમ્ય વાતાવરણ વચ્ચે ઉભા રહી આકાશ સામે જોવા લાગ્યા ત્યારે અરમાન પણ ઓગળી જાય એવા તારા નક્ષત્રોથી શોભતો એ ચળકતો આભ ચંદરવો જોઈ એ ચંદરવાનેજ ઓઢી થોડીવાર ખુલ્લી અગાસીમાં બેસી થાકયા છતાં વાતો કરવાની લાલસા અમો રોકી શકયા નહિ એટલે અમે તો અગાસીમાં બેઠા અને બંગલાના બગીચાની ફુલસૃષ્ટિની સુગંધ લેતાં લેતાં જગુભાઈએ વાત કરવાની પહેલ કરી કે "જયંતિભાઈ ! સ્વામીજીએ કાગળ લખી આપવા સુધીની વાત કરી છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગંગોત્રી બહેને પણ કેવી મઝાની વાત કરી છે હવે તો બાપાની દયા થાય તો ઉપડાય અને આંહી આવ્યા એ પણ લેખે લાગે પણ આ S. M. ....“ અને મેં કહ્યું સાચી વાત છે જગુભાઈ તમારી! મનેય ખબર પડતી નથી કે કાં ?....” ત્યાં તો મારી પુરી વાત સાંભળ્યા વગર જયંતિભાઇ બોલ્યા “ જગુભાઇ ! S M. ને હજુ વિચાર કરવા દયો ! આપણે તો એના વગર આગળ જવાના નથી– પછી આ સાલ કે આવતી સાલ.... “અને મેં કહ્યું ભેરૂઓ સાચી વાત છે તમારી ! બધુ બાપાની અને ગુરુજીની ઇચ્છા ઉપર છોડી દયોને ! એ જે રસ્તો દેખાડશે જે પ્રેરણા કરશે એ આપણા હિતમાંજ હશે....આપણા ભલા માટેજ હશે....” ત્યાં તો બધા ભેરૂઓ બોલી ઊઠયા “એમાં કયાં શંકાને સ્થાન છે એનો તો આપણને આશરો છે અને એની ઈચ્છા હશે તો જવાશે નહિતર કયાં....

અને નહિતર કયાં....કયાંનું.... વાકય હજુ પુરૂ થાય ન થાય ત્યાં તો જાણે વાયુ દેવતાને અચાનક ચાનક ચડયું અને એ ફુફાડા મારવા લાગ્યા અને ત્યાં તો કોણ જાણે ચળકતા આભ ચંદરવાને શું થયું કે એ ચળકતો ચંદરવો નાટકના પડદાની માફક ખેચાઇ જઇ એને તો બીજો કાળો ચંદરવો ઓઢવા માંડયો એમ ઉપર આકાશમાં ‘ વેશપલટા ’ થવા લાગ્યા અને જાણે મેઘરાજાના આગમનની તૈયારીઓ થવા લાગી અને જળબિંદુઓ હજુ પડે... ન પડે ત્યાં તો અમો જાજમ ઉપાડી બંગલાના દીવાનખાનામાં પુગી પથારી ભેગા થવા લાગ્યા અને ઘડિયાળમાં જોયું તો– અંગ્રેજી તારીખ ફરી ગઈ હતી પરંતુ દેશી દિવાર પ્રમાણે અગીઆરશ હજુ ચાલુ હતી અને બહાર મેઘરાજા પણ ચાલુ હતા અને અમે જલારામ બાપાનું નામ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લઈ પથારી ભેગા થયા. પણ માથે ઓઢતા પહેલાં ગિધુભાઈ જગુભાઈને કહેતા હતા કે "કાં જગુભાઈ! દહીંવાળો બાપો.... એમ કહી નંદાણીભાઈના પલંગ તરફ નજર નાખી તો એતો પડયા ભેગાજ માથે ઓઢી ગયા હતા અને મેં પાણી પી દીવાનખાનાની બતીની ચાંપ હે બાપા! હે જલિયાણ! કહી બુઝાવી નાખી પણ પથારીમાં પડયા પહેલાં ફરીને બંગલાના બારણા અને બારીઓ બરાબર બંધ છે ને! એ જોવા ચાંપ કરી કારણ કે બહાર હવે વાયુદેવતા અને મેઘરાજા જાણે 'રમતે' ચડયા હતા અને બંગલાના ખાળીઆ... પાણી જવાના ધોરીઆ... વોટર પાઈપ.... કાંઈક વધુ પડતા અવાજો કરી અમને જાણે હાલરડા ગાતા હોય એમ એ નાના મોટા જુદા જુદા અવાજો કાઢવા લાગ્યા હતા એટલે આપણા રામે બારી આડેનો પડદો ખેંચી હે જલિયાણ બાપા! કહી બતી બુઝાવ્યા પહેલાં ભેરૂઓના પલંગ ઢાળી નજરૂ નાખી જોયું તો ભેરૂઓ બધા જાણે કોઈ અર્ધ નિંદ્રામાં કે કોઈ વિચાર તંદ્રામાં પડયા પડયા પડખાં ફેરવતાં હતા અને મેં બતી બુઝાવી હે બાપા! કહી પલંગમાં લંબાવી માથે ધાબળો અને શાલ ખેંચી.

જય જલારામ

Vedas and Puranas are not silent about the glory of this majestic Himalaya. Author of Adikavya, Maharshi Valmeeki writes in the fist sarga of Balkanda स्थैर्येण हिमवानिव and in Kishkindha Kanda he gives a good geographical description of the Himavan mountains and of Mount Kailas.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૮

વાચકો ! ચાલો કૈલાસ માનસરોવરના પંથે... બાગેશ્વર સુધી.

આલમોડા તા. ૧૭–૭–'૫૯

વાચકો ! આજે અમો ૧૨–૩૦ વાગ્યે ઉપડતી બસમાં બાગેશ્વર–કૌસાની જઈ રહ્યા છીએ. શાંતિભાઈને સર્વોદય કુટિર કહેવરાવી દીધું છે અને તેમણે "હું ખટારે ભેગો થઈશ અને તમો બાર વાગ્યા સુધીમાં ખટારે આવી જજો." એમ વળતા જવાબમાં કહેવડાવ્યું છે.

વાચકો ! વરસાદ તો રાતનો જે શરૂ થયો છે તે આખી રાત વરસ્યા છતાં હજુ બંધ થયો નથી અને સવારના આઠ વાગવા આવ્યા છતાં એ મક્કમતાથી વરસી રહ્યો છે અને ગિરધરભાઇ હવે દહીંવાળા બાપાના વેણ વારંવાર અમારા હૈયે અથડાવે છે અને હેતાળ ભાવે કહે છે કે, "હું નો'તો કે'તો દહીંવાળો બાપો ભગવદ્દી હતો એ શું કરવા ખોટું કહે.... જોયું ને ! આજ રાત સુધીમાં વરસાદ આવશે એ વાત તો બાજુએ રહી પરંતુ આતા ગઇ રાતનાજ ખાબકયો એમ કહી પલળતાં પહાડો તરફ દ્રષ્ટિ નાખી અમને એ માથાબોળ નહાતાં પહાડો તરફ જોવાનું કહે છે અને રાતના પલળી પલળીને કોઈ કોઇ ઢળી પડેલ ફુલ બગીચાની સૃષ્ટિ તરફ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોવાનું પણ કહે છે પરંતુ વરસતા વરસાદમાં દીવાનખાના-માંથી બહાર પોર્ચમાં જઈ જોવા કરતાં આંહીથી જ જોવાની વધુ મઝા આવે છે.

વાચકો ! આજે તો ભેરૂઓ પણ બજારે જઈ મોદીખાનું લેવા જવામાં... શાકબકાલું લેવા જવામાં... અને પ્રાયમસમાં ગ્યાસતેલ પુરાવવા જવામાં.... પણ આળસ કરી અંદરો-અંદર મીઠો 'ડખો' કરે છે અને એકબીજાને થાય છે કે જગુભાઈ જાય તો ઠીક.... જયંતિભાઈ જાય તો ઠીક... ગિરધરભાઇ જાય તો ઠીક.... એમ વાતોને વળગી રહી વરસાદ બંધ થવાની વાટ જુએ છે ત્યાં જબરો બચુ પ્રાયમસ લઇ ડીલે વરસાદી કોટ અને માથે છતરી ઓઢી પલળવાની બીક વગર બજારે પણ વયો ગયો પછી તો જગુભાઈને પણ મોદીખાનું લેવા જવાની હિંમત આવી અને જયંતિભાઈએ હાથમાં શાકની થેલી લઇ બજારે જતાં પહેલાં ગિરધરભાઈને સૌ સાંભળે એમ કહ્યું "ગિરધરભાઇ હવે તમારો દહીંવાળો બાપો સાચો ! હવે કૈલાસ જવાની વાત મુકો ! એના વેણ પ્રમાણે હવે ૨-૪ જણાથી કૈલાસ ન જવાય અને જયંતિભાઇ હજુ વધુ વાત કરે તે પહેલાં તો નંદાણીભાઈ બોલ્યા "હવે એ વાત મુકો.... વાતો કર્યે કાંઇ નહીં વળે...હમણાં નવ થાશે.... ક્યારે રસોઇ કરશો ! આપણે બારવાગ્યે ખટારે પુગવું છે" એમ કહી "લ્યો હું ધોબીને ત્યાંથી કપડાં લઇ આવું ત્યાં તમો શાકભાજી લાવી રસોઇ ચાલુ કરી દયો. આ આવ્યો..." એમ કહી એ પણ વરસાદી કોટ પહેરી છત્રી ઓઢીને ચાલ્યા ગયા અને જયંતિ-ભાઇ, ગિરધરભાઇ પણ બજારે ગયા અને મેં નિત્યકર્મ પતાવવાની તૈયારી કરી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! હિમાલયના વૃક્ષોથી શોભતા ગિરિકંદરાઓ ખીણો અને પહાડો આ વર્ષાઋતુમાં કોઈ અનેરી શોભા વાળા લાગે છે જાણે એક રાતમાં બધાએ વધુ લીલા લુગડાં પહેરી વેશ પલટો કરી લીધા છે અને પલળી ગએલા પહાડો માથાબોળ નાહી નાહીને ધોવાએલા બંગલા, મકાનો, વૃક્ષો, વેલાઓ, ફુલો જાણે અવનવા રૂપોવાળા લાગે છે એટલે એ સુંદર દ્રશ્યો જોતાં મન ધરાતું નથી એ પણ સાચું ! પણ એનાથી પેટ પણ ભરાતું નથી એ પણ સાચું ! એટલે ભૂખ્યા પેટને ઠારવા અમો બરાબર ૧૦॥ વાગ્યે પૂજ્ય બાપાને થાળ ધરી જમવા બેઠા અને સાડાઅગ્યાર વાગે પેટપુજા કરી બાંધવાચીંધવાનું પતાવી બાગેશ્વર લઇ જવાનો સામાન નોખો કાઢી મજુરોને આપવા લાગ્યા અને જલારામ બાપાની જે બોલી.... સદ્દગુરુ દેવકી જે.... કૈલાસપતિની જે બોલી... બંગલાને તાળુ મારી જ્યારે બસસ્ટેન્ડે પુગ્યા ત્યારે બારમાં હજુ પાંચ કમ હતી અને વરસાદ હવે આવતો નો'તો એટલે કે બહુ વરસતો નો'તો પરંતુ થોડા થોડા છાંટા પડતા હતા, એટલે અગાઉથી રીઝર્વેશન કરાવેલ હોવાથી મળેલા સીટ નંબર પ્રમાણે સીટો મેળવી અમો તો આનંદથી ખટારામાં બેસી ગયા છીએ અને સમય થતાં સુધીમાં તો બસ ભરાઈ જવાથી ટપાલના થેલા લઈ બસ ઉપડવાની તૈયારીમાં છે અને અમે સામાન લેવામાં કાંઈ ભૂલી તો નથી ગયા ને ? એટલે ફરીને સામાન ચેક કરવા લાગ્યા અને ભાતાના ડબાને.... મસાલેદાર માંડવીના દાણાના ડબાને.... પ્રાયમસને....તો જગુભાઈએ પોતાની પાસે રાખ્યા અને ખટારા ઉપર ચડાવેલ બિસ્તરા પેટીઓને ખટારા ઉપરજ રાખવા કહ્યું.

વાચકો ! અમારે મુસાફરીમાં તો એક રાતજ બાગેશ્વર રહેવાનું છે અને આવતી કાલે સાંજે તો આલમોડા પાછા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવતા રહેવાનું છે પરંતુ પેટ કરતાં ટેવ માનવીને વધુ લાચાર બનાવે છે એટલે કઇક ચીજો જરૂરી કે બીન જરૂરી સાથે રાખવી પડે છે એ મારો તો શું પરંતુ સૌ કોઈનો અનુભવ છે એટલે એનું કાંઇ પ્રમાણ હોતું નથી કે આટલી ચીજ હોય તોજ મુસાફરી થાય પરંતુ એ બધી વાતોનો આધાર ટેવો ઉપર છે અને ખિસ્સાની 'ગરમી' ઉપર પણ છે એટલે એવી વાતો છોડી ચાલો આપણે તો બાગેશ્વર–એટલે કે કૈલાસ માનસરોવરને પંથે....પ૬ માઇલ દૂર જઈએ પરંતુ ખટારો ઉપડતાં પહેલાં જે બોલીએ.

બોલ જલિયાણ મહારાજની જે....
બોલ સદ્‌ગુરુ દેવકી જે...
બોલ કૈલાસપતિ ભગવાનની જે....
બોલ ઉમાપતિ મહાદેવકી જે....

આલમોડાથી બાગેશ્વર પ૬ માઇલ દૂર છે અને બસનું ભાડું એક પેસેન્જર દીઠ રૂા ૩–૮૧ ન. પૈ. થાય છે.

બાગેશ્વર એ કૈલાસ માનસરોવરના પંથે આવેલું સુંદર મઝાનું શહેર તો ન કહેવાય પરંતુ કસ્બાનું ગામ છે. અને મોટર બસ આંહી સુધીજ જાય છે બાગેશ્વર જવા માટે એક બસ આલમોડાથી વહેલી સવારના અને બીજી બસ બપોરના ૧૨–૩૦ વાગ્યે ઉપડે છે.

ખટારો તો એમના નિયત સમયે ઉપડયો અને અમે ફરીને જોરથી જલારામ બાપાની જે બોલાવી... સદ્‌ગુરૂદેવની જે બોલાવી.... કૈલાસપતિ ભગવાનની જે બોલાવી... અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



સહયાત્રિકો વિચારે છે કે કૈલાસ યાત્રા ક્યારે થાશે!

ઉમાપતિ મહાદેવકી જે બોલાવી અને ખટારામાં બેઠેલા બીજા પેસેન્જરોએ પણ અમારી જે ને ઝીલી અને તેઓ પણ જે... જે.... બોલવા લાગ્યા.

વાચકો! આપણે સૌ આજે કૈલાસ માનસરોવરના પંથે આલમોડાથી બાગેશ્વર જઈ રહ્યા છીએ એટલે આપ પણ પુસ્તક વાંચતા વાંચતા જે બોલોને!

ચાલો વાચકો! આપ જે બોલ્યા કે ના બોલ્યા એ તો આપ જાણો પરંતુ અમો યાત્રિકો તો જે બોલ્યા.

હવે ચાલો આલમોડાથી બાગેશ્વર બસમાં મુસાફરી કરીએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આલમોડાથી બાગેશ્વર ૫૬ માઇલની મુસાફરીમાં સહેજે પાંચ છ કલાક તો થવાના અને આજની રાત તો આપણે બાગેશ્વર રોકાવાના છીએ. એટલે બીજા પરચુરણ સામાન સાથે ભાતાના ડબાને તથા પ્રાઇમસ તથા ચહાના સામાનને ભૂલ્યા વગર સાથે લઇને આપણે મુસાફરી કરી રહ્યા છીએ.

કૈલાસ માનસરોવરના પંથે ખટારાતો એની ઝડપે જઇ રહ્યા છે, ઉતારૂઓ ચડ ઉતર કરી રહ્યા છે અને અમો આ હિમાલયના પહાડો–નદીઓના દૃશ્યોને જોવા છતાં જાણે આંખોને ધરવ થાતો નથી એટલે આસપાસ બધે જોયા કરીએ છીએ અને આંહીની શીતળ–શાંતિ પ્રસન્નતા અને પાવનતા ગમે તેવા લહેરી અને વિલાસી માણસને પણ 'ઠેકાણાસર' લાવી દયે તેવી છે અને જાણે કુદરતે કોઇ પણ ઠેકાણે મોળાશ રહેવા દીધી નથી એટલે કુદરતની શોભા અમને ધરાઇને પીવા મળી રહી છે અને ખટારો પહાડોમાં જાય છે ભાગ્યો તેમાં ૨૪ માઇલે–સોમેશ્વર નામનું ગામ આવ્યું અને આંહી ખટારો વધુવાર રોકાવાનો હોવાથી અમોએ બપોરના ચહાપાણીનું પતાવ્યું અને શાંતિભાઇ અમોને ભગવાન સોમેશ્વર મહાદેવના દર્શન માટે લઇ ગયા.

વાચકો! શાંતિભાઇ તો અહીંના માનીતા અને જાણીતા એટલે સામા મળતા માનવીઓ શ્રી શાંતિભાઇને જોઇ જયહિંદ ....કહે અને શાંતિભાઈ 'कयो मझेमे' કહી મમતા બતાવે. એવા અહીંના જાણીતા શાંતિભાઇ અમોને જાહેર રસ્તાને બદલે ટુંકા ગલીગૂંચીવાળા રસ્તે થઇને ભગવાન સોમેશ્વરના મંદિરે લઇ ગયા અને અમો સોમેશ્વર મહાદેવને પગે લાગ્યા અને પૂજારીજી પાસેથી આ સ્થાન વિષે કાંઇક જાણવા જેવું હોય તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે જાણવા કોશીષ કરી પરંતુ 'अज्ञानं परम सुखम्' ના સુત્રને જાણે વળગીને પૂજારીજી તો ફક્ત મહાદેવજીને પૂજા કરવા પુરતુજ જાણે છે એવું લાગવાથી વધુ પુછગાછ કરવાનું માંડીવાળી અમો કૈલાસપતિને પ્રણામ કરી ખટારા ભેગા થયા.

વાચકો ! સોમેશ્વરથી આઠ માઈલે કૌસાની નામનું સ્થળ આવ્યું—અને આવતી કાલે આપણે બાગેશ્વરથી વળતાં આંહી ૨–૩ કલાક રોકાઇ સ્વામી આનંદને મળવાનું અને ગાંધીજીએ જે સ્થળે રહી 'अनासक्त योग' નામનું પુસ્તક લખેલ છે તે રેસ્ટ હાઉસ વિગેરે જોવાનું છે એટલે કૌસાની સબંધે તો કાલે વાતો કરશું પરંતુ આજનો લહાવો લઇએ...

કૌસાનીથી ૧૦ માઈલે ગરુડ નામનું ગરવું ગામ આવ્યું

વાચકો ! ગરુડથી પરબારો શ્રી બદરીનાથ જવાનો રસ્તો છે. ગરુડથી નંદપ્રયાગ ૪૫ માઇલ— અને નંદપ્રયાગથી બદરીનાથ ૫૫ માઈલ થાય છે. એટલે આ બાજુના રહેવાશીઓને બદરીનાથ જવા માટે દિલ્હી—હરદ્વાર....ઋષિકેશ કે—દેવપ્રયાગ જવું પડતું નથી પરંતુ તેઓ સીધા ગરુડથી નંદપ્રયાગ થઇ બદરીનાથ જાય છે.

ખટારા તો આંહી જેવો ઉભો રહ્યો એ ભેગાજ પહાડી વેપારીઓમાંથી કોઈ એક છાબડામાં સફરજન તો કોઇ એક છાબડામાં પીચ કે લીલા અંજીર લઇ હડી કાઢી લીજીए.... लीजीए.... आठ आने में.... चार आने में.... કહેવા લાગ્યા પરંતુ નજર પૂગતા જયંતિભાઇ અને જગુભાઇ કોઇ વાતમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જલદી છેતરાઈ જાય એવા નો'તા એટલે તેઓ તો ખટારામાંથી હેઠા ઉતરી આજુબાજુની દુકાનોમાંથી એક દુકાને જોયેલા સારા દેખાવડા મીઠા સફરજનના ટોપલા પાસે જઈ સફરજન ચાખીને ઝાઝા બધા લઈ આવ્યા અને થોડા પૈસામાં આટલા ઝાઝા સફરજન મળતા જોઈ હરખમાંને હરખમાં નંદાણીભાઈ સફરજનને સુધાર્યા વગર–ખાવાજ લાગ્યા અને આ જોઈ જગુભાઈ હસી પડયા પરંતુ જ્યાં હાસ્ય વિનોદ વધુ જામે ત્યાં તો વૈજનાથ નામનું પુરાણોમાં પ્રસિદ્ધ પામેલુ એવું ઈતિહાસીક સ્થળ આવ્યું કારણ ગરૂડ અને વૈજનાથ વચ્ચે નહિવત્ અંતર છે એટલે કે એકજ માઈલનું છેટું છે તેમાં નંદાણીભાઈ હવે વધુ સફરજન સુધારીને ખાઈ ત્યાં તો–શાંતિભાઈને ડ્રાઈવરે કીધું તે અમે સાંભળ્યું કે "माइजी ! देरी नहि करना" એટલે શાંતિભાઈએ અમને તાકીદ કરીને હાલો જલદી જલદી વૈજનાથ ભગવાનના દર્શન કરી આવીએ. એમ કહ્યું અને અમો દર્શને ઉપડયા.

વૈજનાથ

ચાલો વાચકો ! આપણે ભગવાન વૈજનાથના દર્શન કરીએ કારણ આ સ્થળનો ઉલ્લેખ પુરાણોમાં છે. શાસ્ત્રોમાં છે ધર્મગ્રંથોમાં છે.

ગોમતી નદીના ડાબે કાંઠે વૈજનાથના મંદિરો આવેલા છે. નવમાં કે દશમાં સૈકામાં કતયુર નામના કોઈ રાજા આંહી આવેલા અને તેઓ આંહી સ્થિર થયા, કહેવાય છે કે કતયુર એ કાઠીઆવાડનો અપભ્રંશ શબ્દ છે અને–અલાઉદ્દીન ખીલજીના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમયમાં અમુક રાજપુત રાજાઓએ ધર્મની ખાતર દેશવટો લીધેલો તેમાં કાઠિયાવાડમાંથી અમુક રાજાઓ આ તરફ આવેલા અને આંહી વસેલા એમ કહેવાય છે.

વાચકો એ તો જે હોય તે ઈતિહાસના પાને લખેલું છે એટલે તેનું વધુ સ્પષ્ટીકરણ આંહી કરવું અસ્થાને છે. પરંતુ આ અણુ યુગમાં એ તલવાર ધારી–બંદુકધારી જવામર્દ વીરક્ષત્રિયોની કુરબાનીની વાતો આજે પણ ઈતિહાસને પાને અમર થઈને પડી છે.

ચાલો ! આપણે તો આ વૈજનાથના પુરાણા મંદિરો જોઈએ.



વૈજનાથના પુરાતન મંદિરો

વૈજનાથ મંદિરની આજુબાજુ ઘણા ,મંદિરો છે પરંતુ તે બધા ખંડેર દશામાં છે. છતાં પણ એ ખંડેરોના પથ્થરો જોઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થાય છે કે આ પથ્થરોમાં પ્રાણ પૂરનારા કોઇ ઓછા શકિત-વાળા કે અધુરા સાધન સંપન્નવાળા તો નહિજ હોય.

અમોએ વૈજનાથ ભગવાન એટલે લિંગ સ્વરૂપે બિરાજતા ભોળાનાથને પ્રણામ કર્યા અને મંદિરમાં રાખેલ અનેક મૂર્તિઓને જોઇ આશ્ચર્ય પામ્યા કારણ આ મૂર્તિઓ ખરેખર કલામય હતી તેમાં માતા પાર્વતીજીની મૂર્તિ લગભગ ત્રણથી ચાર ફૂટ ઉંચાઈની એટલી ભાવવાહી સૌંદર્યમય અને કલાત્મક હતી કે આ મૂર્તિને જોઇ અમોએ ગદ્ગદ્ ભાવે માતા પાર્વતીજીને પ્રણામ કર્યા અને શાંતિભાઈએ સમજણ આપી કે આ મૂર્તિને જોઈ શ્રી કનૈયાલાલ મુન્શી જ્યારે આંહી આવેલા ત્યારે આ મૂર્તિને જોઇ એટલા મંત્ર મુગ્ધ થઇ ગયેલા કે તેમણે આ મૂર્તિના ઇતિહાસ માટે સંશોધન ખાતાને ખાસ લખ્યું અને પોતે ફોટા લીધા કારણ શ્રી મુન્શીજી તે વખતે તો ઉત્તર પ્રદેશના ગર્વનર હતા.



માતા પાર્વતીજી

વાચકો! મૂર્તિ એટલી પ્રમાસર અને કલામય છે કે સહેજે એ મૂર્તિ તરફ આપણું ધ્યાન ખેંચાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમો તો ઝટ.... ઝટ.... દર્શન કરી આજુબાજુના મંદિરોના ખંડેરો જોતાં જોતાં રવાના થયા અને જતાં જતાં ગોમતી નદીમાંથી જલ લઇ આચમન કર્યું અને ખટારે પુગ્યા.

સમય તો લગભગ પાંચનો થવા આવ્યો છે અને હવે તો વરસાદ પણ શરૂ થયો છે. ખટારો તો જાય છે ભાગ્યો અને વરસાદ તો વધતો જાય છે તેમાં ચાર પાંચ માઇલ ગયા હઇશું ત્યાં તો એક પહાડ વચમાં પડી ગયેલો એટલે વગર કીધે ખટારા ઉભા રહ્યા.

પહાડ તાજાજ વરસાદને અંગે ઉપરથી ફસકી પડેલો એટલે ઉપરવાસના ગામડામાંથી મજુરોને બોલાવી રસ્તો તુરત સાફ કરાવ્યો અને ખટારા પાછા ચાલુ થયા.

વાચકો! હિમાલયમાં ચોમાસાની અંદર જો પહાડ પડે.... વૃક્ષો પડે... તો રસ્તા બંધ થઇ જાય છે પરંતુ આવી જોખમી જગ્યાઓ.... કાચા પહાડો... પબ્લીક વર્કસ ડીપાર્ટ-મેન્ટના ધ્યાનમાં હોવાથી તેઓ અવારનવાર તપાસ રાખ્યા કરે છે અને ઓછામાં ઓછા સમયમાં પાછો ટ્રાફીક શરૂ થાય એવી રીતનો બંદોબસ્ત કરે છે છતાં કયારેક આ પહાડમાં કલાકોના કલાકો કે દિવસોના દિવસો રસ્તાઓ બંધ રહે છે.

ભગવાન સૂર્યનારાયણ આજના દિવસે પોતાની છેલ્લી વિદાય લ્યે તે પહેલાં અમો બાગેશ્વર પહોંચી ગયા અને જલારામ બાપાની જે... સદ્ગુરુ દેવની જે... કૈલાસપતિની જે... અને બાગેશ્વર મહાદેવકી જે બોલી ખટારામાંથી હેઠા ઉતર્યા અને શાંતિભાઈની સાથે ચાલ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાગેશ્વર.

બાગેશ્વરમાં કયાં ઉતરવું એ ચિંતા અમારે કરવાની નો'તી કારણ શાંતિભાઇ ઉતારાપાણીનો બંદોબસ્ત કરી શકે એવા શકિતમાન છે એટલે અમો જેવા ખટારામાંથી હેઠા ઉતર્યા તે ભેગાજ પોતાએ એકાદ ઓળખીતાને બોલાવી પુછગાછ કરી એક મેડી ઉપર અમારા બધાના ઉતારાનો બંદોબસ્ત કરવા માટે એક યુવાનને દોડાવ્યો.

વાચકો! બાગેશ્વર એ સરયુ અને ગોમતીના સંગમ સ્થળ ઉપર બંને કાંઠે વસેલું છે. બાગેશ્વરમાં સારી એવી મોટી બજાર છે. મેડીબંધ મઝાના મકાનો છે અને લગભગ દરેક ચીજ વસ્તુઓ મળે છે.

બાગેશ્વરમાં બાગનાથ મહાદેવનું.... ગુરુ દતાત્રયનું.... ભૈરવનાથનું અને ગંગાજીના મંદિરો છે અને સરયુ નદીના વચમાં પૂલ પાસે એક વિશાળ શિલા છે જે માર્કણ્ડેય શિલા કહેવાય અને કહેવાય છે કે માર્કણ્ડેય ઋષિએ આંહી તપ કરેલું અને દુર્ગા સપ્તૃશતી લખેલી અને ભગવાન ભોળાનાથ હિમાલયની પુત્રી પાર્વતીજીને પરણેલા એની સ્મૃતિમાં બાગેશ્વરમાં મકરસંક્રાંતિનો મોટો મેળો ભરાય છે. તે વખતે મેળામાં ભોટીઆ લોકો હજારો રૂપિયાની કિંમતનો તિબેટી માલ વેંચી જાય છે.

આતો બધા તિબેટી સરહદ નજીકના ગામો છે એટલે સરકારી કચેરીઓ... પોલીસ થાણું.... વિગેરે જાપ્તો પણ આપણી નજરે પડયા વગર રહે નહિ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! સંધ્યા સમય થવા આવ્યો છે હવે તો મંદિરોએ દર્શન કરવા જવાની આપણે તૈયારી કરીએ છીએ પરંતુ તે પહેલા એક અણધાર્યો અકસ્માત બની ગયો પરંતુ શ્રી જલારામ બાપાની દયાથી જગુભાઇ બચી ગયા નહિતર એ સરયુના નીરમાં સમાધિ લેત.

વાત એમ બની ગઇ કે અમારો ઉતારો સરયૂ નદીના કાંઠા ઉપરની એક મેડીમાં રાખવામાં આવેલો પરંતુ મેડીની ચાવી લેવા જે ભાઇને શાંતિભાઇએ મોકલેલા તે ભાઇ હજુ ચાવી લઇને આવ્યા નો'તા એટલે અમો સરયૂના કાંઠે ઉભા ઉભા બાગેશ્વરની શોભા સાથે સરયૂના નીરને નીરખી અયોધ્યા અને શ્રી રામપ્રભુનું સ્મરણ કરતા હતા અને સરયૂ ગોમતીના સંગમમાં સ્નાન તો આવતી કાલે સવારે કરશું એમ માની આ સંધ્યા સમયે તો ફકત સરયૂના નીરનું આચમન કરવું વ્યાજબી લાગવાથી હું સડક ઉપરથી નીચે ઉતરી સરયૂના કાંઠે ગયો અને કાંઠે ઉભા રહી વંદના કરી નદીમાંથી જલ લઇ જલનું આચમન કર્યું અને જગુભાઇએ પણ આચમન લઇ વંદના કરી પણ પોતે જરા વધુ આગળ જઇ પાણીમાં પગ બોળ્યા પરંતુ જેવા પગ બોળ્યા એ ભેગા એ તો લપસ્યા અને પડયા જળમાં પરંતુ તે તણાય તે પહેલાં પાસે ઉભેલા બચુએ જો સમયસુચકતા વાપરી જગુભાઇનો હાથ ઝાલી બહાર કાઢયા નો હોત તો....!

ચાલો બાપાની દયાથી જગુભાઇ બચી ગયા પરંતુ એ સ્થુલ કાયા ધ્રુજી ઉઠી...એ કાયા ઉપરના કપડાએ પણ સરયૂ સ્નાન કર્યું અરે ! કપડાએ તો સ્નાન કર્યું પરંતુ સાથોસાથ સરકારી દૈવતવાળા કાગળોએ (નોટોએ) પણ સ્નાન કર્યું એટલે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ 'લચપચતા' કાગળીઆને બહાર કાઢી નાખ્યા અને કપડાં બદલાવ્યા.

આ અકસ્માત દરમ્યાન મકાનની ચાવી આવી ગયેલી એટલે અમો તો પરબારા ઉતારે ગયા....જગુભાઈની ધ્રુજારી કાંઈક ધીમી પડી અને અમારા શ્વાસ પણ કાંઈક હેઠા બેઠા પરંતુ જગુભાઈના છોલાઈ ગયેલા ગોઠણ હજુ બળતા હોય એમ લાગ્યું કારણ કે એ ગોઠણ ઉપર છાનામૂના હાથ ફેરવી રહ્યા હતા.

અમોએ સંધ્યા આરતી કરી અને પછી મંદિરોએ દર્શન કરવા ગયા.



બાગેશ્વર મહાદેવનું મંદિર.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાગેશ્વર મહાદેવનું મંદિર બહુ પુરાતની છે. મંદિરને ફરતો રૂડો મઝાનો ચોક છે—અને પાસેજ ગુરુ દત્તાત્રયનું મંદિર છે.

દેવદર્શન કરી બજારે થઇ જ્યાં ગાંધીજીએ આજથી ૨૦–૨૫ વરસ પહેલા સભા ભરેલી તે સ્થળે આજે સ્વરાજ્ય મંદિર બનાવવા માટેની યોજના એ બધા સ્થળો જોવા માટે શ્રી શાંતિભાઇ અમોને લઈ ગયા.

અમો, એ બધા સ્થળો જોઇ ઉતારે આવ્યા ત્યારે ઘડિયાળમાં નવનો સમય થયો હતો.

ઉતારે આવી ચહા બનાવ્યો અને ભાતાના ડબા ખોલી નાસ્તો કર્યો પરંતુ નાસ્તો કરતાં કરતાં જગુભાઈ સામે જોયું તો એ નાસ્તો જરૂર કરતા હતા પરંતુ જાણે મનોમંથનની વેદના મોઢા ઉપર છૂપાતી નો'તી અને જાણે એ વેદના કહેતી હતી કે—

"હું તણાઇ ગયો હોત તો !"

અને અમને થાતું હતું કે—

"જગુભાઇ તણાઇ ગયા હોત તો !"

આ સવાલનો સનાતન જવાબ એકજ છે કે જ્યાં શરીર પડવાનું હોય ત્યાં પડ્યા વગર રહેજ નહિ. અને નો પડવાનું હોય તો બચુ હાથ ઝાલી લ્યે બાકી જીવન મરણ એ તો પ્રભુના હાથમાં છે.

રાતના તો બાપાનું નામ લઇ સુઇ ગયા અને સવારના સંગમમાં સ્નાન કરી દેવદર્શન કરી ખટારે આવ્યા અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સવારના સાતના ખટારામાં રવાના થઈ પાછા અલમોડા આવવા રવાના થયા પરંતુ ટિકિટ કૌસાનીની લીધી અને કૌસાની ત્રણ ચાર કલાક રોકાઈ પાછા ત્યાંથી ઉપડતા ખટારામાં ટિકિટ રીઝવર્ડ કરાવી અમોએ અહીંથી આગળ જતાં કૈલાસ માનસરોવરના પંથ... તરફ દૃષ્ટિ કરી મનોમન પ્રણામ કરી બાગેશ્વર મહાદેવની જે બોલ્યા કૈલાસપતિની જે બોલ્યા અને ખટારામાં બેસી જલારામ બાપાની જે બોલ્યા.... સદ્ગુરુદેવની જે બોલ્યા... અને મનમાં થાવા લાગ્યું કે બબે વરસ થયા કૈલાસ દર્શનની ઝંખના છતાં સામેજ દેખાતા કૈલાસ રસ્તે આગળ વધવાને બદલે અમો પાછા વળીએ છીએ પણ એનું દુઃખ રદીઆમાં સંઘરી જેમ ખાનગી દુઃખ જાહેરમાં રડાય નહિ એમ અમો ફક્ત રડયા વગર છાનાસુના ખટારામાં બેઠા અને ખટારો બરાબર સાતે ઉપડયો તે લગભગ ૧૦–૧૦ાા વાગ્યે કૌસાની પહોંચી ગયો અને કૌસાની ઉતરી સ્વામી આનંદને મળવા જવા લાગ્યા પરંતુ જતાં પહેલાં ખટારા સ્ટેન્ડ પાસેની સર્વોદય હોટલે જઈ શાંતિભાઈએ છ માણસ માટેની ખીચડી રાંધવાનો ઓર્ડર આપ્યો અને લગભગ બારેક વાગ્યે આવશું એમ કહી અમો સ્વામી આનંદને મળવા ખટારા સ્ટેન્ડથી દુર દુર આવેલી ટેકરીઓ તરફ જવા લાગ્યા.

—o—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુરુજીએ કમંડળુ મંગાવ્યું અને જમીન ઉપર જળની ધારા કરી કે તુરત જ આગ તેજ સ્થળે ઓલવાઈ ગઇ.

મહાત્મા રણછોડદાસજી મહારાજનું જીવન ચમત્કૃતીઓથી ભરેલું છે. તેઓશ્રી આવા ચમત્કારને ગુપ્ત રાખે છે. તો પણ થોડા વર્ષ પહેલાંજ બનેલ એક પ્રસંગ મને સ્મૃતિમાં તાજો થતાં, લખવાની પ્રબળ ઇચ્છા થઈ આવે છે, તેથી તે જણાવું છું. આવા અનેક પ્રસંગો બનેલા સાંભળ્યા છે.

ઉજ્જૈનમાં રહેતા એક કરોડાધિપતિ શેઠે મહાત્મા શ્રી રણછોડદાસજી મહારાજની પધરામણી કરી હતી. શેઠ તેઓશ્રીને એરોપ્લેનમાં પોતાને ત્યાં લઇ ગયા હતા. સાંજે પહોંચ્યા કે તુરત શેઠશ્રી તેઓશ્રી પાસે આવ્યા અને જણાવ્યું કે :

"મહારાજશ્રી ! આગ લાગી છે અને તે મારી દુકાનની તદ્દન નજીકમાં આવી ગઈ છે. તેનું સ્વરૂપ ભયંકર છે.

શેઠની વાત સાંભળી મહારાજશ્રીએ પોતાનું કમંડલું મંગાવ્યું અને જમીન ઉપર જલની ધારા કરી કે તુરત જ આગ તેજ સ્થળે ઓલવાઈ ગઈ.

માણસો (ઓલાવનાર) બહુ આશ્ચર્ય પામ્યા કે :

આમ એકાએક કેવી રીતે થયું ?

આવા બનાવથી નાસ્તિક પણ આસ્તિક બની જાય છે.

દંડી સ્વામીજી શ્રી સદાનંદતીર્થ
(આનંદાશ્રમ, બીલખા.)

બોલ સદ્દગુરુ દેવકી જે....
બોલ જલારામ બાપાની જે....

૨૦-૧૨-૫૬

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હસ્ત લિખિત ગ્રંથમાંથી ઉતારો.

શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક વંદનીય પૂજ્ય શ્રી સહજાનંદ સ્વામીએ સોંપેલ જુનાગઢ ગાદીના મહંત સાધુ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પૂજ્ય જલાબાપાને કહે છે....

"તમારો આવો વિનય અને ભકિત જોઇ....

સ્વામીનારાયણ સંપ્રદાયના વડતાલ ગાદીના પ્રથમ આચાર્ય ધુરંધર શ્રી રઘુવીરજી મહારાજ સં. ૧૯૧૮ માં જુનાગઢ મુળઅક્ષર સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો ચતુર્માસમાં સમાગમ કરીને વિદાય લીધી ત્યારે સંતમંડળ સાથે સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી તેઓશ્રીને ગામ ભીચરી (રાજકોટ પાસે) સુધી વળાવવા આવ્યા હતા અને પાછા વળતાં રાજકોટ, ગુંદાસરા, ગોંડલ, વીરપુર, જેતપુર અને વડાલ થઇ જુનાગઢ આવ્યા. આ વિચરણ દરમિયાન વીરપુરના પાદરમાં વિસામો લેવા રોકાયા હતા. પૂજ્ય ભકતરાજ જલારામને આ ખબર મળતાં તેઓશ્રી સ્વામી પાસે આવ્યા અને પોતાની જગ્યામાં આરામ લેવા સ્વામીશ્રીને પ્રાર્થના કરી. સ્વામીએ કહ્યું કે, 'અમારાથી સ્ત્રીઓ હોય ત્યાં અવાય નહિ.' તેથી ભકત શ્રી જલારામે કહ્યું કે, 'તેમને બીજે મોકલી, જગ્યા સાફ કરી આપને ખબર આપું છું. તો આપ જરૂર પધારશો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એવો તેમનો અતિ આગ્રહ અને સદ્‌ભાવ જોઈને સ્વામીશ્રી સંતમંડળ સહિત ત્યાં પધાર્યા અને તેમના આગ્રહથી રસોઈ કરી જમ્યા અને બહુ પ્રસન્ન થયા. ચાલતી વખતે તેઓ બોલ્યા જે "તમારો આવો વિનય અને ભકિત જોઈને અમે રાજી થયા છીએ. અને તમારી અને તમારી જગ્યાની સ્થિતિ અને કીર્તિ દિન પ્રતિદિન વધતી જશે એવો અમારો આશીર્વાદ છે.

આ પ્રસંગ પછી પણ સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી સંત મંડળ સાથે એક બે વખત તેમના આગ્રહથી વીરપુર જગ્યામાં પધારેલા.

(મેવાસાવાળા કૃષ્ણજી મહારાજના હસ્તલિખિત ગ્રંથમાંથી ડૉ. નટવરલાલ મનજીભાઇ ટાંકે મેળવેલ હકીકત.)

આ ગ્રંથ કૃષ્ણજી મહારાજના પુત્ર વૈજનાથભાઈના પુત્ર બદરીનાથભાઇ પાસે હાલ મોજુદ છે.

જય જલારામ.

તા. ૯-૯-'૫૭

સદ્‌ગુરુ શ્રી રણછોડદાસ મહારાજ

સબંધે દંડી સ્વામીજી શ્રી પ્રણવતીર્થજી લખે છે કે :

'આ મહાત્માશ્રીની સાથે હાલનો ૨૫ વર્ષની ઉંમરનો યુવાન પણ એ માઇલ સાથે ચાલે તો હાંફી જાય, તેવી તેઓશ્રીની વર્તમાનમાં ચાલ છે, એવો મને જાત અનુભવ થયો છે. જનસમુહમાં શુદ્ધ હિંદી ભાષામાંજ વાતચીત કરે છે, છતાં દક્ષિણી ભાષા (મરાઠી) બંગાળી ભાષા....ઉર્દુભાષા...ગુજરાતી ભાષા... ઉપરાંત સંસ્કૃત ગીર્વાણ ભાષા તો કેમ જાણે પોતાની માતૃભાષા હોય એવો તે ભાષાઓ ઉપર કાબુ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચો :

બદરિકાશ્રમ

[નવીન પુસ્તક]



શ્રી બદરીનાથની યાત્રા, મે જુન કે સપ્ટેમ્બર–અકટોબર માસમાં કરવાથી કઇ ઋતુ વધુ અનુકુળતાવાળી ગણાય ? તે આપ બીજા અનેક અનેરા નવીન પ્રસંગો સાથે વાંચશો.

૮૮૫ પાના. ૧૩૫ ફોટા. પાકું પુઠું ત્રિરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧–૮૭

લેખક : સૌભાગ્યચંદ્ર મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૯

કૌસાની

૧. પૂજ્ય ગાંધીજીએ 'અનાસકત યોગ' આંહી રહીને લખ્યો છે.

૨. સ્વામી આનંદ કહે છે....

'મુંબઈમાં મને એક બાવાજી ભેટી ગયા અને મને કહ્યું છોકરા! તારે ભગવાનના દર્શન કરવા છે!'

કૌસાની દરિયાઈ સપાટીથી ૬૦૬૦ ફુટ ઉંચાઇએ આવેલ છે. આજુબાજુ અનેક ટેકરીઓ અને વચમાં ચારે તરફ સુંદર મઝાની ખીણો અને આ ખીણોમાં થતાં ચોખાના વાવેતરો. એટલી લીલીછમ આ ધરતી છે કે આ રૂપાળી ખીણો....

Our Bapu (Mahatma Gandhiji) came to this Kumaou region and stayed months together at Kausani, District Almora in the year 1928 and wrote :-

"Where is the need for our people to go Europe in search of healthy resorts when Kumaon Hills are existing."

Such is fhe glory of the Kurmachala

Swami Vidyananda Saraswati
NAINITAL.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રૂપાળી વન છાયાઓ.... એવી તો સુંદર સૃષ્ટિ ચારે તરફ ફેલાયેલી છે કે માણસ એ સૃષ્ટિને જોતાં જ કાં અવિનાશીની અપાર લીલાનો ભકત બની જાય અને કાંતો ગોવિંદના અપાર લીલાના ગુણગાન કરવા પ્રેરાય અને કાં એને જ્ઞાન થાય.

વાચકો! શ્રી જલારામ બાપાની દયાથી હું અમરનાથ યાત્રા માટે સને ૧૯૫૬ માં કાશ્મીર ગએલો ત્યારે સ્વર્ગ સાથે સરખામણી થતાં એવા કાશ્મીરના દ્રશ્યો જોએલા.

કાશ્મીર ખરેખર કુદરતી સૌંદર્યથી ભરપુર છે પરંતુ એની સરખામણીમાં તો શું પરંતુ એનાથી ચડીઆતી આ કૌસાનીની ખીણ ભૂમિ મને લાગે છે. વાતાવરણ એટલું શાંત પ્રસન્ન અને ખુશનુમા છે કે ઘડીભર નાસ્તિક મનુષ્યની 'ખોપરી' પણ ઠેકાણે લાવી દયે અને તે નાસ્તિક પણ વિશ્વેશ્વરની આ વિપુલ વિવિધતા જોઈ એની લીલાના ગુણગાન ગાવા લાગે એવા કાવ્યમય વાતાવરણ વચ્ચે અમો ઠીક સમય સુધી ચાલી ડાક બંગલે આવ્યા અને શાંતિભાઈએ કહ્યું કે "આ ડાક બંગલાની પરશાળમાં રોજ સવારે નિયમિત બાપુજી અનાસકત યોગ લખતાં અને આ લખતી વખતે એમને આ ખીણની શોભા જોઇ કહેલું કે– "ભારતમાં આવા સૌંદર્યધામ હોવા છતાં હિંદીઓ શા માટે સ્વીટ્ઝરલેન્ડ જતાં હશે!" મેં પુછ્યું "શાંતિભાઇ તમો બાપુ સાથે આંહી આવેલા? અને શાંતિભાઈએ હર્ષના આવેશથી કહ્યું "બાપુને આંહી લાવવાનો મેંજ પ્રોગ્રામ ગોઠવ્યો હતો." પૂજ્ય ગાંધીજીના પદરજથી પવિત્ર થએલ ભૂમિને નિહાળતાં નિહાળતાં અને રાજઘાટ ઉપર પોઢેલા સંતના સંભારણા સંભારતાં સંભારતાં અમો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને આગળ જવા લાગ્યા લગભગ ચાર પાંચ ફર્લાંગ ગયા હઈશું ત્યાં સ્વામી આનંદને રહેવાનું સ્થળ આવ્યું.

સ્વામી આનંદ

સ્વામી આનંદ અને શાંતિભાઇને વરસો જુનો પરિચય એટલે એક બીજાને મળી વિશેષ રાજી થયા. અમો પણ સ્વામી આનંદને મળ્યા અને શાંતિભાઇએ અમારો પરિચય આપી કહ્યું કે– "આ ભાઈઓ કૈલાસ યાત્રાએ જવાના હતા પરંતુ ગયા નહિ ?" અને જવાબમાં સ્વામી આનંદે સમય ગુમાવ્યા વગર કહ્યું કે– "સારૂં કર્યું આ સાલ ન ગયા તે ! કારણ કાલના જ Times of Indiaમાં આંહીથી ગએલા યાત્રાળુઓને તિબેટની હદમાં ચાઇનીઝ સરકાર તરફથી હેરાનગતિ થયાની હકીકત આવી છે માટે ભગવાન કરે તે ભલા માટે" એમ કહી મારા સામું જોઈ જાણે કોઇ જુનો પરિચય તાજો કરતા હોય એવું લાગ્યું એટલે મેં કહ્યું કે– "લગભગ ત્રીસ વરસ પહેલાં આપ વીરપુર આવેલા ત્યારે આપણે મળેલા."

વીરપુરની યાદી આપતાં તે તરતજ બોલ્યા "સાચું ! સાચું ! હવે યાદ આવ્યું તમારી પાઘડી જોઈ મને ક્યાંક મલ્યાનું સ્મરણ તો થાતું હતું પણ હૈયે નામ ઠામ આવતું નો'તું, હવે યાદ આવ્યું... સાબરમતી આશ્રમ માટે સારા ધણખુંટ લેવા માટે હું અને નરહરિભાઇ પારેખ આવેલા... તમો વીરપુરમાં પ્રાઇવેટ સેક્રેટરી હતા. સાચું ! સાચું ! આપણે મળેલા" અને મેં હસતા હસતા કહ્યું આપ તે વખતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જમવામાં ગાયનું જ ઘી જમતા. કેમ ખરૂંને ! ” અને ઘીની વાત સાંભળી પોતે હસી પડયા અને બોલ્યા “ભાઈ હવે તો દુધ ઉપરજ રહું છું, ખોરાક કાંઇ લેતો નથી બાકી એ વખતે ગાયનું ઘી લેતો એ સાચું” એમ કહી બોલ્યા, “ભાઇ ! તમે ભારે યાદ રાખ્યું છે હો !”

વાચકો ! સ્વામી આનંદની ઉંમર લગભગ ૭૦–૭૨ વર્ષની હોવી જોઇએ છતાં એમની શારીરિક સંપત્તિ કોઇ સાંચવી રાખેલા અનામત ખજાના જેવી છે અને દુધ ઉપરજ રહેતા હોવાથી સાત્વિકતા સાથે આંખની ચમક જોવા લાયક હતી અને વાત કરતાં કરતાં કયારેક બાળ સુલભ એવી રીતે હસતા હતા કે એ પ્રસન્ન હાસ્યથી પ્રગટ થતાં દાંત (ચોગઠું) સાથેનો એ ચહેરો શાંત પ્રસન્ન અને પ્રભાવશાળી દેખાતો હતો. સ્વામી આનંદ સાથેનો મારો પરિચય–દાયકાઓ પહેલાનો નીકળ્યો અને અત્યારે વાતનો દોર મારા હાથમાં હતો એટલે મેં તો સ્વામીને એના અંગત જીવન સબંધે પૂછી નાખ્યું કે જ્ઞાતે કેવા છો ! કુટુંબ કયાં છે ! અને આ હિમાલયની ગોદમાં કયારથી પથારી કરીને પડયા છો ! અને આ પહાડ સાથેની પ્રીતડિયું કેમ બંધાણી ! મેં તો થોડા ટાઇમમાં ઝાઝું બધું પૂછયું અને સ્વામીએ પણ ઉમંગથી કહ્યું કે “ભાઇ આ હિમાલયમાં તો લગભગ ૪૦–૫૦ વરસ થયાં રહું છું અવારનવાર મેદાનમાં આવું છું ખરો પરંતુ આ હિમાલય વગર હવે તો મને ગમતુંજ નથી” એમ કહી વાત કરી કે–

“મુંબઇમાં રહેતો જ્ઞાતે ભાટીઆ અને ભણવામાં નબળો એટલે સ્કુલ ટાઇમમાં માધવબાગ વચ્ચે જાઉં એમાં એક વખત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માધવબાગમાં એક બાવાજી ભેટી ગયા અને મને કહ્યું "છોકરા ! તારે ભગવાનના દર્શન કરવા છે ?" અને મેં કહ્યું "જરૂર દર્શન કરવા છે" એમ કહી મે પૂછ્યું "તમો ભગવાનના દર્શન કરાવો છો બાવાજી !" અને બાવાજી બોલ્યા "અરે છોકરા ! મેં તો ઘણાયને ભગવાનના દર્શન કરાવ્યા છે, મારી પાસે એક દુરબીન છે એ દુરબીનમાંથી ભગવાનના દર્શન થાય છે પરંતુ આ દુરબીનમાં એવી કરામત છે કે જો કોઇ ખોટો હોય તો એને દર્શન નો થાય એમ કહી મને દુરબીન દેખાડ્યું અને મે દુરબીન જોઈ ભગવાનના દર્શન કરાવવા માટે વિનંતી કરી" અને એમણે પણ દુરબીન આપી કહ્યું "લે કર દર્શન ! જો રાધાકૃષ્ણ દેખાય છે ને ! જો સીતારામ દેખાય છે ને ! જો શંકર પાર્વતીજી અને વિષ્ણુ–લક્ષ્મીજી દેખાય છે ને ! પણ ભાઈ ! દુરબીનમાં કાંઈ દેખાતું નથી એટલે મેં કહ્યું "આમાંથી તો ભગવાનના દર્શન થાતા નથી બાવાજી !" અને બાવાજી બોલ્યા "તંયે તું પાપીઓ છો ? તને દર્શન નો થાય" હું તો મુંઝાણો અને મારી મુંઝવણ જોઈ બાવાજી બોલ્યા "બેટા એમાં મુંઝામાં મારા ભેગો હાલ ! તને ગંગા જમનામાં સ્નાન કરાવીશ, મથુરા અયોધ્યા લઇ જઈશ પછી તને ભગવાનના દર્શન થાશે" અને મેં તો અચકાયા વગર કહ્યું "હાલો બાવાજી !"

આમ બાવાજી તો મને મુંબઈમાંથી લઇ ગયો લગભગ દોઢ બે વરસ હારે ફેરવ્યો પણ શું દર્શન કરાવે ! આમ રખડી રઝડી પાછો હું મુંબઇ આવ્યો પછી તો થોડુંક ભણ્યો અને છેવટે પ્રારબ્ધ હિમાલયમાં રહેવાનું એટલે વરસો થયાં આ પહાડોમાં રહું છું ફરૂં છું. "એમ કહી શાંતિભાઈ તરફ જોઇ કહ્યું "હાલો શાંતિભાઈ ! મહેમાનોને બ્રિટિશ રાજ્યના વખતનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યુરોપિયન ગેસ્ટ હાઉસ (હાલનું રાજભુવન) દેખાડીએ અને ત્યાંથી થોડે દુર ગાંધી આશ્રમ માટે જમીન ખરીદી છે તે તમને બતાવું!"

અમો સૌ ઊઠયા! સ્વામી આનંદે હાથમાં ડાંગ લીધી પરંતુ ઊઠતાં ઊઠતાં મેં પૂછયું "પણ સ્વામીજી એ તો કહો કે નાનપણમાંથી જાગેલી ભગવાનના દર્શનની ઝંખના પૂર્ણ થઇ ભગવાનના દર્શન થયા કે કેમ?" અને જાણે આનંદની પૂર્ણાહુતિ કરતા હોય એમ આનંદપૂર્વક સ્વામી આનંદ મારી છાતી ઉપર હાથ મુકી બોલ્યા "આમાં કોણ બેઠો છે? ભગવાનજ બેઠો છે ને? ભગવાન કયાં આઘો છે સૌના રદીઆમાં બેઠો છે અને જીવ માત્ર ભગવાનનુંજ સ્વરૂપ છે. એને ઓળખવો જોઇએ" એમ કહી એણે તો નાના બંગલાની પરસાળમાં લાકડી પછાડી અને મને થયું આ હિમાલયના વૃદ્ધજનની તાઝગી અને સ્ફુરતી તો જુઓ! સાચેન આ વૃદ્ધ પુરૂષને અંતર દૃષ્ટિ પ્રાપ્ત થઇ ગઇ લાગે છે એટલે ચહેરા ઉપર શાંતતા સાથે વાણીમાં મધુરતા છે.

અમે તો વાતો કરતા કરતા રાજ ભુવન નામના ગેસ્ટ હાઉસ જોવા ગયા.

વાચકો! એ ગરવા ગેસ્ટ હાઉસની સગડવતાની શું વાત કરૂં એવા સરસ ફરનીશ્ડ રૂમ...એવું સરસ રજવાડી ફરનીચર અને એવી શીતળ શાંતિ લાગી કે આવા સ્થળે રહી જો કોઇ પુસ્તક લખ્યું હોય કે સાધના કરી હોય તો એની "રોનક" વળી જુદીજ હોય એવું મને થાતું હતું કારણ આ રાજભુવનની સામેજ હિમાલયના ગિરિશિખરોની હારમાળા સ્પષ્ટ દેખાતી હતી અને આ ગિરિશિખરોની હારમાળાની સમજુતી આપતા સ્વામી આનંદે કહ્યું કે-"તમો એક મહિનો મોડા છો, જો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મે–જુનમાં આવ્યા હોત તો આ હારમાળાઓ જે અત્યારે સ્પષ્ટ દેખાતી નથી તે ત્યારે સ્પષ્ટ દેખાતી હોત–અને હિમાલયના આ શિખરોનું દૃશ્ય જોવા માટે તો દુનિયાભરના



કૌસાનીથી દેખાતી ગિરિશિખરોની હારમાળા

પ્રવાસીઓ આંહી આવે છે અને જ્યારે દિવસ ધૂધળો હોય ત્યારે આ શિખરો દેખાતા નથી અને કયારેક તો દિવસોના દિવસો સુધી પ્રવાસીઓને આંહી પડયા રહેવું પડે છે કારણ આ દૃશ્યો જોવા એ જીંદગીનો મહામૂલો લહાવો છે."

સ્વામી આનંદના શબ્દો સાંભળી અમે દુર દેખાતી એ ગિરિમાળા તરફ નજર નાખી પરંતુ એ ગિરિમાળા અત્યારે સ્પષ્ટ દેખાતી નો'તી એટલે નિરાશાના ભાવે અમો રાજભુવનના બગીચામાં આંટો મારવા લાગ્યા અને એ રમણીય બગીચામાં ફરતાં ફરતાં એક તરફ આવેલા નાના ચોતરા પાસે ગયા અને એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચોતરા ઉપરની જડેલી મોટા તકતાવાળી લાદીમાં દરેક દિશા તરફ દેખાડતા કાંટા તરફ જોયું અને સ્વામી આનંદ કહેવા લાગ્યા.

"જુઓ આ દિશામાં જે શિખર છે તેનું નામ **નંદાચુંટી** તેમની ઉંચાઈ ૨૧૨૮૦ ફૂટ–જુઓ આ **ત્રિશુલ** એમની ઉંચાઈ ૨૩૪૦૬ ફૂટ" એમ કહી કહ્યું "આમ જુઓ આ દિશામાં શિખર છે એમનું નામ **નંદાદેવી** ઉંચાઈ ૨૫૬૬૦ ફૂટ અને આ તરફ જે શિખર દેખાય એનું નામ **પંચુલી** એની ઉંચાઈ ૨૨૬૫૦ ફૂટ–આ બધા શિખરો મે–જુનમાં સ્પષ્ટ દેખાય છે.

ખરેખર ભારતની સંસ્કૃતિ સમા હિમાલયના આ શિખરો જોતાં મનમાં એક જાતની ઘેલછા ઉપજાવે છે. કારણ કૈલાસ દર્શન કે આ શિખરોના દર્શન એ આપણે માટે સંસ્કૃતિ જુની વાંછના છે. ભારતીઓ માટેનું એ સનાતન સ્થિર સ્વપ્ન છે–અને સ્વામી આનંદની વાત સાંભળીને મેં ઉપરછલ્લો નહિ પરંતુ ઉંડેથી નિસાસો નાખ્યો.

વાચકો વખતના પ્રમાણમાં જેટલું જોવાય તેટલું જોઇ અમો પાછા વળ્યા.

સ્વામી આનંદ સાથેની વાતો દરમ્યાન શાંતિભાઈ તો વાચા સંયમી બની ગયા હતા કારણ સ્વામી આનંદના હૃદયમાંથી જાણે આજે વાતોની સરવાણીઓ ફૂટતી જતી હતી એટલે એ તો અમને ઉભા રાખી સામેની કુદરતી સમૃદ્ધિથી ભરેલી ખીણ દેખાડી કહેવા લાગ્યા "જુઓ ભાઈ! આ કત્યુરની ખીણ કહેવાય છે આ ભાગને **બિચલ્લા** કત્યુર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કહે છે. બાગેશ્વર આગળના ભાગને **મલ્લા કત્યુર** કહે છે અને કૌસાની આગળના ભાગને **તલ્લા કત્યુર** કહે છે." અને મે પૂછયું "મલ્લા–બિચલ્લા અને તલ્લા કત્યુર એટલે શું !" અને જવાબમાં પ્રોફેસરની અદાથી હાથમાં ડાંગ ફેરવતાં ફેરવતા સ્વામી બોલ્યા.

મલ્લા એટલે ઉપલુ'

બિચલ્લા એટલે વચલુ'

અને

તલ્લા એટલે તળીયું'

એમ કહી બોલ્યા કત્યુર કેમ કહેવાય છે તે સાંભળો ! કત્યુર એ કઠિયુડનો અપ્રભંશ છે. અને કઠિયુડ એટલે **કાઠિયાવાડ** એમ કહી સ્વામીજી આગળ બોલ્યા " અલાઉદ્દીન ખીલજીના સમયમાં કાઠીઆવાડના કોઇ રાજાઓ આંહી આવેલા અને કાઠીઆવાડી કેવા હોય એ તો સૌને અનુભવ છે એટલે એ આવીને 'આંહી 'ચોટી' ગયા અને સમય જતાં રાજ્ય સ્થાપ્યું અને આ બધો પ્રદેશ કહેવાણો **કતયુર–કઠિયુર કાઠિયાવાડ–**" એમ કહી આગળ બોલ્યા "એવોજ એક આપણો કાઠિયાવાડી શબ્દ 'અડવાળયું' અહીંની ભાષામાં પણ બોલાય છે. આ સબંધે મારે આંહીના ઘણા માણસો સાથે ચર્ચા થઇ છે અને બધા કબુલ થયા છે કે સાચેન અમારી ભાષામાં ઘણાય કાઠીઆવાડી શબ્દ પ્રયોગો 'સેળભેળ' થઇ ગયેલા છે.

ઘડિયાળનો કાંટો તો ફરતો જાય છે અને સૂર્યનારાયણ બરાબર માથા ઉપર પુગી ગયા છે અને પેટમાં ભૂખ પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લાગી છે છતાં સ્વામી આનંદની વાતો સાંભળવામાં એટલો બધો રસ આવતો હતો કે અમારી સતેજ થતી જઠરાગ્નિને પાણીની આહુતિ આપી જરા શાંત પાડી અને મેં સ્વામી આનંદને પુછ્યું ખરેખર આવી રમણીઅતાની સરખામણી તો ફક્ત કાશ્મીરના પ્રદેશ સાથેજ કરી શકાય બલ્કે કાશ્મીરની શોભા કરતાં આંહી આ ખીણની શોભા અમુક રીતે મને તો વધુ લાગે છે, ખરેખર રહેવા જેવું સ્થળ છે અને સ્વામીજી બોલ્યા "પણ બ્રિટિશરોના વખતનો કાયદો હજુ પણ અમલમાં છે કે કોઈ પણ સિવિલિયન આ ટેકરી ઉપર જમીન ખરીદી ન શકે– ફક્ત મિલિટરી વાળાને જ આંહી જમીન ખરીદવાનો હક્ક છે આ બધા બંગલા જે છે તે બધા મિલિટરી ઓફિસરોના છે અને બીજા સરકારી છે. આંહી કોલેજ છે, હોસ્પિટલ છે અને સ્કુલો અને આશ્રમો પણ છે. આંહીની વસતી છુટી છવાઈ પહાડી છે. છે પહાડી પરંતુ કેળવણી પ્રેમી અને સંસ્કારી છે–" મેં કહ્યું "એ બધું સાચું પરંતુ સિવિલિયનો શા માટે જમીન ખરીદી ન શકે? અને એ જૂના કાયદાને આપણી રાષ્ટ્રીય સરકાર શા માટે હજુ વળગી રહી હશે?" અને આનો જવાબ સ્વામીજીએ વાણીને બદલે રાજદ્વારી હાસ્યથી આપી કહ્યું–" તમો તો રજવાડામાં રહ્યા છો એટલે રાજદ્વારી વાતોથી ક્યાં અજાણ્યાં છો! આંહી આવી સુંદર ટેકરીઓ ઉપર બ્રિટિશ લોકોના ચહાના બગીચા હતા તે પણ આજે ક્યાંય દેખાય છે! આ તો છે Heart of the Himalay એટલે આવી ટેકરીઓ ઉપરતો મિલિટરીનોજ કબજો હોવો જોઈએ મને હવે સમજાણું કે સાચેન આ ટેકરીઓ તો સનંદીના હાથમાં નહિ પરંતુ મિલિટરીના હાથમાંજ હોવી જોઈએ એમ વિચારી દૂર દૂર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હિમાલયને પેલેપાર તિબેટની હદમાં થઇ ભૂતાનની હદમાં આવેલ કૈલાસ પર્વત તરફ નજર નાખી મનોમન કૈલાસપતિને પ્રણામ કર્યા અને ઘડિયાળમાં જોયા વગરજ અનુમાન કર્યું કે-હવે જઠરાગ્નિને પાણીની આહુતિ આપવાને બદલે હવે કાંઇક બીજીજ આહુતિ આપવી પડશે એટલે સ્વામી આનંદને હળી મળી વિવેકની આપલે કરી અમો ખટારા સ્ટેન્ડ પાસેની સર્વોદય હોટલે આવ્યા ત્યારે પાસે આવેલ ગ્રામ પંચાયત ઘરમાં બેટરી-રેડીઓ વાગી રહ્યો હતો અને આ ખીણની શાંતિને અભડાવે એવા ભમરાળા ફિલ્મી ગાણા સંભળાતા હતા-તે સાંભળતાં સાંભળતાં સામેના પહાડ ઉપર દેખાતા મકાનો



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોવા લાગ્યા અને તે સબંધે શાંતિભાઈને પુછતાં શાંતિભાઈએ કહ્યું કે પૂજ્ય બાપુજીના યુરોપીઅન શિષ્યા શ્રી સરલાબહેન (Miss K. M. Heilman) ત્યાં મહિલા આશ્રમ ચલાવે છે કે જ્યાં ભણતર સાથે ગૃહકાર્યની પણ તાલીમ આપવામાં આવે છે.

અમોએ પોરબંદરના એ પાવનકારી સંતના નામના જાદુથી આવા જંગલોમાં પણ એમના નામથી ચાલતા આશ્રમને જોવા લાગ્યા અને ધન્યતા અનુભવવા લાગ્યા.

સર્વોદય હોટલે જઈ ખીચડી સાથે અમે ભાતાના ડબાને ખોલ્યા અને જઠરાગ્નિને શાંત કરી જરા આડે પડખે થયા ત્યાં તો ખટારો આવવાનો સમય થતાં ઊઠીને ચહાપાણી પણ પીધા અને ખટારો પણ આવ્યો અને અમો જલારામ બાપાની ગુરુજીની કૈલાસપતિની અને ઉમાપતિ મહાદેવની જે બોલી ખટારામાં બેઠા અને સાંજના પાછા આલમોડા ભેગા થયા અને ટુરીસ્ટ હોમે જઈ ઘડિયાળમાં જોયું તો હજુ તો છ થયા હતા એટલે આજના આનંદને વાગોળવા લાગ્યા પચાવવા લાગ્યા–

જય જલારામ

ગુરુપૂર્ણિમા

આજે તા. ૨૦–૭–૫૯ ને સોમવાર અષાડ શુદી ૧૫ છે, આજે તો ગુરુપૂર્ણિમા–એટલે સવારે ગુરુપૂજન કર્યું પૂજ્ય શ્રી જલારામ બાપાના ફોટાને પધરાવી વિધિપૂર્વક પૂજન આરતી કરી પ્રસાદ ધર્યો અને પ્રાર્થના કરી કે "હે બાપા ! તારી દયાથી હિમાલયના આ બધા તીર્થસ્થળોના દર્શન થયા છે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ હવે તો કૃપા કરી કૈલાસ યાત્રા કરાવ બાપા ! એમ આપને અને પૂજ્ય ગુરુજીને પ્રાર્થના કરીએ છીએ.

ગુરુપૂજન પૂર્ણ કરી અમો કાલે બાગેશ્વરમાં કરેલા દેવ-દર્શનની અને કૌસાનીમાં સ્વામી આનંદની સાથે થયેલી વાતોનો વાર્તા રસ માણવા લાગ્યા અને બપોરના ભોજન કરી આરામ કર્યો અને બે દિવસ પહેલાં જ્યારે અમો રામકૃષ્ણ આશ્રમમાં ભજનમાં ગયેલા ત્યારે અમને ગંગોત્રી બહેને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપવાથી અમો મહિલા કોલેજના પ્રિન્સિપાલ શ્રી ગંગોત્રી બહેનના બંગલે ગયા.

ગંગોત્રી બહેન એક સંસ્કારી તિબેટીઅન મહિલા છે–એમ. એ. થયેલા છે અને કેળવણી સાથે ધાર્મિક સંસ્કારની છાપ એમના ચહેરા ઉપર સ્પષ્ટ તરી આવે છે.



હાથમાં છત્રી છે તે ગંગોત્રી બહેન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમો તો આલમોડાની જેલની બાજુના ભાગમાં આવેલા તેમના બંગલે ગયા ત્યાં ગંગોત્રી બહેન પાસે કોઈ મહાત્મા આવેલા એટલે એ મહાત્મા મન્નીરામજી મહારાજના પણ દર્શન થયા.

વાચકો ! આ કુમાઉ ટેકરીઓમાં તો કઇક દેશી વિદેશી સાધકો સાધના કરે છે તેમાં યુરોપીયનો છે....ફ્રેંચો છે.... અને અમેરિકનો...પણ છે.

ગંગોત્રી બહેનને ત્યાં સારો એવો સમય બેસી વાતો કરી બજારે ફરતા ફરતાં ટુરીસ્ટ હોમે આવ્યા અને આવતી કાલે જાગેશ્વર તથા અંગ્રેજ સાધુ શ્રી નીક્ષન સાહેબ કે જેમનો આશ્રમ જાગેશ્વરના રસ્તે આવેલો છે ત્યાં ઉત્તર વૃંદાવન–ડંડેશ્વર એ બધા સ્થળોના દર્શને જવા માટે જાગેશ્વર જવાની આવતી કાલની ટિકિટ રીઝવર્ડ કરાવી અને સંધ્યા આરતી કરી જમી જલારામ બાપાનું સ્મરણ કરી સુઇ ગયા.

ધર્મની ચેતનાને ઢીલી કરવામાં કોંગ્રેસે રાષ્ટ્રની ખરાબમાં ખરાબ કુસેવા કરી છે. આપણે એક એવું નવું બળ અને આંદોલન એકત્ર કરવાં જોઇએ કે જેનાથી કોંગ્રેસના ભૌતિકવાદમાંથી પેદા થયેલ પ્રલોભન અને વર્ગ–ધિક્કારની જગ્યાએ વ્યવસ્થિત પ્રલોભન–વૃત્તિના વિજય કરતાં સુચારિત્ર્ય અને સંયમને વધુ પ્રાધાન્ય આપે તેવો નવપલ્લવિત આધ્યાત્મિક દષ્ટિયોગ સ્થાપી શકીએ.

શ્રી રાજગોપાલાચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચો : બદરિકાશ્રમ

[નવીન પુસ્તક]



પાંચ વરસ પહેલાં આવા પાકા પૂલો ન હતા

....પરંતુ હવે તો આવા મઝાના પાકા પૂલો થઇ ગયા છે. એટલે યાત્રાળુઓને આ યાત્રા વધુ સુગમ થઇ છે.

— વાંચો અનેક રસપ્રદ વર્ણનો સાથે —

૮૯૫ પાના – ૧૩૫ ફોટાઓ.

કિંમત રૂા. ૫–૮૮

લેખક :- સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચો : બદરિકાશ્રમ

[નવીન પુસ્તક]



આ કોઈ મેદાનમાં ચાલતી ખટારા સર્વીસ નથી. પરંતુ આ તો છે હિમાલયમાં ઊંચા... ઊંચા.... પહાડો ઉપર દોડતી બસ સર્વીસ હરદ્વારથી ૧૦૦ માઈલ દુર રૂદ્રપ્રયાગ સેન્ટરે ખટારા ઉભા છે. આંહીથી કેદારનાથ જવાનો રસ્તો જુદો પડે છે.

— નવીન રસપ્રદ હકીકતો સાથે વધુ માટે વાંચો —

બદરિકાશ્રમ

લેખક – સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચો : બદરિકાશ્રમ

[નવીન પુસ્તક]



વીરપુર ભગતબાપા ગિરધરરામજી મહારાજ પાસે ઉભેલા ટોપી પહેરેલા શ્રી મનોહરલાલજીએ બદરીનાથ ધામમાં બનતાં એવા ચમત્કારિક બનાવોની વાતો કરી કે તે વાંચી આપને થાશે કે—

વાહરે વાહ ! આ એટમ યુગમાં એટમને પણ આંટી જાય... અણું પણ જ્યાં અદબ વાળીને ઉભો રહે... એવા એવા ચમત્કારિક સંત મહાત્માઓ હજુ હિમાલયમાં તપ કરે છે ખરા.... ભગવાનનું નામ સ્મરણ કરે છે ખરા.

— વાંચો રસપ્રદ હકીકતો સાથે —

બદરિકાશ્રમ.

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

: વાંચો :

બદરિકાશ્રમ

[નવીન પુસ્તક]



શ્રી બદરીનાથ પ્રભુને ધરાવતા ભોગ સામગ્રીની પૂજારીજી પૂજા કરી રહ્યા છે. લક્ષ્મીજી પહેલાં સોનાની કટોરીમાં ભગવાન માટે કેસરીઓ ભાત મોકલે તે પછી ભગવાન આરોગે...

વાંચો નવીન હકીકત....
નવીન પ્રસંગો....

૮૮૫ પાના – ૧૩૫ ફોટાઓ.

કિંમત રૂા. ૫–૮૮

જુન ૧૯૫૯ માં બહાર પડી ચુકી છે.

લેખક : સૌભાગ્યચંદ્ર મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩૦

જાગેશ્વરની દ્વાદશ જ્યોર્તિલિંગમાં ગણના થાય છે.

વાચકો ! આજે તા. ૨૧–૭–૫૯ ને મંગળવારના રોજ આપણે જાગેશ્વર જઇ રહ્યા છીએ. જાગેશ્વર અહીંઆથી ૨૧ માઇલ દુર છે અને બસનું ભાડું એક પેસેન્જર દીઠ રૂા. ૧–૩૧ બેસે છે. મોટર બસ જાગેશ્વર સુધી જતી નથી પરંતુ આરતોલા સુધી જાય છે અને આરતોલાથી બે માઇલ ચાલીને જાગેશ્વર જવું પડે છે.

વાચકો ! જાગેશ્વરની દ્વાદશ જ્યોર્તિલિંગમાં ગણના થાય છે. દેવદારના ઉંચા ઉંચા વૃક્ષોની ઘટા વચ્ચે નદીના કાંઠે કાંઠે માર્ગ આગળ જાય છે. જાગેશ્વર જતાં વચમાં નદીના કાંઠેજ ડંડેશ્વર નામનું સ્થળ આવે છે. ડંડેશ્વરમાં કેદારનાથ પ્રભુના લિંગના સ્વરૂપને મળતુંજ આંહી વિશાળ શિવલિંગ છે. મંદિર પ્રાચીન અને ભવ્ય છે.

વાચકો ! હિમાલય એ તો શિવજીનું બેસણું....શિવજીનું ધામ.... એટલે હિમાલયમાં જ્યાં જ્યાં આવા રમણીય સ્થળો આવેલા છે ત્યાં ત્યાં લગભગ નાના મોટા શિવલિંગો સ્થપાયેલા છે.

ડંડેશ્વર દર્શન કરી અમો જાગેશ્વર પહોંચ્યા ત્યારે સંધ્યા આરતીનો સમય થવા આવતો હતો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્કંદપુરાણમાં આ પ્રાચીન તીર્થસ્થળની મહત્તા વર્ણવામાં આવી છે.



જાગેશ્વરમાં આવેલા પ્રાચીન દેવમંદિરો.

જાગેશ્વરમાં જાગેશ્વરનાથજીના મુખ્ય મંદિર ઉપરાંત બીજા અનેક મંદિરો છે. મૂર્તિઓ છે અને બ્રહ્મકુંડ નામનો પ્રખ્યાત કુંડ છે. કહેવાય છે કે પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ આંહી તપસ્યા કરતા અને આજ કુંડમાં સ્નાન કરતા અને આજુબાજુના સ્થળોએ પર્ણકુટીઓ બાંધી નિવાસ સ્થાન કરતા હતા.

જાગેશ્વરમાં ધર્મશાળાઓ છે પંડયા પુજારીજીના મકાનો છે અને થોડીક વસ્તી પણ છે આંહીનું વાતાવરણ વધુ શીતળતાવાળું છે અને ઘનઘોર વૃક્ષોની ઘટા વચ્ચે આ સ્થળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રમ્ય ભવ્ય અને વધુ પાવનકારી લાગે છે અને થાય છે કે ખરેખર કોઇ પાવનકારી પુરાણું સ્થળ છે.

શ્રી શાંતિભાઇએ પોતાના એક ઓળખીતા સ્નેહીના આગ્રહને વશ બની ધર્મશાળામાં ઉતારો કરવાને બદલે તે સ્નેહીના ખાનગી મકાનમાં અમારો ઉતારો રખાવ્યો જે મકાન બ્રહ્મકુંડની તદ્દન નજીકમાંજ આવેલ છે પાસેજ સ્કુલ છે અને આજુબાજુ રમણીય ટેકરીઓ અને ઊંચા ઊંચા દેવદાર વૃક્ષોની હારમાળાઓ આવેલી છે. મકાનના માલિક અમારા માટે જમવાનો પ્રબંધ કરવા ગયા છે પરંતુ અમારા 'સંગાથી' ભાતાના ડબાને પણ અમો આંહી અમારી સાથો સાથ મુસાફરી કરાવતા હોવાથી અમોએ મકાન માલિકનો આભાર માની કાંઇ 'તરખડ' કરવાની ના પાડી છતાં એ "અચ્છા" કહી ચાલ્યા ગયા પરંતુ પુરી શાક અને હલવો બનાવી લાવ્યા અને સાથે સફરજન પણ લેતા આવ્યા છે.

આરતી સમય થયો અને અમો જાગેશ્વરનાથજીના મંદિરે દર્શને ગયા, પૂજારીજી અમને નિજમંદિરના અંદર લઇ ગયા અને શાસ્ત્રોકત વિધિથી મંત્રોચ્ચાર કરી અમારી પાસે પૂજા કરાવી અને અમોએ એ અનાદિ અનંત દેવને પ્રણામ કર્યા અને નિજ મંદિરની પરિક્રમા કરી.

પરિક્રમા વખતે અંધારૂ થઇ જવાથી પૂજારીજીએ દેવદાર વૃક્ષની નાની ડાળખીઓ સળગાવી પ્રકાશ કરેલો પરંતુ વાચકો! એ ડાળખીઓ તો મીણબત્તી સળગે એમ સળગી રહી છે અને અમને આવી સપ્રમાણ રીતે દેવદારની ડાળખીઓ સળગતી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોઇ આશ્ચર્ય થવાથી મેં પૂજારીજીને પૂછ્યું અને તેમણે કહ્યું કે "શેઠજી! આ અમુક જાતના દેવદાર વૃક્ષની ડાળીઉં છે, અમો ગરીબ માણસો આ હિમાલયના અંદરના ભાગમાં પહાડની ટોચે મીણબત્તીઓ હંમેશા ક્યાંથી કાઢીએ! અને પરવડે પણ કેમ? એટલે ભગવાને અમને આ દેવદાર વૃક્ષની ડાળીઓ આપી છે અને આપ જુઓ છો તેમ તે મીણબત્તીની માફક સળગી રહી છે. પૂજારીજીની વાત સાંભળી મને થયું ખરેખર! મુશ્કેલીમાં જ માનવીને માર્ગ સુઝી આવે છે બાકી કુદરતી સંપત્તિતો હિમાલયમાં ઠેર ઠેર પથરાયેલી પડી છે.

એક સ્વામીજી કહે છે "આ સાલ કૈલાસ ન ગયા તે સારૂં કર્યું...."

દેવ દર્શન કરી અમો ઉતારે આવ્યા અને જમી જલારામ બાપાનું નામ લઈ સુવાની તૈયારી કરતા હતા ત્યાં અમારા યજમાને શાંતિભાઇને ખબર આપ્યા કે "ઉપર જંગલ ખાતાના બંગલે કોઇ મહાત્મા પધાર્યા છે દર્શન કરવા જેવા છે! સવારે તો તમો વહેલા રવાના થવાના છો એટલે અત્યારે જો કે મોડું તો થયું છે છતાં મહાત્માના દર્શનનો લાભ ચુકવા જેવું નથી" અમો અમારા યજમાનની વાત સાંભળી સંત દર્શનની લાલસા રોકી શક્યા નહિ એટલે અંધારામાં હાથમાં બેટરી લઈ તેમની સાથે પહાડ ઉપરના જંગલખાતાના બંગલે ગયા અને સંત દર્શન કરી પ્રણામ કર્યા.

બંગલાના એક ઓરડામાં સ્વામીજી કોઈ લેખન કાર્ય કરી રહ્યા હતા અમારા યજમાને અમારા બધાની ઓળખાણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપી અને સ્વામીજીએ અમારા માટે ચહા બનાવવા નોકરને કહ્યું પરંતુ અમોએ આ ભાંગતી રાતે આવું કષ્ટ ન ઊઠાવવા વિનંતી કરી પરંતુ સ્વામીજી અતિથિ ધર્મમાં વધુ માનતા હશે એટલે એમણે તો અમારી ના છતાં પરાણે ચાહ મુકાવ્યો અને સૌએ ચહા પીધો અને અમો સ્વામીજી સાથે વાતોએ વળગ્યા.

સ્વામીજીએ જ્યારે જાણ્યું કે અમારે કૈલાસ જવું હતું પરંતુ ન જવાણું અને હવે આ સાલ જવાના પણ નથી ત્યારે તે બહુ રાજી થયા અને પ્રસન્નતાથી કહ્યું–**"આપ આ સાલ કૈલાસ યાત્રાએ ન ગયા એ સારૂં કર્યું"** તેમ કહી કહેવા લાગ્યા કે "મારે તો યુરોપમાં મિત્રો છે–અને જાપાન.... ચીનમાં... પણ મિત્રો છે અને આંહી આવતા પહેલા મને ઘણા મિત્રો મલ્યા છે. બધાની વાતો સાંભળી છે મને થાય છે કે આપ આ સાલ તિબેટની હદમાં યાત્રાએ ન ગયા તે સારૂં કર્યું" અને સ્વામીજીનું આ વચન સાંભળી મને અને સહયાત્રિકોને થયું બાપા અને ગુરુદેવ જે કરે તે સારા માટે! પરંતુ સ્વામીજી પાસેથી કારણ જાણવા મેં કોશીષ કરી જોઈ પરંતુ– સ્વામીજી ધર્મજ્ઞાન સાથે રાજદ્વારી જ્ઞાનમાં પણ પુરા 'પાવરધા' લાગ્યા એટલે એમણે તો રાજદ્વારી હાસ્ય સાથે એ વાત અદ્ધરોઅદ્ધર અંધારામાં ઉડાડી દીધી અને મરક મરક હાસ્ય સાથે એટલુંજ બોલ્યા.

" अच्छा कीया ! अबी अगली साल पर रक्खो
भगवानने अच्छा किया....आप थोडे दिन के
बाद अखबारमें पढोंगे...."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વામીજીની વાક્ચાતુર્યતા કાંઇ વિશિષ્ઠતા વાળી હતી એટલે મેં તો સ્વામીજીને પૂછી નાખ્યું આપ ક્યાં રહો છો ? અને આપનું શુભ નામ શું છે! સ્વામીજીએ કહ્યું My Sirname is Agnihotri એમ કહી બોલ્યા "હું મધ્ય ભારતમાં રહું છું સ્થાયી સ્થળ એકેય ન ગણાય."

સ્વામીજી મધ્યભારતમાં રહે છે અગ્નિહોત્રી છે એ સાંભળી મને આશ્ચર્ય થયું કારણ રતલામ સ્ટેટમાં નામદાર મહારાજા સાહેબ પાસે આજથી લગભગ ૩૦–૪૦ વરસ પહેલાં અગ્નિહોત્રી સાહેબ કરીને એક ઉચ્ચ હોદ્દેદાર હતા અને અવાર નવાર સરવણ (રતલામ) મારે જવાનું થતું જેથી મારા સ્વ. કાકાશ્રી ગોપાલજીભાઈ સાથેની વાતચીત દરમ્યાન મે અગ્નિહોત્રી સાહેબનું નામ સાંભળેલું એટલે મેં તો સ્વામીજીને પુછ્યું:

"સ્વામીજી! અગ્નિહોત્રી સાહેબ કરીને એક અમલદાર રતલામ સ્ટેટમાં હતા એ આપને કાંઇ સગા થાય!"

મારી વાત સાંભળી સ્વામીજી પ્રસન્નતાથી બોલ્યા:

"વોહી મેરા પિતાજી થા !"

પછી તો અમે વાતોમાં વધુ નજીક આવવા લાગ્યા કાંઈક રાજદ્વારી વાતો કરી કાંઈક ધર્મની વાતો કરી પરંતુ આ બધી વાતો ઉપરથી જરૂર લાગ્યું કે સ્વામીજીને જેટલું શાસ્ત્રનું જ્ઞાન છે તેટલુંજ બલકે એથી વધુ રાજદ્વારી જ્ઞાન પણ છે.

સ્વામીજી પાસે બેસી વાતો સાંભળવાનું ગમતું તો હતું પરંતુ આજના થાકોડો અમને હવે પથારી ભેગા થવાનું કહેતો હતો અમારૂં શ્રમિત શરીર હવે લાંબુ થાવા માગતું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતું એટલે અમોએ સ્વામીજીની રજા લીધી અને ઉઠતાં ઉઠતાં સ્વામીજીનો આભાર માન્યો અને પ્રણામ કરી પૂછ્યું કે "આપ આંહી કેટલુંક રોકાવાના છો ?"

સ્વામીજીએ કહ્યું "ખાસ કાંઈ નિશ્ચિત સમય તો ન કહી શકું પરંતુ ૨–૩ મહિના આંહી રોકાવાની મારી ઈચ્છા છે કારણકે હું તો આ કુમાઉ પ્રાંતની રમણીય ટેકરીઓમાં આવેલા સ્થળોએ અવાર નવાર ફરવા આવું છું પરંતુ જાગેશ્વર.... આંહીની શાંતિ સાથે શીતળતા અને પ્રસન્નતાથી મારૂં મન બહુ પ્રફુલ રહે છે એટલે આંહી રોકાઇ મારે થોડુંક અધ્યયન કરવું છે અને અમુક ગ્રંથો પણ લખવા વિચાર છે– બાકી તો નારાયણની ઇચ્છા" એમ પ્રસન્નતાથી સ્વામીજીએ કહ્યું અને અમોએ સ્વામીજીને નમસ્કાર કરી વિદાય લીધી અને ઉતારે આવ્યા અને પાણી પીઇ જલારામ બાપાનું નામ લઈ પથારીમાં જેવું લંબાવ્યું એ ભેગાંજ નિદ્રાદેવીએ અમારો કબજો લઈ લીધો.

વાચકો! આજે તા. ૨૨–૭–૫૯ ને બુધવારના રોજ પ્રભાતના વહેલાં ઉઠી નિત્ય કર્મ પતાવી અમો જ્યારે બ્રહ્મ-કુંડમાં સ્નાન કરતાં હતા ત્યારે હિમાલયનું કોઇ દેવપક્ષી એવા મધુર કંઠથી મીઠા ટહુકા કરી રહ્યું હતું કે–જાણે એ મધુરા ટહુકા આપણે સાંભળ્યાજ કરીએ....સાંભળ્યાજ કરીએ... પરંતુ એ દેવપક્ષી તો બંધન મુકત સાથે મુકત વિહારી હતું એટલે પોતાને મળેલ પ્રભુની બક્ષીસ રૂપી કંઠનો મીઠો ટહુકો સંભળાવી એ ઉડી ગયું–અને અમો સ્નાન કરી નિત્ય કર્મ પતાવી જાગેશ્વરથી ઉપડવાની તૈયારી કરવા લાગ્યા.

—०—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધન્ય પ્રભુ....! ધન્ય પ્રભુ... !



આ શિખર બદરી-નાથમાં આવેલ છે.

આંહી ઘણાં ચમત્કારિક મહાત્માઓ હજુ પણ તપશ્ચર્યા કરે છે એવી વાતો સાંભળી.

નિલકંઠ શિખર.

— વાંચો —

બદરિકાશ્રમ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫-૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧-૮૭

લેખક – સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઋ....ણા....નું....બં....ધ



ઋણાનુંબંધ મોટી વાત છે !

જુઓ તો ખરા....ઋણાનું બંધે ભેગા થઈ કેવા મલકાય છે !!!

આ ત્રિપુટી અમરનાથની યાત્રામાં સાથે હતી. એ સાચી વાત પણ આ યાત્રામાં પાછા કયા ઋણાનુંબંધે તેઓ કેવી રીતે પાછા ભેગા થઈ ગયા........

– એ માટે વાંચો –

બ દ રિ કા શ્ર મ

૮૮૫ પાના – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોક્સ સાથે રૂા. ૧–૮૭

લેખક :- સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ કોઇ ગાર્ડન પાર્ટીનો પોઝ નથી !!



પરંતુ આ તો છે બદરીનાથ જતાં વચમાં રૂદ્રપ્રયાગ બસ સેન્ટ્રરે ખટારા 'હોલ્ટ' થયા ત્યારનો 'પોઝ'

અમો રસિકભાઇને ખરેખર 'પોઝ' આપવાજ બેઠા છીએ. પરંતુ અહીં એક લોહાણા સાધુ ૪૦ વરસ થયા રહે છે એવી વાત જગુભાઇએ કીધી અને અમે એ સાધુને જોયા ખરા પણ.......?

: વાંચો :

બદરિકાશ્રમ

[નવીન પુસ્તક]

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્મકપાલિ શિલા.



બદરીનાથમાં આ શિલા આવેલ છે– અને આ શિલા ઉપર શ્રાદ્ધ કરવાથી બધા પૂર્વજો એકી સાથે મુક્તિ પામે છે. જેથી એક વખત અહીં શ્રાદ્ધ થઇ ગયા પછી બીજા કોઈ પણ ઠેકાણે શ્રાદ્ધ ક્રિયા કરવાથી રહેતી નથી એવી શાસ્ત્રની સ્પષ્ટ આજ્ઞા છે.

: વાંચો :

બ દ્રિ કા શ્ર મ

[નવીન પુસ્તક]

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ. બોકસ સાથે રૂા. ૧–૮૭

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩૧

ઉત્તર વૃંદાવનમાં એક અંગ્રેજ મહાત્માની કૃષ્ણભકિત જોઇ અમો આશ્ચર્યમાં પડી ગયા !

વાચકો ! આજે જાગેશ્વરથી ઉત્તર વૃંદાવન કે જ્યાં એક અંગ્રેજ સાધુ કૃષ્ણભકિત કરે છે તે અંગ્રેજ સાધુના આશ્રમે જઇ રહ્યા છીએ. જાગેશ્વર અને ઉત્તર વૃંદાવન વચ્ચે ઝાઝું અંતર નથી પરંતુ હાલીને જવાનું હોવાથી બે કલાકનો પગ રસ્તો છે.

મજુરોને સામાન સોંપી શ્રી શાંતિભાઇના ઓળખીતા મકાન માલિક અમારી સાથે ઉત્તર વૃંદાવન સુધી સાથે આવવા તૈયાર થયા અને અમો સવારના ૯ વાગ્યે **જાગેશ્વરનાથજી કી જે** બોલી... જલારામ બાપાની જે બોલી...સદગુરુદેવની જે બોલી...કૈલાસપતિની જે બોલી...રવાના થયા અને જાગેશ્વરથી ઉત્તર વૃંદાવન સીધો રસ્તો જરા દુર પડતો હોવાથી અમારા યજમાન અમોને ટુંકે રસ્તે પહાડ ઉપર થઇને લઇ ગયા પરંતુ એ પહાડની ચઢાઇ ચડતાં ઉતરતાં અમારે એક વખત તો એ મીઠા યજમાનને કહેવું પડયું કે "ભાઇ ! આ પહાડ ચઢવા ઉતરવા કરતાં જરા આઘે ચાલવું સારૂં !" પરંતુ એ યજમાને વધુ વાતચીત કરવાને બદલે હસીને એટલુંજ કહ્યું કે—" આ એક પહાડજ ચઢવાનો છે પછી તો ઉતરાઇ આવશે"

પહાડ ચડતાં ઉતરતાં અમો તો ધાર્યા કરતાં વધુ થાકી ગયા અને વધારામાં શ્રી જયંતિભાઇ કુંડલીઆ અને નંદાણી-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાઈના પગે કોઈ એવા જીવડા ચોટી ગયા કે જયંતિભાઈના પગે તો લોહીની ધારા ચાલવા લાગી ત્યારે જયંતિભાઈને ખબર પડી કે મારા પગે કાંઈક ચોટયું છે અને જયંતિભાઈના સવાલના જવાબમાં શાંતિભાઈએ કહ્યું "એ તો આંહીના જંગલની જળો છે એ લોહી પીને ધરાઈ ગયા પછી આપોઆપ ખરી પડે છે!

આમ જયંતિભાઈને તો જંગલની જળોનો 'અનુભવ' થયો અને સૌ થાકી પાકી હાંફતાં હાંફતાં પહાડ ચડતાં ઉતરતા અને થાક ખાતા છેવટે જ્યારે ઉત્તર વૃંદાવન પહોંચ્યા ત્યારે બપોરના બાર વાગવાને પચાસેક મિનિટની વાર હતી અને બરોબર સાડાબારે આંહી આરતી દર્શન થાતા હોવાથી અમો ત્યાં સુધી એટલે કે આરતી દર્શન કર્યા પછી ત્યાંથી રવાના થવાની વાતો કરતાં....કરતાં...અંગ્રેજ સાધુના આશ્રમના બગીચામાં આવ્યા.

રૂદ્રાક્ષની માળાથી શોભતો અંગ્રેજનો ગોરો દેહ

વાચકો! આંહીની વિશિષ્ઠતાની શી વાત કરૂં! આંહી કુદરતી શોભા તો અવર્ણનીય છે પરંતુ આંહી જ્ઞાન સાથે વિજ્ઞાન પણ સ્પષ્ટ દેખાય છે. બગીચાના દ્વારમાં અમો દાખલ થયા ત્યારે એ દ્વાર હતા તો જંગલની શોભાને અનુરૂપ સાદા લાકડાના પરંતુ એ દ્વારસાં જતન કરીને ગોઠવેલ સ્પ્રીંગ દ્વારને ઉઘાડ બંધ કરવામાં વધુ અનુકુળતા વાળી હતી– અમો બગીચામાં આવ્યા અને પ્રમાણસર ગોઠવેલ એકજ પત્થરના વિશાલ પાટ ઉપર બેઠા અને સામેજ સ્પ્રીંગોવાળા લાકડાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઝુલાની શોભા સાથે હિંચકાની સગવડતા જોઇ અમને થયું કે ઓછા ખરચે પરંતુ વ્યવસ્થિત બુદ્ધિ વાપરી કેવી રચના કરી છે! અને બગીચામાં બેઠા બેઠા ચોતરફ દ્રષ્ટિ નાખી તો એક તરફ રૂડું મજાનું શિખર બંધ મંદિર જોયું અને એક તરફ રૂડો મઝાનો બગીચો જોયો અને અમો ધરાઇ ધરાઈને આ દ્રશ્ય જોવા લાગ્યા ત્યાં તો બગીચામાં કામ કરતાં મજુરને બોલાવી શાંતિભાઇએ પાણી મંગાવ્યું અને મજુર થોડીવારમાં પાણી તો લાવ્યો પરંતુ સાથોસાથ એક ડીશ ભરીને સફરજન લાવ્યો અને સાથે સફરજનને સુધારવા માટે છરી પણ લાવ્યો.

અમો તો બગીચામાં બેસી આરતીના સમયની વાટ જોઇ રહ્યા છીએ ત્યાં તો ભગવા વસ્ત્રથી પોતાના ગોરા દેહને શોભાવતા પુરા પાંચ હાથ ઉંચા એક યુવાન અંગ્રેજ સાધુ પગમાં ચાખડીઓ પહેરી.... ચટાક... ચટાક....કરતાં અમારી પાસે આવ્યા અને શાંતિભાઇને જોઇ હર્ષાવેશમાં આવી શાંતિભાઇને હિંદુવિધિ મુજબ બથ ભરીને ભેટી પડયા અને અમો એ અંગ્રેજ સાધુને પગે લાગ્યા.

અંગ્રેજ સાધુએ શાંતિભાઇને ખબર અંતર પૂછયા અને અત્યારે અચાનક આમ કયાંથી આવ્યા? ખબર કેમ ન આપ્યા? અને શાંતિભાઇએ જવાબમાં આજે જાગેશ્વરથી આવીએ છીએ એ બધી વાતો કરી અમારી ઓળખાણ આપી.

અમો થોડીવાર બેઠા અને મંત્રમુગ્ધ થઇ એ અંગ્રેજ સાધુના માથે લાંબી ચોટલી જોઇ રહ્યા...અમો આશ્ચર્ય ભાવે એ અંગ્રેજ સાધુની ડોકમાં રૂદ્રાક્ષની માળા જોઇ રહ્યા.... અને કુતૂહલભાવે એ અંગ્રેજ સાધુના બંને હાથના બાવળાં ઉપર શોભતી રૂદ્રાક્ષની માળા જોઇ એમની વાતો સાંભળવા લાગ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! આપ જાણો છો કે એમ શાંતિભાઇ તો આ પ્રદેશના જાણીતા કાર્યકર્તા છે એટલે લગભગ બધાના પરિચય-વાળા અને અવારનવાર આંહી આવવાવાળા એટલે શાંતિભાઇ અને અંગ્રેજ સાધુ વાતોએ વળગ્યા અને વાત દરમ્યાન અમને



અંગ્રેજ મહાત્મા શ્રી કૃષ્ણ પ્રેમી

ખબર પડી કે આ અંગ્રેજ સાધુના ગુરુ કૃષ્ણપ્રેમી તો પાંચ છ દિવસ પહેલાં નૈનીતાલ ગયા છે અને ચારપાંચ દિવસ પછી આવવાના છે, આતો કૃષ્ણપ્રેમીના શિષ્ય છે.

બપોરની આરતીને લગભગ હજુ અર્ધોએક કલાકની વાર હતી. અંગ્રેજ સાધુ તો આરતીની. તૈયારી માટે "અબી આતા હું" કહી ચાલ્યા ગયા અને અમો તથા શાંતિભાઈ એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમના બગીચામાં એટલે કે રાધિકાજી નામના બગીચામાં ફરવા લાગ્યા. રાધિકાજીના બગીચામાં ઠાકોરજીની સેવા માટે વિવિધ રંગના વિધવિધ જાતના અનેક પુષ્પોના ફુલ કયારા છે.... રોપા છે... અને ફુલવેલો પણ છે. કોઇ ફુલનો રંગ એવો છે કે જાણે એ ફુલો નથી પરંતુ પતંગીઆ ટોળે વળીને બેસી ગયા છે... કોઇ ફુલોનો રંગ એવો છે કે જાણે એ ફુલોને કેસર ઘુંટી ઘુંટીને ચોપડી દીધું છે... તો કોઇ ફુલ જાણે મનમોહનની મોહકતા વધારવા જાણે મનભાવતા રંગો લઈને ઊગી નીકળ્યા છે. વળી કોઈ ફુલ મઝાની નાની થાળી જેવડા... તો કોઈ ફુલ મઝાના નાના નાના બટન જેવડા.

અમો તો ઠાકોરજીની સેવા માટે રાધિકાજીના બગીચામાં અંગ્રેજ સાધુની કાળજી ભરી દેખરેખ નીચે તૈયાર થતી ફુલ-સૃષ્ટિને જોઇ રહ્યા હતા ત્યાં અંગ્રેજ સાધુ બગીચામાં આવ્યા અને અમારી સાથે વાતો કરવા લાગ્યા અને મેં ઘડિયાળમાં જોઇ કહ્યું–

"સ્વામીજી! સાડાબાર તો થવા આવ્યા છે આરતીના સમયને વાર છે?" અને જવાબમાં મંદહાસ્ય કરતાં કરતાં સ્વામીજી બગીચાની અધવચમાં એક નાના ઉંચા ઓટા ઉપર ગોઠવેલી સૂર્યના તડકા ઉપરથી સમય દેખાડતા સાદા ઘટિકા યંત્ર પાસે અમને લઈ ગયા અને એ ઘટિકા યંત્રમાં જોઈને કહ્યું કે–

"હજુ સતર મિનિટની વાર છે."

મેં આશ્ચર્યભાવે પુછયું "અમારી ઘડિયાળમાં તો સાડાબાર બરાબર થઇ ગયા છે." અને જવાબમાં સ્વામીજી બોલ્યા "ઠીક છે આપની ઘડિયાળ બરાબર છે. પરંતુ અમો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તો ઠાકોરજીની બપોરની આરતી સૂર્ય ભગવાનની ચાલ ઉપરથી આ ગોઠવેલ ઘટિકા યંત્રમાં જોઈ સ્થાનિક સમય પ્રમાણે કરીએ છીએ."

અમો તો વધુ આશ્ચર્ય અનુભવવા લાગ્યા અને સ્વામીજી સાથે ફરવા લાગ્યા અને ફરતાં ફરતાં વાતો કરતાં કરતાં સ્વામીજી ઘણાં ઈંગ્લીશ ફૂલોની જાતો દેખાડવા લાગ્યા અને મેં નિરાત જોઈ કૈલાસ યાત્રા સબંધે પૂછ્યું અને કહ્યું કે "અમારે આ સાલ જવું હતું" અને જવાબમાં એ અંગ્રેજ સાધુ બોલ્યા "તમે આ સાલ નો ગયા તે સારૂં કર્યું કારણ કે આ સાલ તિબેટની હદમાં ચાઈનીઝ ગવર્નમેન્ટ તરફથી યાત્રિકોની વધારે પડતી તલાસી થાય છે. સરહદ ઉપર યાત્રિકોનો નાનો મોટો સામાન તો શું પરંતુ દવાની શીશીઓ પણ તપાસે છે. એવા રિપોર્ટ મને મારા મિત્રો તરફથી મળ્યા છે માટે તમોએ આ સાલ કૈલાસ યાત્રા મુલતવી રાખી તે સારૂં કર્યું છે. "અને અંગ્રેજ સાધુની વાત સાંભળી અમોને વધુ ખાતરી થઈ કે-

"બાપા જે કરે તે સારૂં જ કરે છે."

બધાનો એકજ અવાજ છે કે

"નો ગયા તે સારૂં કર્યું"

અંગ્રેજ સાધુ નટખટ નટવરની આરતી ઉતારી રહ્યા છે....

હવે તો આરતીનો સમય થવા આવ્યો છે. અંગ્રેજ સાધુ તો થોડીવાર ફરીને નિજ મંદિરમાં ચાલ્યા ગયા અને અમને શાંતિભાઈ બંગલો જોવા ઉપર લઈ ગયા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! બંગલો છે તો સાદી બાંધણીનો પરંતુ બંગલાની ચોકખાઇ સાથે ચીજ વસ્તુઓની પ્રમાણુસરની ગોઠવણી સહેજે આપણનું ધ્યાન ખેંચે છે અને લાગે છે કે જાણે કોઇકે પોતાનું સર્વસ્વ આમાં સીંચી દીધું છે અને તેમાંય ઠેક ઠેકાણે ગોઠવેલા પાણીના પાઇપો જોઇને મેં શાંતિભાઇને પુછયું–" શાંતિભાઇ ! આટલા બધા નળો ઠેક ઠેકાણે કેમ ગોઠવ્યા હશે ?" અને શાંતિભાઇએ કહ્યું "ભાઇ ! આ માધવાશિષ છે ને ! એ એક મોટા એન્જીનીઅર છે તાતા એર લાઇન્સમાં માસિક બે હજારના પગારથી ગ્રાઉન્ડ એન્જીનીઅર હતા પરંતુ કૃષ્ણપ્રેમીના સત્સંગમાં આવ્યા અને રંગ લાગ્યો એટલે બધુ પડતું મુકી તમો જુઓ છો એમ આંહી જંગલમાં માધવની મોરલી ઉપર મુગ્ધ થઇને કૃષ્ણસેવા કરી રહ્યા છે અને....

અમારી વાતો આગળ ચાલે ત્યાં તો ઠાકોરજીની આરતીની તૈયારીના નગારાના અવાજ સંભળાયા અને અમો નિજ મંદિરમાં દર્શને ગયા અને મોરલીધરના દર્શન કરવા લાગ્યા–

વાચકો ! અંગ્રેજ સાધુ એ નટખટ નટવરની ભકિતભાવથી આરતી ઉતારી રહ્યા છે અને શ્યામસુંદર સાથે બિરાજતા રાધિકાજી જાણે મંદ મંદ હસી રહ્યા છે અને ગરૂડજી જાણે પાંખો પહોળી કરી પ્રભુના હુકમની વાટ જોઇને બંને હાથે વંદન કરી રહ્યા છે અને અંગ્રેજ સાધુ અચ્છા ચિત્રકાર પણ હોવાથી પોતે કારાગારમાં પ્રભુના જન્મનું ચિત્ર અને વાસુદેવજી એ બાળપ્રભુને જમનાજીના જલમાં લઇને જાય છે એ બધા ચિત્રો દોરેલા છે એ જોઇ અમો તો આનંદ સાથે કુતૂહુલતાથી આરતી દર્શન કરી રહ્યા છીએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! એ મોરલીધર માધવનું એવું સુંદર શ્યામ સ્વરૂપ છે કે એ સ્વરૂપ જોઇ આપણા નેત્રો તૃપ્ત થાય છે. વાચકો ! પુરેપુરી હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી એક અંગ્રેજ સાધુ એટલી ભાવવાહી રીતે ઠાકોરજીની આરતી ઉતારી રહ્યા છે કે એ જોઇ આપણા નયનો તૃપ્તભાવ અનુભવે છે અને થાય છે. કે જેને પ્રભુની સેવાનો સાચો રંગ લાગે એની વાતજ ન્યારી છે અને છેવટે તો આ બધું પ્રભુ કૃપાનું ફળ છે.

નહિતર કયાં એ હવામાં મુસાફરી કરતો માસિક બેહજારનો પગારદાર એન્જીનીઅર અને કયાં આજનો કૃષ્ણઘેલો અંગ્રેજ સાધુ ! અને આ અંગ્રેજ સાધુને જોઈ થાય છે કે ખરેખર ! પ્રારબ્ધના રાહ કોણ જાણે છે અને માનવ શરીરનું પ્રારબ્ધ એ નામની પણ કોઇ વસ્તુ છે ખરેખર ! માણુસ ફાંફાજ મારે છે.

પ્રભુ ! પ્રભુ ! તારી અકળ લીલા છે નાથ !

આરતીના દર્શન કરી અમોએ વખતના પ્રમાણમાં જેટલું જોવાય તેટલું જોઈ સમૃદ્ધ સંતોષ સાથે પાછા બગીચામાં આવી નાસ્તા પાણી કર્યા અને આંહીથી દોઢેક માઇલ દુર આવેલ પનવાનૌલાથી ત્રણ વાગ્યે ઉપડતી બસમાં રવાના થઇ અલમોડા જવા માટે હવે આંહીથી ઉપડવાની તૈયારી કરવા લાગ્યા.

અંગ્રેજ સાધુ ફરીને અમોને મળવા આવ્યા અમો થોડીવાર બેઠા અને મેં મારી નોંધ બુકમાં સ્વામીજીને પોતાનું નામ લખી આપવા વિનંતી સાથે અરજ કરી કે—

“આપે દ્વારકાધિશના દર્શને એક વખત સૌરાષ્ટ્રમાં આવવું જોઇએ કારણ દ્વારકા એતો શ્રીકૃષ્ણની રાજધાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાથે લીલા ભૂમિ પણ છે. અને આવો તો રાજકોટમાં મારા મિજબાન બનવા વિનંતી કરી."

જવાબમાં એ અંગ્રેજ સાધુ વિનમ્ર ભાવે બોલ્યા કે– "પ્રભુની મરજી થાશે ત્યારે અવાશે અને આવીશ ત્યારે જરૂર તમારે ત્યાં આવીશ" એમ કહી એ એવું મૃદુ હાસ્ય હસ્યા કે એવું હાસ્ય સહજ ભાવે સૌને પ્રાપ્ત થતું નથી કારણ એ હાસ્યમાં ખંધાઇ નો'તી કે રાજદ્વારી પ્રપંચતા નો'તી કે નો'તી કોઈ જાતની આછકડાઇ.

જાણે કોઇ દુધમલીઉં નાનું બાળક હસી રહ્યું છે.

અંગ્રેજ સાધુએ નોંધ બુકમાં પોતાનું નામ નોંધ્યું.

Shri Krishna Prem
Shri Madhava Ashish
Uttara Brindaban
P. O. Mirtola.
Almora.

વાચકો! મોતીના દાણા જેવા એ અક્ષરો હજુ પણ મારી નોંધપોથીમાં લખાયેલા પડયા છે.

છેવટે આનંદથી પૂર્ણાહૂતિ કરતાં કરતાં આદરથી આજુબાજુ નજર નાખી અંગ્રેજ સાધુને પ્રણામ કરી નમસ્કાર કરી અમોએ જ્યારે એ સ્થળ છોડયું ત્યારે દરેક જણ એક કિંમતીમાં કિંમતી અનુભવના ભાર તળે દબાયેલો અને પ્રસન્ન હતો અને આજના આનંદને શી રીતે સંઘરી શકાય એની ચિંતા સાથે ઘડિયાળમાં જોયું તો પુરો એક વાગી માથે વીશેક મિનિટ વહી ગઈ હતી એટલે જરા ઉતાવળે પગે ચાલી પનવાનૌલા પૂગ્યા ત્યારે બે તો કયારના વાગી ગયા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! ઉત્તર વૃદ્દાવનમાં જોયેલ અંગ્રેજ સાધુનું વર્ણન એ કોરા શબ્દોનું વર્ણન નથી તેમ કોઈ શબ્દ જાળ પણ નથી પરંતુ જે આ આંખોએ નજરો નજર જોયું છે એનું સત્ય વર્ણન છે.

વાચકો ! કોઈને ભક્તિના સાચા રંગ....જોવા હોય....પ્રભુ ભક્તિના સત્ય દર્શન કરવા હોય.... તો એક વખત આ ઉત્તર વૃંદાવન જરૂર જઈ આવજો.

વાચકો ! તમો પૂર્વજન્મમાં માનતા હો કે ન માનતા હો એ તમારી પોતાની અંગત માન્યતાની વાત છે પરંતુ આ અંગ્રેજ સાધુને ઠાકોરજીની આરતી ઉતારતા જોઇ તમને એક વખત અવશ્ય થાશે કે આ કોઇ ગયા જન્મનો ઉચ્ચ ખાનદાન કુટુંબનો હિંદુ જાતિમાં જન્મેલો જીવ હોવો જોઇએ.

વળી વાચકો ! પૂર્વજન્મની વાત નીકળી છે તો લ્યોને હું પણ તમને પૂર્વજન્મનો નજરો નજર જોયેલો એક રસિક કહાણી જેવો કિસ્સો કહું, સાથોસાથ એ પણ કહી દઉં કે આ કિસ્સો કોઇ છાપામાં વાંચેલો નથી કે કોઇએ કહ્યો છે અને હું તમને કહું છું એવું પણ નથી. પરંતુ આ તો છે સજીવ આંખે નજરો નજર જોએલો સત્ય કીસ્સો.

હે અર્જુન ! મારા અને તારા ઘણાં જન્મો થઈ ગયા છે; એ સઘળા જન્મો હું જાણું છું. હે પરંતપ ! તે તું જાણતો નથી.

ભ. ગી. ૪–૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુલાબ કોટી... પહાડની ચટ્ટી.



આવી ચટ્ટીઓ યાત્રાળુઓને ઉતરવા માટે આશીર્વાદરૂપ છે કારણ કે ચટ્ટીનો માલિક ઉતરવાની સગવડ કરી આપવા ઉપરાંત સીધું સામાન બટેટા–ચા–સાબુ વેંચાતુ પુરૂં પાડે છે અને રસોઈ કરવા માટે ઠામ વાસણ પણ આપે છે.

પરંતુ........

— વાંચો —

બદરિકાશ્રમ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧–૮૭

લેખક – સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હાલવું તો પડે હો....!

ભલેને ડંડી....કંડી ....કરી હોય પરંતુ ચોમાસામાં જે ઠેકાણે પહાડ પડી ગયા હોય ત્યાં તો યાત્રિકોને હાલવું પડે છે! શા માટે!

– એ માટે વાંચો –

બદરિકાશ્રમ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોક્સ સાથે રૂા. ૧–૮૭

લેખક :- સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ આનંદજ અનેરો છે....



હિમાલયમાં હાલવાથી નથી લાગતી થકાવટ... કે નથી થતો ઉદ્વેગ...

કારણ ?

હિમાલયની હવા..અને પાણી..ગમે તેવા નિર્બળને પણ બળવાન બનાવે છે.

શા માટે ?

– વધુ માટે વાંચો –

બ દ રિ કા શ્ર મ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ. બોક્સ સાથે રૂા. ૧–૮૭

લેખક – સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હરિબહેન હસે છે અને અમો પણ....

બદરીનાથથી ૨૦ માઇલ દુર

પડી ગએલા પહાડ વચ્ચે આનંદની અવધિ....



" માણ્યું તેનું સ્મરણ કરવું એ પણ એક લ્હાણું "

કલાપી.

વાંચો : બદરિકાશ્રમ.

પાના ૮૮૫ – ફોટા ૧૭૫ પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧–૮૭

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩૨

કૌતુક જેવી વાત એ છે કે- વીરપુરના કૌશિક પંડિતે ફરીને આલમોડામાં પુનર્જન્મ લીધો એવી સાબિતી મળી

વાચકો ! પુનર્જન્મના કિસ્સાની વાત તો એ છે કે કૌશિક પંડિત કરીને એક સજ્જન વીરપુર આવેલા, વીરપુર આવેલા એટલે કાંઈ વીરપુર બાપુને મળવા કે બાપુને 'જી હજુર' કરવા આવેલા નો'તા પરંતુ ઘરબાર માંડી રહેવા આવેલા.

હું વાતકરૂં છું એ સમય હતો લગભગ ૩૦–૩૫ વરસ પહેલાંનો. ત્યારે ભારત ઉપર બ્રિટિશ સરકારનો સૂરજ પુરેપુરો તપતો હતો અને એ તપતા સૂરજ નીચે ઘણાં દેશી રાજ્યો પણ તપતા હતા તેમાં કોઈના તાપ જીરવાય એવા હતા.... તો કોઈના તાપ જીરવાતા પણ નો'તા.... પરંતુ પ્રંજા તો તાપ જીરવાય તો પણ જીવતી અને નો જીરવાય તો પણ જીવતી કારણ કે તે વખતે પ્રજા અવાજનો કોઈ માન મરતબો નો'તો અને વાચકો ! ઇસુ ખ્રિસ્તીની ૧૯૬૦ ની સાલમાં આ કિસ્સો હું તમને કહું છું એટલે વળી પ્રજા અવાજ જેવું લખાઈ ગયું છે કારણ આ વહી ગયેલા દશકામાં તો આ ભારત ભૂમિમાં કઈક પલટા થઈ ગયા છે. પરંતુ હું જે સમયની વાત કરૂં છું એ સમય તો પુરેપુરો રાજાશાહીનો હતો લોકશાહી શું ! લોકશાહી કોને કહેવાય ? એ તો એક બાજુ રહ્યું પરંતુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ શબ્દે હજુ ભારતમાં પુરા લુગડા પણ પહેર્યા નો'તા એટલે સૌ એ રાજાશાહીમાં જીવતા....આનંદથી જીવતા...જુલ્મો વચ્ચે જીવતા...એ સાચુ પણ સોંઘારતથી જીવતા અને બે ટાણાં સોઘો રોટલો ખાઈ મોંઘો દેહ ટકાવી રાખતા–એવા એ સને ૧૯૨૭ કે ૧૯૨૮ ની સાલમાં વીરપુરના તમામ પ્રજાજનોના દેહથી નોખા તરી આવતા એક દેહે વીરપુરમાં દેખા દીધો. એ મીઠા મોવાળા માનવીને સાંજના ટાણે વીરપુરની સડકે ફરવા નીકળતા દીઠો અને સહેજે ધ્યાન ખેંચાય એવી એની દેહલાલિત્ય સાથેની આંખોની ચમક અને પ્રમાણસરની ઉંચાઇ અને નીરોગી કાયા તરફ સૌ કોઈનું ધ્યાન ખેંચાવા લાગ્યું અને પૂછગાછ થાવા લાગી આ કોણ ?

વીરપુર કાંઈ મોટું શહેર નથી કે કોઈ વાતનો તાગ મેળવવા આપણને વધુ સમય લાગે ! એતો બે પછેડી ભેગી કરો અને જેટલો સમય લાગે એટલા સમયમાં આપણે ગમે તે વાતને ભેગી કરી એની ગાંઠ વાળી શકીએ.

ખબર પડી કે એ મીઠા મોવાળા માનવીનું નામ કૌશિક પંડિત છે.

ખબર પડી કે એ લાલ લાલ પાકા ટમેટા જેવા ગાલવાળો ગરવો માનવી પાટડીથી આવેલ છે–

ખબર પડી કે એ સ્નેહીથી નીતરતો માનવી કોઇ ડિગ્રીધારી છે અને એ પણ ખબર પડી કે એ છાની વેદના ભોગવતો છતાં મો ઉપર હાસ્યના ફૂવારા ઉડાડતો માનવી કોઇ કોલેજમાં પ્રિન્સિપાલ હતો પરંતુ છેલ્લે છેલ્લે એ બધું છોડી એ એમના પત્ની શ્રી મધુદેવી સાથે પાટડી (ગુજરાત)માંથી આંહી આવેલ છે.

આંહી કેવી રીતે આવ્યા ? શા માટે આવ્યા ? કયા આકર્ષણે આવ્યા ? એની સ્મૃતિ તો વાંચકો ! આજે મારા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્મૃતિ પટ ઉપર પુરેપુરી નથી પરંતુ હૈયામાં સંઘરાયેલી એ વાત હજુ નાના કબાટીઆના ખાનામાં એવી રીતે ગોઠવાઇને પડી છે કે મારા મિત્ર છોટુભાઇ (સ્વ. શ્રી છોટાલાલ રેવાશંકર વ્યાસ) તેમને વીરપુર લાવવા અને તેમનો સરસામાન પાટડીથી વીરપુર ભેગો કરવા પાટડી ગયેલા.

હવે એ પંડિત પતિપત્ની કેવી રીતે વીરપુર આવવા લલચાણા એ ગત આત્માઓ જાણે! પરંતુ તે વખતે વીરપુરમાં આર્ય સમાજનો ઝંડો ફરકતો હતો. વીરપુરના રાજવી અને આખું રાજકુટુંબ એ ઓરુમ્‌ ના ઝંડા નીચે હવન હોમ કરતા હતા....એ રાજકુંટુંબના નાના મોટા તમામ સભ્યો વેદવાણી સાંભળતા અને સત્યાર્થ પ્રકાશમાંથી પ્રકાશ મેળવી ગાયત્રી જપ જપતા જપતા આર્ય સમાજના સિદ્ધાંતો મુજબ એનો વાણી પ્રવાહ રેલાવતા હતાં.

આ વખતે સ્વામીશ્રી શંકરાનંદજી મહારાજ વીરપુરમાં બિરાજતા હતા. આજે તો સ્વામીજીના દેહ વિલય થયાને પણ ઘણાં વરસો વીતી ગયા છે પરંતુ એ દેહ જ્યારે વિદ્યમાન હતો ત્યારે એ દેહને જોવો એ પણ એક સદ્‌ભાગ્ય હતું.

પંજાબી પુરૂ પાંચ હાથ પડછંદ શરીર, સશક્ત અને મજબુત કાયા...અને જ્ઞાન–વિજ્ઞાનથી શોભતી એમની મુખમુદ્રા જાણે કોઇ નરકેશરીની કલ્પના કરી લ્યો!...અને એ દેહ જ્યારે હાથમાં મોટી ડાંગ લઇ ડોલતો....ડોલતો... હલન ચલન કરતો ત્યારે એ દેહનું ડોલન આજે પણ મારી નજરૂં સામે તરે છે.

સ્વામીજી શ્રી શંકરાનંદજી મહારાજ ત્યારે આર્ય-સમાજના પ્રાણ હતા અને એ પ્રાણના ધબકારા સાંભળવા ઘણાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આર્ય સમાજીસ્ટો વીરપુર આવતાં કોઈ યુ. પી. સી. પી. કે રાજસ્થાનમાંથી પણ આવતા અને હરસાલ કોઈને કોઈ પ્રખર આર્ય સમાજી વિદ્વાન મહાત્મા તો વીરપુરમાં પધારતાં અને રાજા પ્રજાને એ વિદ્વાનની વાણીનો લાભ મળતો.

આવી રીતે આર્યસમાજીસ્ટોનું વીરપુર એક આકર્ષણ ધામ હતું આર્ય જગતમાં વીરપુરના રાજવી અને રાજકુંટુંબનું અનોખું સ્થાન હતું અને સ્વામી શ્રી શંકરાનંદજી મહારાજ એ અનોખા સ્થાનના પ્રાણ હતા અને છેલ્લા શ્વાસો લેતાં સુધી સ્વામીજી વીરપુરમાં બિરાજેલા અને એ છેલ્લા શ્વાસોની સમાપ્તિ સુધી વીરપુરના રાજવીએ અને રાજકુટુંબે સ્વામીજીની સેવા કરી અને અંતે એમની ઢળી પડેલી કાયા તરફ નજરૂં નાખી આંસુડા પણ સાર્યા.

આવા એક આર્યસમાજના પ્રખર વિદ્વાન સંન્યાસી વીરપુરમાં તે સમયે બિરાજતા. અને એ સંન્યાસીનો પ્રભાવ આજુબાજુના રાજ્યોમાં તો શું પરંતુ પંજાબ.... રાજસ્થાન યુ. પી. સી. પી. મેવાડ મારવાડના રાજા મહારાજાઓ અને લક્ષ્મીનંદનોમાં પણ હતો.

સ્વામીજીનો વાણી પ્રભાવ અદ્‌ભુત હતો જેવી ભગવાને સ્વામીજીને શરીર સંપત્તિ આપી હતી એવીજ એ સંન્યાસીને વાણી સંપતિ પણ આપી હતી એટલે એ વાણીથી દેશી તો શું પરંતુ પરદેશી ગોરાઓ પણ અંજાઈ જતા. પોલિટિકલ એજન્ટો કે ગવર્નર જનરલો સાથે સ્વામીજીને મિત્રાચારી હતી અને વાચકો! સ્વામીજી હિંદભરમાં જાણીતા હતા એવું પણ નો'તું પરંતુ પોતે દરિયાપારનાં દેશોમાં પણ ફરેલા અને યુરોપ આદિ દેશોમાં પણ એટલાજ વિખ્યાત હતા કારણ! કારણ પોતાની અસાધારણ વિદ્વતા.... અપુર્વ ત્યાગ....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને આર્ય સમાજના ધર્મની પ્રખર ભાવના ! અને આ બધું હું કાંઈ તમને 'ઉપરછલ્લું' કહું છું એવું પણ નથી હો વાંચકો ! પરંતુ હું તે વખતે વીરપુર રાજ્યમાં નોકર હતો, રાજા હતા સ્વ. શ્રી હમીરસિંહજી સાહેબ અને હું બાપુ પાસે નોકરી કરતો, તે વખતે મારી ઉંમર હતી કોડી વરસ અંદરની.

ઘાટ ઘડાણા પછી તો દરેક ચીજની કિંમત થાય પણ માટીના લોંદાની કિંમત કોણ કરે ! પણ મારા પૂજ્ય પિતાશ્રીના દેહાંત સમયની ઈચ્છાને માન આપી સ્વર્ગસ્થ શ્રી હમિરસિંહજી સાહેબે મને પોતા પાસે રાખ્યો અને મારો ઘાટ ઘડવા માંડયો... અને મારી શકિત અનુસાર હું આકાર લેવા મંડયો !

વાચકો ! એ ત્રણ દાયકા પહેલાનાં સ્મરણો સાથે હું આ પુનર્જન્મની કહાણી કહેતાં કેટલેક દુર સુધી તમને ઘસડી જાઉં.... પરંતુ એ વખતના એ કોડી રૂપીઆના પગારની જે કિંમત હતી.... માનવીઓના જે મીઠા મન હતા અને આતો મારો... આતો મારૂં.... આતો ઘરનો.... એ જે મારાપણું અને એ મારાપણામાં જીવવાની જે હોંશ અને ઉમંગ હતા એ આજે મતદાનથી થતા સત્તા પલટાના જમાનામાં કેટલે દરજ્જે રહ્યા છે એ મારો એકલાનો અનુભવ નથી પરંતુ આ લોકશાહીના જમાનામાં મતદાનના અધિકારી સૌ કોઈનો અનુભવ છે એટલે સને ૧૯૬૦ માં આ જુની વાતોને 'વાગોળવાનો' કશો અર્થ નથી કારણ એ રાજાશાહીના જમાનામાં જે સુખ લાગતું હતું તે આજે આ લોકશાહીના જમાનામાં બીજા કોઇ વર્ગને બીજી રીતે લાગતું હશે પરંતુ રાજાશાહીમાં સુખજ હતું અને દુઃખ તો ડોકાતું પણ નો'તું એવું કોઈ કહે તો એ જેમ અજુગતું લાગે તેમ આ લોકશાહીમાં પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નર્યું સુખજ છે અને દુઃખને તો દરિયાપારના દેશોમાં ધકેલી દીધું છે અને હવે સૌ સ્વતંત્ર ભારતમાં અમનચમન કરે છે એવું કહેવું એ પણ એટલુંજ અજુગતું લાગે પરંતુ હા એટલી વાત સાચી કે સુખ દુઃખની વ્યાખ્યામાં ફારફેર જરૂર થઇ ગયો છે રીતભાત અને રહેણીકરણીમાં જરૂર ફારફેર થઇ ગયો છે એ તો સૌ કબુલ કરે એવી વાત છે એટલે રાજાશાહીના 'સિક્કા' સારા હતા અને લોકશાહીના 'નયા પૈસા' નપાવટ છે એવા 'રાજીયા' ગાવાનો મારો.... તમારો.... કે કોઈનો પણ અધિકાર નથી કારણ યુગપલટા.... તંત્ર.... પલટા તો થયાજ કરે એટલે રાજાશાહી કે લોકશાહીના રૂપ રંગ ગમે તેવા લાગ્યા હોય કે લાગતા હોય પરંતુ, જે **શાહીમાં આપણે જીવતા હોઇએ એ શાહીમાં શાહપણે રહેવામાંજ બાદશાહી છે.** એવું વાચકો આપણે કબુલ કરવુંજ જોઈએ બાકી જર્મનીનો તત્વજ્ઞાની નીત્સે Nitshe ભલે એમ કહી ગયો હોય કે– હું પ્રજાસતાકમાં માનતો નથી કારણ કે દશ ગધેડાને ભેગા કરવાથી એક ઘોડા જેટલી બુદ્ધિ ઉત્પન્ન થશે નહિ પરંતુ એ ઘોડા ગધેડાની તુલનાને તિલાંજલી આપી હાલો વાચકો આપણે મૂળ વાત ઉપર આવીએ કે :

એ પતિ પત્નિ શ્રી કૌશીક પંડિત અને શ્રીમતિ મધુદેવી વીરપુરમાં રહેતા. રહેતા એટલે રહેવા ખાતર નહિ પરંતુ બાદશાહીથી રહેતા જાણે કોઇ સંસ્કારદીપ બળી રહ્યો છે એવી રીતે રહેતા અને રાજદરબારમાં અને સ્વામીજી પાસે આવતા જતા.

વાચકો ! મારી ઉંમર તો નાની....નાની એટલે હજુ 'ગદ્ધા-પચીસી' પણ પુરી થઈ નો'તી એટલે સમજવા જેવી વાતો હું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમજી શકતો નહિ એ તો મારે આ ટાણે મુક્ત મને કબુલ કરવું જોઈએ કારણ એ જલતા સંસ્કારદીપમાં કયારેક દીવેલ ખુટી જતું એની તો કૌશિક પંડિતના દેહાંત પછી ખબર પડવા માંડેલી.

આલમોડામાં જન્મેલા શ્રી દયાનિવાસ જોષી M. A. LL. B. તે પૂર્વજન્મના કૌશિક પંડિત છે.

હવે એ પૂર્વજન્મના કૌશિક પંડિત અને હાલના શ્રી દયાનિવાસ જોશી M. A- LL B. ની કહાણીની પહેલી કડી તો એ રીતે શરૂ થઈ કેઃ—

અમો રોજ સાંજના ફરવા જતા.

અમો એટલે હું... છોટુભાઇ....ડોકટર સાહેબ શ્રી જીવણ-ભાઈ અને ફોજદાર સાહેબ શ્રી મગનભાઈ અને કૌશીક પંડિત.

સાંજના સીમ ખેતરમાં ફરવા જતાં, દરબારી નોકર એટલે પટેલીઆઓ 'મને કે કમને' આવકાર આપી મોસમમાં માંડવીના ઓળા કે પોંખ પણ ખવડાવતા અને અમો 'અચકાયા' વગર એ આનંદ માણી ફરતાં ફરતાં અંધારૂં જામ્યા પહેલા કે પછી ઘર ભેગા થઇ જતાં.

લગભગ રોજીંદો આ અમારો કાર્યક્રમ હતો હવે ફરવા જઇએ ત્યારે વાતો તો સ્હેજે થાય જ એ હિસાબે કયારેક અમો અમારી વાતો કરતાં તો કયારેક પંડિતજી પોતાની વાતો કરતાં.

અમારી વાતો તો આજુબાજુના વીંટાયેલા વર્તુળો પુરતીજ હોય પણ પંડિતજીની વાતો તો કંઈક જ્ઞાન–વિજ્ઞાનવાળી હોય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પંડિતજી શાસ્ત્રની વાતો સમજાવે... વેદ ઉપનિષદની વાતો કહે... અને ખાસ કરીને પોતે જ્યાં જ્યાં ફરેલા એ સ્થળોની... જુદા જુદા માનવ સ્વભાવની.... અવનવી વાતો કરી અમને આશ્ચર્યચકિત પણ કરે.... પોતે ખૂબ ખૂબ ફરેલા.... અને સાથોસાથ પોતાના જીવનને પોતે 'પ્રયોગશાળા' માનેલી એટલે એ ખોરાક સબંધેના અખતરાઓની વાતો કરે કારણ કોઇ વખતે એ દિવસોના દિવસો ખાલી દુધ ઉપર રહેતા તો કોઇ વખત ખાલી ટમેટા કે શાકભાજી ઉપરજ રહેતા તો કોઈ વખત બાફેલા શાકભાજી ઉપર પણ રહેતા તો કયારેક તો આપણને નવાઇ લાગે પણ તેઓ પૃથ્વી તત્વ (માટીની ગોળીઓ) પણ ગળી એની પેટના અંદરના અવયવો ઉપર થતી અસર અનુભવતા તો કયારેક કયારેક નિરાહારી પણ થઈ જતાં પરંતુ એમનું દેહલાલિત્ય...દેહ સૌંદર્ય....તો ટકેલુંજ રહેતું અને એમના ચહેરા ઉપરની લાલી તો કયારેય કરમાયેલી અમે જોયેલી નહિ.

પંડિતજીએ પહાડો સાથે પ્રીતડી બાંધેલી....પંડિતજી જાણે વનરાજીને વરેલા....એટલે આબુ–મહાબળેશ્વર માથેરાન... મસુરી...ઉટી.... કે દાર્જીલિંગ વિગેરે પહાડો ઉપર પોતે જઇ આવેલા. પરંતુ છેલ્લે તો એમણે કૈલાસ–માનસરોવરની યાત્રા પણ કરેલી અને પોતાએ કેવી રીતે એ કઠિન યાત્રા કરેલી એના એ સંભારણા સંભળાવતા.

રેલ ગાડી જાય ત્યાં સુધી રેલગાડીમાં બેસીને યાત્રા કરવાને બદલે પોતે કયારેક પગે હાલીને પણ જતાં કારણ શરીરને એમણે દંડ– બેઠક અને નિયમિત કસરત કરી એવું કર્યું હતું કે એ હાલવામાં 'હરેરી' જતાં નહિ છતાં ઇચ્છા થાય ત્યારે રેલમાં પણ બેસતાં.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એકંદરે એ સુદૃઢ શરીર અને દૃઢમનવાળો માનવી મોજીલો અને મુક્તવિહારી જીવ હતો અને પ્રભુએ એમને અનોખી દૃષ્ટિ આપી હતી એટલે એ એમનો પ્રવાસક્રમ એવી રીતે પદ્ધતિસર ગોઠવતાં કે એ પહાડ પ્રેમી જીવડો કુદરતી સૌંદર્યનું પાન કરતાં કરતાં પ્રભુની લીલા જોતાં જોતાં આગળને આગળ વધતો.

એમ એ જીવે આલ્મોડા પુગી ત્યાંથી કૈલાસ–માનસરોવરની યાત્રા કરેલી એ બધાની વાતો કરતાં.

પંડિતજી કૈલાસ યાત્રા કરીને આવ્યા પછી વળતાં આલમોડામાં સારો એવો સમય રહેલાં અને ત્યાંના સમાજમાં ત્યાંના રહીશોમાં....ત્યાંના જમીનદારો...અને કેળવણીકારોમાં... પોતાની સુંદર છાપ પાડી જ્યારે આલમોડાથી ઉપડયા ત્યારે પોતે એક વખત વીરપુર જઈ આવી પછીથી બાકીનું આયુષ્ય આલમોડામાં આશ્રમ બાંધી સમાજ સેવા...જન સેવા... કરવામાં વિતાવવાના વેણ ત્યાંના સમાજના અગ્રગણ્ય કાર્યકર્તાઓને કહી પણ આવેલા.

વાચકો! પંડિતજી જ્યારે આલમોડાથી વીરપુર આવ્યા ત્યારે એ કસાયેલા સુદૃઢ શરીર સાથે આવેલા અને એ મીઠાં માનવીના હોઠ અને ગાલ લીપસ્ટીક લગાડયા વગર હંમેશા.... લાલ....લાલજ....રહેતાં અને ભર્યા ભાદર્યા મનવાળો એ માનવી ફરવા જતાં અમને આબુની અને આલમોડાની વાતો સંભળાવતાં અને કયારેક દાર્જીલિંગ કે–દહેરાદુનની વાતો પણ સંભળાવતો પરંતુ છેલ્લે છેલ્લે તો એ કૈલાસ માનસરોવર યાત્રાની વાતો સંભળાવતાં અને તિબેટના વિચિત્ર રીત રિવાજોની વાતો કરી એ હાસ્ય વિનોદને જમાવતાં કારણ હાસ્ય વિનોદ ઉપરની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એમની હથરોટી જામેલી હતી....પરંતુ અમારૂં આ સુખ ઝાઝો સમય ચાલ્યું નહિ કારણ એક સાંજે ફરવા જતાં નિયત સ્થળે પંડિતજીને ઉભેલા જોયા નહિ એટલે પૂછગાછ કરી તો ખબર મલ્યા કે શરીર અસ્વસ્થ થઇ ગયું છે.

બીજે દિવસે પણ પંડિતજી દેખાણા નહિ એટલે અમો અસ્વસ્થ થઈ ગયા કારણ ફરવામાં વિશેષ મઝા તો પંડિતજીની વાતો સાંભળવાની હતી એટલે અમો ફરવા જવાને બદલે પંડિતજીની તબિયતના ખબર કાઢવા તેમને ત્યાં ગયા અને જોયું તો એ સુદૃઢ શરીરવાળો દેહ મોટા પલંગમાં પડયો છે અને વાચા એમની બંધ છે.

પાસે બેઠેલા શ્રીમતિ મધુદેવીજીને પૂછયું 'અચાનક' આ શું ? અને એમણે આ બધું 'અચાનક' થઇ ગયાનું કહી રોગ સબંધે પોતાની અજ્ઞાનતા દર્શાવી.

અમો તો ઝાઝીવાર બેઠા પંડિતજી શુદ્ધિમાં ખરા અમોને ઓળખી ગયેલા પણ ખરા પણ પોતે બોલી શકતા નથી.... ઇચ્છા છતાં પોતે બોલી શકતા નથી.... એવું અમને લાગ્યું એટલે બહુ નજીક જઇ શ્રી છોટુભાઇએ પૂછયું કે "પંડિતજી અચાનક આ શું થઈ ગયું ?" ત્યારે એ અંતર વેદના ભોગવતા જીવે પોતાનો હાથ કપાળે મુકી જાણે કહ્યું કે ! "જેવા મારા ભાગ્યા ! આ લલાટમાં લખાયેલું હશે ! એવો ઇશારો કરી શ્રીમતિ મધુદેવી તરફ જાણે એક નજર નોંધી.

અમોએ એ ઢળી પડેલા અવાચક દેહ તરફ અનેકવાર દૃષ્ટિ કરી શ્રીમતિ મધુદેવી પાસેથી વાત જાણવાના 'ફાંફાં'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માર્યા પરંતુ એ વાતનો ભેદ પામી શકયા નહિ કે આ શ્રેષ્ઠ માનવીને શું થયું !

અમોએ તો મધુદેવીજીને કહ્યું–"કામ પડે તો બોલાવજો કહોતો પંડિતજી પાસે સુઇ રહીએ.... તમો એકલા છો.... મુંઝાતા નહિ પંડિતજી તો અમારા ખાસ સ્નેહી છે આવા સમયે સેવા કરવી એ તો અમારો ધર્મ છે આવું આવું ઘણું કહ્યું પરંતુ મધુદેવીજીએ પંડિતજી પાસે રહેવાની જરૂર નથી સારૂં થઇ જશે.... ગભરાવાની જરૂર નથી.. એમ કહી અમારી વાતને ટાળી દીધી અને અમો પંડિતજીની તબિયતની ચિંતા કરતાં કરતાં ઘરભેગા થયા અને જ્યારે સવારે ઊઠયા ત્યારે ખબર મળ્યા કેઃ

પંડિતજી તો રાતના ચાર વાગ્યેજ ચિરનિંદ્રામાં પોઢી ગયા છે.

નાના ગામમાં મોટો હાહાકાર થઇ ગયો.

નાના ગામમાં મોટો ગમખ્વાર બનાવ બની ગયો.

નાના ગામમાં નાના મોટામાં અરેરાટી ફેલાઇ ગઇ.

નાના ગામમાં પંડિતજીના મૃત્યું સંબંધે નાનામાં નાની અને નપાવટ વાતો થાવા લાગી પણ જે થવાનું હતું એ થઇ ગયું એવા સનાતન વેણ સાથે પંડિતજીના દેહને સ્મશાને લઇ જઇ ચિતા ઉપર ચડાવી એ દેહની રાખ પણ કરી નાખી અને એ કૌશિક પંડિત નામનું પંચ મહાભુતનું પુતળું આલમોડામાં આશ્રમ બાંધી રહેવાના અરમાન સોતું છેલ્લે અકથ્ય વેદના સહિત આ સંસારમાંથી એના અગોચર પંથે વહી ગયું.

થયું ! એ ઠાવકો અને ઠરેલ મિત્ર એના પંથે પડયો અને વાંહે જેને જેટલો પંડિતજી સાથે સ્નેહ અને સબંધ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતો એટલી વેદના એમણે વધુ ભોગવી અને શ્રીમતિ મધુ-દેવીએ ભગવા વસ્ત્રો ધારણ કર્યા.

બીજે દિવસે અમો જ્યારે શ્રીમતિ મધુદેવીજી પાસે બેસવા ગયા ત્યારે એ આધુનિક નારીએ કહ્યું "મને હવે આ સંસારમાં રસ રહ્યો નથી હવે મારા ગત પતિના જીવન કાર્યને... એમના અધુરા પડેલા કાર્યને... મારે પુરાં કરવા છે, એટલે હું તો હવે માનવ સેવા કરીશ, હિમાલય જઈશ અને જ્યાં જ્યાં મારા પતિદેવ પંડિતજી ફર્યાં છે... રહ્યા છે.... ત્યાં ત્યાં જઈ એમના જીવન સ્મરણો ભેગા કરીશ અને એમના અધુરા રહેલા સ્વપ્નોને આકાર આપીશ, હવે આ સંસાર મને ખારો ઝેર જેવો લાગે છે એમ કહી એ નારીની આંખમાંથી ડબક....ડબક આંસુડા પડવા લાગ્યા અને પતિ વિહોણી એ નારીના આંસુઓએ અમને પણ રોવરાવ્યા અને અમોએ પણ આંખ્યો લુછી.

એ આધુનિક નારીને ખૂણો પાળવાની જરૂર નો'તી....એ આધુનિક નારીને છાજીયા....કે... રાજીયા લેવાની જરૂર નો'તી, એ આધુનિક પ્રૌઢ ઉમરની નારીને પતિ પછવાડે પછડાટિયું ખાઇ હૈયાહોળીમાં જલવાની જરૂર નો'તી પરંતુ એ નારી એ ચુડી....ચાંદલો...તજી ભગવા વસ્ત્રો તો પહેરી લીધા અને આ નાના ગામમાં જાણે પંડિતજીના વિયોગે પોતે હવે રહી નહિ શકે એટલે પોતાના મોટા રાચરચીલાવાળા ઘરબારને તજી ચાલ્યા જવાની હવે એમને લગની લાગી એટલે એ નારીને સામાનની વ્યવસ્થા કરવા માંડી.

કોઈએ પંડિતજીનો એ વિશાળ પલંગ પોતાના નાના ઘર ભેગો કર્યો... કોઇએ પંડિતજીના ઈરાની ગાલીચાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગોટાવાળી છાનામૂના વીંટા કરી કબાટ ભેગા કર્યા.... અને કોઇએ પંડિતજીનું અણમોલું સાહિત્ય....અમુલ્ય પુસ્તકો.... એના ઘર ભેગા કરવા માંડયા....કારણ શ્રીમતિ મધુદેવીજીને એ સામાનમાં હવે રસ રહ્યો નો'તો એટલે કબાટ, ખુરશીઓ.... ઠામ વાસણ....રાચરચીલું સુદ્ધાં જેને જેમ ફાવે એમ મધુદેવીજીના પરિચિત જનો 'પડાવવા' લાગ્યા અને નાના ગામમાં પ્લાસ્ટર વગરની ભીંતે ન શોભે એટલે પંડિતજીના પ્રિય એવા નૈસર્ગિક સૌંદર્યના....હિમાલયના દ્રશ્યોના.... હાથ પેઇન્ટીંગ કે ઓઇલ પેઇન્ટીંગના કિંમતી ફોટાઓ કોઇએ છાનામૂના એના કબાટોની પછવાડે સંઘરી રાખ્યા....

વાચકો! શ્રીમતિ મધુદેવીજીને એટલો બધો તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થઇ ગયો હતો કે પોતાનું ભર્યું ભાદર્યું ઘર સાચેન એણે લુંટાવી દીધું.... કોઇ ચીજ ઉપર એમણે માયા રાખી નહિ અને નાના ગામના મોટા માણસોના ઘરમાં પણ પંડિતજીના સામાનના ઢગલા થાવા માંડયા અને છેવટે એ તીવ્ર વૈરાગ્ય વાળી પતિવિહોણી નારી...અકથ્ય વેદનાથી તરફડતી નારી....પંડિતજીના મૃત્યુ પછી થોડા સમયે.... વીરપુરને 'નમસ્તે' કહી ચાલી ગઇ.

નાટકનો પડદો પડે એમ પંડિતજી અને મધુદેવીના જીવન ઉપર પડદો પડી ગયો અને પંડિતજીના મૃત્યુ સબંધેના ભેદની ભસ્મને સ્વામીશ્રી શંકરાનંદજી મહારાજે પોતાના કપાળે લગાડી દીધી.

દુ:ખનું ઓસડ દહાડા એ હિસાબે વખત જતાં કૌશિક પંડિત અને મધુદેવી વીરપુરના માનવીઓના સ્મૃતિપટ ઉપરથી ભુંસાઇ જવા લાગ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પછી તો મધુદેવી ક્યાં ગયા...ક્યાં ક્યાં ગયા....પોતાના પતિદેવની પછવાડે એણે શું શું કર્યું ? હાલ એ ક્યાં છે ? એની તો કોઈને ખબર પડી નહિ. અને કોઈએ કાઢી પણ નહિ કારણ આ સંસારમાં કોને કોની પડી છે! સ્વાર્થ પુરતી સૌની સગાઈ હતી અને હોય છે એટલે સ્વાર્થ પત્યો એટલે જાણે બધું પત્યું.

ચાલો વાચકો ! આવી રીતે કૌશિક પંડિતના જન્મની પહેલી કડી આંહી પુરી થાય છે અને હવે બીજી કડીની શરૂઆત થાય છે.

નવલકથાના પાત્ર સમી એ નારીએ પાછા ક્યારે ભગવા વસ્ત્રો તજ્યા અને ગણદેવીમાં ક્યારે એમણે ચુડી ચાંદલો ધારણ કરી કોઇ ડોકટર પતિનું પાનેતર ઓઢી એ Mrs. ડોકટર થયા અને એ Mrs. ડોકટર ક્યાં સુધી રહ્યા અને કહેવાણા એવી વાતો સાથે આપણી આ બીજી કડીને સબંધ નથી અને વળી વાચકો હાલ શ્રીમતિ મધુદેવીજી હૈયાત છે કે કેમ ? અને હોય તો ક્યાં છે એ સુદ્ધાની પણ મને જ્યાં ખબર નથી ત્યાં કોઈના જીવનને ઓછપ લાગે એવી વાતો કરવાનો શો અર્થ છે ? અને એમાં ધર્મ પણ ક્યાં સમાયેલો છે ? કારણ આ વિશાળ દુનિયામાં કઈક વિચિત્ર અવનવા અટપટા બનાવો બન્યાજ કરે છે એમાં આપણને એવા બનાવો સાથે નિસ્બત પણ શું ! કારણ આપણે કાંઈ કોઈના થોડા ચોકીદાર નીમાણા છીએ કે એવી ચર્ચા વિચારણા કર્યા કરીએ પરંતુ આતો આલમોડા જતાં શ્રી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાંતિભાઇ ત્રિવેદી સાથે પરિચય થતાં કૌશિક પંડિતના પુનર્જન્મ સબંધે આધારભૂત કડીબંધ પુરાવા સાથેની વાતો શાંતિભાઇએ કહી એટલે એ ભુંસાઇ ગયેલી છબીઓ ફરીને મારા સ્મૃતિ પટ ઉપર ઉપસાવી મારા જુના અનુભવો તાજા કરી રહ્યો છું અને થાય છે કે પુનર્જન્મ પણ છે અને પૂર્વજન્મ પણ છે એવી સાબિતી સમો આ કિસ્સો આપને કહું ! બાકી ભુતકાળની છડી પુકારી કૌશિક પંડિત કે મધુદેવીના કે અન્ય કોઇના 'પોઢી' ગયેલા જીવનને ઢંઢોળવાનો મારો કશો આશય નથી એટલે કૌશિક પંડિતના દેહવિલય પછીના મધુદેવીના જીવનમાંથી આપણી આ બીજી કડીના અંકોડા મેળવવા પુરતોજ ઉપયોગ કરીશ એટલી સ્પષ્ટતા સાથે મુળ વાત ઉપર આવું છું અને અમોએ સાંભળ્યું તે કહું છું કે—

કૌશિક પંડિતનો આલમોડામાં જન્મ થયો.

કૌશિક પંડિતનો આલમોડામાં ફરીને જન્મ થયો છે એના પહેલ વહેલા ખબર શ્રી શાંતિભાઇ ત્રિવેદી તરફથી મને જુલાઇ ૧૯૫૯માં મળ્યાં.

લ્યોને વાચકો ! આલમોડાથી શ્રી શાંતિભાઇએ પોતાના હસ્તાક્ષરથી તા. ૧–૭–૫૯ ના રોજ જે પોસ્ટકાર્ડ મને લખેલ તે પોસ્ટકાર્ડજ વાંચું.

"વીરપુરના ભકતરાજ શ્રી જલારામ બાપાના સ્થાનના દર્શન કર્યા છે એ વખતે હું જેતપુર તથા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

> રાજકોટ ભણતો હતો સન ૨૯–૩૦માં વીરપુરના ડૉ. કૌશિકજી કૈલાસ યાત્રાએ આલમોડાં આવ્યા ત્યારે અમને મલ્યા હતા તેઓના સ્વર્ગવાસ પછી તેમના પત્ની પણ અહિ આવેલા સંન્યાસીના રૂપમાં તેમને સ્વપ્ન થયેલ કે ડૉ. કૌશિકે અહિ પુનર્જન્મ આલમોડાના ઉચ્ચકુળના બ્રાહ્મણ શ્રી શ્રીનિવાલજીને ત્યાં જન્મ લીધેલ છે તેઓ હવે Retired Principal છે. સંત પિતાજી છે. શ્રી કૌશિકે કૈલાસની પાંડુલિપિ લખેલ તે અહિંના એક બ્હેન પાસે છે ડાયરી પણ અદ્દભુત છે."

શાંતિભાઈનો ઉપર પ્રમાણેનો પત્ર વાંચી મને કૌશિક પંડિતનો પુનર્જન્મ જાણવાના ગલગલિયાં થવા લાગ્યા.

> **હવે ચાલો વાચકો! આપણે પંડિતજીના પુનર્જન્મની વાતને આગળ વધારીએ....**

કૈલાસથી વળતા પંડિતજી આલમોડા રહેલા અને આલમોડાનું આકર્ષણ એના દિલમાં વસી ગએલું એટલે એક વખત વીરપુર જઈ આવ્યા પછી આલમોડા આવીને રહેવાનું એનું સ્વપ્નું કૌશિક પંડિતના નામધારી દેહને પ્રાપ્ત ન થયું એ તો આપણે જાણીએ છીએ પરંતુ વીરપુરના સ્મશાનમાં એ શરીરની રાખ થયા પછી એ નવા નામે આલમોડાના સંસ્કારી સંત પુરૂષ શ્રીનિવાસ જોષીને ત્યાં પુત્ર રૂપે જન્મી એ સ્વપ્નું કેવી રીતે સિદ્ધ થયું એ હવે જોઇએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! જુઓ તો ખરા કે સંકલ્પનું કેવું અદ્દભુત બળ હોય છે અને સંકલ્પ જ્યાં સુધી ન તજાય ત્યાં સુધી જનમ મરણના ફેરા ટળતા નથી એનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

પંડિતજીના શરીરની રાખ વીરપુરમાં થઇ ગઇ પણ કર્મ દેવતાના નિયમ પ્રમાણે વાસના શરીર ભમતું ભમતું વાસના તૃપ્તિ માટે આલમોડામાં આવી ગયું અને અધુરા રહેલા ઓરતા એ પુરા કરવા લાગી ગયું.

આજે એ પૂર્વજન્મના કૌશિક પંડિતનું નામ જન્મની રાશિ પ્રમાણે શ્રી દયાનિવાસ જોષી છે. સંસ્કારી જીવ હતો એટલે આલમોડાના ઉચ્ચ બ્રાહ્મણ કુળના સંત પુરૂષ શ્રી શ્રીનિવાસ જોષીને ત્યાં જન્મ લીધો છે, કેળવણી પ્રેમી જીવ હતો એટલે ગવર્નમેન્ટ કોલેજના પ્રિન્સિપાલ સાહેબને ત્યાં જન્મ લીધો છે અને પોતે આ જન્મમાં પણ ઉચ્ચ કેળવણી લઇ ડબલ ગ્રેજ્યુએટ થઇ હાલ લખનૌમાં સરકારી માહિતી ખાતામાં ઉચ્ચ હોદા ઉપર છે અને હાલ એમની ઉંમર ફક્ત ૨૪ વર્ષની છે અને એમના પિતાજીની ઉંમર ૬૫ વર્ષની છે. (સને ૧૯૫૯)

હવે વાચકો શ્રી શાંતિભાઈ સાથે એમના પિતાજી શ્રી શ્રીનિવાસના બંગલે જઇ એ બંગલાના વિશાળ દીવાનખાનામાં એમના પિતાજીને સહયાત્રિકો સાથે હું મલ્યો છું અને એમના પિતાજીના સ્વમુખથી કૌશિક પંડિતનો પુનર્જન્મ પોતાને ત્યાં પુત્ર રૂપે થયાની જે કૌતુક ભરેલી કહાણી એ સંત પુરૂષે જે કહી તે વિગતવાર આપને સંભળાવતાં પહેલાં આ અંકોડાની અધુરી કડી પહેલાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુરી કરૂં કે શ્રી શ્રીનિવાસજીને કેવી રીતે ખબર પડી કે મારે ત્યાં જન્મેલો લાલ સૌરાષ્ટ્રમાં રહેલો...મરેલો....અને કૈલાસ યાત્રા કરી આવેલો જીવ છે?

શ્રી શ્રીનિવાસજીને કેવી રીતે ખબર પડી કે **મારા** કનૈયાનું નામ ગયા ભવમાં કૌશિક પંડિત હતું?

ચાલો! વાચકો હવે આપને એ વાત પણ કહું કે એ વાતની ખબર કેવી રીતે શ્રી શ્રીનિવાસજીને પડી.

સંન્યાસિનીએ વાત કરી કે મારા ગત પતિએ આંહી આલમોડામાં જન્મ લીધો છે.

પંડિતજીના મૃત્યુ પછી શ્રીમતિ મધુદેવીજીએ ભગવા વસ્ત્રો પહેરી લીધેલા એતો આપણે જાણીએ છીએ.

હવે એ સંન્યાસિનીએ ભમવા માંડયું પંડિતજી જ્યાં જ્યાં રહેલા.... એ સ્થળોએ એમણે પરિભ્રમણ કરવાનું આદરી દીધું. બીજી નારીઓથી જુદી તરી આવે એવી મજબુત મનવાળી પરંતુ અશાંત...આળા... અને વલોપાત કરતાં હૈયાવાળી એ નારીને એકલું અટુલુ ફરવા હરવામાં સંકોચ નો'તો કે સાથીની જરૂર નો'તી કારણ કે એ કેળવાયેલી અને જનોઈધારી ગાયત્રીમંત્રનો જપ કરતી આર્ય સમાજીસ્ટ નારી હતી.

એ પ્રૌઢ નારી વેદો વાંચતી અને હવન હોમ પણ કરતી અને મારા ખ્યાલથી એ નર્સ તો હતી...પોતાના જીવનમાં એમણે કઇક જોયું હતું...જાણ્યું હતું....માણ્યું હતું....અને તજ્યું પણ હતું....એવી એ મધુદેવીજી સંન્યાસિનીના વેશમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભમવા માંડી અને હિમાલયના પહાડોમાં ભમતી ભમતી એ સંન્યાસિની આલમોડા પુગી.

એમને ખબર હતી કે મારા ગતપતિને આલમોડાનું આકર્ષણ હતું અને પોતાને સ્વપ્નું પણ આવેલું કે પંડિતજીનો જન્મ આલમોડામાં થયો છે.

વાચકો! હાલો આપણે એ પંડિત પત્નીને આલમોડામાં સંન્યાસીના રૂપમાં રહેવા દઇ આપણે શ્રી શાંતિભાઇ ત્રિવેદીને જ હવે વાત કરવા દઈએ કારણ પૂર્વજન્મના કૌશિક પંડિતને તેઓ જાણતા હતા અને આ જન્મના શ્રી દયાનિવાસીજીને પણ તેઓ જાણે છે, સારી રીતે જાણે છે. એટલે આપણી આ છેલ્લી કડીના સાક્ષી સમા શાંત મુખમુદ્રાવાળા ખાદીધારી અને સમાજ સેવક શ્રી શાંતિભાઇને જ બોલવા દઈએ અને તેઓ જે વાત કરે તે સાંભળીએ.

શ્રી શાંતિભાઈ કહે છે.

"ભાઈ! અમો ચાર પાંચ મિત્રો એક સાંજના ફરવા નીકલ્યા સાથે શ્રી શ્રીનિવાસજી પણ ખરા. ફરતાં ફરતાં પાતાળ દેવીના રસ્તે ચડી ગયા પૂગ્યા પાતાળ દેવી ત્યાં જઇ દર્શન કર્યા અને મંદિરનાં ચોકમાં આંટો મારતા મારતાં પાસેના મકાનમાં એક સંન્યાસિનીને જોઇ અમો તો નમો નારાયણ કહી એ સંન્યાસિની સામે હાથ જોડયા અને સંન્યાસિનીએ અમને આશિષ આપી–આવકાર આપ્યો, અમો બેઠા અને પુછગાછ કરવા લાગ્યા કે–" કયાંથી પધારો છો? કયારે પધાર્યા છો? અને કયાના છો? અને એકલાજ છો કે સાથે બીજા કોઈ છે?" અને અમારા સવાલના જવાબમાં એ સંન્યાસિનીએ ભાષાના કોઇ સાથીઆ પૂર્યા વગર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જોષીમઠના દ્વારે ...

યાત્રામાં ક્રોધ ન કરવો એ સાચી વાત છે.



પણ.... કયારેક એવું બને છે કે— ગમે તેવા સંયમી-ને પણ ક્રોધ ચડે.

: વધુ વાંચો :

બ દ રિ કા શ્ર મ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫—૮૮

પોસ્ટેજ. બોકસ સાથે રૂા. ૧—૮૭

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બદરીનાથથી દશ માઇલ દુર



ઘેટાં-બકરાંવાળા ભરવાડને ઉભો રાખી મેં પૂછ્યું.

કયોં! મઝે મેં

અને એમણે કીધું:

શેઠજી...........?

– વધુ વાંચો –

બ દ રિ કા શ્ર મ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫-૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧-૮૭

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અંતે બાપાએ બદરીનાથ સાજા નરવા પોગાડયા ખરા....



બદરીનાથથી બે માઇલ દુર.

દેવદર્શનીથી બદરીનાથ પ્રભુના મંદિરનું શિખર દેખી પ્રણિપાત કર્યા અને ધુન બોલતાં...બોલતાં....બદરીનાથ ગામમાં અમો ગયા...એ સાચું! પરંતુ આ વખતે અમારા આનંદને અમારે કેવી રીતે પચાવવો પડયો.... એ માટે–

– વધુ વાંચો –

બ દ રિ કા શ્ર મ.

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧–૮૭

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી રામ...જયરામ....જય....જય...રામ....

જય જલારામ બાપા....જય....જલા...રામ.



બદરીનાથથી બે માઇલ દુર.

વાંચો : બદરિકાશ્રમ

પાના ૮૯૫ – ફોટાં ૧૭૫. પચરંગી જેકેટ

કિંમત રૂા. ૫-૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧-૮૮

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિખાલસતાથી શ્રી શ્રીનિવાસજી તરફ દ્રષ્ટિ કરી વાત કરવા માંડી કે:

"ગુજરાતમાં રહું છું ગુજરાતથી, ફરતી ફરતી આંહી આવી છું મારા ગતપતિ શ્રી કૌશિક પંડિતનો આંહી આલમોડામાં ઉચ્ચ બ્રાહ્મણ જ્ઞાતિના ખાનદાન કુળના શ્રી શ્રીનિવાસજી જેવા સંતપુરૂષને ત્યાં જન્મ થવાનો છે એવું મને સ્વપ્નું આવવાથી આંહી તપાસ કરવા આવી છું અને......

હજુ સંન્યાસિનીની વાત પુરી થાય ત્યાં તો શ્રી શ્રીનિવાસજીના હ્રદયમાં કોઈ અનોખી આશા અને આનંદના વહેણ જાણે ચાલવા માંડ્યા અને એ વિચારમગ્ન થઈ કુતૂહલપૂર્વક સંન્યાસિનીની મુખમુદ્રા તરફ એકીટશે જોવા લાગ્યા. પછી તો સંન્યાસિનીએ કૌશિક પંડિતના જીવન સબંધે કહ્યું....મરણ સબંધે કહ્યું....અને હાલની પોતાની પ્રવૃત્તિ સબંધે પણ કહ્યું અને અમો આ બધું સાંભળી અમારા પરિચિત શ્રી કૌશિક પંડિતના દેહાંતના સમાચાર સાંભળી દિલગીર થયા કારણકે કૈલાસ યાત્રા કરીને આવ્યા પછી એ સારો સમય આલમોડામાં રહેલાં અને અમારા સૌના પરિચયમાં આવેલા અને અમોએજ એમને આંહી રોકાઈ રહેવાનું કહેલું. આ બધી વાતોની સરવાણી અમારા હૈયામાં ફુટવા માંડી અને અમો તો આ સંન્યાસિનીની વાત સાંભળી વધુ ચકિત થઈ ગયા અને એક અજાણી સંન્યાસિનીના મોઢેથી શ્રી શ્રીનિવાસજીનું નામ સાંભળી અને તેમને ત્યાં પોતાના ગત પતિનો જન્મ થાશે એ સાંભળીને તો અમો તો આશ્ચર્યમાં ગરકાવ બની ગયા અને શ્રી શ્રીનિવાસજીનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મન તો આનંદ અને આશ્ચર્યની મિશ્ર લાગણી વચ્ચે હિલોળે ચડયું અને સંન્યાસિનીને પોતાની ઓળખાણ આપી શ્રી શ્રીનિવાસજીએ કહ્યું કે

> "હે જોગણ ! હે સંન્યાસિની ! મારું નામજ શ્રી શ્રીનિવાસ છે હું જ બ્રાહ્મણ કુળનો છું.

અને સંન્યાસિનીએ કોઇ પણ જાતનો આંચકો ખાધા વગર કહ્યું "ત્યારે શ્રી શ્રીનિવાસજી આપને ત્યાંજ મારા પતિનો જન્મ થાશે કારણ મને સ્વપ્નું આવ્યું છે સાચું સ્વપ્નું આવ્યું છે આપ નિશ્ચિત રહેજો જરૂર મારા પતિ આપને ત્યાંજ જન્મ લેશે કારણ આલમોડામાં રહેવાના એના ઓરતા અધુરા રહ્યા છે મારા પતિ ઉચ્ચ સંસ્કારવાળા સુધારક અને વિદ્વાન હતા એટલે આપને ત્યાંજ જન્મ લેશે તેમાં સંદેહ રાખશો નહિ." એમ કહી એ સંન્યાસિની અકાળે નંદવાયેલા હૈયાની વેદના ઠાલવવા લાગી અને વાતો કરતાં કરતાં વધુ ઉદાસીન થાવા લાગી.

પછી તો અમોએ પણ સંન્યાસિનીને કૌશિક પંડિત કૈલાસ યાત્રા કરીને વળતા આંહી રહ્યાની વાતો કરી એમના શીલ ગુણ અને સંસ્કાર સંયમની વાતો કરી અને એ બધું સાંભળીને જાણે સંન્યાસિનીનો રૂદિયો રૂએ છે અને માયલો એનો ભીતર બળે છે.... અને જાણે એ અમારી વાતો સાંભળતાં સાંભળતા દાઝી રહી છે અને જાણે અકથ્ય વેદના ભોગવી રહી છે.

અમો તો ઝાઝીવાર બેઠા, પછી તો મોકળા મને હસી ખુશીની વાતો કરી અને સંન્યાસિનીને દિલાસો આપી અમો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિદાય થતાં પહેલાં કાંઈ કામકાજ હોય તો જણાવવા અને એમનો હવે પછીનો કાર્યક્રમ જાણવા ઇંતેજારી બતાવી પરંતુ એ સંન્યાસિનીએ હવે વધુ વાત કરી નહિ અને હરિ ઈચ્છા હશે એમ થાશે એમ કહી એ સંન્યાસિની ચુપ રહ્યા અને અમોએ સંન્યાસિનીની વેદના જાણી નમો નારાયણ કહી વિદાય થયા.

વાચકો! પત્યું તે પછી સંન્યાસિની થોડો વખત આલમોડામાં રોકાયા, અન્ય કોઈ પ્રવૃત્તિ એમની હતી નહિ એટલે આલમોડા રહી પોતાના પતિના જીવન સંભારણા ભેગા કરી એ પાછી એકાએક અલોપ થઈ ગઇ પછી તે કયાં ગઇ! પછી તેમણે શું કર્યું! એમનો કાંઇ પત્તો લાગ્યો નહિ પરંતુ કોઇ કોઈ વખત વાતો સાંભળતા કે–

તે સંન્યાસિનીએ હવે ભગવા વસ્ત્રો તજી પાછો સંસાર માંડયો છે તો વળી કયારેક સાંભળતા કે એ આ સંસારમાંથી વિદાય થઈ ગએલા છે તો કોઇ કોઇ કહેતા કે ના! ના! તે હજુ હરદ્વારનાં ગંગા કાંઠે રહે છે.

ચાલો વાચકો! જે થયું હોય તે! આપણને તો કૌશિક પંડિતના પુનર્જન્મ સબંધે જાણવું છે એટલે એ વાત કરીએ. શાંતિભાઇ કહે છે:

હરિ ઇચ્છા બળવાન છે અને હરિ ચાહે તે કરી શકે છે પરંતું સંન્યાસિની ની તે વાતને અમો કોઈએ તે વખતે વજન આપેલ નહિ અને તે વખતે અમને તો લાગેલું કે પતિના મૃત્યુની વેદનાથી વ્યાકુળ થએલ એ નારી ભગવાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસ્ત્રો પહેરી જ્યાં... ત્યાં... ફરતી હશે અને પંડિતજી આલમોડા રહેલા એટલે પોતે પણ આલમોડા આવેલ હશે. પરંતુ શ્રી શ્રીનિવાસજીનું નામ પોતે અજાણી છતાં અમને કહ્યું એટલા પુરતો અમને અચંબો થાતો હતો બાકી ખાસ કાંઈ વજન તે વખતે એ વાતને અમે આપેલ નહિ પણ આ વાતને લાંબો સમય વિત્યા પછી સાચેન શ્રી શ્રીનિવાસજીને ત્યાં પુત્ર જન્મ થયો અને શ્રી શ્રીનિવાસજી હર્ષિત થયા એમ કહી શાંતિભાઈએ વાત પૂર્ણ કરી.

હવે આગળ શું થયું તે આપણે જોઈએ.

કોઈના કપાળે શું લખાઈને આવ્યું છે... કોણ કયો જીવ છે... કયા ખાતાનો જીવ છે... એ બધી અગોચર સૃષ્ટિની વાતો તો એક અલખ નિરંજન નિરાકાર સચ્ચિદાનંદ પ્રભુજ જાણે છે એટલે માનવી એ વાતના મહેરામણને મથવા કરતાં પોતાને પ્રાપ્ત થએલ સંતાનના સુખમાંજ પોતાનું સુખ માની એનું લાલન-પાલન કરે છે એ હિસાબે શ્રી શ્રીનિવાસજી પણ પુત્રના લાલન-પાલનમાં આનંદ માણી રહ્યા છે, અને સંન્યાસિનીની વાત હશેમાં હસી કાઢી એમના પુત્રના તેજસ્વી મુખ સામું જોઈ કુટુંબ સહિત પોતે હસી રહ્યા છે.

આ વાતને તો સારો સમય વીતી ગયો, પુત્ર પણ મોટો થવા લાગ્યો નામકરણ સંસ્કાર પણ થઈ ગયો, નામ પણ જન્મની રાશિ પ્રમાણે દયાનિવાસ પડી ગયું પણ નાનો છતાં જાણે પોતે પીઢ હોય એવા દયાનિવાસમાં સદ્‌ગુણો દેખાવા લાગ્યા અને બધા રાજી રાજી થાવા લાગ્યા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રીનિવાસજી આલમોડા ગવર્નમેન્ટ કોલેજમાં પ્રિન્સિપાલ હતા તે પછી U. P. ઉત્તર પ્રદેશમાં ૫–૭ જગ્યાએ કોલેજોમાં પ્રિન્સિપાલ તરીકે પણ કામ કર્યું અને રીટાયર્ડ થયા પછી બાગેશ્વરમાં શ્રી મોહન જોશી સ્મારક વિદ્યાલયમાં પ્રિન્સિપાલ તરીકે કોઈ પણ જાતના વેતન લીધા વગર સેવાભાવથી કામ કરવા લાગ્યા.

ભૃગુસંહિતાના પાના બોલ્યા કે: "પૂર્વાવતારનો આ ગુજરાતનો પંડિત છે.

શ્રી શ્રીનિવાસજી તો બાગેશ્વરમાં રહી કામ કરી રહ્યા છે. પોતાનો પુત્ર દયાનિવાસ પણ કેળવણી પ્રેમી હતો એટલે પોતાની નાની ઉંમર છતાં એ ધાર્યા કરતાં વધુ ઝડપથી કેળવણી લઈ રહ્યો છે અને કુટુંબના સેવા શ્રમ અને સાદાઈના સંસ્કાર ધન એ બાળકમાં આપોઆપ સીંચાઇ રહ્યા છે, તેમાં ગઢવાલથી એક પંડિત બાગેશ્વર આવ્યા.

નાના ગામમાં મળવા જેવી તો અમુક ગણી ગાંઠીજ વ્યકિતઓ હોય છે એટલે એ ગઢવાલી પંડિત શ્રી શ્રીનિવાસજીના પરિચયમાં આવ્યા અને માલુમ પડયું કે એ પંડિતજી તો જ્યોતિષના જ્ઞાનના ભંડાર છે અને સાથોસાથ પોતા પાસે **ભૃગુસંહિતા** પણ છે.

થયું ! વરસો પહેલા સંન્યાસિનીની સાંભળેલી વાતો પાછી શ્રી શ્રીનિવાસજીમાં સળવળાટ કરવા લાગી અને ગઢવાલ પંડિત પાસે પોતાના પુત્ર દયાનિવાસના જોષ જોવડાવવા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માંડયા અને એ ગઢવાલી પંડિતે જોષ જોયા, જન્મકુંડલી માંડી અને ભૃગુસંહિતાના અમરગ્રંથના અણમોલ પાના ફેરવી એમણે કહ્યું.

"શ્રીનિવાસજી! આપને ત્યાં જે પુત્ર છે તે પુર્વાવતારનો ગુજરાતનો પંડિત છે અને ઉતરાખંડ હિમાચલની તથા કૈલાસ-માનસરોવરની યાત્રા કરી આવેલો છે તે તમારે ત્યાં જન્મેલ છે. એ પુર્વજન્મનો કોઈ સંસ્કારી જીવ છે અને પોતાના અધુરા રહેલા સ્વપ્ના સિદ્ધ કરવા તમારે ત્યાં જન્મેલ છે એમ આ ગ્રંથના પાના બોલે છે. એમ કહી એ ગઢવાલ પંડિતે બાલક દયાનિવાસ સામે જોઈ મરક મરક હસી શ્રી શ્રીનિવાસજીને આવા પુત્રરત્નની પ્રાપ્તિ માટે ધન્યવાદ આપી બીજી બેચાર ગેબી વાતો પણ કહી અને એ ગેબી વાતો સાચી હોવાથી હવે શ્રી શ્રીનિવાસજીને સંપૂર્ણ ખાતરી થઈ ગઈ કે–

મારો દયાનિવાસ ગત જન્મનો કૌશિક પંડિતજ છે.

હવે વાચકો અમો જ્યારે આલમોડામાં હતા (તા. ૨૨–૭–૧૯૫૯) ત્યારે ખાસ શ્રી શ્રીનિવાસજીના બંગલે તેમને મળવા ગએલા.

અમો આલમોડાની પૂર્વ દિશામાં આવેલ સુંદર મઝાના બગીચા સહિતના ભવ્ય મકાનમાં ગયા, એમની જુની જાહોજહાલીની છડી પુકારતા દીવાનખાનામાં બેઠા અને શાંતિભાઈએ અમારી ઓળખાણ આપી કૌશિક પંડિતના જીવન સબંધે એમના પુનર્જન્મ સબંધે જાણવા અમો આવ્યા છીએ એ બધી વાત કરી ત્યારે એ સંસ્કારી રાષ્ટ્રીય વિચાર શ્રેણીના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુદ્ધ ખાદીધારી બુઝર્ગ આદમીએ જાણે પોતાના રદીઆના કબાટિયા ખોલી હરખ શોકની હેડકી ખાધા વગર વાત કરી કે.

"शातिभाइजीने आप सबको बात कीआही होगा क्यों ! वह सब बातें जानता है कि कौशिक पंडित इधर रहेथे ! हम सबके परिचय में भी आये थे ! बडे सज्जन और विद्वान थे कैलास से वापस आ कर वे आलमोडा में ठीक ठीक समय तक रहे और इधर आ कर उसने समाजमें पुरी प्रतिष्ठा जमाइथी वे तो विद्वान थे.... वेद्वेदांत की बातें करते थे.... सांयकाल में वे लडके लोगको इक्ठा कर कवायत शिखलाते थे और आर्य संस्कृतिके संदेशा का प्रचार करते थे !

एक दिन पंडितजीने मुझे कहा श्रीनिवासजी ! अब मैं देश जानाचाहता हुं.

मेंने पुछा क्यों पंडितजी !

तब पंडितजीने बताया मैं वीरपुरमें रहेता हुं मेरी पत्नी वीरपुर में है ! उसको मिलकर वापस इधर आउंगा.

हमने आग्रह कर कहा.

जरुर आना पंडितजी !

आपकी हाजरी से हम सब प्रसन्न है आपके ज्ञान से हम सब मुग्ध है. और आलमोडाका आबाल वृद्ध सब आपकी

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

संस्कारिता से आश्चर्यचकित हुए है ऐसा कह कर हमने कहा "पंडितजी ! आपकी घर जानेकी अब इच्छा हुइ है तो पधारीए लेकीन वापस जरुर आना.

और पंडितजीने कहा जरुर आउगा श्रीनिवासजी सबको मिलकर वापस जरुर आउगा संदेह नहि रखना ऐसा कह कर पंडितजी एक दिन हम सबकी भाव भरी बिदा ले कर चल गये !

पीछे हमने तो बहुत दिन.... महिना.... और वरस.... तक पंडितजीकी राह देखी ! लेकीन एक दिन सुनने पाया कि पंडितजीका तो वीरपुरमे ही देहांत हो गया है और उनकी पत्नी संन्यासिनी बन गइ है !

એમ કહી શ્રીનિવાસજીએ ઉંડો નિસાસો નાખી કહ્યું:

"राजदेवजी ! विधाता की विचित्रता कौन जानते है ! इधर आ कर रहेनेका कौशिकजी का स्वप्ना पुर्ण न हुआ लेकीन.... वो मेरे यहां जन्म लेकर आलमोडा में आ गये.

वासनाकी कीतनी भारी प्रबलता है.... कौन जानते है कर्म की गति....

એમ કહી એ માજી પ્રિન્સિપાલ સાહેબ શાંતિભાઈ સામું જોઈ ફરી કહેવા માંડયું કે–

"आपको सब बातें शांतिभाइने सुनायी होगी वोही ए विचित्र किस्साका साक्षीभुत है वो सब अथ से इति तक जानते

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

है ! मैं भी पहेले यह बात नहि मानता था ! लेकीन जब गढवाली पंडितजीने भृगुसंहिता पढ कर मुझे कहा और साथ ही साथमें दो चार प्राइवेट बातें भी मुझे कही और वो बातें बिल्कुल सच्च ही थी तब मेरा संदेह मिट गया और मैंने सोच लीया कि **दयानिवास मेरा लडका कौशिक पंडित का हो अवतार है. इसमे कुछ संदेह नहि है राजदेवजी !** એમ એ માજી પ્રિન્સિપાલ સાહેબે તાઝગી સાથે પ્રસન્નતાથી કહી આગળ કહ્યું કે—

"मेरा लडका अब लखनौ है सरकारी अफसर है M. A. LL. B. हुआ है और परमात्माकी दयासे संस्कारी.... गुणवान है और हम बुढे की पुरी आज्ञा पालन भी करता है अब उसकी सादी कीया है ! वोही मेरा एक ही लडका है वोही मेरा लाल है. **वोही मेरा बुढापा का पालनहार है, और वोही पुर्वजन्मका कौशिक पंडित है · इसमे कोइ संदेह नहि है.**"

એમ કહી એ વૃદ્ધ પુરૂષે સંતોષ સાથે શ્વાસ ખાધો અને અમને ચહા પાણીનો આગ્રહ કર્યો પરંતુ આભાર સાથે ચહાની ના પાડી પાન સોપારી લઈ અમોએ એ ભવ્ય દીવાનખાનાના ફોટા ગાલીચા સહિતના ફરનીચરવાળા સુસજ્જ દીવાનખાનામાં આંટો મારી શ્રી શ્રીનિવાસજીનો આભાર માની ઉભા થયા અને સાથો સાથ જુના અનુભવો પણ મનમાં મનમાં ઉભા થવા લાગ્યા કે કૌશિક પંડિત....ઠરેલ અને ઠાવકો મિત્ર....વીરપુરની સડકે અમારી સાથે હરેલો....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ફરેલો મિત્ર....મરતી વખતે મોંમાથી એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વિના વહી ગયેલો એ વિદ્વાન પંડિત મિત્ર.... આ બંગલામાં જન્મ્યો છે....આ બંગલામાં રમ્યો છે....આ બગીચામાં ફર્યો છે અને આ સામે બેઠેલા એજ એમના સંસ્કારી પિતા છે એવા સભર સમૃદ્ધ સંતોષ સાથે અમો છેલ્લે ભાવભરી વિદાય લઈ જ્યારે એ ભવ્ય મકાનના બગીચામાં આવ્યા ત્યારે જાણે અમારી સ્મૃતિમાંથી ભુંસાઈ ગયેલી છબી પાછી સજીવન થઈ છે અને જાણે અમારી ખોવાઈ ગયેલી વસ્તુ અમને ફરીને પ્રાપ્ત થઈ ગઈ છે, પણ એ મૂળ ચીજનું રૂપાંતર થઈ ગયું છે પણ એ રૂપાંતર પામેલી ચીજ અમારી હતી પણ હવે રૂપાંતર થઈ જવાથી 'અમારી' કહેવાનો દાવો કરી શકાય કે કેમ ? એવા મિશ્ર ભાવો જાગવા લાગ્યા પરંતુ મૂળ ચીજ તો અમારી છે એમાં જરાય સંદેહ રહ્યો નથી.

વાચકો ! પુર્વજન્મના કૌશિક પંડિત અને આ જન્મના શ્રી. દયાનિવાસના જન્મની વાત આંહી પૂર્ણ થાય છે અને થાય છે કે માનો અગર ન માનો પણ પુનર્જન્મ... પૂર્વજન્મ છે અને ઋણાનુબંધ પણ છે અને પુનર્જન્મ સબંધેના ઘણા કિસ્સા આપણે સાંભળીએ છીએ...પરંતુ આ તો જાત અનુભવનો કિસ્સો હતો એટલે મેં તમને વિગતથી કહ્યો છે બાકી પૂર્વજન્મ કે પુનર્જન્મ ન હોય તો ઈંગ્લાંડમાં જન્મેલો...અંગ્રેજી વાતાવરણમાં ઉછરેલો અને હવાઈ જહાજમાં ઉડતો એક અંગ્રેજ યુવાન આંહી આલમોડાના જંગલોમાં ઉત્તર વૃંદાવન નામના સ્થળે....હિન્દુ શાસ્ત્ર પદ્ધતિ પ્રમાણે... પુરા દિલ અને દિમાગથી શ્રી કૃષ્ણ કનૈયાની આરતી કેવી રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉતારે ! એ શ્રી રાધા કૃષ્ણની....એ છેલ છબીલાની....એ નટખટ નટવરની સેવા પુજા શા માટે કરે ! એટલે આ બધું જોયું અને પૂર્વજન્મના સંસ્કારની સરવાણી ફુટી અને એ સરવાણીમાંથી કૌશિક પંડિત નામના પંચમહાભુતના પુતળાની અધુરી રહેલી વાસના કેવી રીતે પૂર્ણ થઈ એના અંકોડા જોડાણા જેથી મેં આપને આ વાત કરી બાકી આપણે માનીએ અગર ન માનીએ પરંતુ પુર્વજન્મના પ્રબળ સંસ્કારો આ જન્મમાં આપોઆપ વગર ભણ્યે વગર કહ્યે એની મેળે ઉપસી આવે છે અને તેથીજ એક અંગ્રેજ મુરલીધર માધવ ઉપર મુગ્ધ થઇ જાય છે નહિતર કયાં ઈંગ્લાંડ....અને કયાં આલમોડાના જંગલો....કયાં વીરપુર.... અને કયાં આલમોડાના શ્રી. શ્રીનિવાસજી.

ખરેખર આપણે આ અંગ્રેજ સાધુના પુર્વજન્મ સંબંધે જાણતા નથી એટલે શું કહીએ ! પરંતુ આ અંગ્રેજ પુર્વ જન્મમાં કોઈ ઉચ્ચ ખાનદાન કુટુંબનો હિંદુ જાતિમાં જન્મેલો કોઇ સંસ્કારી ચુસ્ત સનાતની જીવ હોવો જોઇએ એમાં સંશયને સ્થાન નથી સંદેહને અવકાશ નથી કારણ આ અંગ્રેજ સાધુએ કોઇ ખટપટથી કે કોઈ આર્થિક કારણોસર ભગવા કપડાં પહેર્યાં નથી પરંતુ પૂર્વજન્મના કોઈ પ્રબળ સંસ્કારના અંગે એ સંસારની સ્વાર્થમય બાજીથી ત્રાસી જઇ સુખ સમૃદ્ધિ અને સાહ્યબી છોડી સંસારના માનવીઓથી દુર...દુર....હિમાલયની ગોદમાં અને તે પણ નિર્જન સ્થળે આશ્રમ બાંધી સાધના કરતાં ગત્ જન્મના અવશ્ય કોઇ ભજનાનંદી જીવો લાગે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! ખટારા સ્ટેન્ડે પુગતા સુધીમાં શાંતિભાઈએ કહ્યું એ આપણે સાંભળ્યું કે આ તો હમણાં વળી છેલ્લા વરસો થયા આ અંગ્રેજ સાધુ ઠાકોરજીની આરતીના સમયે પોતાને ત્યાં કોઈને આવવા દયે છે નહિતર શરૂઆતમાં તો પોતાના ભજન ધ્યાનમાં અને પ્રભુ સેવામાં સાંસારિક માનવીઓ અવાર નવાર આવી ખલેલ ન પહોંચાડે એ માંટે કોઈને આવવા પણ દેતા નો'તા પરંતુ હવે અમુક સમય મુકરર કરી દેવામાં આવેલ છે તે સિવાયના સમયમાં હજુ પણ આવવાની મનાઈ છે.

વાચકો ! શાંતિભાઈએ આ અંગ્રેજ સાધુની એવી ભકિત ભરપુર વાતો કરી કે સહેજે ફરીવાર આંહી આવવાનું મન લલચાયા વગર રહેતું નથી અને આગળ જતાં જતાં પાછળ જોવાનું મન થઈ આવે છે અને હજુ દુર...દુર...એ શ્રી કૃષ્ણ મંદિરનું શિખર જોઈ સહેજે મનોમન પ્રણિપાત થઈ જાય છે.

વાચકો ! આપ પણ એ ઉત્તર વૃંદાવનમાં બિરાજતા ઠાકોરજીને પ્રણામ કરો.

આમ એ ઉત્તર વૃંદાવનમાં આવેલ શ્રી કૃષ્ણ મંદિરનો વૈભવ અને વૈભવમાં જળવાતી સાદાઈને સંભારી અમો પનવા-નૌલા બસ સ્ટેન્ડે આવ્યા અને આલમોડા જવા માટેના ખટારાની વાટ જોવા લાગ્યા પરંતુ ખટારો હજુ આવ્યો નથી, એટલે છાનામુના બેસી રહેવા કરતા લ્યોને વાચકો હું તમને ઋણાનું બંધ શું કામ કરે છે ! કિરતારની કરામત કેવી અજબ છે ! એ ગજ કાતર લઈને બેઠેલો હરજી કેવી રીતે "વેતરણ" કરે છે એનો બીજો કિસ્સો પણ કહું કારણ આ બસ સ્ટેન્ડે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આપણે બીજું કામ પણ શું છે! વળી ઝીણો ઝીણો વરસાદ પણ શરૂ થઈ ગયો છે એટલે આજુબાજુ આંટો મારવા પણ જવાય તેમ નથી.

એટલે લ્યો સાંભળો આ ઋણાનું બંધનો કિસ્સો.

પણ વાચકો....શ્રી કૌશિક પંડિતનો પુનર્જન્મનો વિગતવાર કિસ્સો કહેતાં કહેતાં મને જરા થકાવટ લાગી છે એટલે આ ઋણાનુંબંધના કિસ્સાનું હું વર્ણન કરૂં એ કરતાં એ કિસ્સો જે છાપામાં પ્રગટ થયો છે તે સૌરાષ્ટ્રનું રાષ્ટ્રીય અઠવાડીક પત્ર ભાવનગર સમાચાર લ્યોને તમોને વાંચવા આપું કારણ! આપ સૌ ભણેલ ગણેલ છો પરંતુ **ભાવનગર સમાચાર** એવું નામ વાંચી આપ કોઈ જુનાં રાજ્યના કોઈ છાપાના વિચાર વમળમાં પડી જતાં નહિ કારણ **ભાવનગર સમાચાર** તો જે નિયમિત વાંચતા હોય તેને ખબર પડે કે **ભાવનગર સમાચાર**માં કેવા મનનીય લેખો આવે છે.... તંત્રીશ્રીની ઠરેલ અને તુલનાત્મક કલમે કેવી વિગત ભરપુર વાતો આવે છે.... અને આજ વીસવીસ વરસ થયાં એ ભાવનગર સમાચારમાં તંત્રીશ્રીની પીઢ કલમે કેવી જ્ઞાન– વિજ્ઞાનવાળી વાતો સાથે આધુનિક રાજદ્વારી વાતોની છણાવટ થાય છે અને સાથોસાથ સાંસારિક સત્ય કિસ્સાઓ ભાવનગરના સંસ્કારી સજ્જનોની સભામાં કેવા કેવા ચર્ચાય છે એ તો **ભાવનગર સમાચાર** વાચતા હોય એને ખબર પડે એટલે પાણી પીવાથી તરસ છીપાય છે કે કેમ? એ જેમ કાંઈ કહેવાની કે સમજાવવાની વાત નથી પરંતુ સ્વાનુભવની વાત છે એમ **ભાવનગર સમાચાર**માં શું.... શું.... આવે છે એ પણ સ્વાનુભવ લેવાની વાત છે એનો તો વાચકો આપને જ્યારે અનુભવ લેવો હોય ત્યારે લેજો પણ અત્યારે તો આપ **ભાવનગર સમાચાર**નો તા. ૨૨ મી ઓગષ્ટ ૧૯૫૯ને શનિવારનો અંક ૩૪ મો વાંચો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાળા રાજાની ભાવના તો જુઓ !

દાદાજી ! હું બદરીનાથ જાઉં !

રહ્યુ ! બેટા ! ત્યાં હજી મોટર....ખટારા....કે AEROPLANE જતાં નથી પણ હાલવું પડે છે, માટે મોટા થાવ એટલે જરૂર જજો ! બેટા !

કોણ....કોને પુછે છે.... અને કોણ.... કોને.... જવાબ આપે છે એ સમજી ગયા હો તો સારી વાત છે...

નહિતર

– વાંચો –

બ દ રિ કા શ્ર મ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોક્સ સાથે રૂા. ૧–૮૭

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જય બદરીવિશાલ

નિકટ ગંગા બહત નિર્મલ, શ્રી બદરીનાથ વિશ્વંભરમ



શ્રી બદરીનાથ ધામ.

આ દર્શનની ઝંખના સૌ કોઈ હિંદુના હૃદયમાં ભરી પડી છે.

— વાંચો —

બદરિકાશ્રમ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ બોક્સ સાથે રૂા. ૧–૮૭

લેખક – સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સિદ્ધ મુનિજન કરત જય જય શ્રી બદરીનાથ વિશ્વંભરમ.

આંહી બિરાજતા પ્રભુજીની પૂજા કરવા નારદજી છ મહિના પધારે છે.

આજ મંદિરમાં બિરાજતા શ્રી બદરીનાથ પ્રભુના દર્શન માટે હરસાલ લાખો યાત્રાળુઓ બદરીનાથ આવે છે પરંતુ છ મહિના નરકી પૂજા અને છ મહિના નારદજી કી પૂજા એમ શા માટે કહેવાય છે ?



આ નિજ મંદિરનો ઘુમટ છે.

– વધુ વાંચો –

બ દ રિ કા શ્ર મ

પાના ૮૮૫ – ફોટા ૧૭૫. પચરંગી જેકેટ.

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ. બોકસ સાથે રૂા. ૧–૮૭

લેખક – સૌભાગ્યચંદ સંગળજી રાજદેવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જય બદરીવિશાલ

પવન મંદ સુગંધ શીતલ, હિમ મંદિર શોભિતમ્



મંદિરના ચોકનો એક ભાગ.

આ પુનિત.... પવિત્ર સ્થળના દર્શને હરસાલ લાખો યાત્રાળુઓ આવે છે.

વધુ વાંચો :

બદરિકાશ્રમ.

પાના ૮૮૫ – ફોટા ૧૭૫ પચરંગી જેકેટ.

કિંમત રૂ. ૫–૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂ. ૧–૮૭

લેખક : સૌભાગ્યચંદ મંગળજી રાજદેવ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અજબ ઋણ મુક્તિ

નાગબાપા પૂર્વજન્મની લેણ દેણની પતાવટ કેવી અજબ રીતે કરે છે!

ભાવનગરના સંસ્કારી સજ્જનોની આજની સભામાં એક નિવૃત્ત રેલ્વે કર્મચારી હાજર હતા. તે જરા વાત ડાહ્યા હતા. આપણા હિન્દુશાસ્ત્રોએ પુનર્જન્મનો જે અટલ સિદ્ધાંત સ્થાપિત કર્યો છે તેની ચર્ચામાં આજે અન્ય સભ્યો પડયા હતા. આ રેલ્વે કર્મચારી પણ તેમાં જોડાયા અને પોતાનું નજરે જોયેલું દૃષ્ટાંત આપવા સભ્યો તેમને આગ્રહ કરવા લાગ્યા. ત્યારે ત્રીશ વર્ષ પૂર્વે પોતે જોધપુર સ્ટેટ રેલ્વેસમાં મકરાણા સ્ટેશનના તાર માસ્તર હતા ત્યારે જે અદ્‌ભુત બનાવ નજરે જોયો હતો તે વર્ણવી બતાવ્યો જે સાંભળતા સૌ દિગ્મૂઢ બની ગયા. તેમણે કહ્યું:–

"હું ત્રીસ વર્ષ પર મકરાણા સ્ટેશનમાં તાર માસ્તર હતો. એક દિવસ સાંજની ગાડીમાંથી એક ધનાઢય વણિક શેઠ–શેઠાણી ઉતર્યા. સાથે તેમનો દોઢ વર્ષનો બાળક પણ હતો. તે ત્યાંથી દૂર આવેલ પોતાના ગામે ઉંટ પર બીજે દિવસે સવારે જવાના હતા. તેથી સ્ટેશન પાસેની ધર્મશાળામાં રાત રહેવા ઠરાવ્યું હતું. સ્ટેશનમાંથી ગાડી ઉપડી ગયા પછી તેઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધર્મશાળામાં ગયા અને એક ઓરડીમાં સામાન મૂક્યો. તેમનો બાળક પાસેજ ફળીમાં રમતો હતો ત્યાં એક ભયંકર દૃશ્ય જોતાં જ શેઠ–શેઠાણી અને અન્ય વટેમાર્ગુ દંગ થઇ ગયા અને સૌ ભયથી વિહવળ બન્યા. પેલો બાળક રમતો હતો ત્યાં થોડી વારમાં જ કયાંકથી એક કાળો નાગ ધસી આવ્યો અને બાળકને વીંટાઇને પોતાની ફેણ બાળકની છાતી પાસે નમાવીને ઉભો હતો અને પેલો બાળક ફળીઆમાંથી ધૂળની ચપટીઓ ભરીને તેની ફેણ પર છાંટતો હતો. એ બન્ને તો જાણે આ ખેલ કરતા હતા પણ પેલાં શેઠ–શેઠાણી અને અન્ય લોકોની તેના પર નજર જતાં જ સૌ કોઇ કંપી ઊઠયું. પણ આ નાગ તથા બાળકના ખેલમાં દખલ કરવાનું સાહસ કોઇ ખેડી શકયું નહિં, શેઠ–શેઠાણી તો દુઃખથી વિલાપ કરતાં હતાં અને રોચા સિવાય તે કરી પણ શું શકે તેમ હતાં ?

એવામાં એક ઉંટવાળા રજપુતે શેઠ પાસે આવીને કહ્યું "મારી પાસે બંદૂક છે હું નિશાનબાજ છું અને મારૂં નિશાન કદ્દી ખાલી જતું નથી. હું હમણાં બંદૂકની ગોળી છોડી નાગને વિંધી નાંખું. પણ કમભાગ્યે જો ગોળી બાળકને વાગે અને કશુંક થાય તો ? માટે જો તમે એ જુમેદારીમાંથી મને મુકત કરવાને કાગળ પર લખી આપો તો હમણાંજ હું ગોળી છોડી નાગની ચૂડમાંથી તમારા છોકરાને છોડાવું." શેઠે એ વાત સ્વીકારી તેને કાગળ પર લખી આપ્યું, કેમકે બીજો કશો ઇલાજ નહોતો. પેલા રજપુતે ગોળી છોડી અને ધાર્યું નિશાન લીધું. નાગ ગોળીથી વિંધાયો અને નીચે પડયો. અને બાળક બચી ગયો. શેઠ–શેઠાણી ખૂબ રાજી થયાં અને પેલા રજપુતને મોટી રકમનું ઇનામ આપવા લાગ્યાં, પરંતુ પેલા રજપુતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કશું સ્વીકાર્યું નહિં. ત્યાં ઉભેલા માણસો તો તેની વીરતા તથા સચ્ચાઈ દેખી તેના વખાણ કરવા લાગ્યા.

પરંતુ રાતના આરામ પછી પ્રાતઃકાળમાં વટેમાર્ગુઓએ જોયું કે એ રજપુત ધર્મશાળાની ઓશરીમાં સર્પદંશથી મૃત્યુ પામેલો પડયો હતો. તેના જમણા પગના અંગુઠામાંથી લોહી વહી જતું હતું. એ જોઈ ત્યાં દોડધામ થઇ પડી એવામાં ત્યાં સુભાગ્યે એક સર્પ–વિદ્યા જાણનારો સજ્જન પુરૂષ આવી પહોંચ્યો. તેણે કહ્યું. "હું કોઇ માધ્યમ–બાળક દ્વારા મારી આ વિદ્યાનો પ્રયોગ કરી સર્પના આત્માને બોલાવી પૂછી શકું છું કે તું આ માણસને શા કારણથી કરડયો છે? અને તેને સમજાવી કરી પોતાનું વિષ ચુસી લેવા વિનતિ કરૂં છું. જેથી સર્પ સદેહે આવીને આનું વિષ ચુસી લેશે તો આ માણસ બેઠો થશે. કારણ કે સર્પ કરડેલા માણસનું તત્કાળ મૃત્યુ થતું નથી." આ સર્પ ઉતારનાર પુરૂષની વાત સાંભળી ત્યાં ભેગા થયેલા બધા માણસોને ભારે કુતૂહલ થયું.

પછી એક આઠ–દસ વર્ષના બાળકને માધ્યમ બનાવવાનું નક્કી થયું અને તેને સામે બેસાડી ઘડામાંથી જળ છાંટી મંત્રોચ્ચાર તેણે કર્યા તેવોજ સર્પનો આત્મા એ બાળકમાં પ્રવેશીને બોલી ઉઠયો "હું ગઇ કાલવાળો જ નાગ છું. બંદૂકની ગોળી વાગવાથી હું મૃતપ્રાય થઇ ગયો હતો. પણ મારા શરીરના બે ટુકડા થયા નહોતા. મને લોકોએ પાસેની કાંટાની વાડમાં ફેંકી દીધો હતો. રાત પડતાં પૂર્વી હવાના લેરખા આવ્યા અને મારા શરીરમાં પ્રાણ સંચાર થયો અને મારો ઘા પણ જરા ઠીક થયો. મધ્ય રાત્રે હું ધીમે ધીમે સરકતો આ ધર્મશાળામાં આવ્યો અને આ રજપૂત ઉંઘતો હતો તેને ખોળી તેના પગના અંગુઠે દંશ દઇને મેં વેરનો બદલો લીધો છે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એથી એ સર્પ ઉતારનાર પુરૂષે કહ્યું "નાગ દેવતા! હવે આપ કૃપા કરી તેને માફ કરો અને પ્રગટ થઇ તેનું વિષ ચુસી લ્યો." ત્યારે તેના આત્માએ ઉત્તર આપ્યો કે "આ શેઠના પુત્રનું ત્રણ જન્મ પહેલાંનું મેં રૂા ૫૦૦) પાંચસો રૂપીઆનું કરજ કર્યું છે. એ વેળા આ પુત્ર તથા હું બન્ને મનુષ્ય-યોનિમાં હતા. પણ એ જન્મમાં હું કરજ-મુકત થઇ શકયો નહિં. વળી એ પછી મારો જન્મ મનુષ્ય યોનિમાં થયો નહિં. તેથી હું તેનું કરજ ફેડી શકયો નહિં. સંજોગવશાત મેં ગઇ કાલે સાંજે આ બાળકને જોયો અને મને પશ્ચાત્તાપ થયો અને એ પ્રગટ કરવા માટે હું તેના પગમાં પડી માથું નમાવી ક્ષમા માગતો હતો અને આ બાળક મારી ફેણ પર-મારા માથા પર ધુળની ચપટી ભરીને નાંખતો હતો કે "રે ભૂંડા, તને ધિક્કાર છે. તેં ત્રણ ત્રણ જન્મ લીધા તો પણ હજુ સુધી તારૂં ઋણ ફેડયું નહિં!" આ પ્રકારનો ભાવ અમે પરસ્પર પ્રગટ કરી રહ્યા હતા ત્યાં આ રજપૂતે આવીને મને નિરપરાધીને ગોળી મારી. હવે જો તે મારૂં આ ઋણ મારી સમક્ષ ચુકવી દે તો હું પ્રત્યક્ષ આવીને ઝેર ચૂસી લઇશ." આ વાત સાંભળતાં પ્રેક્ષકો દંગ થઇ ગયા. પ્રેક્ષકોમાંથી એક સજ્જને ખીસ્સામાંથી પાંચસો રૂપીઆ કાઢીને પેલો બાળકના હાથમાં અને ગજવામાં ભરી દીધા. તેવોજ પેલો નાગ એક બાજુથી દોડતો આવ્યો અને પેલા રજપુતના અંગુઠા પર દંશ દીધો હતો ત્યાંથી ઝેર ચૂસી લીધું. બે ત્રણ મિનિટમાંજ રજપુત સળવળ્યો અને બેઠો થયો. જ્યારે આ સર્વ વાત તેણે સાંભળી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યારે પેલા પાંચસોની રકમ દેનાર સજ્જનનો આભાર માનવા લાગ્યો અને પોતાનો ઉંટ વેચીને તથા બીજાના ઉછીના લઇને એ રકમ પેલા સજ્જનને ભરી આપી. અને પ્રભુનો પાડ માની પોતાને ગામ ગયો. પેલો સાપ પણ ત્યાંથી ચાલ્યો ગયો. આ વસ્તુ મારી સગી આંખે મેં મકરાણાની એ ધર્મશાળામાં નજરે જોઇ છે. તેમાં મુદ્દલ સંદેહ રાખવા સરખું નથી. આમ પુનર્જન્મ તો છેજ અને લેણદેણના સંબંધ પણ પુરા કરવાજ પડે છે."

આ રેલ્વે કર્મચારીની આ સ્વાનુભવની નજરે જોયેલી હકીકત સાંભળી સૌ સભ્યો ભારે આશ્ચર્ય પામ્યા અને તેનીજ ચર્ચા કરતાં સૌ છૂટા પડયા.

વાચકો ! વાંચ્યુંને કેવી ઋણાનુંબંધની વાતો છે અને આ કિસ્સો વાંચ્યા પછી જે ગ્રહણ કરવા જેવું લાગતું હોય તે ગ્રહણ કરજો કારણ એ ગજ કાતર લઇને બેઠેલો હરજી કોઇને કોઈ પણ જનમમાં છોડવાનો નથી.

ચાલો વાચકો ! આ ઋણાનુંબંધનો કિસ્સો પૂર્ણ કર્યો પરંતુ ખટારો તો હજુ આવ્યો નથી. વળી વરસાદ પણ વધ્યો છે બપોરના ચાહપાણી પણ પીવાઇ ગયા છે. વળી શાંતિભાઈના સ્નેહી દુકાનદારે દુકાનમાં જાજમ પાથરી બેસવાની સગવડતા પણ કરી આપી છે અને સાથેસાથ પોતાનાજ બગીચાનાં સક્કરજન પણ અતિથ્ય સત્કાર માટે આણ્યા છે માટે સક્કરજન ખાતા જઇએ અને ભાવનગર સમાચારમાં છપાએલ પૂર્વજન્મના....પુનર્જન્મના....સત્ય ઘટનાવાળા બીજા કિસ્સા પણ વાંચતા જઈએ ત્યાં તો ખટારો પણ આવી જશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાંચ વરસનો
કરીમ ઉલ્લા કહે છે કે:
મારો ભાઈ પાકિસ્તાનમાં છે.

ભાવનગર સમાચારમાં કેટલાક વખત પહેલાં પુનર્જન્મના ચાર–પાંચ બનાવો આપવામાં આવ્યા હતા. એવોજ એક બનાવ હમણાં ઉત્તર પ્રાંતમાં બરેલી ખાતે એક મુસ્લિમ કુટુંબમાં બન્યાનું બહાર આવ્યું છે કહેવામાં આવે છે કે આ ગામનો એક મુસ્લિમ શિક્ષક હશ્મત ઉલ્લા અન્સારી જ્યારે ઇકરામઅલી નામના એક જમીનદારને ત્યાં ટ્યુશન આપવા ગયો ત્યારે તેનો પાંચ વરસનો પુત્ર કરીમ ઉલ્લા તેની સાથે હતો. આ છોકરો જમીનદારને મકાને પહોંચતાં એકદમ મકાનની અંદર દાખલ થઇ ગયો અને જમીનદારની વિધવા પુત્ર વધૂ ફાતિમાનો હાથ પકડી એને કહ્યું કે, "ફાતિમા! તું તો મારી બીબી છો." એક નાના બાળકના આ શબ્દો સાંભળી ફાતિમા એકદમ બેભાન જેવી થઇ ગઇ. એમ કહે છે કે, છોકરાની પૂર્વ સ્મૃતિ જાગૃત થઇ ગઇ હતી. અને કોઇના પણ બતાવ્યા વિના આખા મકાનમાં જાણે પોતાનુંજ મકાન હોય એમ વ્યવહાર કરવા લાગ્યો. પોતાની પૂર્વજન્મની પત્નીના ઓરડામાં જઈ પહેલાં પોતે જે ખુરશી ઉપર બેસતો તેની ઉપર બેસી ગયો. અને ફાતિમાના સસરા (પોતાના પૂર્વ પિતા)ને "અબ્બા, અબ્બા" એ નામથી બોલાવવા લાગ્યો. ફાતિમા પાન બનાવતી હતી ત્યાં જઈ કરીમ ઉલ્લાએ કહ્યું "ફાતિમા હું પણ પાન ખાઇશ." પછી તપાસ કરતાં એમ જણાયું કે, ફાતિમાનાં પતિ ફારૂકનું મૃત્યુ પાંચ વર્ષ પૂર્વે થયું હતું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને જ્યારે આ બનાવને અંગે જમીનદારને ત્યાં લોકો એકઠા થઈ ગયા ત્યારે છોકરાએ પુર્વજન્મની એવી વાતો કરી કે જે માત્ર ફાતિમા અને એનો પતિ ફારૂક બેજ જણ જાણતાં હતા. છોકરાએ કહ્યું કે, મેં મારો ભાઈ જે પાકિસ્તાનમાં છે, તેને પાંચહજાર રૂપીઆ મોકલ્યા છે. અને ત્રણહજાર રૂપીઆ બેંકમાં છે. આ વ્યકિત લાહોરમાં વેપાર કરે છે અને ફારૂકનો (છોકરાનો) ઈરાદો પણ લાહોર જઈ રહેવાનો હતોઃ આ બધી હકીકતનો છોકરા કરીમઉલ્લાએ ઘટસ્ફોટ કર્યો હતો. એણે પોતાના પહેલાંના એક ભાઈ ઉમર આદિલનું નામ પણ કહ્યું હતું. એણે એમ પણ કહ્યું કે મારા સસરાને ત્યાંથી એક બંદુક ચોરાઈ ગઈ હતી, જે સાચી હકીકત હતી. આ વગેરે વાતો સાંભળી **કરીમ ઉલ્લાના પુર્વજન્મના પિતા જમીનદારે કહ્યું કે, "આજ સુધી હું પુનર્જન્મમાં વિશ્વાસ રાખતો ન હતો પણ મારી આંખની સામે જે હું દેખું છું તે ઉપરથી હું પુનર્જન્મનો ઇન્કાર કરી શકતો નથી.**

કેમ વાચકો વાચ્યું ને! આ પણ અજબ કિસ્સો છે કે કબ્રસ્તાનમાં સુતેલા જીવો કયામતના દિવસેજ ખુદાનાં દરબારમાં હાજર થાય તે પહેલાં એ કબ્રસ્તાનમાં સુતા સુતા કયામતના દિવસની રાહ જોયાજ કરે.... જોયાજ કરે... એવું માનનાર મુસ્લિમ જાતિના એક પાંચ વરસના કરીમ ઉલ્લાના પુર્વજન્મના જમીનદાર પિતાને પણ કહેવું પડયું કે:—

"હું પુનર્જન્મમાં વિશ્વાસ રાખતો ન હતો પણ મારી આંખની સામે જે હું દેખું છું તે ઉપરથી હું પુનર્જન્મનો ઇન્કાર કરી શકતો નથી."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવી ગેબી વાતો છે પુનર્જન્મની... પુર્વજન્મની... વાચકો ! હવે ભેગાભેગો એક બીજો કિસ્સો પણ વાંચો ત્યાં ખટારો પણ આવી જશે અને આપણા સાથે જો કોઇ ગુંચવાળી ગાંઠડી રહી ગઇ હશે તો એ પણ ઉતરી જશે કારણ આતો એક નહિ.... બે નહિ.... પરંતુ ત્રણ ત્રણ જનમની વાતો કરતી સુવર્ણલતાનો કિસ્સો છે.

એક નહિ.... બે નહિ.... પરંતુ ત્રણ ત્રણ જનમની વાતો કરતી સુવર્ણલતા.

(થોડા વખત પહેલાં એક મુસ્લિમ બાળકના પુર્વઃજન્મની વિગત આ પત્રમાં આપવામાં આવી હતી. (ભાવનગર સમાચાર) આવીજ બીજી છાપાઓમાં પ્રગટ થએલી એક સત્ય ઘટના આંહી આપવામાં આવી છે. મનોવૈજ્ઞાનિકો આ સબંધી કાંઇ ખુલાસો કરે એ ઇચ્છવા યોગ્ય છે. તંત્રી.)

મધ્ય પ્રાંતના રેવા વિભાગમાં ત્રીકમગઢ જીલ્લામાં જતારા તાલુકાસાં શાહપુરા ગામમાં આજથી દસ વર્ષ પહેલાં સુવર્ણલતા નામની એક બાળાનો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં થયો છે. આ બાળા પોતાના પુર્વના બે જન્મની હકીકત કહે છે. મધ્ય પ્રદેશમાં આવેલા છતરપુરમાં શિક્ષણ વિભાગમાં અત્યારે કામ કરતા બ્રાહ્મણ ગૃહસ્થ મનોહરલાલ મિશ્રની એ પુત્રી છે. સાગર યુનિવર્સિટીનાં વાઇસ ચાન્સલર અને મધ્ય પ્રદેશના એક વખતના ગૃહમંત્રી પંડિત દ્વારકાપ્રસાદ મિશ્ર, આચાર્ય નંદદુલારે વાજપેયી, મધ્ય પ્રદેશ કોંગ્રેસ કમિટીના ભુતપુર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રમુખ અને પાર્લામેન્ટના સભ્ય શેઠ ગોવિંદદાસ, રાજપુતાનાના ગંગાનગરના શેઠ મન્નુલાલ મેમોરીઅલ સંસ્થાના માનદ ડાયરેકટર શ્રી એચ. એન. બેનરજી વગેરે ગૃહસ્થો સુવર્ણ-લતાને મળ્યા છે અને એ બધાને તેની પુર્વજન્મની હકીકત સાંભળી ઘણું આશ્ચર્ય થયું છે. શેઠ ગોવિંદદાસે તો એ બાળાને મળ્યા પછી કહ્યું કે, "એવું કોઇ કારણ નથી કે આ બાળાના કથન ઉપર અવિશ્વાસ મુકી શકાય. અથવા તો તે જુઠું બોલે છે એમ કહી શકાય. કટનીના શ્રી હરિપ્રસાદ પાઠક જે સુવર્ણલતાના પુર્વજન્મના નાનાભાઈ છે એમ તે કહે છે તે પણ મારા મકાનમાં હાજર હતા, અને બધાની હાજરીમાં સુવર્ણલતાએ શ્રી હરિપ્રસાદ પાઠકના કુટુંબ સાથે સબંધ ધરાવતી ઘણી હકીકતો કહી હતી. જેનું પાઠકજીએ સમર્થન કર્યું હતું. પાઠકજી મારા જુના મિત્ર છે અને હું નથી ધારતો કે તેમને જુઠું બોલવાનું કાંઇ કારણ હોય!"

"થોડા દિવસો પહેલાં સુવર્ણલતા એના મોસાળના ગામ જબલપુરમાં આવી હતી. જબલપુરના સુપ્રસિદ્ધ સામુદ્રીક શાસ્ત્રી પંડિત રાધીકાપ્રસાદ પાઠકની એ પૌત્રી છે. શ્રી રંગનાથ પાઠક એનાં મામા છે. જબલપુરમાં તે બરાબર પંદર દિવસ રહી દરમ્યાન એને મળવાની મને પણ તક મળી હતી. તેને જે પ્રશ્નો પુછવામાં આવ્યા હતા તેના બરાબર ઉત્તર આપવા ઉપરાંત બંગાળી અને આસામી ભાષા મિશ્રિત હાવભાવ તથા નૃત્ય સાથે તેણે ગીતો પણ ગાયાં હતા. આ બાળાએ પોતાની દસ વરસની ઉંમરમાં મધ્ય પ્રદેશની બહાર કયાંઇ પણ પગ મુકયો નથી. તેમ તેને નૃત્ય કે ગાનનું શિક્ષણ પણ આપવામાં આવ્યું નથી. તેને પુછતાં તેણે કહ્યું કે, તેનો એક જન્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કટનીમાં ઝરાટીકુરીઆ મહોલ્લામાં રહેતા શ્રી હરિપ્રસાદ પાઠકને ત્યાં થયો હતો. તે વખતે મારે ચાર ભાઇ અને બે બહેનો હતી. સૌથી મોટી હું હતી અને મારૂં નામ બીઆ હતું. લગભગ ૪૦ વર્ષની ઉંમરે મારૂં મૃત્યુ થયું હતું એની પહેલાં મને ગળાનો રોગ થયો હતો, અને દવા કરવા માટે મને જબલપુર લઈ જવામાં આવી હતી. ત્યાં ડાકટર બરાટે મારી દવા કરી હતી પરંતુ મને સારૂં થયું ન હતું. આ વખતે મારી એક બહેનનું પણ મૃત્યુ થયું હતું. એ જન્મમાં મારૂં લગ્ન મહેરના ચિંતામણી પાંડેની સાથે થયું હતું. લગ્ન વખતે પાંડેની ઉંમર ૨૨ વર્ષની લગભગ હતી, એનો શું ધંધો હતો એ મને યાદ રહ્યું નથી પરંતુ એટલું જરૂર યાદ છે કે મારા પતિના શરીરનો રંગ શામળો હતો, અને તે વખતે મારે બે પુત્રો અને એક પુત્રી થયાં હતાં મારો એક જન્મ સીલહટમાં પણ થયો હતો અને તે વખતે મારૂં નામ કમલેશ હતું. મારા પિતાનું નામ શ્રી રમેશ, માતાનું નામ શશીમાતા અને મારી એક બહેનપણીનું નામ મધુ હતું મારા ઘરે એક મોટરકાર હતી જેમાં બેસીને હું હંમેશાં નિશાળે જતી. એક વખંત હું નિશાળે મોટરમાં જતી હતી તે વખતે મોટરના અકસ્માતમાં મારૂં મૃત્યું થયું હતું. મને એટલું યાદ છે કે, અકસ્માતના સ્થળે નહિ પરંતુ ઇસ્પીતાલમાં મારૂં મૃત્યુ થયું હતું. તે વખતે મારી ઉંમર લગભગ નવ–દસ વર્ષની હતી.”

સુવર્ણલતાને એટલું યાદ નથી કે તેનો પહેલો જન્મ કટનીમાં થયો હતો કે સીલહટમાં? પરંતુ એમ જણાય છે કે તેનો બીજો જન્મ સીલહટ (આસામ)માં થયો હતો. કેમકે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુવર્ણલતા એના કટનીવાળા જન્મમાં જો આજ સુધી જીવતી હોય તો અત્યારે તેની ઉંમર ૬૦ વર્ષની હોય, કેમકે સને ૧૯૩૯ માં લગભગ ૪૦ વર્ષની ઉંમરે એનું મૃત્યુ થયું હતું. પરંતુ અત્યારે તેની ઉંમર ૧૦ વર્ષની છે, એટલે વચ્ચેનો દસ વર્ષનો ગાળો એ તેના સીલહટના જન્મનો ગણી શકાય. આ ઉપરથી જણાય છે કે, સુવર્ણલતાનો પહેલો જન્મ કટનીમાં, બીજો જન્મ સીલહટમાં અને ત્રીજો જન્મ (હાલનો જન્મ) શાહપુરામાં શ્રી મનોહરલાલ મિશ્રને ત્યાં થયો. સુવર્ણલતાને અત્યારે ત્રણ ભાઈ અને ત્રણ બેન છે.

સુવર્ણલતાના પિતા શ્રી મનોહરલાલ મધ્ય પ્રાંતમાં શિક્ષણ વિભાગમાં કામ કરે છે. તેમણે પોતાની આ વિચિત્ર પુત્રીના સબંધમાં કહ્યું કે, "સાત વર્ષ પહેલાં તેઓ કુટુંબ સહિત જબલપુરથી પન્ના એક મોટર ટ્રકમાં આવતા હતા ત્યારે કટનીની પાસે આવતાં ત્રણ વર્ષની સુવર્ણલતાએ ડ્રાઇવરને પોતાના ઘર તરફ ટ્રકને વાળવાનું કહ્યું, અને મને પણ કહ્યું કે, "તમે મોટર સ્ટેન્ડ ઉપર ગંદી ચાહ તૈયાર ન કરાવતાં મારે ઘેર ચાલો. નજીક જ છે અને ત્યાં તમને હું દુધની ચાહ પાઈશ." આ વખતે તેની વાતનો અમને કોઈને વિશ્વાસ બેઠો નહોતો તથા કેવળ બાળચેષ્ટા લાગી હતી."

કેટલાક દિવસો પહેલાં સુવર્ણલતાની મા ઘઉં સાફ કરતી હતી ત્યારે તેણે કહ્યું: "મા, ગીત સાંભળીશ? ચાલ, આજ હું તને ગીતો સંભળાવું." તેની માએ કહ્યું. "જો તું ગીતો ગાઈશ તો હું જરૂર સાંભળીશ." ત્યાર પછી સુવર્ણલતાએ ઘણાં ગીતો ગાયાં. પરંતુ એની ભાષા વિચિત્ર હતી. જેથી તેની મા કાંઈ સમજી નહિ, પરંતુ જ્યારે તેણે લાગલગાટ ગાવાનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાલુ રાખ્યું ત્યારે તેની માને વહેમ પડયો કે, છોકરીને કાંઇક નડતર છે. એટલે પોતાના પતિની ગેરહાજરીમાં એણે ભુવાની મદદ લીધી. પરંતુ તેનો પતિ શ્રી મનોહરલાલ ઓફિસમાંથી ઘેર આવ્યો ત્યારે નજીકમાં રહેતા પોતાના પરિચિત ડોકટર મુકરજીને તે બોલાવી લાવ્યા. ડોકટર મુકરજીએ કહ્યું કે, "આ છોકરી જે ભાષા બોલે છે તે બંગાળી મિશ્રિત આસામી ભાષા છે. એનામાં કોઇ પ્રકારનું ગાંડપણ નથી." દરમ્યાન સાગરના ગૌરીશંકર શ્રીવાસ્તવ ગામમાં આવ્યા. તેઓ બંગાળી ભાષા જાણતા હતા. તેણે સુવર્ણલતાને જોઇને કહ્યું કે "આ છોકરી બે ત્રણ માસ મારી પાસે રહે તો એ સારી રીતે બંગાળી ભાષા બોલી શકે."

સુવર્ણલતાના પિતા શ્રી મનોહરલાલ મિશ્રે કહ્યું કે "ગયે વર્ષે (૧૯૫૮ માં) સાગર વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ છતરપુર તુલસી જયંતિ ઉપર આવ્યા હતા તે વખતે તેમને સુવર્ણલતાની ખબર મળી. તેમણે પણ સુવર્ણલતાના પૂર્વ-જન્મની હકીકત એને મોઢેથી સાંભળી હતી અને તેથી તેમણે સુવર્ણલતાને સાગર લઇ જઇ મનોવૈજ્ઞાનિકો અને ચિકિત્સકો મારફત તપાસ કરવાની ઇચ્છા જણાવી હતી. શેઠ મન્નુલાલ ઇન્સ્ટીટયુટ ગંગાનગરના માનદ સંચાલક શ્રી હેમેન્દ્ર બેનરજી ગયા માર્ચ મહિનામાં છતરપુર સુવર્ણલતાને મળવા આવ્યા હતા. એમણે સુવર્ણલતાની સાથે લાંબો વખત વાત કરી અને એના પૂર્વજન્મ સબંધી સ્મૃતિઓ તથા ગીતોનું ટેપરેકોર્ડીંગ કરી લીધું, શ્રી બેનરજીએ છોકરીના બાપ મનોહરલાલ મિશ્રને કહ્યું કે, સરકારની મદદથી આ છોકરીને જો ચિકિત્સા માટે પરદેશ મોકલવામાં આવે તો પૂર્વજન્મ સબંધી બનાવો ઉપર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઘણો પ્રકાશ પડે. શ્રી બેનરજીએ બીજા માણસો પાસેથી પણ હકીકત મેળવી લખી લીધી, અને ખાનગી રીતે તપાસ પણ કરી કે લોકોને છેતરવા માટે આ પિતા પુત્રીએ જાળ તો નથી પાથરીને ?

સુવર્ણલતાએ કટનીના પોતાના પૂર્વજન્મ સબંધી જે વિગતો આપી હતી તેની ખાત્રી કરવા શ્રી બેનરજી કટની પણ ગયા હતા, અને ત્યાં જઈ હરિપ્રસાદ પાઠકના કુટુંબને મળ્યા હતા. એમને કહેવામાં આવ્યું કે, અનેક બનાવો અને સત્ય હકીકતો સુવર્ણલતાના કથનની સાથે મળતાં આવે છે. વળી શ્રી બેનરજી, કટની આવ્યા પહેલાં દતીઆ મ્યુનિસિપાલિટીના ભુતપુર્વ પ્રમુખને મળ્યા હતા, ત્યારે બેનરજીને સુવર્ણલતા સબંધી એમની સાથે પણ વાતચીત થઇ હતી, એમણે બેનરજીને કહ્યું હતું કે, જો કે સુવર્ણલતાને તેના પાછલા જન્મના બનાવો યાદ છે પરંતુ ધીરે ધીરે એની સ્મૃતિ નાશ પામતી જાય છે, અને કદાચ એક બે વર્ષમાં તે બધું ભુલી જશે હરિપ્રસાદ પાઠકને, કે જેને અગાઉ કહ્યું તેમ સુવર્ણલતા પોતાના પૂર્વજન્મના નાનાભાઈ તરીકે ઓળખાવે છે તે પોતાના કેટલાક મિત્રોની સાથે સુવર્ણલતાને મળવા ગયા એપ્રિલ માસમાં છતરપુર ગયા હતા. તેમણે અગાઉથી કોઇને કહ્યું પણ ન હતું. તેઓ એકાએક જ મનોહરલાલ મિશ્રને ઘેર પહોંચ્યા ત્યારે સુવર્ણલતા દેવદર્શન માટે બહાર ગઇ હતી. જ્યારે તે આવી ત્યારે હરિપ્રસાદ પાઠકે એને કટનીનું મકાન કેવું છે અને મકાનની આસપાસ શું છે એ વગેરે પુછ્યું. સુવર્ણલતાએ તેના સંતોષકારક જવાબો આપ્યા પરંતુ હરિપ્રસાદના નામની જગ્યાએ તેણે હરિલાલ એ પ્રમાણે કહ્યું ત્યાર પછી હરિપ્રસાદ પાઠક પોતાને ગામ કટની આવ્યા અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુવર્ણલતાનું સાસરૂં જે મહેર ગામમાં હતું ત્યાં ખબર આપ્યા એટલે તે વખતનો તેનો પતિ ચિંતામણી પાંડે અને તેનો પુત્ર મુરલી છતરપુર ગયા. પિતા–પુત્રને છોકરીએ ઓળખી લીધા એટલું જ નહિ પણ પાંડેની જે વખતે ૨૩ વર્ષની ઉંમર હતી તે વખતના એના જુના થઇ ગએલા ગ્રુપ ફોટોગ્રાફમાંથી પણ ઓળખી લીધા. તેની પરીક્ષા કરવા મુરલીનું નામ રામપ્રસાદ છે એમ કહેવામાં આવ્યું. પરંતુ સુવર્ણલતાએ કહ્યું કે, તેનું નામ મુરલી જ છે. ઉપરાંત પોતાના સાસરાના ગામ સબંધી પણ તેણે કેટલીક વાતોના ખુલાસા કર્યા હતા.

સુવર્ણલતાનો પિતા તેને સાથે લઇ કટની ગયા હતા જેવી તે કટનીમાં પોતાના પૂર્વજન્મના ઘેર પહોંચી કે આંગણામાં દાખલ થતાં એક લીંબડાનું ઝાડ હતું તે હવે કેમ નથી? એમ પુછ્યું. સિવાય તેણે ઘરના જુના માણસોને પણ ઓળખી લીધા. હરિપ્રસાદના એક મિત્રને એણે કહ્યું કે, "હું જ્યારે આંહી હતી ત્યારે તમે ચશ્મા પહેરતા ન હતા તો અત્યારે પણ ચશ્મા ઉતારી નાખો. સિવાય એણે પોતાનાં તે વખતનાં મા બાપની છબીઓને પણ ઘણી છબીઓમાંથી ઓળખી કાઢી હતી. કટનીમાં આ રીતે તે ચાર દિવસ રહી હતી. તે જ્યારે પોતાના પૂર્વજન્મની વાતો કહે છે ત્યારે હાલની તેની અવસ્થાને ભુલી જાય છે, અને ગંભીર બની જાય છે. તેણે એક સવાલના જવાબમાં કહ્યું હતું કે, "મારી પોતાની સાથે સબંધ રાખતી બાબતો જ મને યાદ છે પરંતુ પુર્વજન્મના મારા ગામમાં, શહેરમાં કે દેશમાં શું શું ફેરફારો થયા તેનો મને ખ્યાલ નથી. આ છોકરી લાલચ અને પ્રલોભનથી આજ સુધી દુર રહી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેમ વાચકો! અજબ વાતો છે ને પુનર્જન્મની.... હવે તમો પુર્વજન્મમાં.... કે પુનર્જન્મમાં માનતા હો તો માનજો, ન માનતા હો તો ન માનજો એમાં મારો કશો આગ્રહ નથી કારણ માનવીના માનવા ન માનવા સાથે કુદરતના કાનુનોને કશી નિસ્બત નથી, કેમકે ગુરુત્વાકર્ષણના નિયમને સર આયઝાક ન્યુટનના જન્મ પહેલાં કોઇ માનતું ન હતું એટલે એ નિયમ પહેલાં નહોતો એમ ન હતું એવીજ રીતે પુનર્જન્મના નિયમમાં કોઇ ન માનતું હોય તેથી એ નિયમ ન હોવો જોઇએ એમ પણ નથી કારણ આ તો એક ઈશ્વરી યોજના છે નહિતર ગરીબ મા–બાપને ત્યાં જન્મેલો મનુષ્ય ધનાઢય બને છે તે ન બનત! અભણ કે ઓછા ભણેલ મા–બાપને ત્યાં જન્મેલો મનુષ્ય મહાન વિદ્વાન થાય છે તે ન થાત! અને સા...રી.... ગ....મ...શું કહેવાય એવા સંગીતથી બીલકુલ અપરિચિત મા–બાપને ત્યાં સંગીતવેત્તા જન્મે છે એ ન જન્મત! એટલે કાળચક્રનો નિયમ **વિચાર શરીર–વાસના શરીર અને સ્થુલ શરીરને** સર્જી ઋણાનુંબંધ પ્રમાણે અનેક જન્મો ધારણ કરાવી લેણ.... દેણ પુરા કરાવે છે.

ચાલો વાચકો! પુનર્જન્મની.... પુર્વજન્મની.... કૌતુકવાળી વાતો આંહી પુરી થાય પણ સાથોસાથ આ વાતો પુરી કરતાં પહેલાં ભગવાને સ્વમુખે દીધેલા વેણ પણ સંભારીએ :

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"હે અર્જુન! મારા અને તારા ઘણાં જન્મો થઈ ગયા છે, એ સઘળાં જન્મો હું જાણું છું હે પરંતપ! તે તું જાણતો નથી.

વાચકો આવી છે પુનર્જન્મની વાતો. માનવાવાળા માને પરંતુ હવે ખટારો આવતો લાગે છે કારણ એના ભુંગળાનો વિચિત્ર અવાજ આ વન જંગલોમાં ભમી પુનર્જન્મ પામીને આપણા કાનોમાં અથડાઈ રહ્યો છે.

ખટારો આવ્યો અને અમો જલારામ બાપાની.... ગુરુદેવની કૈલાસપતિની.... અને ઉમાપતિ મહાદેવકી જે બોલી ખટારામાં બેઠા અને આજના આનંદને.... અંગ્રેજ સાધુની કૃષ્ણ ભકિતને.... સંભારતા સંભારતા આલમોડા પુગ્યા અને ટુરીસ્ટ હોમે જઇ સંધ્યા આરતી કરી જમી પરવારી ફરીને આજના સમૃદ્ધ આનંદને સંભારતા.... વાગોળતા... જ્યારે પથારી ભેગાં થયાં ત્યારે સહેજે રાતના દશ તો કયારના વાગી ગયા હતા.

જય જલારામ.

—o—

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભરી ભરીને પી લે ! મનવા, હૃદય ભરીને પી લે !....



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩૩

હવે તો પાછા અંજળે અવાશે એવા ભાવ સાથે આલમોડાથી ઉપડયા.



કૈલાસ દર્શન

વાચકો આજે તા. ૨૩–૭–'૫૯ ને ગુરૂવાર છે આપણને આંહી આવ્યા આજે અગીઆર દિવસ થયાં છે. આ અગીઆર દિવસમાં આપણે આલમોડાની આજુબાજુના તીર્થસ્થળો જોઇ આવ્યા છીએ હવે આંહી વિશેષ રોકાવાનું ખાસ પ્રયોજન નથી એટલે કાલે આંહીથી રવાના થઇ નૈનીતાલ જવાની તૈયારી કરીએ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આલમોડામાંથી કોઈ નવીન વસ્તુઓ ખરીદવા જેવું ખાસ નથી છતાં સહયાત્રિકોએ આંહીની બનાવટના દેશી જાડા ધાબળા લીધા અને આંહીના મધ ઉછેરના ઉદ્યોગનું મધ પણ લીધું અને આવતી કાલે સવારે નવ વાગ્યે ઉપડતી બસમાં નૈનીતાલ જવા માટેનું રીઝર્વેશન કરાવી સાંજના પાતાલદેવી અને મા આનંદમૈયાના આશ્રમે દર્શન કરવા ગયા અને મા આનંદમૈયાના આશ્રમમાં ફ્રેંચ સાધુને પણ જોયા. વળતાં ત્રિપુરાશ્વરીદેવીના દર્શન કરી મંદિરના ચોકમાંના એક બાજુના ઓરડામાં રહેતા કોઈ દિગંબર સાધુના દર્શન કરવા ગયા અને ખબર પડી કે આ નાગાબાવા તો આંહી ઘણા વરસો થયા રહે છે.

દિગંબર સાધુની ઉંમર પાકટ વયની હતી પણ વયોવૃદ્ધ નો'તા છતા હિંદુસ્તાનના ઘણા સ્થળોએ ફરેલા હોય એવું વાતચીત ઉપરથી લાગ્યું. પોતે શરીરે રાખ ચોળીને ધુણી આગળ એની મસ્તીમાં બેઠા હતા અને જ્ઞાન સાથે પોતાના અનુભવોની વાતો પણ સંભળાવતા હતા, સાથોસાથ નો'તી દેખાતી એના ચહેરા ઉપર કોઇ જાતની ફિકર....કે નો'તી દેખાતી એમના ચહેરા ઉપર દુનિયાની ફિકર.... પરંતુ લાગતુ હતુ કે બાવાજીએ વસ્રોની સાથોસાથ હજુ અમુક તજી દીધુ હોત તો........? છતાં સભાન અવસ્થામાં દિગંબર સ્થિતિમાં રહેવું એ કાંઇ ઓછી વાત ન ગણાય!

કાકા કાલેલકરે લખ્યું છે કે "કેવળ દિશાઓને ઓઢી પહેરીને ફરનારા નાગા સાધુઓ આપણને વૈરાગ્યનું વાતાવરણ પુરૂ પાડે છે એ સાચું અને જ્યારે માથાથી પગ સુધી ઢંકાયેલી વ્યકિતઓ આંખના એક પલકારાથી અથવા નખરાના જરાક સરખા ઈશારાથી માણસને અસ્વસ્થ કરી મુકવા હોય તો તેમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરી નીચે પાડે છે એ પણ સાચું! એટલે દિગંબર સ્વરૂપજ કેવળ ઉપહાસને પાત્ર છે એવી માન્યતા રાખવી બરોબર નથી પરંતુ આપણે તો વિકારને પણ સાચવવા માગીએ છીએ અને વિવેકને પણ સાચવવા માગીએ છીએ એટલે નાગા બાવાઓને જોઇને આપણને નવાઇ ઉપજે એટલુંજ અસ્તુ!

આવતી કાલે તો હવે આ સ્થળ છોડવાનું હોવાથી અમો ત્રિપુરાશ્વરી દેવીના મંદિરેથી ગામમાં આવેલા બીજા દેવમંદિરો શ્રી રામમંદિરે.... શ્રી રાધાકૃષ્ણજીના મંદિરે અને શ્રી બદ્રીનારાયણના મંદિરે જઈ દર્શન કરી આવ્યા કારણકે હવે તો આ સ્થળે ફરી આવવાનું તો અંજળ હોય તોજ બને તેવું છે કેમકે ચીન–તિબેટની રાજકીય પરિસ્થિતિને અંગે કૈલાસ યાત્રા કયારે થાય એ તો કૈલાસપતિ જાણે...જલારામ બાપા જાણે... ગુરુદેવ જાણે... આપણે માનવી શું જાણીએ કે કાલે શું થવાનું છે એટલે "आजनो लहावौ लीजीए रे काल कोने दीठी छे." એ સુત્રને વળગી અમો તો આજે જેટલું વધુ જોવાય એટલું જોઈ લેવાના Moodમાં છીએ એટલે ગામમાં આવેલ "રામ–કૃષ્ણ ધામ"ના દર્શને શ્રી શાંતિભાઈ અમોને લઇ ગયા અને ત્યાં દર્શન કરી વૈજ્ઞાનિક પદ્ધતિથી મધમાખીઓનો મધ ઉછેર જોઈ અમોને નવાઈ લાગી અને રામ–કૃષ્ણ ધામના કર્મચારીને પુછતાં તેમણે કહ્યું કે અમને આ મધમાખીઓના ઉછેરથી વગર મહેનતે ચોખ્ખું મધ મળે છે અને એનાથી ધનપ્રાપ્તિ પણ થાય છે."

સાંજના તો જાણે આકાશમાં વાદળાનો ચંદરવો જરા હટી ગયો છે અને મેઘરાજા જાણે પોતાનો 'પરચો' બતાવવા માગે છે કે જુઓ યાત્રિકો! હું આવું તો કેમ આવું? એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જરા જોતા જાવ! એમ મેઘરાજા કોઈ અનોખી ઢબથી આવી રહ્યા છે અને આલમોડાની આજુબાજુના પહાડોની શોભા અનેક ગણીવધી પડી છે.

સંધ્યા સમયે ઉતારે આવી પૂજ્ય બાપાની આરતી કરી જમી પરવારી પથારી ભેગા થયા ત્યારે મેઘરાજા પુરી મહેર કરતા હતા અને મેઘરાજા અને પહાડો એક બીજા એની ભાષામાં વાતો કરી 'પડછંદા' બોલાવી રહ્યા હતા પરંતુ આ મેઘગર્જના સાથે પહાડના પડછંદા સાંભળવા કરતા અમોએ જલારામબાપાનું નામ લઈ માથે ઓઢી સુઇ જવાનું વધુ પસંદ કર્યું કારણ કે વાતાવરણ જરા વધુ ઠંડકવાળું જામ્યું હતું એટલે એ વાતાવરણમાં અમો પણ જામી' ગયા.

આજે તા. ૨૪–૭–૫૯ ને શુક્રવાર સવારના સાડાનવની બસમાં અમો નૈનિતાલ જઈ રહ્યા છીએ.

શ્રી શાંતિભાઈ તથા ભકિતબહેનને મળી અમારા માટે સમયનો ભોગ આપી સાથે ફરવામાં અને અમારા આતિથ્ય સત્કારમાં જે મમતા ભર્યું વહાલ દેખાડયું એ માટે આભાર માની અમો ખટારા સ્ટેન્ડે આવી ગયા છીએ અને અગાઉથી રીઝેર્વશન કરાવેલું હોવાથી અમો અમારી મુકરર કરેલી જગ્યાએ બેસી ખટારો ઉપડવાની વાટ જોઈ રહ્યા છીએ પરંતુ વરસાદ ગઈ રાતનો ચાલુ છે. તે હજુ વરસ્યા કરે છે અને સાથો સાથ ધુમ્મસ એટલું બધું જામી પડયું છે કે પાંચ છ ફુટ દુર તો શું પરંતુ નજીકની વસ્તુ પણ હવે દેખાતી નથી છતાં ૦ાા કલાક મોડો ખટારો તો ઉપડયો ખરો અને અમોએ જલારામ બાપાની જે બોલાવી... સદ્‌ગુરુદેવની જે બોલાવી.... કૈલાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પતિની જે બોલાવી.... અને ઉમા પતિ મહાદેવની જે બોલાવી અને ખટારામાંથી નજર કરી બહાર જોવા પ્રયત્ન કર્યો તો જાણે ચારે દિશાઓ સફેદ રૂના પુંભળાઓથી ભરાઇ ગએલી છે. એટલે કે અમો બહાર કશું જોઈ શકતા નથી અને આ દ્રશ્ય જોઈ નંદાણીભાઈની જ્ઞાનશકિત જાગ્રત થઇ અને બોલ્યા કે " પ્રલયકાળે આવુંજ વાતાવરણ દીનોનાથ સર્જતો હશેને ! "

—o—

૩૪

ગંધર્વનગરી નૈનીતાલ.

વાચકો ! આલમોડાથી નૈનીતાલ ૪૨ માઇલ દુર છે અને ભાડુ પેસેન્જર દીઠ રૂા. ૨–૭૫ ન. પૈ. બેસે છે.

બસ તો ૧૫–૨૦ માઈલની સ્પીડે નહિ પરંતુ માંડ માંડ દેડક ગતિથી ચાલે છે ફાંટાબાજ કુદરત આજે ખટારા ડ્રાઈવરની જાણે કસોટી કરવા માગે છે એટલે ડ્રાઈવરોને આ જામેલા ધુમ્મસને અંગે એટલી સાવચેતીથી ખટારા ચલાવવા પડે છે કે એ ખટારાને વધુ ગતિ આપવા કરતાં પોતાની મતિથી સાંચવી સંભાળીને પોતે આગળ જઈ રહ્યા છે.

લગભગ બેએક કલાક આવી રીતે પસાર થયા પછી અમો હવે ખુશનુમા.... વાતાવરણમાં જઇ રહ્યા છીએ અને પહાડ વટાવતાં વટાવતાં અમારા ખટારા છેવટ બપોરના અઢી વાગે ગંધર્વનગરી નૈનીતાલમાં પહોંચ્યા અને અમોએ જલારામ બાપાની જે બોલી.... સદગુરુ દેવની જે બોલી...

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



ગંધર્વનગરી નૈનીતાલ – સરોવરનું દ્રષ્ય.

ઉમા પતિ મહાદેવની જે બોલી.... કૈલાસપતિની જે બોલી.... ખટારામાંથી ઉતર્યા ત્યાં તો હોટલોના Agent એ અમને ઘેરી વળ્યા એટલે પહેલાં તો અમો મીઠી મુંઝવણમાં મુકાણા કે કઈ હોટલે ઉતરવું એટલે બે ચાર હોટલો જોઈ છેવટે India Hotel માં ઉતર્યા અને મજુરો પાસે સામાન લેવડાવી ચહાપાણી પી જરા સ્વસ્થ થયા ત્યારે પાંચ તો વાગી ગયા હતા.

વાચકો ! નૈનીતાલમાં મોટામાં મોટું આકર્ષણ હોય તો તે ત્યાંના તળાવનું છે. ગામની વચોવચ ચારેબાજુ સુંદર પહાડો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



નૈનીતાલનું આકર્ષણ

વચ્ચે આ જો તળાવ કુદરતે ન સરજયું હોત તો મારા માનવા પ્રમાણે આંહી સફરબાજો આવત કે કેમ એ એક પ્રશ્નાર્થ રૂપે રહેત અને અમો જ્યારે તળાવમાં હોડીમાં બેસી ફરવા ગયા ત્યારે હોડીવાળાએ કીધું તે સાંભળ્યું કે–

"बाबुजी ! इधर ये तलाव नहि होता तो इधर घूवड बोलते और प्रवासी को आने जाने की बात तो दूर रही लेकीन इधर वस्ती भी नहि होती !

ખરેખર આ તળાવની સુંદરતા પ્રવાસીઓને મુગ્ધ કરે છે અને હોડીવાળાની વાત બીલકુલ સાચી છે કે આ તળાવની શોભા અંગેજ આંહીની બધી વસ્તી....મસ્તી અને મઝા છે....

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાચકો ! નૈનીતાલ એ કોઈ તીર્થસ્થળ નથી પરંતુ રૂપનગરી છે. સાથે જાણે ગંધર્વ નગરી છે તેમાં તેની વિશિષ્ઠતા મેદાનમાંથી ગરમીના દિવસોમાં જ્યારે ભારતના લગભગ પ્રાંતે પ્રાંતમાંથી પૈસાદાર લોકો અને પરદેશી પૈસાદારો જ્યારે આંહી આવે છે ત્યારે એ ગંધર્વ નગરી પોતાની સજાવટમાં સંપૂર્ણ હોય છે ત્યારે પૈસાને વેડફી નાખવા માટે ઘણા સાધનો અને સ્થળો એ વખતે ઓછા પડે છે.

અમો તો "ઓફ સીઝન"માં ગયા હતા એટલે હોટલોમાં રહેવાની જગ્યા સસ્તામાં મળવા સાથે બીજે પણ "સસ્તાઈ" દેખાતી હતી.



નૈનીતાલની બજારનું એક દ્રષ્ય.

નૈનીતાલ દરિયાઈ સપાટીથી ૬૩૦૦ ફુટ ઉંચાઇ ઉપર આવેલ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રિટિશ સલ્તનતની યાદી આપતા આંહી હજુ ઘણા સ્થળો મોજુદ છે તેમાં સરસ બાંધણીનું સેક્રેટરીએટનું મકાન વિશિષ્ઠતાવાળું છે.

તળાવને કાંઠે નૈનાદેવીનું મંદિર છે. જે ભવ્યતાવાળું છે. આ સિવાય શંકર ભગવાનનું અને વિષ્નુ ભગવાનના પણ મંદિરો છે.

તળાવને કાંઠે વિશાળ પટાંગણવાળું રમત ગમતનું મેદાન છે. સાથે બાગ બગીચા પણ આવેલા છે અને બોટીંગ કલબ પણ છે.

ખરૂ પુછો તો નૈનીતાલની શોભા તળાવના કાંઠેજ પથરાયેલી છે બાકી તો આજુબાજુની ટેકરીઓ ઉપર શ્રીમંતોના છુટાછવાયા બંગલા છે.

આંહી આજુબાજુ ચાર ચાર.... પાંચ પાંચ.... માઈલ દુર ફરવા હરવાના અને આમોદપ્રમોદના ઘણાં સ્થળો છે. અને ચાઈનીઝ પીક.... ગોલ્ડન પીક... એવા નામના આકર્ષણ જગાડે એવી પર્વતમાળાના શિખરો પણ જોવા જેવા છે. સાથે એ ગિરિકંદરાઓમાં હરવા ફરવા માટે ઘોડા, રીક્ષા, ડંડી, કંડી સર્વે સાધનો પણ મળે છે. એટલે જે સફરબાજોને આમાં આનંદ આવે છે તેઓ છુટથી આંહી આવી આમોદ પ્રમોદ કરે છે.

આંહી જાણે કુદરતની સાથે અકુદરતી સૌંદર્યનો પણ ઢગલો છે એટલે જેને જેમાં રસ હોય એ એની રીતે આનંદ મેળવે છે.

શ્રી વિદ્યાનંદજી મહારાજ જેઓ હરસાલ કૈલાસ યાત્રિકોને લઈ કૈલાસ યાત્રાએ જાય છે એમના શ્રી ગીતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સત્સંગ કૈલાસ ક્ષેત્ર આશ્રમે અમો ગયા પરંતુ દીના લોજ નામના મકાનમાં એ આશ્રમનું પાટિયું વાંચી અમારે પાછા ફરવું પડયું કારણ કે વિદ્યાનંદજી મહારાજ કૈલાસ યાત્રાએ ગયા છે એ અમને ખબર હતી પરંતુ તેમના આશ્રમે એમની ગેરહાજરીમાં કોઇ કાર્યકર્તા ભાઇ હશે એમ માનેલું પરંતુ એ માન્યતા ખોટી પડી.

નૈનીતાલ એ તો હોટલોનું નગર છે. સાથે રાજા, મહારાજા અને જમીનદારોના પણ આંહી બંગલા છે.

આંહી સફરઆજોનું આકર્ષણ જળવાઇ રહે એ રીતે મ્યુનિસિપાલિટીએ વિધવિધ રચનાવાળા બાગ બગીચા બનાવી આ કુદરતી સૌંદર્યતાવાળી ટેકરીની શોભા વધારી દીધી છે.

આંહી કોર્ટો કચેરીઓ હાઇસ્કુલો છે. સાથે નાટય ગૃહો, સિનેમા ગૃહો સાથે મોટા મોટા સ્ટોરો પણ છે.

ટુંકામાં પૈસાને વેડફી નાખવા માટે જોઇએ તેટલા આંહી સાધનો છે. અમો India Hotelમાં ઉતર્યા હતા પરંતુ જમવા માટે તો બહાર વીશી અગર નાસ્તા ઘરનો આશ્રય લેવો પડતો હતો કારણ કે લગભગ દરેક હોટલોમાં શાકાહારી સાથેજ બીન શાકાહારી રસોઇ બનતી હોય છે અને આ સબંધે જો તમો ચોકસાઈ ન રાખો તો કદાચ આપણને જુદા સ્વાદવાળું ભાણું પીરસાય પણ જાય છે પરંતુ જેને 'ખાણીપીણી' સબંધે કાંઇ તપાસ કરવાનું ન હોય એમના માટે આંહીની હોટલો સગવડતાવાળી છે.

———

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગિરિશિખરો.

માઉન્ટ એવરેસ્ટ ૨૯૦૦૨

શ્રી કૈલાસ	૨૨૦૨૮
અમરનાથ	૧૩૦૦૦
બદ્રીનાથ	૧૦૨૪૫
કેદારનાથ	૧૧૭૫૦
ગંગોત્રી	૧૦૦૨૦
જન્મોત્રી	૧૦૦૦૦

—०—

સિમલા	૭૦૫૭
દાર્જિલિંગ	૭૧૬૮
ઉટાકામંડ	૭૨૨૦
મસુરી	૬૬૦૦
નૈનીતાલ	૬૩૦૦
આલમોડા	૫૫૦૦
શ્રીનગર (કાશ્મીર)	૫૨૦૦
પહેલગાંવ	૭૦૦૦

—०—

આબુ	૪૫૦૦
મહાબલેશ્વર	૪૫૦૦
ગિરનાર	૩૦૦૦
શેત્રુંજય	૧૫૦૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩૫

નૈનીતાલથી અજમેર પુષ્કર થઇ વીરપુર પૂગ્યા અને પૂ. બાપાને પગે લાગી પ્રાર્થના કરી કેઃ "હે બાપા ! અમને કૈલાસની યાત્રા કરાવજો !"

અમોએ બે દિવસ રહી જ્યારે નૈનીતાલ છોડયું ત્યારે અમને કાંઇ સમૃદ્ધ સંતોષ તો નો'તો સાથે અમો કાંઇ મેળવીને જઇએ છીએ એવી સુખદ ભાવના પણ જાગતી નો'તી પરંતુ ભારતમાં આવેલા હવા ખાવાના સ્થળોમાં જેની પ્રથમ પંકિતમાં ગણના થાય છે એવા નૈનીતાલ નામના સ્થળની મુલાકાતની મિશ્ર લાગણી મેળવી અમો આંહીથી ૨૨ માઇલ દુર આવેલ કાઠગોદામ સ્ટેશને જવા માટે એક ટિકિટના રૂા. ૧–૧૦–૦ દઈ જ્યારે તળાવના કાંઠે આવેલ બસ સ્ટેન્ડે જઇ બસમાં બેઠા ત્યારે ૧૧–૩૦ થયા હતા અને અમોએ જ્યારે જલારામ બાપાની જે બોલાવી.... સદગુરુ દેવની જે બોલાવી.... ઉમાપતિ મહાદેવની જે બોલાવી.... કૈલાસપતિની જે બોલાવી....ત્યારે એ 'જે'ને ઝીલનારા કોઇ પેસેન્જરો અમે જોયા નહિ પરંતુ સૌ પોતપોતાની મસ્તીમાં નૈનીતાલનું તળાવ અને આજુબાજુની ટેકરીઓ જોઇ રહ્યા હતા એટલે 'જે'ના અવાજો અમોજ બોલ્યા અને અમોએ જ જીલ્યા.

વાચકો ! કાઠગોદામ બપોરના ૧–૧૫ વાગ્યે પહોંચી અમો કાઠગોદામ સ્ટેશનેથી સાંજના છ વાગ્યે ઉપડતી લખનૌ એકસપ્રેસમાં રવાના થઇ બરેલી થઇ દિલ્હી સવારના ૬ વાગ્યે પહોંચ્યા ત્યારે કૈલેન્ડરમાં તારીખ હતી તા. ૨૭–૭–'૫૯ ને સોમવારની.

દિલ્હીમાં એક દિવસ રોકાઇ અમો અજમેર થઇ પુષ્કર ગયા અને પુષ્કરમાં દેવદર્શન કરી તીર્થોના રાજા ગણાતાં પુષ્કર ક્ષેત્રમાં આવેલ સરોવરમાં સ્નાન કર્યા અને બ્રહ્માજીના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દર્શન કરી જ્યારે પહાડ ઉપર આવેલ સાવિત્રીજીના મંદિરે દર્શને ગયા ત્યારે આ પુષ્કર તીર્થના મહાત્મ્યની વાતો સાંભળી મનમાં થયું કે અરેરે! ધીરજ વગર દેવતાઓને પણ કષ્ટ તો વેઠવા પડેજ છે ને! કારણ કે બ્રહ્માજીએ જ્યારે સૃષ્ટિ રચી પહેલ વહેલાં આંહી યજ્ઞ કર્યો ત્યારે યજ્ઞમાં સજોડે બેસવા જ્યારે સાવિત્રીજીને બોલાવ્યા ત્યારે સાવિત્રીજીને વાર લાગી અને આંહી બ્રહ્માજીને મુહૂર્ત જતું હતું એટલે બ્રહ્માજીએ જુદો રસ્તો કાઢી મુહુર્ત સાંચવ્યું અને આંહી સાવિત્રીજીને રૂસણું લઇ પહાડની ટોચે બેસવું પડયું અને બ્રહ્મા સાવિત્રીજીના મંદિરોને છેટું પડયું. તે પડયું.

આજનો દિ અને કાલની ઘડી.

એ સૃષ્ટિના ઘડવૈયાના ઘરબાર કાળા માથાના માનવીઓ દ્વારા જુદા બંધાણા તે બંધાણાં એ સંભારી અમો બ્રહ્મા સાવિત્રીના મંદિરે જઇ દર્શન કરી પાછા ઘરભેગા થવા અજમેરથી ગાડીમાં બેઠા અને કૈલાસ માનસરોવરને પંથે જઇ આવ્યાના આછેરા સંતોષ સાથે વીરપુર પોગી જ્યારે પૂજ્ય બાપાના ઢોલીએ પગે લાગ્યા ત્યારે તારીખ હતી ૧-૮-૫૯ અને વાર હતો શનિવાર અને દિવસો ગણ્યા તો આજે થયા હતા રાજકોટથી ઉપડયાને ૨૨ દિવસ અને પૂજ્ય બાપાને પગે લાગતાં પ્રાર્થના પણ થઈ રહી હતી કે:

"હે બાપા! કૈલાસ માનસરોવરના પંથે જઇ આવ્યા એ ખરૂં પરંતું કૈલાસ માનસરોવરની યાત્રા....

અને બાપા જાણે કહી રહ્યા છે કે....

ધીરજ મોટી વાત છે.

શ્રદ્ધા અને સબુરી મોટી વાત છે.

જય જલારામ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભરી ભરીને પી લે!
મનવા, હૃદય ભરીને પી લે!
વાદળ વરસે; વનરા વરસે;
વસુધા અમરત ઝીલે,

ડુંગરા ઝૂઝે અણુગણ અંચલ:
આતમ–પ્યાલી ભરી લે!
મનવા, છલછલ પ્યાલી ભરી લે!

ખૂબ તવાયો તડકે તાપે,
વર્ષામાં વિહરી લે;
યુગયુગથી તરસ્યો તું મનવા,
આજે ધરવ કરી લે!
મનવા, ભરી ભરીને પી લે!

હતો તલસતો ટીપાને તું,
વર્ષોથી મુખ વીલે,
આજ ત્રુઠી કુદરત શતધારે,
મત્ત બની મહાલી લે!
મનવા, ભરી ભરીને પી લે!

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



લેખક.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ

श्री कैलास मानसरोवर हमारा प्राचीनतम सांस्कृतिक एवं आध्यात्मिक केंद्र है। यहां पहुंचने पर मानव श्री सच्चिदानंद घन परब्रह्म का अस्तित्व का अनुभव करने लगता है। इसी कैलास का ही दर्शन कर के महर्षियोने और बौद्ध लामा ओंने श्री कैलास पंचायतन, शिवलिंग, पार्वती, गणपति, नंदी

નૈનિતાલમાં રહેતા અને હરસાલ યાત્રાળુઓનો સંઘ લઈ કૈલાસ યાત્રાએ જતાં સ્વામીશ્રીજી વિદ્યાનંદજી મહારાજ મારે ત્યાં અચાનક પધાર્યા (તા. ૨૮–૩–૬૦) અને સ્વામીજીના દર્શન થતાં આનંદ તો થયો પરંતુ વિશેષ આનંદ તો કૈલાસ યાત્રાની વાતો સાંભળતાં થયો, સ્વામીજીને કૈલાસ યાત્રા સબંધે 'કાંઈક' લખી આપવાનું કહેતાં પોતાએ જે લખી આપ્યું તે અાંહી પ્રગટ કરૂં છું.

एवं श्री लक्ष्मीनारायणका पूजा सहित आराधना पुरी की अतः यह परम शांति एवं आनंदका एक महान केंद्र बना हुआ है जिसका तुल्य संसार में दुसरा साधन पुजा से नहीं किया जा सकता है।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

इस श्री कैलास मानस यात्रा एवं दर्शन करना हमारा परम कर्तव्य है। इस दर्शन से हम लोगोंको वंचित कोइ कर नही सकता है। न कोइ कर रहा है। अतः हर एक का परम कर्तव्य है कि शिघ्रतिशीघ्र श्री कैलास मानससे संपर्क स्थापन करके अंतरात्माके राम में तल्लीन हो परमानंदको प्राप्त करे. शुभम्.

श्री स्वामी विद्यानंद सरस्वती.
श्री गीता सत्संग कैलास क्षेत्र
नैनीताल (उ. प्र.)

ता. २८–३–६०
राजकोट.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તિબેટી ભાષાના શબ્દો

ગુજરાતી	તિબેટી	ગુજરાતી	તિબેટી
હાથ	લકપા	પવન	લુંગ
પગ	કંબા	ના	મી–ડુક
આંગળી	ટોંજી	હા	ડુક
આંખ	મી	દુધ	ઓમા
કાન	અમજયો	ગોળ	પુરમ
મોઢું	ખા	કિંમત	રીંગ
દાંત	સૂ	છાશ	તારા
વાળ	ટા	વાસણ	ન્યોચ્યા
માથું	ગ	દવા	મેન
ટપાલ	અટોખંબા	ઘોડો	તા
લુંટારો	જયકપા	ખચ્ચર	તે
દેવ (ઇશ્વર)	લમાકોનજો	ગામ	ચુલ
નાહવું	ઠુજયે	ઘોડા ઉપર બેસવું	તા
ઓઢવું	ગોનજયે		સ્યોન જે
દીવાસળી	ચકટા	ઘોડા ઉપર સામાન મુકવો	તા લાખંરી કલજે
રાત્રિ	છેન		
દિવસ	ન્યીમા	તંબુ ઊભો કરવો	ગુર પુકજયે
વરસાદ	છેર્બા	પરિક્રમા	કુરા
ચોખા	ડે	યાત્રા	નેકુર
ચા	જા	રાક્ષસતાલ	લંગક છો
તંબુ	ગુર	નદી	છુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુજરાતી	તિબેટી	ગુજરાતી	તિબેટી
મિત્ર	રોકપૂ	ચઢાઈ	લોગલમ્
થાકી જવું	થછેસો	ઉતાર	થુરકપા
સૂઈ જવું	નેલ જયે	પૂલ	સંબા
કેમ આવ્યા છો ?	ચી	અંધારૂ	નકસમ્
	ફીલા લેપસોં ?	પ્રકાશ	નીમાકરુ
શું જોઈએ છે ?	ચી ગોજ્યે દૂ ?	નમસ્તે	જૂ

—o—

કૈલાસ	કંગરિમ્પો છે
માનસરોવર	છોમવમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાંચો.

ભક્ત શ્રી જલારામજી મહારાજના જીવન ચરિત્ર
અને પરચાનો અમર ઇતિહાસ.

આવૃત્તિ ત્રીજી

પાના	ફોટા	કિંમત	થ્રી કલર જેકેટ
૪૪૦	૯૦	રૂા. ૩–૮૮	પાકું પુઠું

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧–૫૦

અનેક નવા પ્રસંગો અને પરચાથી ભરપુર.

પ્રાપ્તિસ્થાન :
કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ
ચંપાકુંજ, ૪૨ પ્રહલાદ પ્લોટ.
રાજકોટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સને ૧૯૬૦ માં બહાર પડેલ છે.

તદ્દન નવીન પુસ્તક.

LATEST-EDITION

શ્રી જલારામ જ્યોત અને સંભારણા.

પૂજ્ય બાપાના જીવન ચરિત્ર સાથે સંભારણા–પરચાઓ અને અસલ પરચા પત્રોને આ પુસ્તકમાં એવી રીતે ફુલ-ગૂંથણીની જેમ ગુંથ્યા છે કે– આ સસ્તી કિંમતનું એકજ પુસ્તક આપને પૂજ્ય બાપાના જીવન અને પરચા સબંધે માહિતી પુરી પાડે છે.

૩૨૦ પાના. ૭૭ ફોટા. પાકું બાઇન્ડીંગ, પચરંગી જેકેટ

છતાં

કિંમત રૂા. ૨–૩૮

પોસ્ટેજ ઓકસ સાથે રૂા. ૧–૫૯

—o—

બદરી–કેદારનાથની યાત્રા થાય તો રૂડી વાત છે.

નહિતર....

બદરિકાશ્રમ (અમરપંથ) જરૂર વાંચજો.

જે વાંચી તમને ઘેર બેઠાં યાત્રા કર્યાનો સંતોષ થાશે.

પાના ૮૮૫. ફોટા ૧૩૫. પાકું બાઇન્ડીંગ. પચરંગી જેકેટ.

છતાં

કિંમત રૂા. ૫–૮૮

પોસ્ટેજ ઓકસ સાથે રૂા. ૧–૮૭

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

Enjoy religious reading for eternal peace !

		પાના.	ફોટા.	કિંમત.	પોસ્ટેજ
૧.	ભક્તશ્રી જલારામજી મહારાજના જીવન ચરિત્ર અને પરચાનો અમર ઇતિહાસ...	૪૪૦	૯૩	૩–૮૮	૧–૫૦
૨.	શ્રી જલારામ જ્યોત	૧૩૨	૨૬	૧–૦	૦–૭૫
૩.	ભક્ત શ્રી જલારામ ભજનાવલી	૧૫૨		૦–૪૪	૦–૬૨
૪.	ભક્ત શ્રી જલારામ ચિત્રાવલી....		૨૪	૦–૮૮	૦–૬૨
૫.	Bhakta Shri Jalaram (In English)	૭૮	૨	૦–૫૦	૦–૬૨
૬.	બદ્રિકાશ્રમ(અમરપંથ)	૮૮૫	૧૩૫	૫–૮૮	૧–૮૭
૭.	ભગવાન અમરનાથ	૬૫૫	૯૦	૪–૬૨	૧–૮૧

પ્રાપ્તિસ્થાન :
કનકરાય સૌભાગ્યચંદ રાજદેવ
ચંપા કુંજ, ૪૨ પ્રહલાદ પ્લોટ,
રાજકોટ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

Jai Jalaram

SHRI JAMNADAS PURSHOTTOM

(Duka Ya Bukoba)

Phone No : 2051 P. B. No. 545

Post Street

MWANZA. (B. E. Africa)

શ્રી જમનાદાસ પુરૂષોત્તમ

(દુકા–યા–બુકોબા)

મ્વાંઝા.

અમારે ત્યાં પૂજ્ય શ્રી જલારામ બાપાના જીવન ચરિત્રના પુસ્તકો–ફોટા–લોકેટો તથા હિમાલયના તીર્થક્ષેત્રો બદરીનાથ–કેદારનાથ–અમરનાથ તથા કૈલાસ યાત્રાના પુસ્તકો શરાફી ભાવે મળે છે.

એક વખત પધારી આભારી કરશો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમારા પ્રકાશનો નીચેના સ્થળોએ મળે છે.

1. Shri G. H. Khakharia.
   P. B. 1883 Mombasa.
2 Shri Vrajlal D. Karia.
   P. B. 263 Mwanza.
3. Shri Vallabhdas Pitamber.
   P. B. 216 Arusha.
4. Shri Nandlal Anderji Teli.
   P. B. 640 Kampala.
5. Shri Kabalal Bhimji Popat.
   P. B. 945 Kampala.
6. Shri Balubhai Nagji.
   P. B. 378 Kampala.
7. Shri Jivraj Bavabhai Patel.
   P. B. 293 Mombasa.
8. Shri Jamnadas Purshottm.
   P. B 545 Mwanza.
9. Shri Prabhudas Odhavjibhai.
   P. O Kisii Oyugis.
10. Shri Gordhandas Hirji Chandarana.
   P. B. 15 Tororo.
11. Shri Maganlal Monji & Sons.
   P. B. 202 Aden Camp.

—o—

(૧) શ્રી શામજીભાઈ ગોકળદાસ
ફેન્સી કાપડના વેપારી,
ભુલેશ્વર, ત્રીજો ભોઈવાડો, મુંબઇ, ૨.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહાભારતના ઉદ્યોગ પર્વમાં અર્જુને ભગવાન શંકરની સાથે લડીને ગાંડીવ ધનુષ્ય મેળવ્યું હોવાનો ઉલ્લેખ છે તથા તેના અનુશાસન પર્વમાં શ્રી કૃષ્ણ ભગવાને બદરીનારાયણ જંઇને ત્યાં ભગવાન શંકરની આરાધના કર્યાનો દાખલો છે. હરિવંશમાં તો એક આખા (ભવિષ્ય) પર્વનો મોટો ભાગ (અધ્યાય ૭૩ થી ૧૦૨) કૈલાસ યાંત્રા વર્ણનમાં રોકેલા છે. એ યાત્રા કરનાર પણ ભગવાન શ્રીકૃષ્ણજ હતા તેઓશ્રીએ ત્યાં ૧૨ વર્ષ સુધી કડક તપશ્ચર્યા કરીને ભગવાન શંકરનો અનુગ્રહ પ્રાપ્ત કર્યો હતો અને તે દ્વારકા પાછા ફર્યા.

—o—

પ્રભુ સર્વત્ર છે. સર્વનો છે.

જય જલારામ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

: વાંચો :

બદરિકાશ્રમ (અમરપંથ)

વાંચકો :

બદરી-કેદારનાથની યાત્રા થાય તો રૂડી વાત છે.

નહિંતર......

બદરિકાશ્રમ (અમરપંથ) જરૂર વાંચજો.

જે વાંચી તમને ઘેર બેઠાં યાત્રા કર્યાનો સંતોષ થશે,

પાના ૮૮૫. ફોટા ૧૩૫. પાકું બાઈન્ડીંગ. પચરંગી જેકેટ.

છતાં

કિંમત રૂા. ૫-૮૮

પોસ્ટેજ બોકસ સાથે રૂા. ૧-૮૭

આપ જે પુસ્તકો મંગાવો તે પુસ્તકો વાંચી આપ આપના મિત્રમંડળમાં તે પુસ્તકો મંગાવવા માટેની ભલામણ કરો એ બરાબર છે પરંતુ આપે મંગાવેલા પુસ્તકો બીજાને વાંચવા આપવા એતો 'જ્ઞાનયજ્ઞ' કરવા બરાબર છે.

પ્રભુ સર્વત્ર છે. સર્વનો છે.

જય બદરીવિશાલ. જય જલારામ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi